# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|
| 1 | પ્રાસ્તાવિક | 1 |
| 2 | હિંદ સ્વાતંત્ર્ય ધારો (1947) | 2 |
| 3 | બંધારણનું ઘડતર | 2 |
| 4 | ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો | 6 |
| 5 | ભારતીય બંધારણનું આમુખ | 11 |
| 6 | નાગરિકોના મૂળભૂત અધિકારો | 13 |
| 7 | નાગરિકોની મૂળભૂત ફરજો | 16 |
| 8 | રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | 17 |
| 9 | ભારતની સંઘીય કારોબારી | 18 |
| 10 | ભારતનાં રાજ્યોની કારોબારી | 32 |
| 11 | સંઘ સંસદ | 35 |
| 12 | ભારતીય ન્યાયતંત્ર | 46 |
| 13 | કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ | 53 |
| 14 | અનુસૂચિત જાતિ-જનજાતિ અને વિશિષ્ટ વિસ્તારોનો વહીવટ | 55 |
| 15 | અંદાજપત્ર (નાણાખરડો) | 57 |
| 16 | કાયદાના ઘડતરની પ્રક્રિયા | 59 |
| 17 | સંઘ-રાજ્ય સંબંધો | 61 |
| 18 | નાણાપંચ | 65 |
| 19 | સંઘ-રાજ્ય લોકસેવા આયોગ | 65 |
| 20 | ચૂંટણીપંચ | 66 |
| 21 | સંસદની સમિતિઓ | 68 |
| 22 | યોજનાપંચ | 71 |
| 23 | ભારતની આંતરરાજ્ય પરિષદ | 72 |
| 24 | કટોકટી અંગેની જોગવાઈઓ | 72 |
| 25 | **બંધારણમાં સુધારો કરવાની કાર્યવાહી અને સુધારાઓ** | 73 |
| 26 | સંસદીય શબ્દો (સરળ સમજૂતી સાથે) | 76 |
| 27 | ભારતીય બંધારણના પરિશિષ્ટો | 80 |
| 28 | ભારતીય બંધારણનાં તથ્યો | 81 |
| 29 | ભારતનાં રાષ્ટ્રીય પ્રતિકો | 88 |
| 30 | રાષ્ટ્ર-ધ્વજમાં ફેરફારોની ભલામણો | 89 |
| 31 | રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ | 91 |
| 32 | રાષ્ટ્રધ્વજનું સન્માન અને કાયદાકીય વ્યવસ્થા | 97 |




# 'ભારતીય બંધારણ-સંક્ષિપ્તમાં'

## 1. પ્રાસ્તાવિક

❖ **બંધારણ કોને કહેવાય ?**

બંધારણને સરળ શબ્દોમાં સમજાવતાં પાશ્ચાત્ય ન્યાયમૂર્તિ ડબલ્યુ હોમ્સ જણાવેલ છે કે "આપણું સમગ્ર જીવન જેમ એક પ્રયોગ છે, તેમ બંધારણને પણ એક પ્રયોગ જ ગણી શકાય."

બંધારણ એટલે લિખિત કે અલિખિત એવો મૂળભૂત ધારો જેને અનુલક્ષીને સરકારની રચના કરાતી હોય અને જેના વડે રાજ્ય વહીવટ ચાલતો હોય, એવા સિદ્ધાંતોનો સંગ્રહ. ટૂંકમાં બંધારણ એટલે રાજ્ય વહીવટ અંગેના રાજ્યના પાયાના નીતિ નિયમોનો સંગ્રહ. અન્ય એક બંધારણવિદ્ ઑસ્ટીન મુજબ "રાજ્યની સાર્વભૌમ સત્તા નિર્ધારિત કરતા સિદ્ધાંતો એટલે બંધારણ" બીજા શબ્દોમાં કહીએ તો, બંધારણ એ રાજ્યનો મૂળભૂત કાનૂન છે. તે સરકારની રચના માટે મહત્વના સિદ્ધાંતો દર્શાવીને સાર્વભૌમ સત્તાની વહેંચણી કરે છે.

❖ **બંધારણની અગત્ય અને ઉપયોગિતા**

ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ જણાવે છે કે "આજ (26 જાન્યુ.,1950)થી હવે ભારતમાં કોઇ રાજા નથી, કોઇ પ્રજા નથી અને બધા જ રાજા છે તથા બધા જ પ્રજા છે." એ જોતાં બંધારણની અગત્યતા અને ઉપયોગિતા આ પ્રમાણે વર્ણવી શકાય.

⇨ બંધારણ, રાજકીય આદર્શો અને રાજકીય જીવનનું પ્રતિબિંબ પાડે છે. રાજ્યવહીવટની આધારશિલા, ભૂતકાળના અનુભવો, વર્તમાનનું ગૌરવ અને ભાવી આશા સમાન છે.

⇨ પ્રથમ નજરે અવ્યવસ્થિત લાગતા સરકારીતંત્રની સમગ્ર સંરચના સમજવા માટે બંધારણ પાયાનો દસ્તાવેજ ગણાય છે.

⇨ બંધારણને અભાવે નિરંતર અવ્યવસ્થા, સંઘર્ષ તથા ગજગ્રાહ ચાલ્યા જ કરે જેથી લોકોમાં આંધાધૂંધી ફેલાવાની શક્યતા છે.

શ્રી એન. આર. રાઘવાચારી ને મતે "ભારતીય બંધારણ એ માનવઇતિહાસમાં

અસાધારણ અને વિશિષ્ટ પ્રકારની મુત્સદ્દીગીરીનું ઉત્તમ ઉદાહરણ છે. તે સ્થિતિસ્થાપક અને સુપરિવર્તનશીલ છે. તે કોઇ પણ આંધી અથવા તુફાન આગળ ઝૂકી જાય તેમ બને,પરંતુ તે ક્યારેય નષ્ટ થશે નહિ"

## 2. હિંદ સ્વાતંત્ર્ય ધારો -1947

આ ધારાનો મુખ્ય હેતુ માઉન્ટબેટન યોજના થકી હિંદના લોકોને જે બાંહેધરી આપવામાં આવી હતી, તેને કાયદાકીય સ્વરૂપ આપવાનો હતો. તેની મુખ્ય મુખ્ય જોગવાઇઓ આ મુજબ છે.

- ⇨ આ ધારાએ હિંદના ભાગલા (ભારત અને પાકિસ્તાન એવા બે સ્વાયત્ત રાષ્ટ્રોની સ્થાપના)ની જાહેરાત કરી.(ઓગસ્ટ, 1947)
- ⇨ ઉક્ત રાષ્ટ્રોની ધારાસભાઓને પોતપોતાના વિસ્તાર પુરતા કાયદા ઘડવા સત્તા અપાઇ.
- ⇨ હવે (15, ઓગસ્ટ 1947 બાદ) બ્રિટિશ સરકારનો ઉપરોકત બંન્ને રાષ્ટ્રો કે તેમના કોઇ ભાગો પર અંકુશ રહેશે નહી.
- ⇨ આ ધારાથી બ્રિટિશ તાજની દેશી રાજ્યો અને રિયાસતો પ્રત્યેની સાર્વભૌમ સત્તા તેમજ સર્વ સંધિ કરારો તથા કબુલાતનો પણ અંત આવ્યો.
- ⇨ આ ધારાથી હિંદ પરની બ્રિટિશ હકુમતનો સંપૂર્ણ અંત આવશે એટલું જ નહી પણ જો ઉક્ત બંન્ને રાષ્ટ્રો બ્રિટીશ રાષ્ટ્ર સમૂહ (કોમનવેલ્થ) છોડવા ઇચ્છતા હોય તો તેમ કરવાની પણ કરી શકશે.

આમ, હિંદ સ્વાતંત્ર ધારો બ્રિટિશ - હિંદ સંબંધોમાં એક સીમાચીહ્ન સમાન હતો. આ ધારાએ હિંદીઓની સ્વતંત્રતાના હક્કનો સ્વીકાર કરવાની સાથે સાથે હિંદનું બે નવનિર્મિત રાષ્ટ્રોમાં વિભાજન પણ કર્યું. વળી, દેશી રજવાડાંને ઇચ્છિત રાષ્ટ્ર (ભારત કે પાકિસ્તાન) સાથે જોડવાની છૂટ આપીને મોટી સમસ્યા પણ સર્જી. તેમ છતાં એકંદરે બ્રિટિશ પાર્લામેન્ટ દ્વારા હિંદ માટે ઘડાયેલો તે સૌથી "શ્રેષ્ઠ અને શ્રેયસ્કર ધારો" હોવાનું મહાત્મા ગાંધીજીનું વિધાન યથાર્થ જણાય છે.

## 3. બંધારણનું ઘડતર

- ⇨ ભારતીય બંધારણનું ઘડતર ભારતીયોની બનેલી એક બંધારણ સભા દ્વારા કરવામાં આવ્યું.



- ⇨ બંધારણ સભાનો વિચાર હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની સ્થાપના (1885) બાદ ક્રમશઃ વિકસ્યો હતો. ભારતીયોના મનમાં એવી ધારણા બની કે ભારતના રાજકીય ભવિષ્યનો તેઓ સ્વયં નિર્ણય કરે. આ ધારણાની સૌપ્રથમ અભિવ્યક્તિ લોકમાન્ય બાલગંગાધર તિલકના સ્વરાજ વિધેયક (1895)માં કરવામાં આવેલી.
- ⇨ ત્યારબાદ મહાત્મા ગાંધીજીએ જણાવ્યું (1922) કે "ભારતનું બંધારણ ભારતના લોકોની ઇચ્છાને અનુરૂપ હોવું ઘટે."
- ⇨ હિંદધારા (1935) માં બંધારણસભાનો વિચાર મૂર્તિમંત થયો.
- ⇨ કોંગ્રેસ ફૈઝપુરઅધિવેશન(1936)માં બંધારણ સભા રચવા સૌપ્રથમ માગણી કરાઇ.
- ⇨ કોંગ્રેસની બેઠક (1937) માં આ વિચારને બળ મળ્યું.
- ⇨ પુખ્તવય મતાધિકારને ધોરણે રચાયેલ (1938) બંધારણ સભાનો વિચાર પંડિત જવાહરલાલ નહેરુએ રજૂ કર્યો.
- ⇨ હિંદી રાષ્ટ્રીય મહાસભાની બેઠક (1939) માં તેને લગતો ઠરાવ થયો.

### : બંધારણસભાની રચના :

- ⇨ બંધારણીય સભાની રચના 'કેબિનેટ મિશન' અનુસાર પરોક્ષ મતદાન દ્વારા કરવા ઠરાવ્યું.
- ⇨ ચૂંટણીઓ પૂરી (1946 જુલાઇ)થતાં બંધારણ સભાનાં કુલ 389 સભ્યોમાંથી 296 સભ્યો માટે ચૂંટણીઓ યોજાઇ. તેમાં 292 પ્રતિનિધિ બ્રિટીશ ભારતીય 11 પ્રાંતોમાંથી અને ચાર ચીફ કમિશનરો અજમેર-મારવાડ, દિલ્હી, કૂર્ગ તથા બ્રિટીશ બ્લૂચિસ્તાનમાંથી ચૂંટાયા.
- ⇨ બાકીના સભ્યોમાં દેશી રાજા-રજવાડાંના સભ્યો. જેમાંથી કેટલાક ચૂંટણી દ્વારા તો કેટલાક પસંદગી દ્વારા મોકલાયા હોવાથી બંધારણના ઘડતરમાં સર્વ વર્ગોનું પ્રતિનિધિત્વ જળવાયું.
- ⇨ તેમાં કોંગ્રેસના 208, મુસ્લીમ લીગના 73 સભ્યો ચૂંટાયા તેમ છતાં મુસ્લીમલીગે બંધારણીય સભાનો બહિષ્કાર કરીને અલગ બંધારણ સભા માંગી.
- ⇨ બંધારણસભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર 1946 ના રોજ મળી.
- ⇨ જેના અધ્યક્ષ તરીકે ડો. સચ્ચિદાનંદ સિન્હાની વરણી કરાઇ.
- ⇨ ત્યારબાદ(11-12-1946) ડો. રાજેન્દ્રપ્રસાદ બંધારણસભાના કાયમી અધ્યક્ષ તરીકે પસંદ થયા.
- ⇨ પંડિત જવાહરલાલ નહેરુએ બંધારણસભામાં 'ઉદ્દેશ્ય પ્રસ્તાવ' રજૂ કરતાં (13-12-46) તેને બંધારણસભાએ મંજૂરી આપી.(22-01-47).

⇨ શ્રી બી.એન. રાવને બંધારણીય સલાહકાર તરીકે નિયુક્ત કરાયા.

⇨ બંધારણને અંતિમ સ્વરૂપ આપવા, બંધારણીય સભાની 'મુસદ્દા સમિતિ' રચવામાં આવી(29-8-47).

⇨ આ સમિતિએ બંધારણનો મુસદ્દો (8-2-48) તૈયાર કરી બંધારણસભાને સોંપ્યો.

⇨ તેનું અંતિમ વાચન (15-11-49) પૂર્ણ થતાં બંધારણ સભાએ તેને સર્વાનુમતીથી પસાર (મંજુર) કર્યું.

⇨ 26 નવેમ્બર 1949ના રોજ બંધારણની કેટલીક જોગવાઇઓ નાગરિક્તા, ચૂંટણી, વચગાળાની સંસદ સિવાય બાકીનું બંધારણ 26 જાન્યુઆરી 1950થી અમલમાં મૂકાયું.

❖ **'મુસદ્દા સમિતિ' (ડ્રાફ્ટિંગ કમિટી) :**

ચેરમેન : ડૉ. બા. સા. ભીમરાવ આંબેડકર

અન્ય સભ્યો : શ્રી એન. ગોપાલસ્વામી આયંગર, શ્રી કે. એમ. મુનશી, શ્રી સૈયદ મોહમ્મદ સાદુલ્લા, શ્રી ડી.પી.ખૈતાન (1948 માં તેમના મૃત્યુબાદ ટી.ટી. ક્ષ્ણામાચારીએ તેમનું સ્થાન લીધું), શ્રી બી.એલ. મિત્તર (પાછળથી તેમના સ્થાને એન. માધવરાવની નિયુક્તિ થઇ.)

❖ **બંધારણસભાની સમિતિઓ**

| | સમિતિ | અધ્યક્ષ |
|---|---|---|
| 1. | સંઘ સરકાર સમિતિ | શ્રી જવાહરલાલ નહેરુ |
| 2. | મૂળભૂતઅધિકાર અને અલ્પસંખ્યક સમિતિ | શ્રી સરદાર પટેલ |
| 3. | પ્રાંતોના બંધારણ માટેની સમિતિ | શ્રી સરદાર પટેલ |
| 4. | સંઘીય બંધારણ સમિતિ | શ્રી જવાહરલાલ નહેરું |
| 5. | સંચાલન સમિતિ | શ્રી ડૉ. રાજેન્દ્ર પ્રસાદ |
| 6. | મુસદ્દા સમિતિ | શ્રી ડૉ. બા.સા.ભીમરાવ આંબેડકર |
| 7. | ઝંડા સમિતિ | આચાર્ય શ્રી જે. બી. કૃપલાની |

● **અન્ય બંધારણીય બાબતો :**

⇨ બંધારણ પર હસ્તાક્ષર કરાતાં (24-11-1950) ડૉ.રાજેન્દ્ર પ્રસાદને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે વરણી કરવામાં આવી.



⇨ બંધારણ સભાને વચગાળાની સંસદના રૂપમાં ફેરવી દેવાઇ.(26-01-1950)

⇨ બંધારણ ઘડતાં કુલ 2 વર્ષ 11 માસ અને 18 દિવસ લાગ્યા.

⇨ આ બંધારણ ઘડતરનો અંદાજિત ખર્ચ 64 લાખ રૂપિયા થયો.

⇨ આ બંધારણનો સ્વીકાર તા. 26 નવેમ્બર 1949 ના રોજ થયો.

⇨ આ બંધારણનો અમલ તા. 26 જાન્યુઆરી 1950 થી શરૂ થયો.

⇨ આ બંધારણના પ્રારંભે તેમાં કુલ 395 અનુચ્છેદો અને 8 પરિશિષ્ટો હતાં.

⇨ ત્યારબાદ થયેલા બંધારણીય સુધારાઓ દ્વારા હાલ તેમાં લગભગ 444 જેટલી કલમો છે જયારે 8 ને સ્થાને હવે 12 અનુસૂચિઓ થઇ જવા પામી છે, છતાં કલમોના ક્રમાંકમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. (દા.ત. કલમ-15 નો સુધારો 15-અ થી બતાવ્યો.)

⇨ આ બંધારણસભામાં ચૂંટાયેલી તમામ મહિલા સભ્યો કોંગ્રેસ પક્ષની જ હતી.

⇨ શ્રી જય પ્રકાશ નારાયણ અને શ્રી તેજબહાદૂર સપ્રુએ સ્વાસ્થ્યનાં કારણોસર આ બંધારણ સભાનું સભ્યપદ સ્વીકાર્યું ન હતું.

## મૂળ ભારતીય બંધારણની અનુક્રમણિકા


| પ્રકરણ | ભાગ | કલમ | પૃષ્ઠ |
|---|---|---|---|
| આમુખ | - | - | 181 |
| કેન્દ્ર અને કેન્દ્ર શાસિત પ્રદેશો | 1 | 1 થી 4 | 183-184 |
| નાગરિકતા | 2 | 5 થી 11 | 184-186 |
| મૂળભૂત હક્કો | 3 | 12 થી 35 | 186-196 |
| રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | 4 | 36 થી 51 | 197-199 |
| મૂળભૂત ફરજો | 4-એ | 51-એ | 200 |
| સંઘ (કેન્દ્ર) | 5 | 52 થી 151 | 200-235 |
| રાજ્યો | 6 | 152 થી 237 | 236-268 |
| સંઘ રાજ્ય ક્ષેત્રો | 8 | 239 થી 242 | 268-273 |
| પંચાયતો | 9 | 243 થી 243-ઓ | 274-279 |
| નગરપાલિકાઓ | 9-એ | 243પી થી 243 ઝેડ-જી | 280-286 |
| અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો | 10 | 244 થી 244એ | 287-288 |

| પ્રકરણ | ભાગ | કલમ | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| સંઘ (કેન્દ્ર) અને રાજયો વચ્ચેના સંબંધો | 11 | 245 થી 244એ | 288-293 |
| નાણાંકીય બાબતો, મિલકત, કરારો અને દાવાઓ | 12 | 264 થી 253 | 294-306 |
| ભારતના રાજય ક્ષેત્રની અંદર વેપાર, વાણિજય | 13 | 301 થી 307 | 307-308 |
| સંઘ (કેન્દ્ર) અને રાજયો હેઠળની સેવાઓ | 14 | 308 થી 323 | 308-312 |
| ટ્રિબ્યુનલો | 14-એ | 323-એ/બી | 313-318 |
| ચૂંટણીઓ | 15 | 324 થી 329-એ | 319-321 |
| અમુકવર્ગો સંબંધી ખાસ જોગવાઈઓ | 16 | 330 થી 342 | 321-330 |
| રાજયભાષા (અધિકૃત ભાષાઓ) | 17 | 343 થી 351 | 330-334 |
| કટોકટી અંગેની જોગવાઈઓ | 18 | 352 થી 360 | 334-342 |
| પ્રકીર્ણ | 19 | 361 થી 360 | 343-349 |
| બંધારણમાં સુધારો કરવા અંગે | 20 | 368 | 350 |
| કામચલાઉ, વચગાળાની અને ખાસ જોગવાઈઓ | 21 | 368 | 350 |
| ટુંકી સંજ્ઞા, આરંભ અને રદ કરવા બાબત | 22 | 393 થી 395 | 367 |
| અનુસૂચિઓ 1 થી 12 | - | - | 368 થી 439 |
| વિષય સૂચિ કક્કાવારી મુજબ | - | - | 440 થી 488 |


## 4. ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો

ભારતીય બંધારણ તેનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણોને લીધે નોંધપાત્ર ગણાય છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ જગતનાં લગભગ તમામ જાણીતાં લોકશાહી બંધારણોનાં ઉત્તમ તત્ત્વોનો સમન્વય સાધવાનો પ્રયાસ કર્યો છે.



- **વિશિષ્ટ સ્વરૂપ :**

⇨ ભારતનું બંધારણ બંધારણીય અને વહીવટી (કારોભારી વિષયક) બાબતો પર પ્રકાશ ફેંકે છે.

⇨ ભારતનું બંધારણ સૌથી લાંબુ અને વિષદ સ્વરૂપ ધરાવે છે.

⇨ ભારતીય બંધારણ કુલ 22 ભાગોમાં વહેંચાયેલું છે. પ્રારંભિક અવસ્થામાં તેમાં 395 કલમો અને 8 પરિશિષ્ટો માત્ર હતાં, જે આજે પણ જળવાઈ છે છતાં હાલ તેમાં સુધારાવધારા અને પેટાક્રમ મુજબ કુલ 444 કલમો અને 12 અનુસૂચિઓ ધરાવે છે.

⇨ એની સરખામણીએ અમેરિકાના બંધારણમાં ફક્ત 7, કેનેડાના બંધારણમાં 147, ઓસ્ટ્રેલિયાના બંધારણમાં 128 અને દક્ષિણ આફ્રિકાના બંધારણમાં 253 કલમો છે.

- **સંસદીય સર્વોપરિતા અને ન્યાયિક સર્વોચ્ચતાનો સમન્વય :**

⇨ આપણા બંધારણમાં સંસદીય શ્રેષ્ઠતા અને ન્યાયિક સર્વોચ્ચતાનો સમન્વય થયેલો છે.

⇨ આ બંધારણ પર બ્રિટનની સંસદીય શ્રેષ્ઠતા તેમજ અમેરિકાની ન્યાયિક શ્રેષ્ઠતાનો પ્રભાવ સાફ જણાઈ આવે છે. વળી એમાં સુધારા-વધારા કે ફેરફારને પણ અવકાશ રહેલો છે.

⇨ ભારતના બંધારણનાં 'સંસદ' અને 'ન્યાયતંત્ર' જેવા પ્રમુખ અંગો પોતપાતાના ક્ષેત્રમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. સર્વોચ્ચ અદાલત સંસદ દ્વારા પસાર કરાયેલ કોઈ પણ કાયદો સંસદના અધિકારક્ષેત્રની બહાર જતો લાગે તો ગેરકાયદેસર અને અમાન્ય પણ ઠરાવી શકે છે. બંધારણનું અર્થઘટન કરવાની સત્તા સર્વોચ્ચ અદાલત ધરાવે છે.

⇨ ભારતનું બંધારણ 'સંસદીય શાસનપ્રણાલી' ની જોગવાઈ કરે છે.

- **સંપૂર્ણ સાર્વભૌમ અને પ્રજાસત્તાક રાષ્ટ્ર :**

⇨ 'હિંદ સ્વાતંત્ર્ય ધારા' (15 ઓગસ્ટ 1947) અંતર્ગત જાહેર કરાયું કે હવે ભારત બ્રિટીશ સરકારને આધીન રહ્યું નથી એટલે કે તે સાર્વભૌમ અને પ્રજાસત્તાક રાષ્ટ્ર છે.

⇨ ભારતના લોકોમાંથી બનેલી 'બંધારણીય સભા' દ્વારા આ 'ભારતીય બંધારણ'નું નિર્માણ થયું છે. તેમાં આખરી સત્તા લોકોમાં રહેલી છે, કોઈ વ્યક્તિ વિશેષમાં

નહિ. અર્થાત તે આંતર-બાહ્ય દબાણમાં આવી આંતરરાષ્ટ્રીય સંધિ-સમાધાન સ્વીકારવા માટે બાધ્ય નથી.

⇨ ભારત એક પ્રજાસત્તાક (ગણતંત્ર) રાષ્ટ્ર છે અને રાષ્ટ્રપતિ તેના બંધારણીય વડા છે.

⇨ અમેરિકન રાષ્ટ્રપ્રમુખથી વિપરિત ભારતીય રાષ્ટ્રપતિ કારોબારીના નામ માત્રના જ 'બંધારણીય વડા' છે. અર્થાત તેઓ કારોબારી / મંત્રીમંડળના સલાહસૂચન-સહયોગ અનુસાર વર્તવા બંધાયેલા છે.

- **સંસદીય શાસન વ્યવસ્થા :**

⇨ મોન્ટફર્ડ ધારો 1919 અને હિંદધારો 1935 ના 'ભારત શાસન અધિનિયમો'ના અનુસાર ભારતના લોકોને સંસદીય શાસનનો અનુભવ મળી શક્યો હતો.

⇨ ઘણી ચર્ચા – વિચારણાઓને અંતે ભારતીય બંધારણના ઘડવૈયાઓએ ભારત માટે અમેરિકા જેવી પ્રમુખશાહીની જગ્યાએ બ્રિટીશ સંસદીય શાસનપ્રણાલી અપનાવી હોવા છતાં તેણે બ્રિટીશ સંસદીય શાસન પ્રણાલીનું પૂર્ણતઃ અનુકરણ કર્યું નથી.

⇨ સંસદીય શાસનપ્રણાલીમાં કારોબારી (વડાપ્રધાન-પ્રધાનમંડળ) જો સંસદ (લોકસભા) ની બહુમતીનો વિશ્વાસ ગુમાવે તો રાજીનામુ આપી દેવું પડે છે.

- **ભારતીય બંધારણનું સંઘીય સ્વરૂપ :**

⇨ ભારતીય બંધારણ મોટેભાગે સંઘીય છે, જ્યારે બ્રિટનનું બંધારણ 'એકતંત્રી' છે.

⇨ ભારતમાં લોકો દ્વારા ચૂંટાયેલા રાષ્ટ્રપતિવાળું પ્રજાસત્તાક છે, જ્યારે બ્રિટનમાં વંશપરંપરાગત રાજાશાહી છે, જે 'બંધારણીય રાજાશાહી' તરીકે પણ ઓળખાય છે.

⇨ ભારતની સંસદ બ્રિટિશ પાર્લામેન્ટ જેવી સાર્વભૌમ નથી, કારણકે તેણે પસાર કરેલ કાયદાઓનું ન્યાયિક સમીક્ષા કરી શકે છે.

⇨ બંધારણના કલમ 74 (1) અનુસાર કાર્યસંચાલનમાં રાષ્ટ્રપતિને સહાય અને સલાહ માટે વડાપ્રધાનની અધ્યક્ષતાવાળું એક મંત્રીમંડળ રહેશે. રાષ્ટ્રપતિ તેમની ફરજો અને કાર્યો અદા કરતી વખતે તેમની સલાહને અનુસરશે.

- **પરિવર્તનશીલતા :**

⇨ બંધારણમાં સુધારો કરવાની વિધિ પ્રમાણે ભારતીય બંધારણને બે ભાગમાં વહેંચી શકાય : (1) પરિવર્તનશીલ (2) અપરિવર્તનશીલ બંધારણ



⇨ ભારતના બંધારણમાં સ્થિતિસ્થાપકતા અને ચુસ્તતાનો સમન્વય જોવા મળે છે.

⇨ ભારતીય બંધારણ બ્રિટન જેવું વધુ પડતું સ્થિતિસ્થાપક કે અમેરિકા જેવું વધુ પડતું ચુસ્ત નથી.

⇨ પરિવર્તનશીલ બંધારણ કાયદાકીય દૃષ્ટિએ બંધારણીય અને સામાન્ય બાબતો વચ્ચે ભેદ કરતું નથી. કોઈપણ જટિલ પ્રક્રિયા કર્યા સિવાય બંધારણની કોઈપણ બાબતમાં વિધાનમંડળ ફેરફાર કરી શકે છે. જ્યારે અપરિવર્તનશીલ બંધારણમાં ફેરફાર કરવા માટે વિશિષ્ટ, જટિલ અને લાંબી પ્રક્રિયા હાથ ધરવી પડે છે.

⇨ સંઘીય બંધારણમાં સુધારાની પ્રક્રિયા મુશ્કેલ હોવાથી આવાં બંધારણ ચુસ્ત બંધારણ કહેવાય.

- **વિલક્ષણ સ્વરૂપ :**

➢ આપણા બંધારણને સંઘીય અને એકતંત્રી (સમય અને પરિસ્થિતિઓની જરૂરિયાત મુજબનું) સ્વરૂપ આપી શકાય છે. પરંતુ બંધારણની કલમ 352 અનુસાર રાષ્ટ્રપતિ કટોકટીની જાહેરાત કરે (જેનો તેમને અધિકાર છે) કે તરત જ સમગ્ર સ્થિતિ બદલાઈ જાય છે, અને તે એકતંત્રી સ્વરૂપમાં પલટાઈ જાય છે.

*– ડૉ. બા.સા. આંબેડકર*

⇨ સૈદ્ધાંતિક રીતે ભારતીય બંધારણને ભલે સંઘાત્મક સ્વરૂપ અપાયું હોય, છતાં વ્યવહારિક રીતે જોતાં તે કેટલાંક એકતંત્રી લક્ષણો ધરાવે છે.

- **બિનસાંપ્રદાયિકતા કે ધર્મનિરપેક્ષતા (સેક્યુલારિઝમ) :**

⇨ આપણા બંધારણમાં બિનસાંપ્રદાયિકતા (ધર્મનિરપેક્ષતા)નો સિદ્ધાંત સ્વીકારાયો છે. અર્થાત ધર્મ, જાતિ, સંપ્રદાયના આધાર પર કોઈ પણ ધર્મના અનુયાયીની સાથે ભેદભાવ ન કરી શકાય.

⇨ ભારતીય બંધારણે કોઈ પણ ધર્મને રાજ્યધર્મ તરીકે સ્વીકાર નથી કર્યો.

⇨ 42 મા બંધારણીય સુધારા (1976) અન્વયે આમુખમાં બિનસાંપ્રદાયિકતા શબ્દ ઉમેરવામાં આવ્યો અને સ્થિતિને વધુ સ્પષ્ટ બનવાઈ.

- **સમાજવાદી રાજ્ય**

⇨ ભારતીય બંધારણમાં સમાજવાદી રાજ્યની રચનાનો સિદ્ધાંત સ્વીકારાયો છે.

42 માં બંધારણીય સુધારા (1976) અનુસાર બંધારણના આમુખમાં 'સમાજવાદી' શબ્દ ઉમેરાયો.

⇨ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ 'સમાજવાદી' વ્યવસ્થા સ્થાપવાના ઉમદા સિધ્ધાંતોને સ્થાન આપવામાં આવ્યું છે.

- **સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર**

⇨ ભારતીય બંધારણમાં 'પુખ્તમતાધિકાર' (18 વર્ષની ઉંમરે) ને પણ સ્થાન અપાયું છે.

⇨ સરકારની રચના ચૂંટણી દ્વારા કરાશે. પ્રતિનિધિઓની ચૂંટણી પુખ્તમતાધિકાર અનુસાર કરાશે. બંધારણમાં કોઇ જાતિ, ધર્મ, લિંગ, શિક્ષા, ક્ષેત્ર, ભાષા વ્યવસાય વગેરેના આધાર પર મતાધિકારનો ભેદભાવ રાખી શકાશે નહિ.

⇨ પ્રારંભિક વર્ષોમાં મતાધિકાર માટે વયમર્યાદા 21 વર્ષની હતી જે 61માં બંધારણીય સુધારા મુજબ (1989) ઘટાડીને 18 વર્ષની કરવામાં આવી છે.

- **સ્વાયત્ત ન્યાયતંત્ર**

⇨ ભારતીય બંધારણમાં એક સ્વાયત્ત ન્યાયતંત્રની જોગવાઇ કરીને તેને ન્યાયિક સમીક્ષાની સત્તા અપાઇ છે. તે મુજબ વડી કે સર્વોચ્ચ ન્યાયાલય એ એકીકૃત ન્યાય વ્યવસ્થાનાં મહત્વપૂર્ણ અંગો છે. તેમના અધિકારક્ષેત્રમાં મોટાભાગની બાબતોનો સમાવિષ્ટ છે.

⇨ અમેરિકાની માફક જુદી જુદી સંઘીય અને રાજ્ય નિર્ભર ન્યાયાલય પ્રણાલીકા ભારતના બંધારણમાં સૂચવાઇ નથી.

⇨ ભારતીય બંધારણે સ્વાયત્ત અને એકીકૃત ન્યાયતંત્રનું એક શ્રેણીબદ્ધ સંગઠન ઘડી કાઢ્યું છે.

⇨ સર્વોચ્ચ અદાલતના નિર્ણય દેશભરમાં અંતિમ અને સર્વોપરી ગણાય છે.

⇨ બંધારણ નિર્મિત મૂળભૂત અધિકારોની જાળવણી માટે ન્યાયાલયની સ્વાયત્તતા જરૂરી છે.

⇨ ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. તેમના હોદ્દાને સુરક્ષા, નિર્ણયો માટેની સ્વતંત્રતા તથા કાર્યકાળ દરમિયાન વેતન-ભથ્થાંની જાળવણી કરીને ન્યાયતંત્રને નિશ્ચિતતા અને સ્વાયત્તતા અપાઇ છે.

- **એકલ નાગરિકત્વ**

⇨ ભારતના બંધારણે 'એકલ નાગરિકત્વ'નો સિદ્ધાંત સ્વીકાર્યો છે. ભારતના કોઇપણ રાજ્યનો નાગરિક 'ભારતીય નાગરિક' ની ઓળખ ધરાવે છે.



ભારતના કોઇપણ વિસ્તાર કે રાજ્યમાં અવર-જવર, વ્યાપાર કે વસવાટ કરીને કોઇપણ વિસ્તારમાંથી સંસદની ચૂંટણી પણ લડી શકે છે.

- **કલ્યાણરાજ્ય :**

⇨ ભારતીય બંધારણમાં કલ્યાણ રાજ્ય કે મહાત્મા ગાંધીજીના શબ્દોમાં 'રામરાજ્ય'ની કલ્પના કરાઇ છે. તેમાં મૂળભૂત અધિકારો રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈ ન્યાયને લગતી બાબતો સ્પષ્ટ કરવા, ભૂલોના નિરાકરણ માટે ન્યાયિક પુનરાવલોકન તથા બંધારણની સર્વોપરિતા જેવી મુખ્ય મુખ્ય લાક્ષણિક્તાઓ રહેલી છે.

- **એક રાજભાષા અને સત્તાવારભાષા :**

⇨ આપણા બંધારણે આપણી રાજભાષા અને સત્તાવાર ભાષા (Official Language) તરીકે હિંદી અને અંગ્રેજી બંનેને સ્વીકારેલ છે. તેથી દેશની એકતા, સંપ, ભાઇચારા તથા સંગઠનને દૃઢ કરતું, અદશ્ય છતાં પ્રબળ તત્ત્વ તેમાં સમાવિષ્ટ થઇ શક્યું છે.

## 5. ભારતીય બંધારણનું આમુખ

"અમે ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ સમાજવાદી (બિનસાંપ્રદાયિક લોકશાહી પ્રજાસત્તાક તરીકે)* સંસ્થાપિત કરવાનો તથા તેના સર્વ નાગરિકો માટે સામાજિક, આર્થિક અને રાજકિય ન્યાય, વિચાર, અભિવ્યક્ત, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જાની અને તકની સમાનના નિશ્ચિત કરી આપવાનો અને એ સર્વમાં વ્યક્તિનું ગૌરવ અને (રાષ્ટ્રની એકતા અને અખંડિતતા)* સાધી આપતું બંધુત્વ વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી બંધારણ સભામાં આજે સન 1949 ના નવેમ્બર માસની 26 મી તારીખે આથી આ બંધારણ અપનાવી, તેને કાયદાનું રૂપ આપી અમને પોતાને અર્પિત કરીએ છીએ."

*42મા સુધારા મુજબ, ધારો, 196 ની કલમ 2- થી "સમાજવાદી બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક" શબ્દો ઉમેર્યા છે. (તા.3-1-77 થી)

*42 મા સુધારા મુજબ, ધારો, 1976 ની કલમ 1 થી "રાષ્ટ્રની એકતા અને અખંડિતતા" શબ્દો ઉમેર્યા છે. (તા. 3-1-77 થી)

⇨ ભારતીય બંધારણમાં ઉલ્લેખિત આમુખનો ખ્યાલ આર્યલેન્ડના બંધારણમાંથી લેવાયો છે જ્યારે તેની ભાષા પર ઓસ્ટ્રેલિયાના બંધારણનો પ્રભાવ છે.

⇨ બંધારણના ઘડનારાઓએ આમુખમાં બંધારણનો વિચાર, ઉદ્દેશ્યો અને તેની પ્રાપ્તિનો દિશાનિર્દેષ કરેલ છે.

⇨ આમુખમાં ધર્મ, માન્યતાઓ, ઉપાસના, અભિવ્યક્તિ અને નાગરિકોની ઈચ્છાઓનું સુસ્પષ્ટીકરણ કરાયું હોવાથી તે દર્પણની માફક સ્પષ્ટ છે.

⇨ બંધારણસભામાં પં.જવાહરલાલ નહેરુએ 'ઉદ્દેશ્ય પ્રસ્તાવ' રજુ કર્યો, (13 ડિસે. 1946). જેના થકી બંધારણના ઘડવૈયાઓએ ભારતીય રાજયવ્યવસ્થાના મૂળભૂત આદેશોને શાબ્દિક સ્વરૂપ આપીને તેને આમુખમાં વધુ સ્પષ્ટ કરેલ છે.

⇨ બંધારણનો મૂળઆધાર અને સાર્વભૌમ સત્તા ભારતના નાગરિકોમાં જ રહેલી છે. આ રીતે ભારતને એક ધર્મ નિરપેક્ષ, પૂર્ણ પ્રભુતાસંપન્ન, સમાજવાદી અને લોકતાંત્રિક રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્ન સેવવામાં આવ્યું હોવાની વાત આમુખમાંથી ફલિત થાય છે.

⇨ તમામ ભારતીય નાગરિકોમાં મોભા (દરજ્જા), તકોની સમાનતા, વ્યક્તિગત ગરિમા, રાષ્ટ્રીય અખંડિતતા તેમજ બંધુત્વની ભાવનાને દઢ બનાવવાનો પ્રયાસ કરાયો છે, તે આમુખ થકી સ્પષ્ટ થાય છે.

⇨ બંધારણરૂપી ઈમારત આમુખરૂપી પાયા ઉપર ચણાયેલી છે. આમુખ આદર્શો અથવા ધ્યેયો, તો બંધારણ તેમની સિદ્ધિનો નિર્દેષ કરે છે. ટૂંકમાં બંધારણ શરીર છે તો આમુખ તેનો આત્મા છે અથવા 'બાંધરણને સમજવાની તે ચાવી છે.'

⇨ બંધારણમાં કોઈ સ્પષ્ટતા સંદર્ભે મુશ્કેલી સર્જાય તો આમુખને આધાર તરીકે સ્વીકારવામાં આવે છે.

⇨ 1976માં થયેલા 42માં બંધારણીય સુધારા અનુસાર બંધારણના આમુખમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરાયા છે. તે મુજબ બંધારણના આમુખમાં પ્રારંભિક વર્ષોમાં ભારતનો ઉલ્લેખ સાર્વભૌમ અને લોકતાંત્રિક-પ્રજાસત્તાક તરીકે કરાયો હતો. જ્યારે આસુધારાથી હવે તેનો ઉલ્લેખ સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ અને લોકતાંત્રિક પ્રજાસત્તાક તરીકે કરાયો છે.

⇨ વળી આમુખમાં વપરાયેલ શબ્દ 'રાષ્ટ્રની એકતા'ના સ્થાને 'રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા' જેવા આકર્ષક અને મહત્વપૂર્ણ શબ્દો જોડી દેવામાં આવ્યો છે.



# 6. નાગરિકોના મૂળભૂત અધિકારો

**(1) સમાનતાનો અધિકાર (Right of Equality) (કલમ 14 થી 18) :**

- કલમ 14 : કાયદા સામે દરેક નાગરિકની સમાનતા : કાયદાનું સમાન રક્ષણ.
- કલમ 15 : રાજ્ય કોઈપણ નાગરિક પરત્વે ધર્મ, વંશ, જાતિ, લિંગ કે જન્મસ્થળને આધારે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખશે નહીં.
- કલમ 16 : જાહેર રોજગારીની બાબતોમાં તકની સમાનતા.
- કલમ 17 : અસ્પૃશ્યતા નિવારણ.
- કલમ 18 : લશ્કરી અને શૈક્ષણિક પદવીઓ સિવાયના ઈલ્કાબો રદ કરવામાં આવ્યા.

**અપવાદો**

દેશના રાષ્ટ્રપતિ, રાજ્યોના રાજ્યપાલ સામે તેમના સેવાકાળ દરમિયાન કોઈપણ ગુના બદલ કાયદાકીય કે શિક્ષાત્મક પગલાં લઈ શકાતાં નથી. સમાનતાના આ અધિકાર મુજબ આ હોદ્દા ધારણ કરનારા અપવાદરૂપ વિશેષાધિકારો ધરાવે છે.

- રાજ્ય એસ.સી., એસ.ટી., સ્ત્રીઓ, બાળકો કે અન્ય કચડાયેલા વર્ગોના વિકાસ માટે ખાસ કાયદાઓ ઘડી શકે છે. જેનાથી મૂળભૂત અધિકારોનો ભંગ થતો નથી.
- જાહેર સેવાઓ માટે રાજ્ય પોતાના નાગરિકોની નિયુક્તિ માટે પ્રાથમિક્તા આપે તો તેને સમાનતાના અધિકારનો ભંગ ન ગણી શકાય.

**(2) સ્વતંત્રતાનો અધિકાર (Right to Freedom) (કલમ 19 થી 20) :**

- કાયદાની કલમ 19: બંધારણ દ્વારા ભારતીય નાગરિકોને અપાયેલી છ પ્રકારની સ્વતંત્રતાઓ
- કલમ 19(1) (A) : વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, જેમાં પુસ્તક પ્રકાશન, અખબારી સ્વાતંત્ર્ય, સંચાર માધ્યમોની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.
- કલમ 19(1) (B) : શાંતિથી શસ્ત્રો વિના એકઠા થવાનું સ્વાતંત્ર્ય
- કલમ 19(1) (C) : મંડળો અથવા સંઘો રચવાનું સ્વાતંત્ર્ય

- કલમ 19(1) (D) : ભારતીય પ્રદેશોમાં મુક્તપણે હેરફેર કરવાનું સ્વાતંત્ર
- કલમ 19(1) (E) : ભારતના કોઇ પણ ભાગમાં નિવાસ કે સ્થાઇ વસવાટની સ્વાતંત્રતા
- કલમ 19(1) (G) : ગમે તે વ્યવસાય કરવાની સ્વાતંત્રતા

❖ **નિયંત્રણો / મર્યાદાઓ :**

⇨ ઉપરોક્ત બધી સ્વતંત્રતાઓ વાજબી મર્યાદાઓને આધીન રહીને ભોગવવાની રહે છે.

⇨ વાણી કે અભિવ્યક્તિની સ્વતંત્રતા થકી અન્ય વ્યક્તિ કે વાતારણ (જાહેર વ્યવસ્થા) જોખમાય તે રીતે ઉપયોગ ન કરી શકાય.

⇨ સ્ફોટક સંજોગોમાં શાંતિથી તથા હથિયાર વગર એકઠા થવાની સ્વતંત્રતા (રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જળવાઈ રહે એ માટે જરૂરી મર્યાદા મૂકી શકાય)

⇨ કેટલાંક અભયારણ્યો કે પ્રતિબંધિત વિસ્તારોમાં, પશુ-પક્ષી અથવા વ્યક્તિની સ્વતંત્રતા જોખમાતી હોય ત્યાં હરવા-ફરવા પર નિયંત્રણ.

⇨ જમ્મુ-કશ્મીરને કલમ 370 મુજબ વિશેષ દરજ્જો અપાયો છે, જ્યાં સ્થાયી-કાયમી રહેઠાણનો હક અપાયો નથી.

⇨ વ્યવસાયની સ્વતંત્રતા શોષણમાં પરિણમે તો પણ નિયંત્રણ લાદી શકાય છે.

- કલમ 20 : ગુનાઓ માટે દોષસિદ્ધિ સંબંધમાં રક્ષણ
- કલમ 21 : જીવન અને અંગત સ્વાતંત્ર્યનું રક્ષણ

નોંધ : કલમ 20 અને 21 ને કટોકટીના સમયમાં મોકૂફ ન કરી શકાય.

- કલમ 22 : કેટલાક સંજોગોમાં ધરપકડ કે અટકાયત સામે રક્ષણ

**અપવાદો**

⇨ કલમ 20 : કોઇ વ્યક્તિની એક જ ગુના માટે એકથી વધારે વાર કામ ન ચલાવી શકાય છે. પરંતુ કોઇ ગુનામાં સરકારી કર્મચારીઓ સંડોવાયેલો હોય તો તેને ન્યાયાલય તેમજ ખાતાકીય સજા કરી શકાય છે.

⇨ કલમ 22 : કોઇપણ નાગરિકની મનસ્વી રીતે ધરપકડ કરી શકાય નહીં. પરંતુ ગુન્હો અટકાવવા આગોતરી અટકાયત કરી શકાય. (પ્રતિબંધક અટકાયત)



(3) **શોષણ સામેનો અધિકાર (Right Against Exploitation) (કલમ 23 થી 24):**

- કલમ 23 : ગુલામી પ્રથા તેમજ બળજબરીપૂર્વકની મજૂરી-વેઠ પ્રથા પર પ્રતિબંધ.
- કલમ 24 : 14 વર્ષની ઓછી વયની - બાળમજૂરી પર પ્રતિબંધ

(4) **ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર (Right of Freedom of Religion) (કલમ 25 થી 28) :**

- કલમ 25 : અંતઃકરણપૂર્વક, મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન, પ્રચારનું સ્વાતંત્ર્ય.
- કલમ 26 : ધાર્મિક બાબતો-સંસ્થાઓનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય.
- કલમ 27 : ચોક્કસ ધર્મની અભિવ્યક્તિ માટે કર ચુકવણીનું સ્વાતંત્ર્ય.
- કલમ 28 : શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક પ્રાર્થનાવિધિમાં હાજરી અંગેનું સ્વાતંત્ર્ય.

(5) **સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર (Cultural and Educational Right of Minorities) (કલમ 29, 30):**

- કલમ 29 : લઘુમતીઓનો પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ બોલી, ભાષા કે લિપિ અપનાવવાનો અને તેને જાળવી રાખવાનો હક્ક.
- કલમ 30 : શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો તથા તેનો વહીવટ કરવાનો લઘુમતીઓનો હક્ક.

(6) **બંધારણીય ઈલાજોનો અધિકાર (Right of the Constitutional Remedies)** (કલમ 32) : આ અધિકારને ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણનો આત્મા ગણાવ્યો છે. તે મુજબ દરેક નાગરિક બંધારણીય માર્ગે પોતાના મૂળભૂત અધિકારો જાળવી શકે છે.

(7) **શિક્ષણ મેળવવાનો અધિકાર-કલમ 21(A)** : 6 થી 14 વર્ષનાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક.

❖ **મૂળભૂત અધિકારોની મર્યાદાઓ :**

આ મૂળભૂત અધિકારોને નીચે મુજબના કેટલાક સંજોગોમાં મોકૂફ રાખી શકાય છે.

- ⇨ દેશની સુરક્ષાની અગ્રીમતાના કારણે સંસદ, લશ્કર કે પોલીસ સંગઠનો માટે.
- ⇨ કલમ 34 મુજબ કોઈપણ વિસ્તારમાં લશ્કરી કાર્યવાહી ચાલતી હોય ત્યારે.
- ⇨ કલમ 352 મુજબ કટોકટીકાળમાં કલમ 358 અનુસારની કલમ 19ની જોગવાઈ મોકૂફ રખાય છે. પરંતુ 20 અને 21દ્વારા અપાયેલ મૂળભૂત અધિકારો ક્યારેય મોકૂફ રખાતા નથી.
- ⇨ કલમ 359 દ્વારા ભાગ 3 માં અપાયેલ મૌલિક અધિકારોને મોકૂફ રાખી શકાય.
- ⇨ કલમ 15 (1) અને (4) અનુસાર સ્ત્રીઓ, બાળકો અને નબળા વર્ગોના લોકો માટે રાજ્ય ખાસ પ્રબંધો કરે તો તે સમાનતાનો ભંગ નહીં ગણાય.
- ⇨ બંધારણમાં સુધારો કરીને સંસદ મૂળભૂત અધિકારો જરૂરી ફેરફાર શકે છે, પરંતુ એમ કરતાં બંધારણનું મૂળભૂત માળખુ નષ્ટ ન થાય તેનું ખાસ ધ્યાન રખાય છે.

## 7. નાગરિકોની મૂળભૂત ફરજો

- ⇨ હકો અને ફરજો એક સિક્કાની બે બાજુઓ સમાન છે. હકનો અર્થ સ્વતંત્રતાઓ, જ્યારે ફરજનો અર્થ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની નાગરિકની જવાબદારી તરીકે કરી શકાય.
- ⇨ ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો પર રશિયન બંધારણનો પ્રભાવ વર્તાય છે.
- ⇨ પ્રારંભિક અવસ્થામાં (1950) બંધારણમાં માત્ર કેટલાક મૂળભૂત હકો જ સમાવાયા હતા અને 1976 સુધી બંધારણમાં વ્યક્તિની ફરજ માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નહોતી.
- ⇨ યુરોપિયન રાષ્ટ્રો, જાપાન તેમજ ચીનના બંધારણમાં પણ અધિકારોની સાથે ફરજોનો સમાવેશ કરાયો છે.
- ⇨ ભારતના બંધારણમાં હકોની સાથે ફરજોને જોડવા કોંગ્રેસી નેતા સરદાર સ્વર્ણસિંહની અધ્યક્ષતા નીચે એક સમિતિ રચાઈ. જેને ભલામણોને આધારે થયેલા 42મા બંધારણીય સુધારા (ડિસેમ્બર 1976)મુજબ 'મૂળભૂત ફરજો' ના શીર્ષક હેઠળ ભાગ 4 (ક)ને નીચે પ્રમાણે ઉમેરી લેવામાં આવેલ છે. (કલમ 51-A)
  - ✓ બંધારણને વફાદાર રહીને તેના આદર્શો, રાષ્ટ્રધ્વજ તથા રાષ્ટ્રગીતનો આદર કરવો.



  - ✓ સ્વાતંત્ર્યલડતના પ્રેરણાદાયી આદર્શોને હૃદયમાં ઉતારવા / અનુસરવા.
  - ✓ દેશની એકતા, સાર્વભૌમત્વ અને અખંડિતતાનું સમર્થન તથા રક્ષણ કરવું.
  - ✓ જરૂર પડ્યેથી દેશનું રક્ષણ અને રાષ્ટ્રીય સેવા બજાવવાની તૈયારી રાખવી.
  - ✓ ધાર્મિક પ્રાદેશિક અને ભાષાકીય ભેદો ત્યજી તમામ દેશવાસીઓમાં સુમેળ, બંધુત્વભાવ વધારવાં અને સ્ત્રી દાક્ષિણ્ય કેળવવું.
  - ✓ ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ વૈભવ-વારસાનું મૂલ્ય સમજી તેની જાળવણી કરવી.
  - ✓ દેશના જંગલો, તળાવો, નદીઓ, વન્ય પશુપક્ષીઓ અને પર્યાવરણનું જતન કરવું.
  - ✓ વૈજ્ઞાનિક માનસ, માનવવાદ, જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવી.
  - ✓ દેશની જાહેર મિલકતનું રક્ષણ કરવું તથા હિંસાનો ત્યાગ કરવો.
  - ✓ રાષ્ટ્રીય સિદ્ધિઓ માટે, વૈયક્તિક-સામૂહિક પ્રવૃત્તિ ક્ષેત્રે શ્રેષ્ઠતા દાખવવી.

## 8. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

- ⇨ ભારતીય બંધારણમાં સમાવિષ્ટ આ સિદ્ધાંતો આયર્લેન્ડના બંધારણથી પ્રેરિત છે.
- ⇨ બંધારણમાં આ સિદ્ધાંતોનો ઉલ્લેખ ભાગ 4 ની કલમ 36 થી 51માં કરાયેલ છે.
- ⇨ આ સિદ્ધાંતો શાસનવ્યવસ્થાના મૂળભૂત ઘટકો હોવાથી લોકશાહીના પાયારૂપ ગણાય.
- ⇨ આ સિદ્ધાંતો થકી બંધારણની સાચા અર્થમાં વ્યાખ્યા કરી એક 'કલ્યાણકારી રાજ્ય'ની કલ્પનાને સાકાર કરી શકાય છે.
- ⇨ આ સિદ્ધાંતોના અમલ માટે કે તેના ભંગ બદલ અદાલતોનો આશરો લઈ શકાતો નથી.
- ⇨ રાજ્ય માટે આ સિદ્ધાંતો માર્ગદર્શક સિધ્ધાંતો છે. નીતિવિષયક નિર્ણયો લેવાના સંદર્ભમાં તેને માર્ગદર્શક આદેશો ગણવાના છે.

## : મૂળભૂત અધિકારો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની તુલના:

⇨ ભારતના બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હકીકતમાં તો એક જ વ્યવસ્થાનાં એવાં ભિન્ન-ભિન્ન અંગે છે કે જેમનું લક્ષ્ય પણ એક જ છે.

⇨ વ્યક્તિગત વિકાસ અને લોકકલ્યાણકારી રાજયની સ્થાપના એ આ સિદ્ધાંતોનો મૂળ હેતુ છે. જ્યારે મૂળભૂત અધિકાર એ પ્રાપ્ત કરવાનું એક સાધન છે. મિનર્વા મિલ્સનો vs (વિરૂદ્ધ) ભારત સંઘ કેસમાં ન્યાયાલયે કહ્યું કે નીતિનિર્દેશક તત્ત્વોને અમલી બનાવવા માટે મૂળભૂત અધિકારો પર કાપ મૂકવાની જરૂર નથી. કારણકે તે બંન્ને એક બીજાના પૂરક છે.

⇨ મૂળભૂત અધિકારો ન્યાયાલય દ્વારા લાગુ કરી શકાય છે, પરંતુ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ન્યાયાલય દ્વારા લાગુ કરી શકાતા નથી.

⇨ મૂળભૂત અધિકારો નકારાત્મક છે, તે રાજ્ય પર મર્યાદા મૂકે છે. પરંતુ , રાજનીતિના આ સિદ્ધાંતો હકારાત્મક છે.

⇨ મૂળભૂત અધિકારોની પ્રકૃતિ નકારાત્મક છે. જ્યારે નીતિનિર્દેશક તત્ત્વો સકારાત્મક છે. કારણકે તે રાજ્યનું કોઇ કાર્ય કરવા માટે આદેશ આપે છે.

⇨ મૂળભૂત અધિકારો દ્વારા રાજનીતિક લોકતંત્ર જ્યારે નીતિનિર્દેશક તત્ત્વો આદેશ માત્ર છે.

⇨ મૂળભૂત અધિકારો કટોકટીની જાહેરાતના સમયે કલમ 352 અનુસાર (કલમ 20 અને 21 સિવાય) મોકૂફ રાખી શકાય છે, જ્યારે રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી તે મોકૂફ અવસ્થામાં જ રહેતા હોય છે.

⇨ મૂળભૂત અધિકાર સાર્વભૌમ નથી, મર્યાદાઓ અને નિયંત્રણોને આધીન છે. જ્યારે આ સિદ્ધાંતો આવા પ્રતિબંધથી મુક્ત છે.

# 9. ભારતની સંઘીય કારોબારી

⇨ ભારતની સંઘીય કારોબારીમાં રાષ્ટ્રપ્રમુખ, ઉપપ્રમુખ, વડાપ્રધાન, કેબિનેટ પ્રધાનમંડળ વગેરેનો સમાવેશ થાય છે.

⇨ ભારતીય બંધારણના ભાગ-5 કલમ 52 થી 78 અંતર્ગત સંઘીય કારોબારીની જોગવાઈઓ કરવામાં આવી છે.



### રાષ્ટ્રપ્રમુખ (કલમ-52)

⇨ રાષ્ટ્રપ્રમુખ કેન્દ્રની કારોબારી સત્તાના સર્વોપરી – વડા છે.

⇨ આ ઉપરાંત તેઓ હોદ્દાની રૂએ કેન્દ્રિય સંરક્ષણ દળોના પણ સર્વોચ્ચ વડા છે.(કમાન્ડર ઈન ચીફ)

⇨ તેઓ સંસદીય સરકારના પણ વડા છે. જો કે તેમની આ સત્તાઓ વાસ્તવિક દેખાતી હોવા છતાં નામમાત્રની જ છે.

⇨ રાષ્ટ્રપ્રમુખનો દરજ્જો દેશમાં સર્વોચ્ચ, આદરણીય અને પ્રથમ કક્ષાના નાગરિક તરીકેનો ગણાય છે.

- **ચૂંટણી**

⇨ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી એક ચોક્કસ મતદાન મંડળ (Electroal College) દ્વારા પરોક્ષ રીતે થાય છે.

⇨ એ માટેના મતદાનમંડળમાં સંસદના બન્ને ગૃહોના ચૂંટાયેલા સભ્યો, રાજ્યની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો વગેરે સમાવિષ્ટ છે.

⇨ આ ચૂંટણી પ્રક્રિયા સૌથી જટિલ, એકલસંક્રમણીય તથા પ્રમાણસર પ્રતિનિધિત્વના સિદ્ધાંત પર આધારિત છે.

⇨ આ ચૂંટણીમાં મતોની સંખ્યા કરતા મતોનું મૂલ્ય વિશેષ મહત્ત્વનું લેખાય છે.

- **યોગ્યતા (કલમ-58**

⇨ તે ભારતના નાગરિક હોવા જોઈએ.

⇨ તેમની ઉંમર 35 વર્ષ (પૂરા) હોવી જોઈએ.

⇨ તે લોકસભાના સભ્ય માટેની યોગ્યતા ધરાવતા હોવા જોઈએ.

⇨ તેઓ કોઈ સરકારી ખાતામાં હોદ્દો ધરાવતાં ન હોવા જોઈએ.

⇨ આ પદ માટેના ઉમેદવાર માટે ઓછામાં ઓછા 50 મતદારોની ભલામણ અને બીજા 50 નું સમર્થન મળેલું હોવું જોઈએ.

⇨ રાષ્ટ્રપ્રમુખપદના ઉમેદવારે રૂા. 25000 ડિપોઝીટ ભરવી પડે છે. આ ચૂંટણીમાં કોઇ ઉમેદવારને કુલ મતદાનના ઓછામાં ઓછા 1/6 જેટલા મત ન મળે તો તેની ડિપોઝીટ જપ્ત થાય છે.

- **રાષ્ટ્રપ્રમુખપદનો કાર્યકાળઃ**

⇨ ભારતના રાષ્ટ્રપ્રમુખના હોદ્દાનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે. (કલમ 56)

⇨ કલમ 61 મુજબ બંધારણના ભંગ બદલ તેમને મહાભિયોગ પ્રસ્તાવ થકી દૂર કરી શકાય છે.

⇨ એક વાર આ હોદ્દો શોભાવી ચૂકેલ ઉમેદવાર રાષ્ટ્રપ્રમુખ તરીકે ફરીથી ચૂંટાઇ શકે છે. (કલમ 57)

⇨ રાષ્ટ્રપ્રમુખ એ આપેલ રાજીનામું કે અવસાન થતાં તેમના હોદ્દાની મુદત સમાપ્ત થતી હોય છે.

- **રાષ્ટ્રપ્રમુખ માટેની શપથવિધિ (કલમ 60) :**

⇨ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ રાષ્ટ્રપ્રમુખને શપથ લેવડાવતા હોય છે.

⇨ જો મુખ્ય ન્યાયાધીશની ઉપસ્થિત ન હોય તો, વરિષ્ઠ ન્યાયાધીશ શપથ લેવડાવતા હોય છે.

⇨ દેશના પ્રથમ નાગરિક તરીકે મળેલા વિશેષાધિકારોનો અમલ કરવા, બંધારણને વફાદાર રહેવા, તેમજ દેશના કાયદાને સામાન્ય નાગરિકની જેમ અનુસરવાના તેમણે સોગંદ લેવા પડે છે.

- **મહાભિયોગ પ્રસ્તાવ :**

⇨ રાષ્ટ્રપ્રમુખને તેમના હોદ્દા પરથી મહાભિયોગ પ્રસ્તાવ (કલમ-61)થકી જ દૂર કરી શકાય છે.

⇨ આ પ્રસ્તાવ રાષ્ટ્રપ્રમુખે જો બંધારણનો ભંગ કર્યો હોય તો જ લગાવી શકાય.

⇨ આ પ્રસ્તાવ લગાવવા સંસદના કોઇપણ ગૃહ થકી ઠરાવ પસાર કરાવી શકાય છે.

⇨ આ પ્રસ્તાવ માટે 14 દિવસ પૂર્વે ગૃહની કુલ સંખ્યાના 1/4 સભ્યોએ લેખિત સૂચના આપવી પડતી હોય છે. જે બંન્ને ગૃહોની 2/3 બહુમતીથી પસાર થયા પછી જ રાષ્ટ્રપ્રમુખને તેમના હોદ્દા પરથી બરતરફ કરાય, અન્યથા નહીં.

⇨ રાષ્ટ્રપ્રમુખને આ પ્રસ્તાવ સમયે સ્વબચાવની છૂટ આપવામાં આવતી હોય છે.

- **રાષ્ટ્રપ્રમુખનું સત્તાક્ષેત્ર (સત્તાઓ):**

⇨ તેઓ દેશની કારોબારી અને સમગ્ર રાષ્ટ્રના સર્વોચ્ચ વડા છે. આ સંદર્ભે તેમને બંધારણ થકી અપાયેલ વિશેષ સત્તાઓ નીચે મુજબ છે.



**(A) કારોબારી વિષયક સત્તાઓ :**

⇨ તેઓ દેશની કારોબારીના સર્વોચ્ચ વડા છે.

⇨ કેટલીક નિમણૂકો આપવાની તેમને સત્તા છે, જેમાં વડાપ્રધાન, કેન્દ્રીય પ્રધાન મંડળના સભ્યો, સર્વોચ્ચ અદાલતોના ન્યાયાધીશો, રાજ્યના રાજ્યપાલો, એટર્ની જનરલ, CAG (Comptrollar & Auditer General), UPSC ના સભ્યો તથા ચૂંટણીપંચના સભ્યો વગેરેનો સમાવેશ થાય છે.

⇨ ભારતનાં સંરક્ષણ દળોના વડાઓની નિમણૂક પણ રાષ્ટ્રપ્રમુખ દ્વારા જ થતી હોય છે.

**(B) સૈન્ય વિષયક સત્તાઓ :**

⇨ ભારતના રાષ્ટ્રપ્રમુખ તેમના હોદ્દાની રૂએ સેનાની ત્રણેય પાંખના સરસેનાપતિ છે.(કલમ 53(2))

⇨ સંઘના સંરક્ષણ દળોનું સર્વોપરી આધિપત્ય રાષ્ટ્રપ્રમુખ હસ્તક હોય છે.

⇨ તેઓ યુદ્ધ તેમજ શાંતિની જાહેરાત કરી શકે છે.

**(C) રાજકીય સત્તાઓ :**

⇨ તમામ આંતરરાષ્ટ્રીય સંધી-કરારો કે સમજૂતીઓ રાષ્ટ્રપતિના નામે થતી હોય છે.

⇨ તેઓ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું પ્રતિનિધિત્વ કરતા હોય છે.

⇨ તેઓ વિદેશોમાં રાજદૂતો નિયુક્ત કરી શકે છે.

⇨ એ જ રીતે અન્ય દેશોના રાજદૂતોને તેઓ ભારતમાં આવકારી શકે છે.

**(D) ધારાકીય સત્તાઓ :**

⇨ તેઓ સંસદનું સત્ર બોલાવી કે મુલત્વી રાખી શકે છે.

⇨ તેઓ લોકસભાનો ભંગ પણ કરી શકે છે. (કલમ 85)

⇨ સંસદનાં બંન્ને ગૃહમાંથી પસાર થયેલ ખરડો રાષ્ટ્રપતિની સહી થયાં બાદ જ કાયદો બની શકે છે.

⇨ સંસદનું સત્ર ચાલુ ન હોય ત્યારે, જો તત્કાલ કાયદો ઘડવાની જરૂરીયાત ઊભી થાય તો તેઓ વટહુકમ બહાર પાડી શકે છે.

⇨ ભારતના બંધારણમાં દર્શાવેલ મૂળભૂત અધિકારોને પણ સ્થગિત કરવાની તેમને સત્તા છે.

⇨ શ્રીમતી પ્રતિભાસિંહ પાટીલ વર્તમાન (2010) ભારતનાં 13માં રાષ્ટ્રપ્રમુખ છે.

⇨ સંસદ સમક્ષ રાષ્ટ્રપ્રમુખ જે ઉદ્બોધન કરે છે તેનો મુસદ્દો કેન્દ્રીય મંત્રીમંડળ તૈયાર કરતું હોય છે.

⇨ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને દૂર કરવાનો તેમને અધિકાર નથી.

⇨ રાજ્યના મુખ્યમંત્રી રાષ્ટ્રપ્રમુખ થકી નિયુક્ત કરવામાં આવતા નથી.

⇨ રાષ્ટ્રપ્રમુખ પોતાનું રાજીનામું, ઉપરાષ્ટ્રપતિને સંબોધીને, લખીને તેમને સુપરત કરે છે.

⇨ વિધાન પરિષદમાં ચૂંટાયેલા સભ્યોને રાષ્ટ્રપ્રમુખના મતદાન મંડળમાં સમાવાતા નથી.

⇨ રાષ્ટ્રપ્રમુખએ લોકસભા/રાજ્યસભામાં નિમેલ સભ્યો, ચૂંટણી લડી શકતા નથી.

⇨ રાષ્ટ્રપ્રમુખ પદ માટેનો ઉમેદવાર ગમે તેટલી વાર ચૂંટાઇ શકે છે. (પરંતુ બે થી વધુ વાર કોઇ તેમ કરતું નથી.)

⇨ રાષ્ટ્રપ્રમુખ પદ ખાલી પડ્યા બાદ છ મહિનામાં ભરાઇ જવું જરૂરી છે.

⇨ પદગ્રહણ કર્યાની તારીખથી સતત પાંચ વર્ષ સુધી રાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દા પર રહે છે.

⇨ ભારતના પ્રજાસત્તાક રાજ્યના સર્વોચ્ચ વડા રાષ્ટ્રપ્રમુખ ગણાય છે.

⇨ ફકરુદ્દીન અલી અહેમદે રાષ્ટ્રપ્રમુખ તરીકે સૌથી વધુ વટહુકમ બહાર પાડ્યા હતા.

⇨ રાષ્ટ્રપ્રમુખ શ્રી ઝાકીર હુસેને ઓછામાં ઓછા સમય માટે પદ ભોગવ્યું હતું.

⇨ શ્રી નીલમ સંજીવ રેડ્ડી, સૌથી યુવાન અને બિનહરીફ ભારતીય રાષ્ટ્રપ્રમુખ હતા.

⇨ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીના મતદાન મંડળમાં કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના સભ્યોનો સમાવેશ થતો નથી.

⇨ રાષ્ટ્રપ્રમુખ પદના ઉમેદવારનું નામ કમ સે કમ 10 સભ્યો દ્વારા સૂચવાય તે જરૂરી છે.

⇨ ભારતના રાષ્ટ્રપ્રમુખને કોઇપણ બાબતનો અમલ અટકાવવાની સત્તા ('વીટો'પાવર) અપાયેલ નથી.

⇨ ભારતના રાષ્ટ્રપ્રમુખની બંધારણીય સત્તાઓ 'બ્રિટીશ તાજ' સાથે સરખાવી શકાય તેવી છે.



➤ "ભારતના રાષ્ટ્રપ્રમુખ, રાષ્ટ્રના વડા છે, કારોબારીના નહીં, અર્થાત તેઓ રાષ્ટ્રના પ્રતિનિધિ છે, શાસક નહી અને સામાન્ય રીતે પોતાના પ્રધાનોની સલાહ અનુસરવા તેઓ બંધાયેલા છે."

***- અગ્રવાલ અને આય્યંગર (કોન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા)***

**(E) નાણાવિષયક સત્તાઓ :**

⇨ કોઇ પણ નાણાકીય ખરડો સંસદ સમક્ષ રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની મંજૂરી લેવી જરૂરી છે.

⇨ દર વર્ષે કેન્દ્રીય નાણામંત્રી તેમના વતી અને સૂચનાથી સંસદમાં બજેટ (અંદાજપત્ર) રજૂ કરે છે.

⇨ તેઓ દર પાંચ વર્ષે એક નાણાપંચની નિમણૂક કરતા હોય છે.

⇨ ભારતના સંચિતનિધિમાંથી સરકારે નાણાં ઉપાડવાં હોય તો તેમની પૂર્વ પરવાનગી લેવી પડે છે.

⇨ આકસ્મિક ખર્ચાઓને પહોંચી વળવા, રાષ્ટ્રપતિ આકસ્મિક ભંડોળમાંથી નાણાં ઉપાડે છે.

**(F) ન્યાય વિષયક સત્તાઓ :**

⇨ સર્વોચ્ચ (સુપ્રિમ)તથા વડી અદાલતો(હાઇકોર્ટ)ના ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે.

⇨ સર્વોચ્ચ અદાલતે કરેલી સજામાં તેઓ માફી કે મુક્તી આપી શકે છે. (કલમ 72)

⇨ તેઓ જરૂર જણાય ત્યાં સર્વોચ્ચ અદાલતની સલાહ લેવાની સત્તા ધરાવે છે, પરંતુ તેને અનુસરવું કે કેમ તે જાતે જ નક્કી કરે છે.

⇨ મૃત્યુદંડ (ફાંસી) પામેલા ગુનેગારને પણ ક્ષમા કરવાની સત્તા રાષ્ટ્રપ્રમુખ ધરાવે છે.

**(G) કટોકટી વિષયક સત્તાઓ :**

⇨ કલમ 352 અન્વયે યુદ્ધની સ્થિતિમાં અને કલમ 356 મુજબ રાષ્ટ્ર કે રાજ્યની બંધારણીય કટોકટી, (રાષ્ટ્રપતિ શાસન) તથા કલમ 360 મુજબ નાણાકીય કટોકટી જાહેર કરાય.

# ભારતીય રાષ્ટ્રપ્રમુખોની યાદી

| ક્રમ | નામ | કાર્યકાળ |
|---|---|---|
| (1) | શ્રી ડૉ. રાજેન્દ્ર પ્રસાદ | 12મી મે, 1952 થી 12 મે, 1962 |
| (2) | શ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન | 13 મે, 1962 થી 13 મે, 1967 |
| (3) | શ્રી ડૉ. ઝાકીર હુસેન | 13 મે, 1967 થી 3જી મે, 1969 |
| (4) | શ્રી વી.વી. ગીરી | 3 , 1969 થી 20 જુલી, 1969 |
| (5) | શ્રી જસ્ટીસ એમ. હિદાયતુલ્લા | 20 જુલાઈ, 1969-24 ઓગષ્ટ 1974 |
| (6) | શ્રી વી.વી. ગીરી | 24 ઓગષ્ટ, 1969 થી 24 ઓગષ્ટ 1974 |
| (7) | શ્રી ફખરૂદીન અલી અહેમદ | 23 ઓગષ્ટ, 1974 થી 11 ફેબ્રુઆરી, 1977 |
| (8) | શ્રી બી.ડી. જત્તી | 11 ફેબ્રુઆરી, 1977 થી 25 જુલાઈ, 1977 |
| (9) | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 25 જુલાઈ, 1977 થી 25 જુલાઈ, 1982 |
| (10) | શ્રી જ્ઞાની ઝૈલસિંઘ | 25 જુલાઈ, 1982 થી 25 જુલાઈ, 1987 |
| (11) | શ્રી એમ. હિદાયતુલ્લા | 6 ઓક્ટોબર 1982 થી 31 ઓક્ટો. 1982 |
| (12) | શ્રી આર. વેંકટરામન | 25 જુલાઈ, 1987 થી 25 જુલાઈ, 1992 |
| (13) | શ્રી ડૉ. શંકરદયાળ શર્મા | 25 જુલાઈ, 1992 થી 25 જુલાઈ, 1997 |
| (14) | શ્રી કે.આર. નારાયણન | 25 જુલાઈ, 1997 થી 24 જુલાઈ, 2002 |
| (15) | શ્રી અતુલ પામર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ | 25 જુલાઈ, 2002 થી 25 જુલાઈ, 2007 |
| (16) | શ્રીમતી પ્રતિભા પાટીલ | 25 જુલાઈ, 2007 થી કાર્યરત |

## ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ (કલમ 63)

⇨ ભારતીય બંધારણ અન્વયે રાષ્ટ્રપ્રમુખ પછીનું બીજું સર્વોચ્ચ સ્થાન ઉપરાષ્ટ્રપ્રમુખ ધરાવે છે.

⇨ કલમ 64 મુજબ તેઓ રાજ્યસભાના હોદ્દાની રૂએ સભાપતિ પણ છે. (જે અમેરિકાની પ્રથાનો પ્રભાવ છે.)



⇨ કલમ 65 મુજબ વિશિષ્ટ પરિસ્થિતિમાં તેઓ રાષ્ટ્રપ્રમુખપદની જવાબદારી પણ સંભાળે છે.

- **ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી :**

⇨ ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પ્રમાણરૂપ પ્રતિનિધિત્વની (ઉમેદવારની પસંદગીનો ક્રમ બતાવતી) પદ્ધતિથી સંસદનાં બંન્ને ગૃહોની સંયુક્ત બેઠકમાં ગુપ્ત મતદાન દ્વારા થાય છે.

- **ઉપરાષ્ટ્રપ્રમુખની યોગ્યતા :**

⇨ ઉપરાષ્ટ્રપ્રમુખ પદ માટેની યોગ્યતા રાષ્ટ્રપ્રમુખપદની યોગ્યતા જેવી જ છે.

⇨ અર્થાત્ તેઓ રાજ્યસભાના સભ્ય થઇ શકે તેવી લાયકાત ધરાવતા હોવા જોઇએ.

- **ઉપરાષ્ટ્રપ્રમુખ પદની મુદત :**

⇨ સામાન્ય રીતે તેમના હોદ્દાની મુદત પાંચ વર્ષની છે.

⇨ ઉપરાષ્ટ્રપ્રમુખ, રાષ્ટ્રપ્રમુખને સંબોધીને લખેલા રાજીનામા દ્વારા, અવસાન થવાથી, અથવા તેમને દૂર કરવાથી તેઓ દૂર થઇ શકે છે.

⇨ કલમ 67 મુજબ રાજ્યસભાના સભ્યોની બહુમતીથી અને લોકસભાની સંમતિથી પસાર થયેલ ઠરાવથી ઉપરાષ્ટ્રપ્રમુખને પદભ્રષ્ટ કરી શકાય છે.

⇨ કલમ 68 મુજબ ઉપરાષ્ટ્રપ્રમુખ પદની મુદત પૂરી થતાં પૂર્વે જ તેની ચૂંટણી કરી દેવાય છે. મૃત્યુ, રાજીનામું પદભ્રષ્ટ કે બીજા હોદ્દાની ખાલી જગ્યા માટે ખાલી પડેલ તારીખથી વહેલી તકે એ જગ્યા ભરવા ચૂંટણી કરાય છે.

- **ઉપરાષ્ટ્રપ્રમુખનાં કાર્યો :**

⇨ બંધારણીય કલમ 64 મુજબ ઉપરાષ્ટ્રપ્રમુખ, હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ ગણાય.

⇨ રાષ્ટ્રપ્રમુખપદ ખાલી પડ્યેથી, નવા રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી થતાં સુધી ઉપરાષ્ટ્રપ્રમુખ, રાષ્ટ્રપ્રમુખનું પદ (કલમ 65) સંભાળે છે.આ સમયે તેઓને પણ રાષ્ટ્રપ્રમુખનો દરજ્જો તથા વેતન-ભત્થાં મળે છે.

- **ઉપરાષ્ટ્રપ્રમુખ પદ માટેના શપથ :**

⇨ બંધારણીય કલમ 69 મુજબ, રાષ્ટ્રપ્રમુખ ઉપરાષ્ટ્રપ્રમુખને શપથ લેવડાવતા હોય છે.

- **ઉપરાષ્ટ્રપ્રમુખના વેતન-ભથ્થાં :**

⇨ તેમને ઉપરાષ્ટ્રપ્રમુખના પદ બદલ નહિ, પરંતુ રાજ્યસભાના સભાપતિને શોભે તેવું વેતન મળે છે.

⇨ વડાપ્રધાન, જો સંસદના સભ્ય ન હોય તો, ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં મતદાન કરી શકતા નથી.

⇨ પૂર્વ રાષ્ટ્રપ્રમુખ શ્રી ડૉ. રાધાકૃષ્ન, ઉપરાષ્ટ્રપ્રમુખ તરીકે કુલ બે વખત ચૂંટાયા હતા.

## ભારતીય ઉપરાષ્ટ્રપ્રમુખોની યાદી

| અનુક્રમ | નામ | કાર્યકાળ |
|---|---|---|
| (1) | શ્રી ડૉ. સર્વપલ્લી રાધાક્રિશન | 1952 થી 1962 |
| (2) | શ્રી ડૉ. ઝાકીર હુસેન | 1962 થી 1967 |
| (3) | શ્રી વી.વી. ગીરી | 1967 થી 1969 |
| (4) | શ્રી જી.એસ. પાઠક | 1969 થી 1974 |
| (5) | શ્રી બી.ડી. જત્તી | 1974 થી 1979 |
| (6) | શ્રી એમ. હિદાયતુલ્લા | 1979 થી 1984 |
| (7) | શ્રી આર. વેંકટરામન | 1984 થી 1987 |
| (8) | શ્રી ડૉ. શંકરદયાળ શર્મા | 1987 થી 1992 |
| (9) | શ્રી કે.આર. નાયારણ | 1992 થી 1997 |
| (10) | શ્રી ક્રિશ્નકાન્ત | 1997 થી 2002 |
| (11) | શ્રી ભૈરવસિંગ શેખાવત | 2002 થી 2007 |
| (12) | શ્રી મોહમ્મદ અન્સારી | 10, ઓગષ્ટ, 2007 થી કાર્યરત |

## ભારતીય પ્રધાનમંડળ

⇨ રાષ્ટ્રપ્રમુખને પોતાની ફરજો બજાવવામાં સહાય અને સલાહ પૂરી પાડવા વડાપ્રધાનના વડપણવાળું એક પ્રધાનમંડળ હોય છે.

⇨ વડાપ્રધાનની નિયુક્તિ બાદ વડાપ્રધાનની સલાહથી રાષ્ટ્રપ્રમુખ અન્ય મંત્રીઓ નીમે (કલમ 75) છે.



⇨ સંસદસભ્ય ન હોય તેવી અન્ય વ્યક્તિની પણ વડાપ્રધાનની સલાહથી, રાષ્ટ્રપતિ મંત્રી તરીકે નિમણૂક કરે છે, પરંતુ ત્યારબાદ તેને છ માસમાં સંસદ સભ્યપદે ચૂંટાઇ આવવું પડે છે.

➤ *પાશ્ચાત્ય બંધારણવીદ ડૉ. જેનીંગ્ઝ અનુસાર "બંધારણીય વ્યવસ્થાનું હાર્દ પ્રધાનમંડળ છે. એ સર્વોપરી નિયામક સત્તા છે, અનેક પ્રકારના કાર્યો પર અનેક પ્રકારની સત્તાઓના અમલને તે સમન્વિત કરે છે."*

⇨ વડાપ્રધાનએ પ્રધાનમંડળનો વડા અને કેન્દ્રવર્તી ધરી સમાન છે.

⇨ સામાન્યતઃ લોકસભાના બહુમત પક્ષના વડાને રાષ્ટ્રપ્રમુખ, સરકાર રચવા આમંત્રણ આપીને એને વડાપ્રધાન તરીકે શપથ લેવડાવે છે.

⇨ પ્રધાનમંડળમાં વડાપ્રધાન ઉપરાંત કેન્દ્રિય મંત્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીઓ અને નાયબમંત્રીઓ હોય છે. તે સંયુક્ત રીતે લોકસભાને જવાબદાર છે.

⇨ પ્રધાનમંડળના મંત્રીઓ સરકારની સ્થિતિઓનું નિર્ધારણ કરે છે. તે જરૂરી કાયદાઓ ઘડવા ખરડાઓનું માળખું તૈયાર કરે છે. ટૂંકમાં કારોબારી કેબિનેટ દ્વારા સત્તાનો ઉપયોગ થાય છે.

⇨ મૂળ બંધારણમાં 'કેબિનેટ' શબ્દનો ઉલ્લેખ ન હોવાથી 44મા બંધારણીય સુધારા (1978) થી આ શબ્દને કલમ 352માં સ્થાન આપવામાં આવેલ છે.

⇨ પ્રધાનમંડળના નિર્ણયો, નીતિ, નવા ધારાઓ અંગેની યોજનાઓ તેમજ વહીવટીતંત્રની નવા-જૂની વિગતોથી વડાપ્રધાને રાષ્ટ્રપતિને સંપૂર્ણપણે વાકેફ રાખવા જરૂરી છે.

⇨ મહત્ત્વના પ્રશ્ને, એ પ્રશ્ન આખા પ્રધાનમંડળ સમક્ષ રજૂ કરવાનો હુકમ રાષ્ટ્રપ્રમુખ કરી શકે છે.

⇨ બહુમતપક્ષના અધ્યક્ષ વડાપ્રધાનપદે હોવાથી પ્રધાનમંડળ, ધારાસભા પર અંકુશ ધરાવતું હોય છે

⇨ પ્રધાનોનાં કાર્યો સમગ્રપ્રધાનમંડળને અને સંસદને જવાબદાર હોવાથી દરેક પ્રધાનોનાં કાર્યો અને નીતિનું વિશેષ મહત્ત્વ હોય છે.

- **ચૂંટાયેલા મંત્રીઓનો કાર્યાવધી (મુદત) :**

⇨ બંધારણની કલમ 75(2) પ્રમાણે પ્રત્યેક મંત્રી, રાષ્ટ્રપ્રમુખની મરજી સુધી જ હોદ્દો ભોગવે છે.

⇨ જો કોઇ મંત્રી, વડાપ્રધાનના વર્તન કે નીતિ સાથે સહમત ન હોય તો તેને રાજીનામું આપવા માટે વડાપ્રધાન ફરજ પાડે કે તેમની સલાહથી રાષ્ટ્રપતિ તેને પદભ્રષ્ટ કરતા હોય છે.

❖ **વડાપ્રધાન (પ્રધાનમંત્રી):**

⇨ વડાપ્રધાનનું પદ તમામ પદો કરતાં મોખરાનું વિશિષ્ટ અને અસરકારક ગણાય છે.

⇨ વડાપ્રધાન અલગ અલગ પ્રધાનોને એકસૂત્રતાથી બાંધી રાખવાનું કામ કરે છે.

⇨ પ્રધાનમંડળની બેઠકોમાં તેઓ કાયમી ધોરણે અધ્યક્ષ હોય છે.

⇨ તેમના અભિપ્રાય પ્રમાણે કાર્યોની વહેંચણી થતી હોય છે.

⇨ તેઓ સરકારની કામગીરીથી રાષ્ટ્રપ્રમુખને વાકેફ રાખતા હોવાથી ડૉ. જેનીંગ્ઝ જણાવે છે કે,

➤ "પ્રધાનમંડળમાં, સહુથી મહત્ત્વનું સ્થાન વડાપ્રધાનનું હોય છે. પ્રધાનમંડળની રચના, તેનાં કાર્યો, પ્રધાનમંડળ અને સંસદ તેમજ રાષ્ટ્રપ્રમુખકે વહીવટીતંત્ર સાથે વડાપ્રધાનને ગાઢ નિસ્બત હોય છે."

⇨ પ્રધાનમંડળની પુનઃરચના, દરેક ખાતા પરની દેખરેખ, આંતરરાષ્ટ્રીય તથા દેશ-વિદેશનું રાજનીતિ નિર્ધારણ કરવાની સત્તા વડાપ્રધાન પાસે હોય છે. ટૂંકમાં લોકશાહી શાસન પ્રણાલીકામાં વડાપ્રધાનનું સ્થાન અજોડ ગણાય તેવું છે. (કલમ 75(1))

⇨ કલમ 74(1) મુજબ વડાપ્રધાનના મૃત્યુ કે રાજીનામાના સંજોગોમાં મંત્રીમંડળનું વિસર્જન થાય છે.

⇨ ભારતમાં લઘુમતિ સરકારના સર્વપ્રથમ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહ બન્યા.

⇨ પૂર્વ વડાપ્રધાનો જેવા કે, વી.પી. સિંહ, ચૌધરી ચરણસિંહ, પી.વી. નરસિંહરાવ વગેરે વડાપ્રધાન બનતાં પહેલાં રાજ્યના મુખ્યમંત્રી પદે પણ રહી ચૂક્યા હતા.

⇨ પૂર્વવડાપ્રધાન ચૌધરી ચરણસિંહે લોકસભાનું સત્ર શરૂ થતાં પહેલાં રાજીનામું આપ્યું હતું.

⇨ ભારતીય બંધારણની કલમ 78માં વડાપ્રધાનની ફરજોનું વર્ણન કરાયેલું છે.

⇨ ભારતના સર્વપ્રથમ કાર્યકારી વડાપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદા હતા. શ્રી લાલબહાદૂર શાસ્ત્રીના નિધનબાદ તેઓ બીજી વાર પણ આ પદે નિમાયા હતા.



⇨ પં. જવાહરલાલ નહેરુ સ્વતંત્ર ભારતના સર્વ પ્રથમ વડાપ્રધાન (15 ઓગસ્ટ 1947) હતા.

⇨ ભારતના વડાપ્રધાન પદે હોય અને અવસાન થાય, ત્યારે રાષ્ટ્રપતિ કાયમી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી કાર્યકારી વડાપ્રધાન નીમે છે. શ્રીમતી ઈન્દિરાગાંધીના અવસાન ટાણે આ ક્રમ તૂટ્યો હતો.

⇨ પોતાના હોદ્દાનું, મુદ્દત પૂર્વે સર્વપ્રથમ રાજીનામું મોરારજી દેસાઇએ આપ્યું હતું.

⇨ રાજીવગાંધી વડાપ્રધાન બન્યા પહેલાં ક્યારેય મંત્રી તરીકે રહ્યા ન હતા.

⇨ બિનજોડાણવાદી નીતિની વિશ્વના દેશો સમક્ષ સૌપ્રથમ રજૂઆત પં. નહેરું એ કરી (1955).

● **નાયબવડાપ્રધાન**

⇨ ભારતીય બંધારણમાં નાયબ વડાપ્રધાન પદની જોગવાઇ ન હોવા છતાં આ પદની વ્યવસ્થા થતી હોય છે.

⇨ બંધારણ અનુસાર નાયબ વડાપ્રધાન અને કેબિનેટના સભ્યો વચ્ચે કોઇ જ ફર્ક નથી. (સરદાર પટેલ, મોરારજી દેસાઇ, ચૌધરી ચરણસિંહ, જગજીવનરામ તથા લાલકૃષ્ણ અડવાણી અત્યારસુધી આ પદ ભોગવી ચુક્યા છે.)

❖ **ભારતના વડાપ્રધાન અને રાષ્ટ્રપ્રમુખ :**

⇨ વડાપ્રધાનએ રાષ્ટ્રપ્રમુખ અને પ્રધાનમંડળને જોડતી કડી સમાન કામગરી બજાવતા હોય છે.

⇨ વડાપ્રધાન પોતાની ફરજની રૂએ (કલમ 78) કેન્દ્રીય વહીવટ અને કાયદા ઘડવાને લગતા મંત્રીમંડળના તમામ નિર્ણયોની રાષ્ટ્રપ્રમુખને જાણ કરે છે.

- તે સંઘનાં વહીવટી કામો, કાયદાકીય દરખાસ્તો કરવા તથા રાષ્ટ્રપ્રમુખ માગે તે માહિતી પૂરી પાડવા માટે બંધાયેલ છે.

- આ ઉપરાંત કોઇ મંત્રીએ નિર્ણય લીધો હોય, પરંતુ મંત્રીમંડળે વિચારણા ન કરી હોય તેવી બાબતો પણ તેઓ રાષ્ટ્રપ્રમુખની સૂચનાથી મંત્રીમંડળની વિચારણા માટે રજૂ કરતાં હોય છે.

## ભારતના વડાપ્રધાન

| અનુક્રમ | નામ | શપથ લીધા તારીખ | ટર્મ | કાર્યકાળ (દિવસો) |
|---|---|---|---|---|
| (1) | શ્રી જવાહરલાલ નહેરૂ | 15-8-1947 | 1 | 895 |
| (2) | શ્રી જવાહરલાલ નહેરૂ | 26-1-1950 | 2 | 100 |
| (3) | શ્રી જવાહરલાલ નહેરૂ | 6-5-1950 | 3 | 738 |
| (4) | શ્રી જવાહરલાલ નહેરૂ | 13-5-1952 | 4 | 1800 |
| (5) | શ્રી જવાહરલાલ નહેરૂ | 17-4-1957 | 5 | 1819 |
| (6) | શ્રી જવાહરલાલ નહેરૂ | 10-4-1962 થી 27-5-1964 | 6 | 778 |
| (7) | શ્રી ગુલઝારીલાલ નંદા (એક્ટીંગ) | 27-5-1964 | 1 | 13 |
| (8) | શ્રી લાલબહાદુર શાસ્ત્રી | 9-6-1964 | 1 | 581 |
| (9) | શ્રી ગુલઝારીલાલ નંદા (એક્ટીંગ) | 11-1-1966 | 2 | 13 |
| (10) | શ્રી ઈન્દીરા ગાંધી | 24-1-1966 | 1 | 413 |
| (11) | શ્રી ઈન્દીરા ગાંધી | 13-3-1967 | 2 | 1466 |
| (12) | શ્રી ઈન્દીરા ગાંધી | 18-3-1971 | 3 | 2198 |
| (13) | શ્રી મોરારજી દેસાઈ | 24-3-1977 | 1 | 856 |
| (14) | શ્રી ચરણ સીંગ | 28-7-1979 | 1 | 170 |
| (15) | શ્રી ઈન્દીરા ગાંધી | 14-1-1980 | 4 | 1752 |
| (16) | શ્રી રાજીવ ગાંધી | 31-10-1984 | 1 | 61 |
| (17) | શ્રી રાજીવ ગાંધી | 31-12-1984 થી 2-12-1989 | 2 | 1797 |
| (18) | શ્રી વિશ્વનાથપ્રતાપ સીંગ | 2-12-1989 10-11-1990 | - | 343 |
| (19) | ચંદ્રશેખર | 10-11-1990 થી 21-6-1991 | 1 | 223 |
| (20) | શ્રી પી.વી. નરસિંહરાવ | 21-6-1991 થી 16-5-96 | 1 | 1791 |
| (21) | શ્રી અટલબિહારી બાજપાઈ | 16-5-1996 થી 1-6-1996 | 1 | 16 |
| (22) | શ્રી એચ.ડી. દેવગૌડા | 1-6-1996 થી 21-4-1997 | 1 | 324 |
| (23) | શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલ | 21-4-1997 થી 19-3-1998 | 1 | 332 |
| (24) | શ્રી અટલબિહારી બાજપાઈ | 19-3-1998 થી 26-4-1999 | 2 | 404 |
| (25) | શ્રી અટલબિહારી બાજપાઈ | 13-10-99 થી 22-5-2004 | 3 | - |
| (26) | શ્રી ડૉ. મનમોહન સીંગ | 22-5-2004 | | |



## ભારતના એટર્ની જનરલ (કલમ 76)

- ⇨ તે ભારત સરકારના કાયદા વિષયક સૌ પ્રથમ અધિકારી છે, તેમની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
- ⇨ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણૂક પામવાને લાયક વ્યક્તિને ભારતના એટર્ની જનરલ તરીકે રાષ્ટ્રપ્રમુખ નિમણૂક કરે છે.
- ⇨ રાષ્ટ્રપ્રમુખ તરફથી વિચારણા માટે કે સોંપવામાં આવેલ કાયદાવિષયક બાબતોમાં ભારત સરકારને સલાહ આપવા, બીજી કાયદાકીય ફરજો બજાવવા તથા બંધારણ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ પણ કાયદાકીય કાર્યો બજાવવાની એટર્ની જનરલની ફરજ છે.
- ⇨ આ માટે એટર્ની જનરલને ભારતનાં તમામ ન્યાયાલયોમાં સુનાવણીનો હક રહેશે.
- ⇨ રાષ્ટ્રપ્રમુખની મરજી હોય ત્યાં સુધી તેઓ હોદ્દો ધરાવે છે. તથા રાષ્ટ્રપ્રમુખ નક્કી કરે એ જ મહેનતાણું તેમને મળે છે.
- ⇨ તેઓ પ્રધાનમંડળનો ભાગ નથી, છતાં તેમને સંસદમાં તથા સંસદીય સમિતિમાં બોલવાનો અધિકાર છે, પરંતુ તેઓ મતદાનમાં ભાગ લઈ શક્તા નથી.
- ⇨ કલમ 79 મુજબ એટર્ની જનરલ સંસદના ભાગરૂપ નથી.

❖ **મહાનિયંત્રક અભિલેખાકાર**
**(કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ CAG કલમ 148)**

⇨ કલમ 148 મુજબ કેન્દ્રિય મંત્રીમંડળની સલાહથી રાષ્ટ્રપ્રમુખ તેમની નિમણૂક કરે છે.
⇨ આ પદ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની કક્ષાનું છે.
⇨ કાર્યકાળ પૂર્વે હોદ્દા પરથી તેમને દૂર કરવા સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવો પડે છે.
⇨ તેઓ જાહેરનાણાં (પબ્લિક ફાઇનાન્સ)ના 'Watch Dog'તરીકે કાર્ય કરતા હોય છે.
⇨ તેઓ કેન્દ્ર/રાજ્ય સરકારોના નાણાકીય વ્યવહાર પર નિયંત્રણ રાખે છે.
⇨ 'કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ'(CAG) ના પદનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે.

## 10. ભારતનાં રાજ્યની કારોબારી

> "ભારતના બંધારણ અનુસાર ગવર્નરને બંધારણીય વડા સિવાય અન્ય કોઇ સત્તા નથી. તેની નિમણૂક કેન્દ્ર તરફથી થાય છે.તેમનું કાર્ય રાજ્યમાં બનતી ઘટનાઓમાં તટસ્થભાવે પ્રેક્ષક બનીને પોતાની સરકારનું ગૌરવ, સ્થિરતા અને સંયુક્ત જવાબદારીઓ નિભાવવાનું છે. છતાં એ પોતાનો પ્રભાવ દર્શાવી શકે છે. ગવર્નરનું આ પદ ઇંગ્લેન્ડના બંધારણીય વડા (રાજા) જેવું છે."
>
> \- *શ્રી ક. મા. મુન્શી*

⇨ ભારતીય સંઘ અનેક એકમ રાજ્યોનો બનેલો છે. ભારત એક સંઘરાજ્ય છે.
⇨ રાજ્યોની આ કારોબારી કેન્દ્રની (સંઘની) કારોબારી જેવી જ છે.
⇨ રાજ્ય સરકારો પોતાના પ્રદેશો પૂરતું જ પ્રતિનિધિત્વ ધરાવતી હોવાથી સમગ્ર રીતે જોતાં રાજ્ય સરકારોમાં દેશનું મર્યાદિત દર્શન થાય છે.
⇨ દેશનાં રાજ્યો પૂર્ણ સ્વાયત્ત નથી, છતાં તેમની પાસે પોતાની સત્તાઓનું એક ક્ષેત્ર વિશાળ છે.
⇨ 'જમ્મુ-કશ્મીર' ભારતીય સંઘ સાથે વિશિષ્ટ પ્રકારના સંબંધો-(કલમ 370 મુજબ અલગ રાજ્યનો દરજ્જો) ધરાવતું એકમાત્ર રાજ્ય છે.



⇨ રાજ્ય કારોબારીમાં મુખ્યત્વે રાજ્યપાલ, મુખ્યમંત્રી, મંત્રીમંડળ અને એડવોકેટ જનરલ સમાવિષ્ટ હોય છે.

❖ **રાજ્યપાલ**

⇨ કલમ 155 અનુસાર રાષ્ટ્રપ્રમુખ વડાપ્રધાનની સલાહ મુજબ રાજ્યપાલ (ગવર્નર)નીમે છે.
⇨ ભારતીય બંધારણની કલમ 153 મુજબ દરેક રાજ્યમાં એક રાજ્યપાલનો હોદ્દો રહેશે.
⇨ કલમ 156(1) મુજબ રાજ્યપાલ રાષ્ટ્રપ્રમુખની ઇચ્છા સુધી જ હોદ્દો સંભાળી શકે છે.
⇨ 1956ના સુધારા મુજબ એક વ્યક્તિને બે કે તેથી વધુ રાજ્યોના રાજ્યપાલ પદે નીમી શકાય છે.
⇨ સામાન્યતઃ રાજ્યપાલનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે.
⇨ **રાજ્યપાલની સત્તા અને કાર્યો :** સંઘ કારોબારીમાં જે સત્તા અને કાર્યો રાષ્ટ્રપ્રમુખને છે, રાજ્ય કારોબારીમાં તે સત્તા રાજ્યપાલને અપાયેલ છે.

● **કારોબારી વિષયક :**

⇨ મુખ્યમંત્રી, અન્ય મંત્રીઓ, એડવોકેટ જનરલની નિમણૂક સમાવિષ્ટ છે.
⇨ કટોકટીની જાહેરાત થતાં બંધારણીય અમલ મોકૂફ રખાય ત્યારે રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ તરીકે રાજ્યપાલ, સલાહકારો ની મદદથી (અથવા તેમના વગર પણ) રાજ્યવહીવટ ચલાવે છે.
⇨ રાજ્યપાલ (હોદ્દાની રૂએ) પોતાના રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિ પણ ગણાય છે.

● **ધારાકીય સત્તાઓ :**

⇨ વિધાનમંડળનું સત્ર બાલાવવાનો, તેને સ્થગિત કરવાનો કે ભંગ કરવાનો અધિકાર ધરાવે છે.

● **નાણાકીય સત્તાઓ :**

⇨ દરેક નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ધારાસભા સમક્ષ રજૂ કરવાની તેમની ફરજ છે.
⇨ રાજ્યપાલને આકસ્મિક (સંચિત) નિધિમાંથી ખર્ચ કરવાનો (203(3)) અધિકાર છે.

⇨ ધારાસભામાં કોઇ પણ નાણાકીય માંગણી તેમની પરવાનગી વીના રજૂ કરી શકાતી નથી.

- **ન્યાયીક સત્તાઓ :**

⇨ રાજ્યની તાબાની અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂંક, સજા પામેલા અપરાધીઓને ક્ષમા વગેરેની સત્તાઓ

- **સ્વવિવેક થકી વાપરવાની સત્તાઓ :**

⇨ જ્યારે કોઇ પ્રધાનમંડળ સામે અવિશ્વાસનો ઠરાવ પસાર થાય ત્યારે, અન્ય કયા પક્ષને નવી સરકાર રચવાનું આમંત્રણ આપી શકાય, અથવા કોઇ પણ પક્ષ હવે સ્થિર સરકાર રચી શકશે નહીં. એવું તેમને લાગે તો રાજ્યમાં બંધારણનો અમલ પડી ભાંગ્યો હોવાની જાણ રાષ્ટ્રપ્રમુખને કરવાની એમ કુલ બે સ્વવિવેકની સત્તાઓ રાજ્યપાલ ધરાવે છે.

## મુખ્યમંત્રી તથા મંત્રીમંડળ :

⇨ કલમ 163 મુજબ રાજ્યપાલ બહુમતી પક્ષના નેતાને મુખ્યમંત્રી તરીકે નીમે છે.

⇨ બંધારણમાં મુખ્યમંત્રી પદ માટે કોઇ વિશેષ લાયકાતો નથી, છતાં તે રાજ્ય વિધાનસભાનો અથવા વિધાન પરિષદનો સભ્ય હોય તે જરૂરી છે.

⇨ રાજ્ય વિધાનસભાનો સભ્ય ન હોય તેવો ઉમેદવાર પણ મુખ્યમંત્રી બની શકે છે, પરંતુ ત્યારબાદના 6 માસમાં તેને વિધાનસભા અથવા વિધાન પરિષદમાં ચૂંટાઇ આવવું જરૂરી બની રહે છે.

⇨ રાજ્યના શાસનનો સાચો આગેવાન મુખ્યમંત્રી છે. શાસનને લગતાં મહત્વપૂર્ણ નિર્ણયો અને કાર્યો તે જ કરે છે.

⇨ કલમ 163 મુજબ રાજ્યપાલને તેમનાં કાર્યોમાં સલાહ આપવા મુખ્યમંત્રીની અધ્યક્ષતાવાળું મંત્રીમંડળ પણ હોય છે. આ મંત્રીમંડળે રાજ્યપાલને આપેલ સલાહની તપાસ કરવાનો અધિકાર કોઇ ન્યાયાલયને પણ નથી.

⇨ કલમ 164(4)મુજબ મુખ્યમંત્રીની સલાહથી રાજ્યપાલ અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે.

❖ **રાજ્યના એડવોકેટ જનરલ :**

⇨ વડી અદાલત (હાઇકોર્ટ)ના ન્યાયમૂર્તિ થવા જેટલી યોગ્યતા ધરાવતા કોઇપણ વ્યક્તિની રાજ્યના એડવોકેટ જનરલ તરીકે નિમણૂક થઇ શકે છે.



⇨ રાજ્યપાલે ઠરાવેલ વેતનથી તેમની ઇચ્છાનુસાર તે આ હોદ્દો સંભાળે છે.

⇨ રાજ્યસરકારને કાયદાકીય બાબતોમાં સલાહ આપવાની ફરજ એડવોકેટ જનરલની છે. આ ઉપરાંત સરકાર તરફથી સોંપવામાં આવતી કાયદાકીય બાબતોમાં પણ તે ફરજ બજાવે છે.

# 11. સંઘસંસદ (સંઘની ધારાસભા – કલમ 79)

⇨ સંસદીય લોકશાહીમાં ધારાસભાની મહત્તા જેટલી આંકીએ એટલી ઓછી છે.

⇨ રાજ્યનાં ત્રણ અગત્યનાં અંગોમાં સહુથી વધુ મહત્વનું ધારાકીય અંગ સંસદ છે. તનુ કામ કાયદાઓ ઘડવા તેમાં ફેરફાર કરવા, રદ કરવા અને કારોબારી તંત્ર પર અંકુશ રાખવાનું છે.

⇨ ભારતની સંસદનાં ત્રણ મુખ્ય અંગોમાં રાષ્ટ્રપ્રમુખ તથા બે ધરાગૃહોનો સમાવેશ થાય છે. આ ધારાગૃહોમાં ઉપલા ગૃહને 'રાજ્યસભા' તથા નીચલા ગૃહને 'લોકસભા' કહે છે.

⇨ સંસદનાં બે સત્રો વચ્ચે વધુમાં વધુ 6 માસનો સમયગાળો હોવો જરૂરી છે.

⇨ રાષ્ટ્રપ્રમુખએ કરેલ કટોકટીની જાહેરાતને સંસદે 1 માસમાં અનુમોદન આપવું જરૂરી છે.

⇨ સંસદનાં બંન્ને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવાય. ત્યારે અધ્યક્ષ સ્થાન લોકસભાના અધ્યક્ષ લે છે.

⇨ કોઇ સંસદસભ્ય પૂર્વમંજૂરી વિના 60 સતત દિવસ ગેરહાજર રહે તો તે ગેરલાયક ઠરે છે.

⇨ એટર્ની જનરલ, સંસદનાં બંન્ને ગૃહોમાંથી એકપણ ગૃહનો સભ્ય ન હોય અને તેને મત આપવાનો અધિકાર ન હોય છતાં, બંન્ને ગૃહની કાર્યવાહીમાં તે ભાગ લઇ શકે છે.

⇨ કેન્દ્રિય પ્રધાનમંડળ (કેબિનેટ) સંસદને સીધું જવાબદાર હોય છે.

⇨ કેન્દ્રીય નાણામંત્રી સંસદ સમક્ષ અંદાજપત્ર રજૂ કરતા હોય છે.

⇨ સંસદની સંયુક્ત બેઠક બોલાવવાની અને સંબોધવાની સત્તા રાષ્ટ્રપતિને હોય છે.

⇨ સંસદ સભ્યોને રજૂઆત કરવાની પરવાનગી ગૃહના અધ્યક્ષ (સ્પીકર) આપે છે.

⇨ સંસદના કોઇ પણ સભ્ય આ 'સ્પીકર'ને સંબોધીને જ પોતાની વાત રજૂ કરે છે.

⇨ દેશના કોઇ પણ પ્રદેશ (રાજ્ય)ની સ્થાપના કે સરહદ નક્કી કરવાની સત્તા સંસદ ધરાવે છે.

⇨ સર્વોચ્ચ અદાલતના અધિકારો પર નિયંત્રણ રાખવાની સત્તા સંસદને છે.

⇨ સંસદસભ્યો મંત્રીશ્રીઓના પગાર-ભથ્થા સંસદ દ્વારા નક્કી કરાય છે.

⇨ સંસદને ભારતીય બંધારણમાં ફેરફાર કરવાની સત્તા છે.(કલમ-368)

⇨ રાષ્ટ્રપ્રમુખ શાસનની મુદ્દતમાં વધારો કરવાની સત્તા સંસદને છે.

⇨ કેન્દ્ર સરકાર તથા રાજ્યસભા વચ્ચે થતા વિવાદોમાં અંતિમ નિર્ણય સંસદ કરે છે.

⇨ બે રાજ્યો વચ્ચે સંયુક્ત હાઇકોર્ટ રચવાનો અધિકાર પણ સંસદને છે.

⇨ સંસદ તારાંકિત પ્રશ્નો (સ્ટાર ક્વેશ્વન)ના જવાબો લેખિત રીતે આપે છે, જ્યારે પૂરક પ્રશ્નોના જવાબ મૌખિક રીતે આપે છે.

❖ **સંસદ સભ્યપદ માટેની યોગ્યતા :**

⇨ લોકસભાના સભ્યપદ માટે 25 વર્ષ જ્યારે રાજ્યસભા માટે 30 વર્ષની વયમર્યાદા ઠરાવાઇ છે.

⇨ સંસદનાં ગૃહો માટે ઠરાવાયેલ ભારતીય નાગરિકની લાયકાતો નીચે મુજબ છે.

i. તે સંઘ કે રાજ્ય સરકારનો સવેતન હોદ્દો ધરાવતો ન હોવો જોઇએ.

ii. તે અસ્થિર મગજનો નાદાર કે વિદેશી નાગરિક ન હોવો જોઇએ.

iii. આ ઉપરાંત તે સંસદે નક્કી વખતોવખત કરેલી યોગ્યતા ધરાવતો હોવો જોઇએ.

❖ **સંસદનું સત્તાક્ષેત્ર / કાર્યક્ષેત્ર :**

**1. ધારાકીય સત્તાઓ :**

⇨ બંધારણમાં સંઘની અને રાજ્યોની સરકારો વચ્ચે સત્તાના જે ક્ષેત્રો વિષયવાર વહેંચવામાં આવ્યાં છે તે મુજબ કેન્દ્રસરકારના હસ્તે 97 વિષયોમાં (સંઘયાદી) અને કેન્દ્ર તથા રાજ્યો એમ બંન્નેને સોંપેલા 47 વિષયોમાં (સંયુક્ત યાદી) ધારા ઘડવાની, સુધારવાની, કે રદ કરવાની સત્તા સંસદની છે.

⇨ કટોકટીના સમયમાં અને જો કોઇ રાજ્યની ધારાસભા સ્વેચ્છાએ સોંપે તો



શાંતિના સમયમાં પણ સંસદ રાજ્યોને સોંપાયેલા વિષયોમાં પણ કાયદા ઘડી શકે છે.

**2. નાણાકીય સત્તાઓ :**

⇨ દેશની નાણાકીય બાબતો પર સંસદનો વ્યવહારમાં લોકસભાનો સંપૂર્ણ અંકુશ છે.

⇨ સંસદની મંજૂરી વિના સરકારથી કોઇ કરવેરા લાદી શકાય નહિ તે સંસદનો ચાવીરૂપ અધિકાર છે.

⇨ અંદાજપત્ર પર ચર્ચા કરવાનો લોકસભા તથા રાજ્યસભાને એક સરખો હક છે, પરંતુ બજેટ મંજુર કે નામંજુર કરવાનો હક ફક્ત લોકસભાને જ છે.

⇨ નાણાકીય બાબતોમાં રાજ્યસભાની ભલામણો સ્વીકારવા લોકસભા બંધાયેલ નથી.

⇨ લોકસભાએ પસાર કરેલા નાણાં અંગેના કોઇ પણ ખરડા પર રાજ્યસભા 14 દિવસ સુધી કોઈ જ નિર્ણય ન લે તો એ સમયને અંતે એ ખરડો બંન્ને ધારાગૃહોએ પસાર કર્યો છે, એમ મનાય છે.

**3. કારોબારી વિષયક રસ્તાઓ :**

સંસદનાં બંન્ને ધારાગૃહો સરકારના કારોબારી તંત્રને નીચેનાં સાધનો દ્વારા અંકુશમાં રાખે છે.

⇨ વહીવટીતંત્રની કોઇપણ બાબત વિશે પ્રધાનોને પ્રશ્નો અને વધારાના પ્રશ્નો પૂછીને,

⇨ સરકારની ટીકા કરતાં અને સૂચનો કરતાં કે ઠપકો આપતા ઠરાવો પસાર કરીને,

⇨ સભા મોકૂફીની દરખાસ્તો દ્વારા તેમજ

⇨ સરકાર પર અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરીને પણ સરકારને પદભ્રષ્ટ કરવાનું અંતિમ પગલું લેવાનો અધિકાર માત્ર લોકસભાને જ છે, રાજ્યસભાને નથી.

**4. અદાલતી સત્તાઓ:**

⇨ રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, સર્વોચ્ચ અદાલતના તથા વડી અદાલતોના ન્યાયાધીશો પર રાજદ્રોહના આરોપસર મુકદમો (મહાભિયોગ) ચલાવવાની સત્તા સંસદની છે.

⇨ સંસદ કોઇપણ સરકારને અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને દૂર કરી શકે.

5. **પ્રધાનમંડળ તથા પ્રધાનોની કામગીરીનું વિશ્લેષણ :**

⇨ સંસદ દ્વારા સરકારની કામગીરીનું વિશ્લેષણ સરકારને આપખુદ બનતા રોકે છે. બંન્ને ગૃહો સરકારની કામગીરી વિશે ચર્ચા કરી શકે છે.

⇨ સંસદમાં સરકારની નીતિઓની થતી ચર્ચા પરથી સરકાર પોતાની ભૂલો તથા ખામીઓ પ્રત્યે સભાન રહે છે અને સમગ્ર રાષ્ટ્ર આમ સરકારી નીતિઓથી માહિતગાર રહી શકે છે.

6. **માહિતી સ્ત્રોત તરીકે**

⇨ માહિતીના સ્ત્રોત તરીકે કોઈપણ સમાચાર સંસ્થા કે સમાચારપત્રો કરતાં તે વધુ શક્તિશાળી છે.

⇨ સંસદ દ્વારા મળતી માહિતી સત્તાવાર હોય છે.

❖ **રાજ્યસભા (કલમ 80) :**

⇨ સંસદના ઉપલા ગૃહને રાજ્યસભા કહેવાય છે.

⇨ 'રાજ્યસભા' માં સંઘના બધા એકમોનું – રાજ્યોનું પ્રતિનિધિત્વ હોવાથી તે અખિલ ભારતીય સંસ્થા કહેવાય છે.

⇨ રાજ્યસભા આડકતરી રીતે ચૂંટાયેલું ધારાગૃહ છે, કારણકે રાજ્યોની રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો રાજયસભાના સભ્યોની ચૂંટણી કરે છે.

⇨ રાજ્યસભાના વધુમાં વધુ સભ્યોની સંખ્યા 250 જેટલી હોય છે. તેમાં વધુમાં વધુ 238 સભ્યો રાજ્યોની વિધાનસભાના સભ્યો ચૂંટીને મોકલે છે, જ્યારે 12 સભ્યો રાષ્ટ્રપતિ નીમે છે.

⇨ રાષ્ટ્રપ્રમુખ દ્વારા રાજ્ય સભામાં નીમવામાં આવતા 12 સભ્યો કલા, વિજ્ઞાન, સમાજસેવા કે સંગીત જેવી શાખાઓના મહારથીઓ હોય છે.

⇨ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ હોય છે.

⇨ કાયદો ઘડવાની બાબતમાં રાજ્યસભાને લોકસભા જેટલી સત્તા છે, પરંતુ નાણાકીય બાબતોમાં તથા વહીવટીતંત્ર પર અંકુશ અંગે રાજ્યસભાને લોકસભા કરતાં ઓછા અધિકારો છે.

⇨ રાજ્યસભાની રચના સર્વપ્રથમ 3 ઓગસ્ટ 1952માં કરાઈ હતી.

⇨ રાજ્યસભાની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વખત બોલાવાય છે.

⇨ રાજ્યસભાની મુદત 6 વર્ષની હોય છે. પરંતુ રાજ્યસભા એ કાયમી ગૃહ છે, તે બરખાસ્ત થતું નથી, પરંતુ તેના સભ્યો દર બે વર્ષે એના સભ્યોની કુલ સંખ્યામાંથી 1/3 સભ્યો નિવૃત થાય છે. અને એટલા જ સભ્યોનું સ્થાન પૂરવા માટે ચૂંટણી થાય છે.



⇨ ડૉ. રાધાકૃષ્ણ પ્રથમ વખત રાજ્યસભાના અધ્યક્ષ બન્યા હતા.

⇨ રાજ્યસભામાં રાજ્યોનું પ્રતિનિધિત્વ તેની વસ્તીના પ્રમાણના આધારે અપાય છે.

⇨ રાજ્યસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી રાજ્યસભાના સભ્યો દ્વારા કરાય છે.

⇨ રાજ્યસભામાં કોરમ માટે ઓછામાં ઓછા 25 સભ્યોની હાજરી જરૂરી છે.

⇨ રાજ્યસભાના અધ્યક્ષ આ સદનના સભ્ય નથી. હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપ્રમુખ તેના અધ્યક્ષ છે.

⇨ ઉપરાષ્ટ્રપતિની ગેરહાજરીમાં રાજ્યસભાનું સંચાલન રાજ્યસભાના ડેપ્યુટી ચેરમેન કરે છે.

⇨ રાજ્યસભાની અંદર સૌથી વધારે પ્રતિનિધિત્વ ઉત્તરપ્રદેશ રાજ્યનું છે.

❖ **લોકસભા :**

⇨ લોકસભા દેશના મતદારો દ્વારા સીધી રીતે ચૂંટાયેલી સંસ્થા છે.

⇨ લોકસભાની મહત્તમ સભ્યસંખ્યા 545 જેટલી છે, પરંતુ તેની પ્રભાવિત સંખ્યા 545, કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી 20 સભ્યો ચૂંટણી દ્વારા પસંદ કરાય છે. 2 એંગ્લો-ઇન્ડિયન કોમ્યુનિટીના પ્રતિનિધિઓની રાષ્ટપ્રમુખ દ્વારા નિમણૂંક કરાય છે.

⇨ લોકસભાનો કાર્યકાળ સામાન્ય રીતે 5 વર્ષનો હોય છે.

⇨ રાષ્ટ્રીય કટોકટીના સમયે તેનો મહત્તમ કાર્યકાળ 1 વર્ષ જેટલો લંબાવી શકાય છે.

⇨ લોકસભાના સચિવાલય પર લોકસભાનું અધ્યક્ષનું નિયંત્રણ હોય છે.

⇨ લોકસભાના માન્ય વિરોધપક્ષ માટે કોઈ પણ પક્ષના ઓછામાં ઓછા 1/10 સભ્યો (કુલ સભ્યોના) હોવા જરૂરી છે.

⇨ લોકસભાના અધ્યક્ષને લોકસભામાં રાજકીય પક્ષોને કે જૂથોને માન્યતા આપવાનો, ખરડો નાણાવિધેયક છે કે કેમ તે નક્કી કરવાનો, હિન્દી કે અંગ્રેજી સિવાય અન્ય ભાષામાં બોલવાની રજા આપવાનો અધિકાર છે.

⇨ લોકસભાઅધ્યક્ષને મંત્રીમંડળના વિસ્તરણ સમયે પ્રધાનોને શપથ લેવડાવવાનો અધિકાર નથી.

⇨ લોકસભાના અધ્યક્ષને તેમના પદના શપથ રાષ્ટ્રપ્રમુખ લેવડાવે છે.

⇨ લોકસભામાં રાષ્ટ્રપ્રમુખ એંગ્લો-ઇન્ડિયન સભ્યોની નિયુક્તિ કરે છે.

⇨ બંધારણમાં લોકસભાના ઉપાધ્યક્ષના હોદ્દાનો ઉલ્લેખ નથી.

⇨ નાણાકીય ખરડો સૌપ્રથમ લોકસભામાં રજૂ કરાય છે.

⇨ લોકસભાની બેઠકમાં નિર્ણાયક મત આપવાની સત્તા સ્પીકરની છે.

⇨ લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવા 1/10 સભ્યોનો ટેકો જરૂ છે.(ઓછામાં ઓછા 50 સભ્યોનો ટેકો જરૂરી છે.)

⇨ ભારતમાં કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરનાર લોકસભામાં 10 સભ્ હોય છે.

⇨ લોકસભામાં શાંતિ જાળવવા સ્પીકર 'સાર્જન્ટ-એટ-આર્મ્સ' ની મદદ લે છે

⇨ લોકસભાની બેઠક માટે કુલ સભ્યના 1/10 સભ્યો કોરમ માટે હાજર હોવ જોઈએ.

⇨ લોકસભાની સમિતિઓના સભ્યોની નિમણૂક સ્પીકર કરે છે.

⇨ લોકસભામાં ગુજરાતની 26 બેઠકો છે.

⇨ લોકસભામાં ઉત્તરપ્રદેશ રાજ્ય વધુ બેઠકો ધરાવે છે.

⇨ ખરડા અંગે કોઇ બાબતમાં મતભેદ પડે ત્યારે સંસદના બન્ને ગૃહોની સંયુક્ બેઠક બોલાવાય છે.

❖ **અસ્થાયી અધ્યક્ષ (પ્રોટેમ) :**

⇨ ચૂંટણી પછી જ્યારે લોકસભાની પ્રથમ વખત બેઠક મળે છે ત્યારે લોકસભાન (સૌથી વરિષ્ઠ સભ્ય) કોઇ એક સભ્યને કામચલાઉ અધ્યક્ષ તરીકે પસંદ છે, જેમની અધ્યક્ષતા નીચે લોકસભાની બેઠક મળે છે અને જેથી નવા કાય અધ્યક્ષની પસંદગી થઇ શકે છે.

⇨ લોકસભાના વર્તમાન અધ્યક્ષ શ્રી મીરા કુમાર છે.

⇨ લોકસભામાં માન્ય વિરોધપક્ષ માટે કોઇ પણ પક્ષના ઓછામાં ઓછા લોકસભાન કુલ સભ્યોના 1/10 સભ્યો હોવા જોઇએ.

⇨ લોકસભામાં કેન્દ્રશાસિત પ્રદેશોના ફક્ત 20 પ્રતિનિધિઓ હોય છે.

⇨ લોકસભાના વિરોધપક્ષના પ્રથમ માન્યતા પ્રાપ્ત નેતા રામસુભગસિંહ હતા

⇨ લોકસભાનો સામનો ન કરવાવાળા એકમાત્ર વડાપ્રધાન ચૌધરી ચરણસિ હતા.



## લોકસભાના અધ્યક્ષની યાદી

| લોકસભા ક્રમાંક | અધ્યક્ષ (સ્પિકર) | કાર્યકાળ |
|---|---|---|
| પ્રથમ | શ્રી ગણેશ વાસુદેવ માવલંકર | 15મી મે, 1952 થી 27 ફેબ્રુ, 1956 સુધી |
| (13મી મે, 1952થી 4 એપ્રિલ, 1957) | શ્રી એમ. અનંથા શયનમ આયંગર | 8મી માર્ચ, 1956થી 10મી મે, 1957 સુધી |
| બીજી (10મી મે, 1957 થી 31મી માર્ચ, 1962) | શ્રી એમ. અનંથા શયનમ આયંગર | 11મી મે, 1957 થી 16 એપ્રિલ, 1962 |
| ત્રીજી (16 એપ્રિલ, 1962 થી 3 માર્ચ, 1967) | શ્રી હુકમસિંહ | 17મી એપ્રિલ, 1962થી 16 માર્ચ, 1967 સુધી |
| ચોથી | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 17મી માર્ચ, 1967 થી 19 જુલાઈ, 1969 સુધી |
| (16મી માર્ચ, 1967 થી 27મી ડિસેમ્બર 1970) | ડૉ. ગુરૂદયાલસીંઘ ધિલ્લોન | 8 ઓગષ્ટ, 1967 થી 19 માર્ચ, 1971 સુધી |
| પાંચમી | ડૉ. ગુરૂદયાલસીંઘ ધિલ્લોન | 22 માર્ચ, 1977 થી 13 જુલાઈ, 1977 સુધી |
| (19 માર્ચ, 1971 થી 18 જાન્યુ. 1977) | શ્રી બલીરામ ભગત | 5 જાન્યુ. 1976 થી 25 માર્ચ, 1977 સુધી |
| છઠ્ઠી | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 26 માર્ચ, 1977 થી 13 જુલાઈ, 1977 સુધી |
| (25 માર્ચ, 1977 થી 22 ઓગષ્ટ, 1979) | શ્રી કે.ડી. હેગડે | 21 જુલાઈ, 1977 થી 21 જાન્યુ. 1980 સુધી |

| લોકસભા ક્રમાંક | અધ્યક્ષ (સ્પિકર) | કાર્યકાળ |
|---|---|---|
| સાતમી (21 જાન્યુ. થી 1980 થી 31 ડીસે.1984) | ડૉ. બલરામ જાખડ | 22 જાન્યુ. 1980 થી 15 જાન્યુ. 1985 સુધી |
| આઠમી (15 જાન્યુ. 1985 થી 27 નવે. 1989) | ડૉ. બલરામ જાખડ | 16 જાન્યુ. 1985 થી 18 ડીસે. 1989 સુધી |
| નવમી (18 ડીસે. 1989 થી 13 માર્ચ, 1991) | શ્રી રવી રાય | 19 ડીસે. 1989 થી 9 જુલાઈ, 1991 સુધી |
| દશમી (9 જુલાઈ, 1991 થી 10 મે, 1996) | શ્રી શીવરાજ પાટીલ | 10 જુલાઈ, 1991 થી 22, મે, 1996 સુધી |
| અગિયારમી (22 મે, 1996 થી 4 ડિસે. 1997) | શ્રી પી.એ. સંગમા | 23 મે, 1996 થી 23 માર્ચ, 1998 સુધી |
| બારમી (23 માર્ચ,1998 થી 26 એપ્રિલ, 1999) | શ્રી જી.એમ.સી. બાલયોગી | 24 માર્ચ, 1998 થી 20 ઓક્ટો. 1999 સુધી |
| તેરમી (20મી ઓક્ટો. 1999 થી 6 ફેબ્રુ. 2004) | શ્રી જી.એમ.સી. બાલયોગી<br>શ્રી મનોહર ગંજની જોષી | 22 મી ઓક્ટો. 1999 થી 3 માર્ચ, 2002<br>10 મી મે 2002 થી 2 જૂન, 2004 |
| ચૌદમી 2 જૂન, 2004 થી | શ્રી સોમનાથ ચેટરજી | 4 જૂન, 2004 થી |
| પંદરમી | શ્રી મીરાકુમાર | 3 જુન 2009 થી કાર્યરત |



# રાજ્યની ધારાસભા

- ⇨ રાજ્યની ધારાસભાને કેન્દ્રીય ધારાસભાની આવૃતિ જ ગણી શકાય.
- ⇨ ભારત એક સમવાય રાષ્ટ્ર છે. અત્રે રાજ્યકક્ષાએ પણ સંસદીય શાસન પ્રણાલી જોવા મળે છે.
- ⇨ ભારતીય સંઘના ઘટક સમાન રાજ્યોમાં પણ સ્વતંત્ર પણે વહીવટ ચાલે છે, જો કે કેટલીક બાબતોમાં કેન્દ્રનું નિયંત્રણ પણ જોવા મળે છે.
- ⇨ મોટાભાગનાં ભારતીય રાજ્યોમાં એકગૃહી ધારાસભા છે, જ્યારે કેટલાંકમાં દ્વિગૃહી ધારાસભા છે.
- ⇨ આ દ્વિગૃહી ધારાસભાઓમાં કેન્દ્રની જેમ ઉપલું ગૃહ કે જે વિધાન પરિષદ અને નીચલું ગૃહ કે જે વિધાનસભાના નામે ઓળખાય છે.
- ⇨ રાજ્યમાં વિધાનપરિષદની રચના કે સમાપ્તિ બાબતે ઠરાવ સંઘની સંસદ કરે છે.

## ❖ વિધાન પરિષદ

- ⇨ વિધાન પરિષદવાળા દરેક રાજ્યમાં એની વિધાન પરિષદના સભ્યો એની વિધાનસભાના સભ્યોની સંખ્યાના એકતૃતીયાંશ કરતાં વધારે હોઇ શકે નહીં.
- ⇨ કોઇ વિધાન પરિષદમાં 40 થી ઓછા સભ્યો પણ ન હોઇ શકે.
- ⇨ વિધાન પરિષદના સભ્યોની કુલ સંખ્યા નીચે પ્રમાણે પ્રજાના જૂદા જુદા વર્ગોમાંથી ચૂંટવામાં આવે છે. અથવા નીમવામાં આવે છે જેમકે,
  - 1/3 જેટલા સભ્યો – મ્યુનિસિપાલીટીઓ, જિલ્લા બોર્ડ, અને બીજી એવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના બનેલાં મતદાન મંડળો તરફથી ચૂંટાય છે.
  - 1/12 જેટલા સભ્યો – રાજ્યમાં રહેતા અને ભારતની કોઇપણ યુનિવર્સિટી ઓછામાં ઓછા ત્રણ વર્ષથી સ્નાતક હોય તેવા મતદાન મંડળમાંથી ચૂંટાય છે.
  - 1/12 જેટલા સભ્યો – રાજ્યમાંની માધ્યમિક શાળાઓ તથા તેનાથી ઊંચી કક્ષાની કેળવણી સંસ્થાઓમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષથી શિક્ષકનું કામ કરી રહ્યા હોય તેવા મતદાન મંડળમાંથી ચૂંટાય છે.
  - 1/3 જેટલા સભ્યો – ધારાગૃહોના સભ્ય ન હોય તેવાઓમાંથી રાજ્યની વિધાનસભા ચૂંટે છે.

- 1/13 જેટલા સભ્યો – સાહિત્ય, વિજ્ઞાન, કળા, સહકારી પ્રવૃત્તિ તથા સમાજસેવાનું અસાધારણ જ્ઞાન કે પ્રતિભા ધરાવતી વ્યક્તિઓની રાજ્યપાલ નિમણૂક કરે છે.

⇨ રાજ્ય વિધાન પરિષદના સભ્યની મુદત 6 વર્ષની હોય છે.

⇨ કલમ 168 મુજબ રાજ્યમાં વિધાન પરિષદ સ્થપાય છે.

⇨ વિધાન પરિષદના ત્રીજા ભાગના સભ્યો દર બે વર્ષના અંતે નિવૃત થાય છે અને એટલા સભ્યોની ચૂંટણી થાય છે.

⇨ વિધાન પરિષદના સભ્યો પોતાના ચેરમેન અને નાયબ ચેરમેનને ચૂંટે છે.

❖ **વિધાનસભા :**

⇨ વિધાનસભાના સભ્યોની ચૂંટણી, પ્રત્યક્ષ મતદાનથી થાય છે.

⇨ બંધારણ પ્રમાણે 75000ની વસ્તી દીઠ વધુમાં વધુ એક પ્રતિનિધિ એવું ધોરણ સ્વીકારાયેલું છે.

⇨ કોઈ પણ રાજ્યની વિધાનસભામાં 500 થી વધારે અને 60 થી ઓછું સંખ્યાબળ ન હોવું જોઇએ.

⇨ રાજ્યપાલ વિધાનસભામાં એક એંગ્લો-ઇન્ડિયન સભ્યની નિમણૂંક કરે છે.

⇨ રાજ્યમાં અનુસુચિત જાતિ તથા જનજાતિ માટે તેમની વસ્તીને આધારે વિધાનસભાની બેઠકો અનામત રખાય છે.

⇨ રાજ્યનું મંત્રીમંડળ વિધાનસભાને જવાબદાર હોય છે.

⇨ રાજ્યનાં નીચલા ગૃહને વિધાનસભા કહે છે.

⇨ ગુજરાતમાં વિધાનસભાની 182 બેઠકો છે.

⇨ કલમ 168 મુજબ રાજ્યમાં વિધાનસભા સ્થાપી શકાય છે.

⇨ વિધાનસભાની સૌથી ઓછી બેઠકો સિક્કિમ રાજ્યમાં છે.

⇨ વિધાનસભા બરખાસ્ત કરવાની સત્તા રાજ્યપાલની છે.

⇨ રાજ્યની વિધાનસભાનું કાર્ય પણ કેન્દ્રિય સંસદના જેવું જ છે.

⇨ રાજ્યની વિધાનસભાના સભ્યો પોતે જ વિધાનસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની ચૂંટણી કરે છે.અધ્યક્ષની ગેરહાજરીમાં વિધાનસભાનું કાર્ય નાયબ અધ્યક્ષ સંભાળે છે.

- **વિધાન પરિષદ અને વિધાનસભાના સભ્ય પદની લાયકાત :**

⇨ ભારતીય નાગરિકત્વ.

⇨ વિધાનસભા માટે 25 વર્ષથી વધુ ઉંમર હોવી જોઇએ, જ્યારે

⇨ વિધાન પરિષદ માટે 30 વર્ષની વધુ ઉંમર હોવી જોઇએ.



⇨ તે રાજ્ય કે સંઘ સરકારમાં કોઇ નફાકારક હોદ્દો ધરાવતો ન હોવો જોઇએ.

⇨ બંધારણના કલમ 190 મુજબ કોઇ પણ સભ્ય એક જ સમયે બંન્ને ગૃહોનો સભ્ય ન બની શકે.

❖ **ધારાસભાનાં કાર્યો :**

⇨ રાજ્યની ધારાસભા 'રાજ્યની યાદી'માં દર્શાવેલા વિષયો પૈકી કાયદાઓ ઘડવાનું, તેમાં ફેરફાર કરવાનું કે રદ કરવાનું કાર્ય કરે છે.

⇨ સંયુક્ત યાદીમાંથી પણ કોઇ પણ વિષય પર કાયદો બનાવી શકે, જો કે સંયુક્ત યાદીના જો કોઇ એક વિષય પર રાજ્ય તથા કેન્દ્ર એ કાયદો બનાવ્યો હોય તો કેન્દ્રનો કાયદો પ્રભાવશાળી રહે છે.

⇨ રાજ્યની ધારાસભા, રાજ્યની કારોબારી પર અંકુશ રાખે છે.

⇨ રાજ્યની સંચિત નિધિમાંથી નાણાં મેળવવા માટે સરકારે રાજ્ય વિધાનસભાની મંજૂરી લેવી પડે છે.

⇨ રાજ્ય ધારાસભાનાં કાર્યો કેન્દ્રીય સંસદ સાથે સામ્યતા ધરાવે છે.

## સાંપ્રત ભારતનાં રાજ્યો

| અનુ. | રાજ્ય | રાજધાની | અનુ. | રાજ્ય | રાજધાની |
|---|---|---|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | હૈદ્રાબાદ | 15 | જમ્મુ અને કાશ્મીર | શ્રીનગર |
| 2 | આસામ | દીશપુર | 16 | નાગાલેન્ડ | કોહિમા |
| 3 | બિહાર | પટણા | 17 | હરિયાણા | ચંદીગઢ |
| 4 | ગુજરાત | ગાંધીનગર | 18 | હિમાચલ પ્રદેશ | સિમલા |
| 5 | કેરાલા | ત્રિવેન્દ્રમ | 19 | મણીપુર | ઈમ્ફાલ |
| 6 | મધ્યપ્રદેશ | ભોપાલ | 20 | ત્રિપુરા | અગરતલા |
| 7 | તામિલનાડુ | મદ્રાસ-ચેન્નાઈ | 21 | મેઘાલય | શિલોંગ |
| 8 | મહારાષ્ટ્રા | મુંબઈ | 22 | સિક્કિમ | ગેંગટોક |
| 9 | કર્ણાટક | બેંગ્લુરૂ | 23 | મિઝોરમ | ઐહજોલ |
| 10 | ઓરિસ્સા | ઉડીસા | 24 | અરૂણાચલ પ્રદેશ | ઇટાનગર |
| 11 | પંજાબ | ચંદીગઢ | 25 | ગોવા | પણજી |
| 12 | રાજસ્થાન | જયપુર | 26 | છત્તીસગઢ | રાયપુર |
| 13 | ઉત્તરપ્રદેશ | લખનૌ | 27 | ઉત્તરાંચલ | દહેરાદૂન |
| 14 | વેસ્ટ બેંગાલ | કોલકાતા | 28 | ઝારખંડ | રાંચી |

# 12. ભારતીય ન્યાયતંત્ર

⇨ ભારતે સમવાયી શાસનપ્રણાલી સ્વીકારી હોવા છતાં તેનું ન્યાયતંત્ર એકતંત્રી અને સંકલિત છે.

⇨ સંઘીય શાસનપ્રણાલીમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર જરૂરી છે કારણકે સત્તાનું વિભાજન થવાથી કેન્દ્ર અને રાજય વચ્ચે વિવાદો ઊભા થતા રહે છે. આ વિવાદોના હલ અને બંધારણના અર્થઘટન માટે એક સ્વતંત્ર ન્યાયતંત્ર હોવું જરૂરી છે.

⇨ આપણા દેશમાં સર્વોચ્ચ અદાલતથી લઇને નિમ્નતમ (તાબાની) એવી તમામ અદાલતો એક નિયત ક્રમમાં ગોઠવાયેલી જોવા મળે છે.

⇨ નીચલા સ્તરેથી કોઇ કાયદાકીય કેસની શરૂઆત કર્યા બાદ નીચલી અદાલતના નિર્ણય સામે સંબંધિત પક્ષ, ઉપલી અદાલતમાં અપીલ કરી શકે છે અને છેક સર્વોચ્ચ અદાલત સુધી પણ તે પોતાના પક્ષને સાચો ઠરાવવા અપીલ કરી શકે છે.

⇨ સર્વોચ્ચ અદાલતનો નિર્ણય આખરી અને સર્વસામાન્ય ગણવામાં આવે છે.

⇨ સૌથી ઉપલા સ્તરે સર્વોચ્ચ અદાલત અને નીચલા સ્તરે ન્યાયપંચાયત અથવા ગ્રામ્ય અદાલત જોવા મળે છે.

- **સર્વોચ્ચ અદાલત અને તેના ન્યાયાધીશો (કલમ 124):**

⇨ સર્વોચ્ચ અદાલત એ આપણા ન્યાયતંત્રનું સર્વોચ્ચ અંગ છે.

⇨ (બંધારણમાં અવાર-નવાર સુધારા કરીને) હાલમાં સર્વોચ્ચ અદાલતમાં એક ન્યાયમૂર્તિ અને 25 અન્ય ન્યાયાધીશો છે. આ સંખ્યામાં ફેરફાર કરવાનો અધિકાર સંસદ પાસે છે.

⇨ રાષ્ટ્રપ્રમુખ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક કરે છે. સર્વોચ્ચ અદાલતના બીજા વડા ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ ભારતના મુખ્ય ન્યાયાધીશ સાથે વિચારવિમર્શ કર્યા પછી કરે છે.

⇨ ન્યાયાધીશો રાષ્ટ્રપ્રમુખને સંબોધીને પોતાની સહીથી લખેલા રાજીનામા દ્વારા હોદ્દા પરથી દૂર થઇ શકે છે.

⇨ રાષ્ટ્રપ્રમુખ જો ઇચ્છે તો સર્વોચ્ચ અદાલતમાં એડહોક (કામચલાઉ અથવા તદર્શ ન્યાયાધીશ)ની નિમણૂક કરી શકે છે.



- **તદર્થ ન્યાયાધીશ (કલમ 127) :**

⇨ જો કોઇ સમયે સર્વોચ્ચ ન્યાયાલયનું સત્ર યોજવા કે ચાલુ રાખવા માટે તે ન્યાયાલયના ન્યાયાધીશોનું કોરમ ન થાય તો રાષ્ટ્રપતિની પૂર્વસંમતિ લઇને સંબંધિત ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચારવિમર્શ કરીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે નિયમાનુસાર લાયકાત ધરાવતા હોય તેવા તે ઉચ્ચ ન્યાયાલયના કોઇ ન્યાયાધીશને જરૂરી મુદત સુધી **તદર્થ ન્યાયાધીશ** તરીકે ઉચ્ચતમ ન્યાયાલયની બેઠકોમાં હાજરી આપવા માટે લેખિત વિનંતી કરી શકે છે. (નિમણુંક કરી શકે છે.)

- **યોગ્યતા :**

⇨ તેઓ ભારતીય નાગરિક હોવા જોઇએ.

⇨ તેમને વડી અદલાતના ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછાં 5 વર્ષનો અનુભવ હોવો જોઇએ.

⇨ કોઇપણ રાજ્યની વડી અદાલતમાં ઓછામાં ઓછી 10 વર્ષની મુદત માટે એડવોકેટ રહી ચૂક્યા હોવા જોઇએ.

- **મુદત :**

⇨ કલમ 124 (1) મુજબ સર્વોચ્ચ ન્યાયાલયનો ન્યાયાધીશ 65 વર્ષની ઉંમર સુધી પોતાના પદ પર રહી શકે છે. તેઓ પોતાના કાર્યકાળ દરમિયાન રાજીનામું આપીને બિનકાર્યક્ષમતા કે ગેરવર્તણૂકના આક્ષેપ સાથે હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

- **શપથ :**

⇨ કલમ 124 (6) મુજબ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ પોતાનું પદ ગ્રહણ કરતાં પહેલાં રાષ્ટ્રપ્રમુખ અથવા તેમની દ્વારા નિયુક્ત કરાયેલ વ્યક્તિ સમક્ષ શપથ લે છે.

- **પગાર અને ભાડાં ભથ્થાં :**

⇨ પગાર અને ભથ્થા માટેની જોગવાઇ બંધારણના બીજા પરિશિષ્ટમાં કરાયેલી છે.

⇨ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોનો પગાર ભારતની સંચિત નિધિમાંથી અપાય છે.

⇨ ન્યાયાધીશોને સેવાનિવૃત્તિ બાદ પેન્શન પણ અપાય છે.

- **અધિકાર (સત્તા) ક્ષેત્ર :**

⇨ ભારતીય સર્વોચ્ચ અદાલત ત્રણ પ્રકારના ક્ષેત્રાધિકાર ભોગવે છે.

(1) મૂળ અધિકાર,

(2) વિવાદ અધિકાર,

(3) અને સલાહ અધિકાર.

**(1) મૂળ અધિકાર :**

⇨ ભારત સરકાર અને સંઘના એક અથવા એકથી વધુ રાજ્યો વચ્ચેનો મતભેદ

⇨ ભારત સરકાર અને સંઘના એક કે એકથી વધુ રાજ્યો એક બાજુએ અને બીજી બાજુ સંઘના બીજા રાજ્યો વચ્ચેનો મતભેદ

⇨ બે કે તેથી વધુ રાજ્યો વચ્ચેનો મતભેદ.

⇨ મૂળભૂત અધિકારોના ભંગ બદલ હાજર હુકમ, પરમહુકમ, મનાઇ હુકમ, સાક્ષી હુકમત, ઉત્પ્રેષણ હુકમ, વગેરે હુકમો કાઢવાની સત્તા, સર્વોચ્ચ અદાલતને છે. પરંતુ આ સત્તા કટોકટીના સમયે રાષ્ટ્રપ્રમુખ લઇ શકે છે.

**(2) વિવાદ અધિકાર :**

⇨ સર્વોચ્ચ અદાલત એ ભારતમાં અપીલ માટેની સર્વોચ્ચ સંસ્થા છે.

⇨ કોઇપણ બાબતમાં બંધારણનું અર્થઘટન સમાયેલ હોય તેવી દીવાની, ફોજદારી કે અન્ય બાબતો.

⇨ કોઇ પણ બંધારણીય મુદ્દા સિવાયના દીવાની દાવાઓ.

⇨ કોઇપણ બંધારણીય મુદ્દા સિવાયના ફોજદારી દાવાઓ

⇨ ફોજદારી દાવાઓમાં, વડીઅદાલત જો પરવાનગી આપે તો સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઇ શકે. પરંતુ જો દેહાંતદંડની સજાનો ચુકાદો વડીઅદાલતે આપ્યો હોય તો તેની સામે, સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઇ શકે છે.

**(3) સલાહ અધિકાર :**

⇨ કલમ 143 મુજબ રાષ્ટ્રપ્રમુખને એવું જણાય કે અમુક બાબતોમાં કે ખરડામાં બંધારણીય પ્રશ્ન (વિવાદ) ઊભો થયો છે અથવા ઊભો થવાનો સંભવ છે, તેમજ જાહેર હિતની દૃષ્ટિએ મહત્વનો છે અને તે માટે સર્વોચ્ચ અદાલતની સલાહ લેવી જરૂરી છે, તો તેવી બાબત અદાલત સમક્ષ રજૂ કરે છે અને અદાલત તે પ્રશ્નસંબંધી પૂરતી વિગતો વિચારી લઇ પોતાનો અભિપ્રાય આપે છે.



⇨ સર્વોચ્ચ અદાલતને રાષ્ટ્રપ્રમુખ કે ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ઊભા થયેલ વિવાદોનું નિરાકરણ લાવવાની સત્તા છે.

- **બંધારણે કેટલીક બાબતોને સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયિક સમીક્ષા ક્ષેત્રની બહાર રાખી છે, જેમકે -**

⇨ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલને પ્રધાનમંડળે આપેલ સલાહ.

⇨ સંસદસભ્યો અને રાજ્યવિધાનમંડળ કે વિધાન પરિષદના સભ્યોના વિશેષાધિકાર અંગેની બાબત.

⇨ મતદારક્ષેત્રોની વહેંચણી અંગેની બાબત.

⇨ સંસદમાં થયેલ કાર્યવાહીને લગતી બાબત.

- **ન્યાયિક સમીક્ષાની સત્તા :**

⇨ સર્વોચ્ચ ન્યાયાલયને ન્યાયિક સમીક્ષાની વિશિષ્ટ સત્તા છે.

⇨ કાયદો ન્યાયિક સમીક્ષાને આધારે અમલી કે રદ થઇ શકે છે. (કલમ 32)

⇨ આ દૃષ્ટિએ સર્વોચ્ચ અદાલત એક બંધારણીય રખેવાળ તરીકેનું કાર્ય કરે છે.

⇨ કોઇ કાયદો તેના નિયત સત્તાધિકારથી અસ્તિત્વમાં આવ્યો છે કે નહિ તેની તપાસ સર્વોચ્ચ ન્યાયાલય કરે છે. (પરંતુ તેના વ્યાજબીપણા વિશે વિચારતી નથી.)

## ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશોની યાદી

| નામ | કાર્યકાળ | નામ | કાર્યકાળ |
|---|---|---|---|
| 1. શ્રી હરિલાલ જે. કણિયા | 1950 થી 1951 | 2. શ્રી એમ. પતાંજલી શાસ્ત્રી | 1951 થી 1954 |
| 3. શ્રી મહેરચંદ મહાજન | 1954 થી 1954 | 4. શ્રી બી.કે. મુખર્જી | 1954 થી 1956 |
| 5. શ્રી એસ. આર. દાસ | 1956 થી 1959 | 6. શ્રી ભુવનેશ્વર પ્રસાદ સિંહા | 1959 થી 1964 |
| 7. શ્રી પી.બી. ગજેન્દ્ર ગડકર | 1964 થી 1966 | 8. શ્રી એ.એક. સરકાર | માર્ચ થી જુન 1966 |
| 9. શ્રી કે. સુબ્બારાવ | 1966 થી 1967 | 10. શ્રી કે.એન. વાંચ્છુ | 1967 થી 1968 |
| 11. શ્રી એમ. હિદાયતુલ્લા | 1968 થી 1970 | 12. શ્રી જે.સી. શાહ | 1970 થી 1971 |
| 13. શ્રી એસ.એમ. સિક્રી | 1971 થી 1973 | 14. શ્રી એ.એન. રે. | 1973 થી 1977 |
| 15. શ્રી પી.એન. ભગવતી | 1985 થી 1986 | 16. શ્રી આર.એસ. પાઠક | 1986 થી 1989 |
| 17. શ્રી ઈ.એસ. વેંકટરામૈયા | જુન થી ડિસે. 1989 | 18. શ્રી સબયાસરમી મુખરજી | 1989 થી 1990 |
| 19. શ્રી રંગનાથ મિશ્રા | 1990 થી 1991 | 20. શ્રી કે.એન. સિંધ | 1991 થી 1991 |
| 21. શ્રી એમ.એન. કણિયા | 1991 થી 1992 | 22. શ્રી લલિતમોહન શર્મા | 1992 થી 1993 |
| 23. શ્રી એમ.એન. વેંકટાચલૈયા | 1993 થી 1994 | 24. શ્રી એ.એમ. એહમદી | 1994 થી 1997 |

| | | | |
|---|---|---|---|
| 25. શ્રી જે. એસ. વર્મા | 1997 થી 1998 | 26. શ્રી એમ.એમ. પુંછી | જાન્યુ થી ઓક્ટો 98 |
| 27. શ્રી એ.એસ. આનંદ | 1998 થી 2001 | 28. શ્રી એસ.સી. ભરૂચા | 2001 થી 2002 |
| 29. શ્રી બી.એન. કિરપાલ | 2002 | 30. શ્રી સી.બી, પટ્ટનાયક | નવે થી ડીસે. 02 |
| 31. શ્રી વી.એન. ખરે | 2002 થી 2004 | 32. શ્રી એસ. રાજેન્દ્ર બાબુ | મે થી જુન 2004 |
| 33. શ્રી આર.સી.લાહોટી | 2004 થી 2005 | 34. શ્રી વાય. કે. સબરવાલ | 2005 થી 2007 |
| 35. શ્રી કે.બી. બાલાક્રિષ્ન | 2007 થી 2010 | 36. શ્રી સરોશ હાસમી કાપડિયા | 2010 થી કાર્યરત |

## વડી અદાલત

⇨ રાજ્યસ્તરમાં ન્યાયતંત્રનું તે સર્વોચ્ચ ન્યાયાલય છે.

⇨ કલમ 214 મુજબ પ્રત્યેક રાજ્ય માટે એક વડી અદાલતની વ્યવસ્થા કરાયેલી છે. (પરંતુ તે જરૂરી નથી કે પ્રત્યેક રાજ્ય માટે એક અલગ ઉચ્ચ ન્યાયાલય હોય.)

⇨ કલમ 231 મુજબ સંસદ કાયદાકીય રીતે બે કે તેથી વધુ રાજ્યો અથવા એક કેન્દ્રશાસિત પ્રદેશ માટે સંયુક્ત ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

⇨ રાજ્યનાં અન્ય તમામ તાબાના ન્યાયાલયો વડી અદાલતને આધીન હોય છે.

⇨ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની સંખ્યા બંધારણમાં નિયત કરાઈ નથી કારણ કે તે રાષ્ટ્રપ્રમુખ પર નિર્ભર કરે છે.

⇨ બંધારણની કલમ 216 મુજબ દરેક ઉચ્ચ ન્યાયાલયમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા અન્ય ન્યાયાધીશો હોય છે. જેમને રાષ્ટ્રપ્રમુખ સમયની માંગ મુજબ નિમણૂક કરતા હોય છે.

⇨ કલમ 224 મુજબ આ નિયમિત ન્યાયાધીશો ઉપરાંતના અન્ય ન્યાયાધીશોને (બે વર્ષ માટે) રાષ્ટ્રપતિ નિયુક્તિ કરી શકે છે.

⇨ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ, રાષ્ટ્રપ્રમુખની સલાહ અનુસાર વડી અદાલતના નિવૃત ન્યાયાધીશને, ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે કાર્યભાર સ્વિકારવા જણાવી શકે છે.

- **ન્યાયાધીશના હોદ્દા માટે જરૂરી :**

✓ આ ઉમેદવાર ભારતીય નાગરિકત્વ ધરાવતા હોવા જોઈએ.

✓ તેમણે દસ વર્ષ માટે ભારતના કોઈપણ ભાગમાં ન્યાયખાતાનો હોદ્દો ભોગવ્યો હોય.



✓ અથવા કોઈ પણ રાજ્યની વડી અદાલતમાં વકીલાતનો દસ વર્ષનો અનુભવ હોય.

- **કાર્યકાળ (મુદત):**

✓ કલમ 217(1) અન્વયે ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની વયમર્યાદા 62 વર્ષની રખાઈ છે.

✓ હોદ્દાનું રાજીનામું આપતાં આપી દેતાં અથવા બિનકાર્યક્ષમતા કે ગેરવર્તણૂક અંગે સંસદની 2/3 બહુમતી અને રાષ્ટ્રપતિની મંજૂરી આદેશ મળ્યેથી જ તેમને આ પદ પરથી દૂર કરી શકાય છે.

✓ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની, ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમણૂક થાય, અથવા અન્ય રાજ્યમાં બદલી થાય તો ચાલુ હોદ્દા પરથી તેમને રાજીનામું આપવું પડે.

- **ગુપ્તતા અને નિષ્ઠા માટેના સોગંધ (કલમ 219) :**

✓ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોને પોતાનો હોદ્દો સંભાળતાં પહેલાં રાજ્યપાલ કે તેમણે નિયુક્ત કરેલા અધિકારી સામે બંધારણ તરફ વફાદાર રહેવાના અને તેનું પાલન કરવાના શપથ લેવા પડતા હોય છે.

- **ઉચ્ચ (વડી) અદાલતનું કાર્યક્ષેત્ર (કામગીરી )**

✓ ભારતીય બંધારણમાં રાજ્યના ઉચ્ચ (વડા) ન્યાયાલયને વિશાળ સત્તાઓ અપાયેલ છે. વાસ્તવમાં બંધારણના અમલ પૂર્વેથી ઉચ્ચ ન્યાયાલયોનું અસ્તિત્વ અને કાર્યક્ષેત્ર હયાત હતું.

✓ ઉચ્ચ ન્યાયાલયોની સત્તા અને કાર્યક્ષેત્ર (કલમ-25) બંધારણની રચનાકાળમાં જે હતું તે જ છે.

✓ બંધારણે રાજ્યોની વડી અદાલતોને મૂળ તથા વિવાદી અધિકાર આપેલ છે.

✓ તમામ વડી અદાલતો દીવાની / ફોજદારી વિવાદના દાવાઓમાં જે તે રાજ્ય પૂરતી સર્વોચ્ચ અદાલત તરીકે વર્તે છે.

✓ જો કે તેમના ચુકાદાઓ સામે સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઇ શકે છે.

✓ બંધારણ ઘડતરને પ્રારંભે વડી અદાલતોને જમીન મહેસૂલ બાબતે સત્તા અપાઈ નહોતી જે અત્યારે અપાઈ છે.

✓ વડી અદાલતને મૂળભૂત અધિકારોની જાળવણી માટે નાગરિકને રક્ષણ આપવાનો અને સરકારને આદેશ આપવાનો અધિકાર છે.

- ✓ વડી અદાલત નીચલી અદાલતો પર દેખરેખ રાખવાનો અધિકાર ધરાવે છે.
- ✓ તે નીચલી અદાલતોના પડતર દાવાઓની કાર્યવાહી કરી શકે છે.
- ✓ રાજ્ય વિસ્તારમાં સમાવિષ્ટ ન હોય તેવાં પ્રદેશમાં પણ ન્યાય આપવાની સત્તા, સંસદ કાયદા થકી વડી અદાલતને આપી શકે છે. તથા તેની સત્તામાં વધ-ઘટ પણ કરી શકે છે.

- **નીચલી (તાબાની) અદાલતો / સેશન્સ કોર્ટ અને ડિસ્ટ્રીક્ટ કોર્ટ :**

- ✓ દરેક રાજ્યની વડી અદાલત નીચે દીવાની અને ફોજદારી અદાલતો આવે છે, જે તાબાની અદાલતો તરીકે ઓળખાય છે.
- ✓ જિલ્લાના ફોજદારી દાવાઓ માટે સેશન્સ અદાલત, તેમજ દીવાની દાવાઓ માટે દીવાની અદાલત તથા મોટાં શહેરો માટે મેટ્રોપોલિટન ની વ્યવસ્થા છે.
- ✓ આ સેશન્સ અદાલતમાં મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત જરૂર પ્રમાણે મદદનીશ ન્યાયાધીશો હોય છે. તેમને મૂળ અને વિવાદનો એમ બે અધિકાર અપાય છે.
- ✓ સેશન્સ અદાલતોના તાબા નીચે પહેલા, બીજા અને ત્રીજા વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતો આવેલી હોય છે.
- ✓ જિલ્લામાં દીવાની દાવાઓ માટે વડી અદાલતના તાબા નીચે ડીસ્ટ્રીક્ટ અદાલતો હોય છે.
- ✓ આ ન્યાયાધીશ તે અદાલતના મુખ્ય ન્યાયાધીશ છે જેની નીચે સબ જજની અદાલત હોય છે.
- ✓ નાના(દીવાની) દાવાઓ માટે રાજ્ય / જિલ્લામાં સ્મોલ કોઝ અદાલતો હોય છે.

- **લોકઅદાલત (એક અભિનવ પ્રયોગ)**

- ✓ લોક અદાલતનો સરળ અર્થ લોકોની અદાલત થાય. તેમાં લોકો વચ્ચેના વિવાદોને ઝડપથી, ઓછા ખર્ચે પરસ્પર સમજૂતીથી ઉકેલવાનો, પ્રયત્ન થાય છે.
- ✓ સર્વોચ્ચ ન્યાયાલયના વડા ન્યાયાધીશ પી.એન. ભગવતીની અધ્યક્ષતા હેઠળ પ્રથમ લોકઅદાલતનું આયોજન દિલ્હીમાં થયું (6-ઓક્ટો. 1985)
- ✓ લોકઅદાલત અભિયાનમાં ન્યાયિક સેવા અધિકાર અધિનિયમ (1987) મહત્વપૂર્ણ છે. તદ્નુસાર કેન્દ્ર / રાજ્ય સરકાર, જિલ્લા કક્ષાએ નિયત જગ્યાએ તેનું આયોજન કરતી હોય છે.



# 13. કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ

- ✓ ભારતીય બંધારણ (ભાગ-8, કલમ 239 થી 241)માં કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટને લગતી જોગવાઇઓ કરવામાં આવેલ છે.
- ✓ આ પ્રદેશોનો વહીવટ સારી રીતે ચલાવવાની જવાબદારી રાષ્ટ્રપ્રમુખની છે.
- ✓ વર્તમાન સમયે કેન્દ્રશાસિત પ્રદેશોમાં (1) દિલ્હી (2) અંદામાન નિકોબાર ટાપૂઓ (3) લક્ષદ્વીપ (4) દાદરા-નગર હવેલી (5) દીવ, દમણ (6) પોંડિચેરી (7) ચંદીગઢ સમાવિષ્ટ છે.
- ✓ આ પ્રદેશોનો વહીવટ સંસદે બનાવેલા નિયમોને આધીન હોય છે.
- ✓ બંધારણની કલમ 239 (1) અન્વયે રાષ્ટ્રપ્રમુખ કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ કરે છે. તથા યોગ્ય વહીવટદાર થકી પોતાને યોગ્ય જણાય તેટલા પ્રમાણમાં કાર્યો કરે છે.
- ✓ કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટદારોનાં નામ રાષ્ટ્રપ્રમુખ અલગથી નક્કી કરી શકે છે. જેમકે દીવ, દમણ, દાદરા-નગર હવેલી, ચંદીગઢ, પોંડિચેરી, દિલ્હી, આંદામાન-નિકોબાર તથા લક્ષદ્વીપ ટાપુઓ માટે વહીવટદાર.

- **કેન્દ્રશાસિત પ્રદેશો ઉપ રાજ્યપાલ :**

- ✓ બંધારણની કલમ 239 (2) મુજબ રાષ્ટ્રપ્રમુખ કોઇપણ રાજ્યના રાજ્યપાલને નજીકના કોઇપણ કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદાર કે ઉપરાજ્યપાલ તરીકે નીમી શકે છે. આ વહીવટદાર પોતાનાં કાર્યો રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ તરીકે છતાં સ્વતંત્ર રીતે કરતા હોય છે.

- **કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભા તથા મંત્રી પરિષદ :**

- ✓ ભારતીય બંધારણ (કલમ 239) મુજબ દીવ, દમણ અને પોંડિચેરી જેવા કેન્દ્રશાસિત પ્રદેશોને વિધાનમંડળ કે મંત્રી પરિષદ અથવા બંન્નેનું ગઠન કરવાની સંસદને સત્તા છે.
- ✓ ભારતીય બંધારણના 69મા સુધારા થકી દિલ્હીનો પણ આ યાદીમાં સમાવેશ કરાવેલ છે.
- ✓ રાજ્યોની વિધાનસભા તેમજ વહીવટદારનાં સલાહસૂચનો માટે ભારતીય બંધારણમાં મંત્રી પરિષદની જોગવાઇ કરવામાં આવેલ છે.

- **કેન્દ્રશાસિત પ્રદેશોની ધારાકીય સત્તાઓ :**

✓ કેન્દ્રશાસિત પ્રદેશોની ધારાકીય સત્તા સંદર્ભે સંસદને સર્વોપરિ સત્તા અપાયેલ છે. જેમાં રાજ્યયાદીના સંબંધિત વિષયોનો પણ સમાવેશ કરી લેવાયેલ છે.

✓ દેશના અન્ય પ્રદેશોમાં પણ શાંતિ, વિકાસ તથા વહીવટ માટે રાષ્ટ્રપ્રમુખને જરૂર જણાય તો કાયદો બનાવવાની સત્તા અપાઇ છે, પરંતુ જે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભા હોય ત્યાં તેઓ આ સત્તાનો ઉપયોગ કરી શકતા નથી. તેમ છતાં જ્યારે વિધાનમંડળ મોકૂફ હોય કે વિખેરાઇ ચૂક્યો હોય ત્યારે ત્યાં રાષ્ટ્રપ્રમુખ આ સત્તાઓનો ઉપયોગ કરી શકે છે.

- **કેન્દ્રશાસિત પ્રદેશો માટે વડી અદાલતની વ્યવસ્થા :**

✓ ભારતીય બંધારણની કલમ 241 મુજબ કેન્દ્રશાસિત પ્રદેશો માટે ઉચ્ચ ન્યાયાલયનું ગઠન કરવાની અથવા કોઇપણ કેન્દ્રશાસિત પ્રદેશને કોઇપણ રાજ્યની વડી અદાલતના અધિકારક્ષેત્રમાં સમાવી લેવાની સત્તા સંસદને છે. દા.ત. પંજાબ અને હરિયાણાની વડી અદાલત ચંદીગઢની વડી અદાલત તરીકે પણ સેવા આપે છે. એજ રીતે લક્ષદ્વીપને કેરળની, આંદામાન-નિકોબાર દ્વીપસમૂહને કોલકત્તાની તથા પોંડિચેરીને ચેન્નાઇની વડી અદાલતના અધિકારક્ષેત્રમાં સમાવી લેવાયેલ છે.

✓ અત્રે યાદ રહે કે દિલ્હીને (1966 થી) એક અલગ વડી અદાલત ફાળવવામાં આવેલ છે.

## કેન્દ્રશાસિત પ્રદેશો

| અનુ. | રાજ્ય | રાજધાની |
|---|---|---|
| 1 | દિલ્હી | દિલ્હી (રાજ્યનો દરજ્જો) |
| 2 | આંદામાન નિકોબાર ટાપુઓ | પોર્ટ-બ્લેર |
| 3 | લક્ષ્યદીપ | કવારતી |
| 4 | દાદરા અને નગર હવેલી | સિલાવાસા |
| 5 | દમણ અને દીવ | દમણ |
| 6 | પોંડીચેરી | પુડુચેરી |
| 7 | ચંદીગઢ | ચંદીગઢ |



# 14. અનુસૂચિત જાતિ-જનજાતિ અને વિશિષ્ટ વિસ્તારોનો વહીવટ

✓ બંધારણની કલમ 244(1) અનુસાર મેઘાલય, ત્રિપુરા, આસામ અને મિઝોરમ સિવાયના કોઇ રાજ્યના અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને નિયંત્રણની વ્યવસ્થા 5 નંબરની યાદીમાં કરવામાં આવેલ છે.

✓ રાષ્ટ્રપતિની માગણી પર રાજ્યપાલ જે તે અનુસૂચિત વિસ્તારને લગતી માહિતી રાષ્ટ્રપ્રમુખને પૂરી પાડવા બંધાયેલ છે. રાજ્યપાલની સલાહ હોય તો રાજ્યના અનુસૂચિત જનજાતિના કલ્યાણ / વિકાસને લગતા વિષયો બાબતે સલાહકાર પરિષદનું ગઠન થતું હોય છે.

✓ સંસદના કે રાજ્યના કોઇ પણ કાયદા, અનુસૂચિત વિસ્તારોમાં લાગુ ન કરી શકાય અથવા તો તેમાં જરૂરી સુધારા અને શરતો લાગુ કરી શકાય તેવો અધિકાર રાજ્યપાલને અપાયો છે.

✓ અનુસૂચિત જનજાતિઓ થકી કરાતાં હસ્તાંતરણ/ ભૂમિફાળવણી તેમજ શાહુકારો દ્વારા કરાતા શોષણ ઉપર રાજ્યપાલ પ્રતિબંધ લગાવી શકે છે.

✓ રાજ્યપાલે લાગુ કરેલ તમામ કાયદા માટે રાષ્ટ્રપ્રમુખની મંજૂરી મેળવવી જરૂરી છે, પરંતુ સંસદ તેને સામાન્ય પ્રક્રિયાથી (બંધારણીય સુધારો કર્યા વિના) બદલી શકે છે.

✓ બંધારણની કલમ 339(1) મુજબ અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને રાજ્યોની અનુસૂચિત જનજાતિના કલ્યાણ અર્થે એક આયોગની રચના કરવાની પણ વ્યવસ્થા છે.

- **જનજાતિ વિસ્તારોનો વહીવટ :**

✓ બંધારણની કલમ 244 (1) માં મેઘાલય, ત્રિપુરા, આસામ અને મિઝોરમના આદિજાતિ વિસ્તારોના વહીવટની જોગવાઇ છઠ્ઠી યાદીમાં સમાવિષ્ટ છે.

✓ આ વિસ્તારો ચાર વિભાગોમાં વહેંચાયેલ છે.

| | | |
|---|---|---|
| ✓ વિભાગ-I | : | (1)ખાસી, કછાર, પહાડી જિલ્લો (2) કાર્બી-આમલાંગ જિલ્લો |
| વિભાગ- II | : | (1) ખાસી પહાડી જિલ્લો (2) જયંતિયા પહાડી જિલ્લો (3) ગારો પહાડી જિલ્લો |
| વિભાગ- III | : | (1) ચકમા જિલ્લો (2) મારા જિલ્લા (3) લઇ જિલ્લો |
| વિભાગ- IV | : | (1) ત્રિપુરા જનજાતીય વિસ્તાર જિલ્લો |

- ✓ જનજાતીય વિસ્તારોનો વહીવટ સરકારના કાર્યપાલક અધિકાર થાય છે.
- ✓ જિલ્લા પરિષદ / પ્રાદેશિક પરિષદની સ્થાપના તેમજ ધારાકીય / ન્યાયિક કાર્યો માટે ખાસ જોગવાઈ છે, જે એક અલગ સંસ્થારૂપે હોય છે. તેને ચોક્ક વિસ્તારોમાં કાયદો બનાવવાની તથા ભૂમિકા નિર્ધારણ / સંગ્રહ જેવા ચોક્ક કર લગાવવાની પણ સત્તા છે.
- ✓ આ પરિષદોએ ઘડેલા કાયદા રાજ્યપાલની મરજી હોય ત્યાં સુધી અમલ રહે છે.
- ✓ આ પરિષદોને વડી અદાલતના અધિકારક્ષેત્રમાં આવતી ન્યાયિક તેમજ અ બાબતોમાં કેટલીક સત્તાઓ અપાઇ છે. જેની સીમા અને અધિકારક્ષે રાજ્યપાલ નક્કી કરે છે.

- **જમ્મુ-કશ્મીરનું રાજ્ય અને તેનું વિશિષ્ટ બંધારણ :**
- **વિશિષ્ટ રાજ્યનો દરજ્જો :**

- ✓ બંધારણની કલમ 370 મુજબ જમ્મુ-કાશ્મીરને વિશિષ્ટ રાજ્યનો દરજ્જો આપેલ છે.
- ✓ ભારતીય બંધારણના પ્રથમ પરિશિષ્ટમાં જ જમ્મુ-કશ્મીરનો ખાસ ઉલ્લેખ હોવા છતાં, બંધારણમાં સમાવિષ્ટ તમામ જોગવાઇઓ જમ્મુ-કશ્મીરમાં આપોઆપ લાગુ કરાતી નથી.
- ✓ જમ્મુ-કશ્મીરે પોતાની અલગ બંધારણીય સભા અને આગવું બંધારણ રચેલ છે.
- ✓ ભારતીય સંઘ જમ્મુ-કશ્મીર માટે સંયુક્ત યાદીમાં દર્શાવેલ, ચોક્કસ વિષયો પર જ કાયદો ઘડી શકે છે, જમ્મુ-કાશ્મીર સિવાયના રાજ્યો માટે, અ તમામ વિષયો પર કાયદા ઘડી શકે છે.
- ✓ જમ્મુકાશ્મીરમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરી શકાતો નથી.
- ✓ કલમ 352 મુજબ રાજ્ય સરકારની મંજુરી વગર રાષ્ટ્રપ્રમુખ રાજ્યમાં કટોકટી લાદતા નથી.
- ✓ મિલકત રાખવા અને રોજગારી અંગેનો અધિકાર હાલમાં પણ જમ્મુ-કશ્મીરમાં અમલમાં છે.
- ✓ રાષ્ટ્રપ્રમુખ કલમ 370(1) મુજબ આદેશ આપે તો જ કોઇપણ બંધારણીય સુધારો જમ્મુ-કશ્મીરમાં લાગુ કરી શકાય છે.



- **વિશિષ્ટ બંધારણ :**

- ✓ 19 નવેમ્બર 1957 ના દિવસે જમ્મુ કાશ્મીરનું બંધારણ જાહેર થયું, જે 26 મી જાન્યુઆરી 1957ના દિવસથી અમલમાં મૂકાયું.
- ✓ તે મુજબ જમ્મુ અને કાશ્મીરએ ભારતીય સંઘનો એક અતુટ ભાગ છે.
- ✓ જમ્મુ-કશ્મીરનો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ ટાણે જે પ્રાદેશિક વિસ્તાર હતો તે તમામનું જોડાણ ભારતીય સંઘમાં કરાયું છે તેમાં પાકિસ્તાનના કબજા હેઠળનો વિસ્તાર પણ સમાવિષ્ટ છે.
- ✓ રાજ્યની તમામ કારોબારી સત્તા રાજ્યપાલ, રાજ્ય પ્રધાનમંડળની સલાહ મુજબ વાપરે છે.
- ✓ અહીંની ધારાસભા દ્વિગૃહી છે. અહીંની વિધાનસભા 100 સભ્યોની બનેલી છે, તે રાજ્યપાલ નિયુક્ત કરે છે.
- ✓ (પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરના) પી.ઓ.કેના પ્રતિનિધિઓ માટે 24 બેઠકો અનામત રાખવામાં આવેલ છે.
- ✓ રાજ્યવિધાન પરિષદમાં 36 સભ્યો છે. તેમાંથી 11 કાશ્મીરમાંથી 11 જમ્મુમાંથી અને 8 સભ્યોને રાજ્યપાલ નિયુક્ત કરતા હોય છે.
- ✓ જમ્મુ-કાશ્મીરની રાજ્યભાષા ઉર્દૂ છે. સરકારી કામકાજ માટે અંગ્રેજી પણ માન્ય છે.
- ✓ વિશેષાધિકારની રૂએ જમ્મુ-કશ્મીરમાં સંઘ નાણાકીય કટોકટી લાગુ કરી સકતું નથી.
- ✓ સમગ્ર ભારતમાં એકમાત્ર જમ્મુ-કશ્મીર રાજ્યને જ બેવડી નાગરિકતાનો લાભ અપાયો છે.

## 15. અંદાજપત્ર (નાણા ખરડો)

- ✓ અંદાજપત્રને સર્વ પ્રથમ લોકસભામાં જ રજૂ કરવું પડતું હોય છે.
- ✓ લોકસભામાં પસાર થયેલ અંદાજપત્ર રાજ્યસભામાં (ભલામણો માટે) રજૂ થાય છે.
- ✓ ત્યારબાદના 14 દિવસમાં રાજ્યસભા પોતાની ભલામણો સાથે તે ખરડો લોકસભાને પાછો ન મોકલેતો, મુદ્દત વિતતાં તે પસાર થયેલ ગણવામાં આવે છે.

✓ રાજ્યસભાની ભલામણોનો સ્વીકાર કે અસ્વિકાર લોકસભા પર નિર્ભર રહે છે.

✓ રાજ્યસભા અંદાજપત્રને 14 દિવસ સુધી જ પોતાની પાસે રાખી શકે છે.

✓ અંદાજપત્રની મંજૂરી બાબતે રાષ્ટ્રપ્રમુખની સત્તાઓ સામાન્ય ખરડા જેવી જ હોય છે પણ તેઓ તેને પુનર્વિચાર માટે પરત મોકલી શકતા નથી, તેમ મંજૂરી આપવી પડે છે.

✓ અંદાજપત્ર સંદર્ભે મુખ્યત્વે ત્રણ બાબતો મહત્ત્વની હોય છે.

(1) અંદાજપત્ર એ વાર્ષિક નાણાકીય નિવેદન પણ ઓળખવામાં છે.

(2) આ ખરડામાં માગેલી રકમો મંજૂર કરવા સરકારની માગણી, તથા

(3) મંજૂર કરાયેલ રકમો, સંચિત નિધિમાંથી ઉપડાવની પરવાનગી અપાતી હોય છે.

✓ પ્રત્યેક નાણાકીય વર્ષને પ્રારંભે રાષ્ટ્રપ્રમુખ, આગામી વર્ષના અંદાજીત આવક જાવકના આંકડા પ્રધાનમંડળ દ્વારા સંસદની મંજૂરી માટે રજૂ કરે છે.

✓ અંદાજપત્રમાં દર્શાવવામાં આવેલ ખર્ચની કેટલીક બાબતો માટે પાર્લમેન્ટની મંજૂરી લેવાની જરૂરીયાત રહેતી નથી. જેને 'મંજૂરી મુક્ત' ('નોન વોટેબલ આઇટેમ્સ') કહે છે. આ ખર્ચ બારોબાર ભારતના સંચિત નિધિમાંથી ઉપાડાય છે. જેમાં (1) રાષ્ટ્રપતિનાં પગારભથ્થાં અને બીજો ખર્ચ (2) રાજ્યસભાના તેમજ લોકસભાના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરનાં પગાર-ભથ્થાં (3) સર્વોચ્ચ/વડી અદાલતના ન્યાયાધિશોનાં નિવૃતિ વેતનો (4) સરનિધિરક્ષક અને CAGનું વેતન (5) અદાલતો / લવાદીપંચનો સરકાર સામનો ચુકાદો / હુકમનામું ભરપાઇ કરી આપવાનું ખર્ચ (6) બંધારણ કે કાયદો ઘડીને પાર્લમેન્ટે, સંચિત નિધિઓમાંથી આ રીતે જો ખર્ચા લેવાની છૂટ આપી હોય તે, અંદાજપત્રની બીજી બાબતો સાથે રજૂ થાય છે. પાર્લમેન્ટને તે પર મત આપવાની સત્તા નથી પરંતુ તે બાબતો પર ચર્ચા કરવાનો અધિકાર જરૂર છે.

✓ ખર્ચની જે બાબતો પર પાર્લમેન્ટને મત આપવાનો અધિકાર છે તેને 'વોટેબલ આઇટમ્સ' કહે છે. જેમાં સરકારના ખાતાવાર આવકખર્ચના અંદાજો રજૂ કરીને એ ખર્ચ પાર્લમેન્ટને મંજૂર કરવા જણાવાય છે. આ ખર્ચને લોકસભામાં મંજૂર-નામંજૂર કરી શકે છે, પરંતુ તેમાં વધારો (ઉમેરો) કરી શકતી નથી.

✓ આ ઉપરાંત કોઇ એક ખાતાના કામકાજ અંગે ટીકા કરવા, તેના વહીવટી દુર્ગુણો જાહેર કરવા કે એના ખર્ચમાં કાપની દરખાસ્ત લાવવાનો તથા સરકારી વહીવટ પર પોતાનો અભિપ્રાય આપવાનો આ સભ્યોનો હક્ક હોય છે.



✓ આ અંદાજપત્ર નામંજૂર થાય કે ખર્ચની માંગણીમાં સંસદ નાનો મોટો કાપ મૂકે તો તેને સરકારમાં વિશ્વાસ નથી તેવું માનીને સરકારે રાજીનામું આપવું પડે છે. અર્થાત તમામ ખાતાંઓના ખર્ચની માગણીઓ સંસદ મંજૂર કરે ત્યારે જ અંદાજપત્ર પસાર થયેલ ગણાય.

✓ મંજૂર થયેલ ખર્ચ રાજ્યની તિજોરી કે ભારતના સંચિતનિધિમાંથી ઉપાડવા ખરડો રજૂ થાય છે. સંસદ આ ખરડો પસાર ન કરે તો તે માટેનાં નાણાં ઉપાડી શકતાં નથી. તેને વિનિયોગ ખરડો કહેવાય છે.

✓ આકસ્મિક ખર્ચાઓ સંદર્ભે રાષ્ટ્રપતિ વધારાના (પૂરક) ખર્ચની મંજૂરીની દરખાસ્ત સંસદ સમક્ષ મૂકી શકે છે. તેને અંદાજપત્રની મંજૂરી-નામંજૂરીના તમામ નિયમો લાગુ પડે છે.

## 16. કાયદાના ઘડતરની પ્રક્રિયા

✓ સામાન્ય રીતે ખરડાઓ બે ભાગમાં વહેંચી દેવાયા છે.

(1) નાણાકીય બાબતો અને (2) એ સિવાયની તમામ બાબતો અંગેના ખરડા

- **ખરડામાંથી કાયદો બનવા (નાણા ખરડા સિવાય) ની પ્રક્રિયા :**

✓ ધારાસભામાં બંન્ને ધારાગૃહો નાણાખરડા સિવાયની કોઇપણ બાબતને લગતો ખરડો પસાર કરી રાષ્ટ્રપ્રમુખની મંજૂરી મેળવે તો જ તે ખરડો કાયદો બની શકે છે.

✓ નાણાં સિવાયનાં ખરડા બંન્નેમાંથી કોઇપણ એક ગૃહમાં પહેલાં રજૂ કરી શકાય છે.

✓ પ્રધાનોએ રજૂ કરેલા ખરડા સરકારી અને એ સિવાય સંસદસભ્યો થકી રજૂ કરવામાં આવતા ખરડા બિનસરકારી ખરડા કહેવાય છે.

✓ ખરડાનું પ્રથમ વાંચન ખરડામાં સૂચવાયેલું પગલું ઉચિત કે અનુચિત છે તે દૃષ્ટિએ ચર્ચા અને મતદાન યોજાય ત્યારે માત્રખરડાનો ઉદ્દેશ અને મુદ્દાઓ સમજવાય છે, પરંતુ બીજી બાબતો પર વિગતે ચર્ચા થતી નથી.

✓ ખરડાનું દ્વિતિય વાચન ખરડાની વિગતો વિશે ચર્ચા અને સુધારા રજૂ કરી શકાય છે.

✓ આમાંથી પસાર થયેલો ખરડો ધારાગૃહના અનુભવી સભ્યોની સિલેક્ટ કમિટીને સોંપાય છે જે, ઝીણવટભરી તપાસ કરીને ખરડા વિશેનો પોતાનો અહેવાલ

તૈયાર કરી ક્યાં અને કેવા ફેરફારો કરવા તે સૂચવી તેનો અહેવાલ ધારાગૃહ પ્રમુખને સોપતાં પહેલાં કેટલીક અત્યંત વિવાદાસ્પદ ખરડા અંગે લોક મતપ્રદર્શન માટેની વ્યવસ્થા રાખવામાં આવે છે. પરંતુ આ ખરડા પર પ્રજા લેવો કે નહિ તેનો નિર્ણય પાર્લામેન્ટ બીજા વાચન બાદ કરે છે.

- ✓ ખરડાના તૃતીય વાંચનમાં સિલેક્ટ કમિટીની ભલામણો સહિત ખરડા કલમવાર ચર્ચા કર્યા પછી સરકાર તેમજ અન્ય સભ્યો તરફથી સુધારા કરતાં, તે પર મત લેવાય છે. તે પછી જરૂરી ફેરફાર પામેલા આખા ખરડા પર મત લેવાય અને બહુમતી મળ્યેથી તે મંજૂર થાય તો જ ખરડો પસાર થયેલો ગણાય છે.
- ✓ ત્રીજા વાચનબાદ ખરડો બીજા ધારાગૃહને સોંપાય છે. ત્રણ વાચનમાંથી પસાર થાય પછી ધારાગૃહ ખરડાને પસાર કરે, તેમાં ફેરફાર કરે કે તેને ફગાવી દે તેવી જોગવાઈ છે.
- ✓ ધારાગૃહ જો ખરડાને ફગાવે કે તેમાં ફેરબદલ કરે તો લોકસભાના અધ્યક્ષના પ્રમુખપદે બંન્ને ધારાગૃહોની સંયુક્ત બેઠક મળે છે. જેમાં હાજર રહી મત આપતા સભ્યોની બહુમતીથી નિર્ણયો લેવામાં આવે છે. આવી બેઠકોમાં દરેક મુદ્દા પર સામાન્ય રીતે લોકસભાનો જ વિજય થાય છે કારણકે એની સભ્યસંખ્યા રાજ્યસભા કરતાં લગભગ બમણી હોય છે.

- **ખરડો, કાયદો બનતાં પૂર્વેનો અંતિમ તબક્કો :**

- ✓ પાર્લામેન્ટનાં બન્ને ગૃહોએ પસાર કરેલો ખરડો રાષ્ટ્રપ્રમુખની મંજૂરી માટે મોકલાય છે અને રાષ્ટ્રપ્રમુખની મંજૂરી મળતાં તે ખરડો કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.
- ✓ બંન્ને ગૃહોમાં પસાર થયેલા ખરડામાં રાષ્ટ્રપ્રમુખ કોઈ ફેરફાર સૂચવે, અથવા તેને પુનર્વિચારણા માટે પરત મોકલે તો પાર્લામેન્ટનાં બન્ને ગૃહો તે પર વિચાર કરે છે અને થોડા ફેરફાર સાથે કે એના એજ સ્વરૂપમાં ફરીથી પસાર કરે તો રાષ્ટ્રપ્રમુખે તેને મંજૂરી આપવી પડે છે. આ રીતે પાર્લામેન્ટમાં પસાર થયેલા ખરડાને રાષ્ટ્રપ્રમુખ અનિવાર્ય પણે મંજુરી આપતા જ હોય છે.
- ✓ ટૂંકમાં કોઈપણ ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી વિના કાયદો બની શકતો નથી.
- ✓ ભારતીય રાષ્ટ્રપ્રમુખને ખરડાની બાબતમાં 'વીટો' પાવર નથી, જ્યારે અમેરિકા રાષ્ટ્રપ્રમુખને આ સત્તા આપેલ છે.



# 17. સંઘ-રાજ્ય સંબંધો

- ✓ ભારતીય સંઘ સમાવાથી સ્વરૂપ ધરાવે છે. જેમાં સંઘ અને રાજ્યની સત્તાઓ એક સરખી નથી. અર્થાત સંઘ પાસે વિશેષ સત્તાઓ રહેલી છે. છતાં સંઘ-રાજ્ય સંબંધો સુમેળપૂર્ણ રહે તે માટે બંધારણમાં આ સંબંધો નીચે મુજબના ત્રણ ભાગોમાં વહેંચાયેલ છે.

**(I) ધારાકીય સંબંધો :**

- ✓ સંઘ યાદીમાં સમાવિષ્ટ વિષયો સંદર્ભે સંઘસરકાર અને રાજ્યવાદીમાં સમાવિષ્ટ વિષયો પર કાયદાઓ ઘડવાની સત્તા રાજ્ય સરકાર પાસે હોય છે. જ્યારે સંયુક્ત યાદીમાં સંઘ તથા રાજ્ય બંન્ને કાયદાઓ ઘડી શકતાં હોય છે. આ સિવાયની બાબતોમાં કાયદા ઘડવાની સત્તા સંઘ પાસે છે. શેષ સત્તાઓ સંઘસંસદ પાસે છે.
- ✓ સંઘ યાદીમાં 97, રાજ્યવાદીમાં 66 તથા સંયુક્ત યાદીમાં 47 વિષયો સમાવિષ્ટ છે.
- ✓ સંઘની ધારાકીય સત્તા રાજ્યની ધારાકીય સત્તા કરતાં સવિશેષ છે. જેમકે
- ✓ સંઘ અને રાજ્ય અલગ રીતે એક જ વિષયમાં કાયદો ઘડી શકે છે. સંઘના કાયદા સાથે રાજ્યના કાયદા સંગત ન હોય તો કેન્દ્રનો કાયદો જ અમલી બનતો હોય છે. પરંતુ રાજ્ય સરકારના તે ખરડાને રાષ્ટ્રપ્રમુખની સહમતી મળેલી હોય તો તે કાયદો અમલી ગણાય છે. સંઘ સંસદમાં ખરડો પસાર કરી તે કાયદો પર પણ કરી શકે છે.
- ✓ સંઘ સરકાર સમગ્ર ભારતીય વિસ્તાર માટે કાયદો ઘડી શકે છે, જ્યારે રાજ્ય તેના વિસ્તાર પૂરતો જ કાયદો ઘડી શકે છે.
- ✓ નીચેના સંજોગોમાં સંસદ, રાજ્ય યાદીના વિષયો માટે પણ કાયદો ઘડી શકે છે.
  - બે કે તેથી વધુ રાજ્યોની વિધાનસભાઓ 2/3 બહુમતીથી નક્કી કરે કે સંસદ રાજ્યયાદીમાંથી તે રાજ્યોના હિતમાં કાયદો ઘડી શકે
  - કટોકટી કાળમાં
  - આંતરરાષ્ટ્રીય-સમજૂતી મુજબ – સંઘ રાજ્યયાદીમાંથી કાયદો ઘડી શકે.

○ રાજ્યસભા 2/3 બહુમતીથી, રાષ્ટ્રીય હિતમાં રાજ્યયાદીના વિષયે કાયદો બનાવવા સંઘને જણાવી શકે છે.

## II વહીવટી-કારોબારી વિષયક સંબંધો :

✓ સમાન્યતઃ રાજ્યવહીવટ સ્વતંત્ર હોય છે. છતાં તેના પર સંઘનું નિયંત્રણ હોય છે.

✓ કલમ 256 મુજબ સંઘ, રાજ્યને તેના વહીવટ અંગે સૂચનો મોકલે જેનો રાજ્યે અમલ કરવાનો હોય છે. તેનો મુખ્ય આશય સમગ્ર સંસદીય કાયદાઓને એક સમાન રીતે લાગૂ કરવાનો હોય છે.

✓ કલમ 257 મુજબ રાજ્યએ કેન્દ્રને રાષ્ટ્રીય અને લશ્કરી બાબતે સરળ કરી આપવાની જોગવાઈ છે. આ રીતે રાજ્યે પોતાની પ્રાદેશીક રક્ષણ વ્યવસ્થા પણ કરવાની હોય છે.

✓ સંઘનાં સૂચનોનો રાજ્ય અનાદર કરે ત્યારે સંઘને કલમ 356નો ઉપયોગ કરી રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખશાસન લાગુ પાડવાની બાંધારણે છૂટ આપેલ છે.

✓ અખિલ ભારતીય કક્ષાની સેવાઓમાં પણ સંઘ રાજ્ય પર અંકુશ ધરાવે છે.

✓ ઉપરોક્ત બંધારણીય જોગવાઈઓ ઉપરાંત કેટલીક બિનબંધારણીય સંસ્થાઓ સંદર્ભે પણ રાજ્યવહીવટ પર સંઘ સીધો અંકુશ ધરાવે છે જેમાં નીચેની સંસ્થાઓ મુખ્ય છે.

❖ **પંચાયતી રાજ :**

✓ ભારતીય બંધારણના 73મા અને 74મા સુધારા અંતર્ગત (ડિસેમ્બર 1992) 9 અને 9(ક) ભાગને જોડવામાં આવ્યા. જેની 243 થી 243 (હ) સુધીની કુલ 34 નવી કલમો તથા 11મું અને 12મું પરિશિષ્ટ બંધારણનું અભિન્ન અંગ બની જવા પામેલ છે.

✓ બંધારણનો 73મો સુધારો પંચાયતીરાજ્ય અને 74મો નગરપાલિકાઓને લગતો છે.

✓ દેશના અનેક રાજ્યોમાં પંચાયતને લગતા વિવિધ કાયદાઓ પ્રચલિત હતા તે અંતર્ગત નગરપાલિકાઓ, જિલ્લા પરિષદો વગેરેની વ્યવસ્થા પણ હતી. આ સંસ્થાઓ સફળતાપૂર્વક ચાલી શકતી નહોતી. તેથી આ સંસ્થાઓને આ રીતે ભારતમાં બંધારણીય પ્રતિષ્ઠા અને રક્ષણ પૂરાં પડાયાં છે.

✓ ભારતના બંધારણમાં કરાયેલ 73મા અને 74મા સુધારામાં જે વ્યવસ્થા કરી



છે, તે મુજબ રાજ્યોનાં વિધાનમંડળો, પંચાયતો અને નગરપાલિકાઓ પોતાના કાયદા ઘડીને. દરેક રાજ્યમાં ગ્રામ, જીલ્લા અને તાલુકાસ્તરે પંચાયતો સ્થાપી છે. 20 લાખથી ઓછી વસતીવાળાં રાજ્યોમાં ત્રિસ્તરીય પંચાયતોની જરૂરીયાત નથી.

✓ આ સંસ્થાઓમાં છ માસની અંદર જ ચૂંટણી યોજવી ફરજીયાત હોવાથી તેને વધુ સમય માટે સ્થગિત કે રદ કરી શકાતી નથી. આ માટે રાજ્યચૂંટણી પંચની જોગવાઈ કરવામાં આવી છે.

✓ પ્રત્યેક પંચાયતોમાં સ્ત્રીઓ, જનજાતિઓ તથા અનુસૂચિત જાતિઓ માટે અનામત રાખવામાં આવે છે. પંચાયતોનો સમયગાળો 5 વર્ષનો હોય છે. તેનું પોતાનું બજેટ, કર લાદવાની સત્તા તેમજ પોતાને લગતું એક પરિશિષ્ટ પણ હોય છે.

✓ આ પંચાયતો પોતાના ક્ષેત્રની સાર્વત્રિક પ્રગતિ માટે યોજના બનાવી શકે છે.

✓ પંચાયતોની આર્થિક સ્થિતિના અંદાજ માટે દર પાંચ વર્ષે રાજ્ય નાણાપંચ નિમાય છે.

✓ ભારતીય બંધારણનો 74મો સુધારો નગરપંચાયત કે નગરપાલિકા સંબંધિત છે. અનામત ચૂંટણી, કર લાદવાની સત્તા, આર્થિક વિકાસ માટેની યોજનાઓ, નાણા પંચની રચના તેનો નિશ્ચિત સમયગાળો વગેરે વ્યવસ્થા પણ પંચાયતોના 73મા સુધારા જેવી જ છે.

❖ **જાહેર સેવાઓ (Public Services) :**

સરકારના તમામ વહીવટી કામકાજનું સંચાલન સનદી અધિકારીઓ કરતા હોય છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પૂર્વે બ્રિટીશ સરકારે ભારતમાં જાહેર સેવાઓની શરૂઆત કરી હતી. સનદી અધિકારીઓની નિયુક્તિ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (ઇ.સ. 1858 સુધી) કરતા હતા. વર્તમાન સમયે જાહેર સેવાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજીને અધિકારી વર્ગની ભરતી કરાય છે. સ્વતંત્ર ભારતમાં અધિકારીઓની જાહેર સેવાઓનો પ્રારંભ (1953-54 થી) થયેલ છે.

✓ આ માટેની લઘુત્તમ વય મર્યાદા 18 અને મહત્તમ 23 વર્ષની (1992 થી) રખાઈ છે.

✓ સ્વતંત્ર્યોત્તરકાળમાં પણ બ્રિટીશ રાજની 'અખિલ ભારતીય સેવા' ચાલુ રખાયેલ છે.

✓ ભારતીય બંધારણમાં, સંઘ-રાજ્ય જાહેર સેવા સંદર્ભે નીચે મુજબની જોગવાઈ છે.

(I) કેન્દ્રીય સેવાઓ

1. વિદેશ સેવાઓ
2. સંરક્ષણ હિસાબી સેવાઓ
3. મહેસુલી સેવાઓ
4. ટ્રાફિક સેવાઓ
5. ટપાલ સેવાઓ
6. માહિતી સેવાઓ
7. રેલ્વે હિસાબી સેવાઓ
8. આર્થિક સેવાઓ
9. અન્વેષણ અને હિસાબી સેવાઓ
10. હિસાબી સેવાઓ

(II) અખીલ ભારતીય સેવાઓ

વહીવટી સેવાઓ, પોલીસ સેવાઓ અને વન્ય સેવાઓનો સમાવેશ થાય છે.

(III) રાજ્ય (પ્રાદેશિક) કક્ષાની સેવાઓ

**(III) આર્થિક નાણાકીય સંબંધો :**

✓ સંઘ અને તેના ઘટક રાજ્યોમાં નાણાકીય સંબંધો પણ ખૂબ જ મહત્વના છે.

✓ સંઘ અને રાજ્યો વચ્ચે પ્રત્યેક સંભવિત કરો ઉઘરાવવા તથા તેની ફાળવણી અંગે સ્પષ્ટ વહેંચણી થયેલી જોવા મળે છે.

✓ નાણાકીય બાબતે જો વિવાદ થાય તો, નીચે પ્રમાણેની જોગવાઈઓ છે.

○ કલમ 265 મુજબ રાજ્ય, કાયદાકીય સત્તા વિના કોઇ પણ પ્રકારનો કર ઊઘરાવી શકે નહિ.

○ કલમ 266 મુજબ, સંઘ અને રાજ્યો માટે સંચિત નિધિની વ્યવસ્થા કરેલ છે. જેમાં, આકસ્મિક ખર્ચ માટે, રાજ્યોને ચુકવવા માટે, તથા લીધેલ લોનના વ્યાજ પેટે ચૂકવવાનાં નાણાંને બાદ કરતાં કેન્દ્રની વધેલ વેરા-આવકની રકમ તથા સંઘે અન્ય સાધનોમાંથી મેળવેલ લોન સમાવિષ્ટ છે.

○ કલમ 267 મુજબ આકસ્મિક નિધિ એ બિનઆયોજિત (આકસ્મિક) ખર્ચને પહોંચી વળવા સ્થપાયેલ ભંડોળ છે. સંઘ અને રાજ્ય માટે અલગ અલગ આકસ્મિક નિધિની રચના કરાઇ છે.

○ સંઘીય આકસ્મિક નિધિની સત્તા રાષ્ટ્રપ્રમુખ પાસે જ્યારે રાજ્ય આકસ્મિક નિધિની સત્તા રાજ્યપાલ પાસે હોય છે.



## 18. નાણાપંચ (Finance Commission)

✓ આ ભારતીય બંધારણના ઘડવૈયાઓએ કરેલ એક નૂતન અને ઉદાહરણીય વ્યવસ્થા છે.

✓ ભારતીય બંધારણની કલમ 280મુજબ આ વ્યવસ્થા કરાઇ છે.

✓ દેશની સઘળી નાણાકીય બાબતોની દેખરેખ રાખવાની જવાબદારી નાણાપંચની છે.

✓ નાણાપંચની નિમણૂક દર પાંચ વર્ષે રાષ્ટ્રપ્રમુખ કરતા હોય છે. તેમાં ચેરમેન ઉપરાંત ચાર અન્ય એમ કુલ મળીને પાંચ સભ્યો નિમાય છે.

✓ નાણાપંચના અધ્યક્ષ જાહેર બાબતોના અનુભવી હોય તે જરૂરી છે, જ્યારે અન્ય ચાર સભ્યોમાં- વડી અદાલતના ન્યાયાધીશ, હિસાબી કાર્યોના અનુભવી કે અર્થતંત્રના જાણકારની નિમણૂક થાય છે.

✓ ભારતના સંચિતનિધિમાંથી રાજ્યોને સહાય (અનુદાન) કયા સિદ્ધાંતોના આધારે રાખી શકાય તેની ભલામણ નાણાપંચ કરે છે.

✓ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ પણ દેશના મહત્વની હિસાબી આંકડા અને નાણાકીય બાબતોનો અહેવાલ રાષ્ટ્રપ્રમુખ તથા નાણાપંચને આપે છે.

✓ કોઇપણ નાણાકીય બાબતમાં નાણાપંચ તેની જરૂરીયાત મુજબ, CAG ની સલાહ લઇને રાષ્ટ્રપ્રમુખની મંજૂરીથી તેને અમલમાં પણ મૂકી શકે છે.

✓ સંઘ-રાજ્યના નાણાકીય વિવાદો પણ આ નાણાપંચ ઉકેલે છે.

## 19. સંઘ-રાજ્ય લોક સેવા આયોગ

⇒ આ માટેના સનદી અધિકારીઓની નિમણૂક U.P.S.C. થકી થાય છે.

⇒ સ્વાતંત્ર્યોત્તર કાળમાં આ માટેની સંઘ લોક સેવા આયોગની પરીક્ષા ભારતનો 18 થી 30 વર્ષનો અને સ્નાતક એવો કોઇપણ નાગરિક આપે એમ ઠરાવાયું છે.

⇒ આવી પરીક્ષાઓમાં જે તે સેવાકક્ષા માટે ઉત્તિર્ણ અધિકારીઓને તાલીમ અપાય છે.

❖ **સંઘ લોક સેવા આયોગ (U.P.S.C.)ના સભ્યોની નિમણૂંક :**

✓ U.P.S.C. ના સભ્યોની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરતું હોય છે.

✓ રાજ્ય જાહેર સેવાઆયોગના સભ્યોની નિમણૂક રાજ્યપાલ (કલમ 31[illegible] મુજબ) કરે છે.

✓ આયોગના અડધાથી વધુ સભ્યો ભારત સરકાર કે રાજ્ય સરકારના કર્મચારી તરીકે ઓછામાં ઓછા દસ વર્ષ સેવા આપી ચૂક્યા હોવા જોઇએ.

✓ સેવાપંચનો સભ્ય, સવેતન એવો અન્ય હોદ્દો ધરાવતો ન હોવો જોઈએ માનસિક રીતે અસ્થિર હોય કે સર્વોચ્ચ અદાલતને મતે ગેરવર્તણૂક ધરાવતો હોય તો તેની નિમણૂંક થઈ શકતી નથી.

● **સનદી સેવા સંદર્ભે મૂળભૂત અધિકારો :**

✓ ભારતીય બંધારણે બધા જ ભારતીય નાગરિકોને કલમ 311 અંતર્ગત નીચે પ્રમાણેના 6 મૂળભૂત અધિકારો આપેલા છે.

- પોતાનાથી નીચી સત્તા દ્વારા આ સેવકોને તેમના હોદ્દા પરથી દૂર કરાતા નથી.
- જે તે અધિકારીને પોતાના બચાવનો હક છે. તે કર્યા પછી જ તેની સામે બરતરફી કે શિક્ષાત્મક પગલાં લઇ શકાય છે.
- એમ કરતાં પૂર્વે જે તે અધિકારી સામે ચોક્કસ આરોપનામું ઘડાયેલ હોવું જોઇએ.
- આવા આરોપનામાની જાણ, તે અધિકારીને વિધિવત રીતે કરવી જોઇએ.

## 20. ચૂંટણીપંચ

✓ બંધારણની કલમ 324 મુજબ ચૂંટણી પંચની રચના કરવાની જોગવાઈ કરાયેલ છે.

✓ ચૂંટણી પંચની રચના તેમજ ચૂંટણી અધિકારીઓની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે.

✓ ચૂંટણી કમિશ્નરના હોદ્દા માટે બંધારણમાં કોઇ લાયકાત ઠરાવાઇ ન હોવાથી રાષ્ટ્રપ્રમુખને યોગ્ય લાગે તેને ચૂંટણી કમિશનરની કામગીરી સોંપી શકે છે.



✓ આ ચૂટંણી કમિશ્નરનો કાર્યકાળ 5 વર્ષ સુધીનો હોય છે.

❖ **ચૂટણીપંચની કામગીરી :**

✓ આ ચૂટણીપંચની કામગીરી મુખ્યત્વે મતદાર ક્ષેત્રોની વહેંચણી, ચૂંટણીની જાહેરાત, મતચિહ્નોની ફાળવણી, મતપત્રકો અથવા EVM તૈયાર કરી મતદાન મથકો પર મોકલવાં, ઉમેદવારોની ચકાસણી કરવાની તથા રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ તેમજ વિધાનસભા, લોકસભાની ચૂંટણીઓ પર દેખરેખ રાખવાની હોય છે.

✓ મતદાનના 48 કલાક પૂર્વે ચૂંટણી માટેનો જાહેર પ્રચાર બંધ કરાય છે.

✓ રાજકીય પક્ષો માટેની આચારસંહિતા પણ ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાય છે.

❖ **ચૂંટણીપંચની કાર્યપદ્ધતિ :**

✓ સર્વપ્રથમ રાષ્ટ્રપ્રમુખની સૂચના મળ્યેથી ચૂટણીપંચ ચૂંટણીની તારીખ જાહેર કરે છે.

✓ ત્યારબાદ ઉમેદવારીપત્રો ભરવા માટે 8 દિવસનો સમય આપવામાં આવે છે.

✓ તેની અંતિમ તારીખ વિત્યેથી ઉમેદવારીપત્રોની ચકાસણી કરી ખામીયુક્ત ઉમેદવારીપત્રો રદ કરીને આખરી યાદી તૈયાર કરાય છે.

✓ ઉમેદવારીપત્રો ભર્યા પછીના 20 દિવસ માટે ઉમેદવારને ચૂંટણી પ્રચારની છૂટ અપાય છે.

✓ અંતિમ યાદી તૈયાર થતાં પૂર્વેના બે દિવસમાં ઉમેદવારી પાછી ખેંચી શકાય છે.

✓ ચૂંટણીના 48 કલાક પૂર્વે ચૂંટણી પ્રચાર અટકાવાય છે. ચૂંટણી બાદ મતગણતરીથી વિજેતા જાહેર થાય છે.

❖ **પક્ષપલ્ટા વિરોધી ધારો :**

✓ પક્ષપલ્ટોએ ભારતીય પક્ષપદ્ધતિનું એક ખાસ પાસું છે. એક સર્વેક્ષણ મુજબ 1967 થી 1983 દરમ્યાન લગભગ 2300 જેટલા પક્ષપલટાનો થયેલ છે.

✓ જનતાદળ સરકાર (1990) આ પ્રવૃત્તિને લીધે જ ભાંગી પડી હતી.

✓ રાજીવગાંધી (1985) સરકારે ઘડેલ આ કાયદો, બંધારણના પરિશિષ્ટ 10 મુજબ માન્ય રખાયો છે. તે મુજબ કોઇ સભ્ય પોતાના પક્ષમાંથી રાજીનામું આપીને અન્ય પક્ષમાં જોડાય અને કોઇ અપક્ષ અન્ય પક્ષમાં જોડાય, તો તેનું સભ્યપદ જ રદ થાય છે.

✓ *પક્ષના 1/3 સભ્યો એક સાથે પક્ષ છોડે તો ભાગલા તરીકે, જ્યારે 2/3* જેટલા અન્ય પાર્ટીમાં જોડાય તો તેને 'જોડાણ' તરીકે સ્વીકારાયા છે. જેને આ ધારો લાગુ પડતો નથી.

✓ પોતાના પક્ષમાંથી રાજીનામું આપી ચૂકેલ સભ્યને આ ધારો લાગુ પડે છે.

✓ સર્વોચ્ચ અદાલતને મતે ગૃહના અધ્યક્ષ આ સંદર્ભે નિર્ણય કરે તો તે એક ટ્રિબ્યુનલ તરીકે કામ કરતા હોવાથી તેનું આ કાર્ય ન્યાયિક સમીક્ષા માટે પણ યોગ્ય ગણાય છે.

❖ **ભારતની અધિકૃત ભાષાઓ :**

✓ ભારતીય બંધારણની આઠમી યાદીમાં 22 ભાષાઓનો સત્તાવાર સ્વીકાર થયેલ છે.

✓ બંધારણની કલમ 343 થી 351માં સંઘ, રાજ્ય અને રાજ્યો, સર્વોચ્ચ અદાલત, વડી અદાલતો તેમજ કાયદાઓ અને ખરડાઓની સત્તાવાર ભાષા માટે જોગવાઇ મુજબ સંઘની સત્તાવાર ભાષા તરીકે હિન્દી (દેવનાગરી લિપિ) સ્વિકારાઈ છે.

✓ ભારતીય બંધારણની કલમ 346-347 મુજબ રાજ્ય વિધાનમંડળ જે તે રાજ્યમાં વપરાતી એક કે તેથી વધુ ભાષાઓને કે રાષ્ટ્રભાષા હિન્દીને રાજ્યના સઘળા અથવા કોઇક સત્તાવાર હેતુ માટે વપરાતી ભાષા કે ભાષાઓ તરીકે સ્વીકાર કરી શકે છે.

✓ બંધારણીય સુધારાની આઠમી યાદી મુજબ કોંકણી, મણીપુરી અને નેપાળી તથા 100 મા સુધારા થકી મૈથિલી, ડાંગરી, સંથાલી અને બોડો ભાષાઓનો સમાવેશ કરાયેલ છે.

# 21. સંસદની સમિતિઓ

**(I) (સ્થાયી) સ્ટેન્ડિંગ કમિટી :** તેની રચના ગૃહની ચૂંટણીથી અથવા ગૃહના અધ્યક્ષ દ્વારા થયેલ નિયુક્તિથી દર વર્ષે કરાય છે. તેનું કાર્ય અવિરતપણે ચાલતું જ રહેતું હોય છે.

**(II) કામચલાઉ સમિતિઃ** તેની રચના ચોક્કસ કાર્યો માટે જ થાય છે, જે પૂર્ણ થતાં આવી સમિતિ વિખેરી નખાય છે.

✓ **સામાન્યતઃ** સંસદીય સમિતિના ચેરમેનની નિમણૂક લોકસભાના અધ્યક્ષ કરે છે, પરંતુ જો તે કોઇ સમિતિમાં સભ્ય હોય તો હોદ્દાની રૂએ તે એ સમિતિના ચેરમેન બને છે.



❖ **જાહેર હિસાબને લગતી સમિતિ :**

✓ આ સમિતિની રચના ટાણે તે માત્ર લોકસભાના સભ્યોની જ બનેલી હતી.

✓ સ્વાતંત્ર્યોત્તર કાળ (1954)થી તેમાં રાજ્યસભાના સભ્યો પણ સમાવી લેવાયા.

✓ 22 સભ્યોની આ સમિતિમાં લોકસભા (15) અને રાજ્યસભા (7) ના સભ્યો હોય છે.

✓ આ સભ્યોની ચૂંટણી પ્રતિવર્ષ સપ્રમાણ પ્રતિનિધિત્વના સિદ્ધાંત મુજબ થતી હોવાથી તેમાં મોટા ભાગના પક્ષોને પ્રતિનિધિત્વ મળી રહે છે.

✓ આ સમિતિની વરણી લોકસભાના અધ્યક્ષ કરે છે, પરંતુ લોકસભાના નાયબ અધ્યક્ષ જો તેના સભ્ય બને તો તે ચેરમેન પદ મેળવે છે. પ્રણાલિકાની રૂએ વિરોધ પક્ષના સભ્ય ચેરમેન બનતા હોય છે.

✓ લોકસભાના નિયમ મુજબ કોઇ પ્રધાન આ સમિતિનો સભ્ય બની શકતો નથી.

✓ સમિતિના મતદાન ટાણે જો 'ટાઇ' પડે તો ચેરમેનના મત થકી તેનો ઉકેલ લવાય છે.

✓ આ સમિતિનું કામકાજ ચલાવવા માટે ઓછામાં ઓછા ચાર સભ્યોની હાજરી જરૂરી છે.

**જાહેર હિસાબ સમિતિની કામગીરી :**

✓ આ સમિતિને સરકાર અન્ય સંસ્થાઓ તેમજ વિભાગોના હિસાબ તપાસવા પેટા સમિતિઓ અથવા અભ્યાસજૂથો રચવાની સત્તા છે.

✓ આ ઉપરાંત CAG ના અહેવાલની ચકાસણી કરીને તેનો અહેવાલ પણ તેણે લોકસભાને આપવાનો હોય છે.

✓ એજ રીતે સ્વતંત્ર અને અર્ધસ્વતંત્ર સંસ્થાઓની આવક-જાવકનો હિસાબ પણ તેણે તપાસવો પડે છે.

**અંદાજ સમિતિ :**

✓ માત્ર લોકસભાના સભ્યોમાંથી બનેલ આ સમિતિની રચના ઇ.સ. 1950માં થઇ.

- ✓ પ્રારંભકાળે તેમાં 25 સભ્યો હતા. તે પછી તેણે અંદાજ તેમજ અભ્યાસ માટે પેટાસમિતિઓ રચતાં તેની સભ્યસંખ્યા 30ની થવા પામી.
- ✓ આ સમિતિનું મુખ્ય કાર્ય વાર્ષિક અંદાજપત્રની માહિતી મેળવી તેના પ્ર કરકસરયુક્ત અભિગમ દર્શાવવાનું છે.
- ✓ એના સભ્યો એકમત બદલીવાળી (સપ્રમાણ પ્રતિનિધિત્વ) પદ્ધતિ મુજબ ચૂંટાય છે.
- ✓ લોકસભાની સંખ્યા અનુસાર દરેક પક્ષને આ સમિતિમાં પ્રતિનિધિત્વ અપાય છે.
- ✓ પ્રધાનમંડળમાં સમાવિષ્ટ કોઈપણ પ્રધાન આ સમિતિનો સભ્ય થઈ શકતો નથી.
- ✓ લોકસભાના અધ્યક્ષ, સમિતિના ચેરમેનની નિમણૂક કરે છે, પરંતુ જો લોકસભાનો નાયબ અધ્યક્ષ આ સમિતિનો સભ્ય હોય તો હોદ્દાની રૂએ તે ચેરમેન બને છે જે મોટેભાગે સત્તાપક્ષનો વરિષ્ઠ સભ્ય જ હોય છે.
- ✓ આ સમિતિની બેઠકમાં લોકસભાના અધ્યક્ષ હાજરી આપી કે રસ લઈ શકે છે.
- ✓ આ સમિતિ પસંદગીને ધોરણે માત્ર અંદાજ માટે કામ કરે છે, દરેક વિભાગ માટે નહીં.
- ✓ નાયબ અધ્યક્ષની આગેવાનીવાળી બજેટ સમિતિ, આ અંદાજ સમિતિને સહાય કરે છે.

❖ **જાહેર સાહસો માટેની સમિતિ :**

- ✓ આ સમિતિની રચના (ઇ.સ. 1964) નો હેતુ રાજ્યનાં જાહેર સાહસોની દેખરેખ રાખવાનો હોય છે.
- ✓ તેના કુલ 22માંથી 15 લોકસભાના અને 7 રાજ્યસભાના સભ્યો હોય છે.
- ✓ આ સમિતિનો કાર્યકાળ એક વર્ષનો છે. તે બિનપક્ષીય રીતે કામકાજ કરે છે.
- ✓ તેના ચેરમેનપદે લોકસભાના અધ્યક્ષ જ નિમાતા હોય છે.
- ✓ આ સમિતિનું કામ જાહેર સાહસોને લગતા CAG ના હિસાબો તથા અહેવાલની ચકાસણી કરવા ઉપરાંત ધંધાકીય સિદ્ધાંતો તથા જાહેર સાહસોના વહીવટને અનુલક્ષીને કામ થાય છે કે કેમ તે જોવાનું તેમજ તેની કાર્યક્ષમતા તપાસવાનું છે.



- ✓ તેના કાર્યક્ષેત્રમાં L.I.C., I.A., H.A.L., O.N.G.C. જેવાં જાહેરસાહસો આવે છે.
- ✓ જે સંસ્થામાં સરકાર સર્વોચ્ચ શેરધારક હોય તેને આ સમિતિના કાર્યક્ષેત્ર બહાર રખાય છે.

❖ **અન્ય સ્ટેન્ડિંગ સમિતિઓ :**

- ✓ કાર્યભાર સલાહકાર સમિતિ, વિશેષાધિકાર સમિતિ, અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ સમિતિ, ગૌણ ધારા પ્રક્રિયા સમિતિ વગેરે અન્ય મહત્ત્વપૂર્ણ સમિતિઓ છે.

## 22. યોજનાપંચ

- ✓ યોજનાપંચએ એક બંધારણેતર અને માત્ર સલાહકાર સંસ્થા છે.
- ✓ તેની સ્થાપના સરકારે 15 માર્ચ 1950ના રોજ એક પ્રસ્તાવ દ્વારા કરેલ છે.
- ✓ ભારતના વડા પ્રધાન, હોદ્દાની રૂએ તેના અધ્યક્ષ હોય છે. આ ઉપરાંત તેમાં એક ઉપાધ્યક્ષ અને નાણામંત્રી જેવા કેટલાક અન્ય સભ્યો પણ હોય છે.
- ✓ યોજનાપંચની સ્થાપના દેશની ભૌતિક મૂડી તેમજ માનવીય સંસાધનોની જરૂરિયાતોનું અનુમાન લગાવી તેના વ્યાજબી ઉપયોગ માટે કરાઈ છે.
- ✓ યોજનાપંચ, વિવિધ યોજનાઓ ઘડી, તેને અમલમાં મૂકીને તેનાં પરિણામો મૂલવે છે.
- ✓ દેશના સાર્વત્રિક વિકાસ માટે પ્રાથમિકતાઓ નક્કી કરવી તથા ઉપલબ્ધ સાધનોની વહેંચણી કરીને નિર્ધારિત કાર્યો પૂરાં કરવાં તે યોજના પંચની મહત્ત્વની કામગીરી છે.

❖ **ભારતની રાષ્ટ્રીય વિકાસ પરિષદ :**

- ✓ આ પરિષદની રચના કેન્દ્ર સરકારના એક પ્રસ્તાવ દ્વારા (6 ઓગસ્ટ 1952)ભારતનાં રાજ્યોના વિકાસ માટે યોજનાઓ ઘડવાના ઉદ્દેશ્યથી કરાયેલ છે.
- ✓ વડાપ્રધાન તેના અધ્યક્ષ હોય છે. તેઓની સાથે યોજનાપંચના સચિવ પણ હોય છે.
- ✓ રાષ્ટ્રીય વિકાસને લગતી સામાજિક /આર્થિક નીતિઓની સમીક્ષા કરીને અલ્પવિકસિત/ પછાત વર્ગો / ક્ષેત્રના વિકાસ માટે જરૂરી યોજનાઓની સલાહ આપવાનું તે કામ કરે છે.

- ✓ રાષ્ટ્રીય યોજનાનું માળખું ઘડવું તથા સંશોધનોનું મુલ્યાંકન કરવું, તે તે[illegible] મુખ્ય કાર્ય છે.
- ✓ ભારતીય સંઘનું મંત્રીમંડળ, કેન્દ્રશાસિત પ્રદેશોની વહીવટકર્તાઓ ત[illegible] યોજનાપંચના સભ્યો આ પરિષદમાં જોડાય છે.

## 23. ભારતની આંતરરાજ્ય પરિષદ

- ✓ ભારતીય બંધારણની કલમ 263 મુજબ રાજ્યોના પારસ્પરિક વિવાદ ઉકે[illegible] તેમની વચ્ચે સહયોગ સ્થાપવા રાષ્ટપ્રમુખ, આ પરિષદની રચના કરે છ[illegible] તે મુજબ 1990માં સરકારિયા કમિશનની ભલામણને આધારે આંતરરાજ[illegible] પરિષદની રચના થઇ હતી.
- ✓ આ પરિષદ સંઘ-રાજ્ય નીતિઓમાં સમન્વય સ્થાપિને પારસ્પરિક વિવા[illegible] ઉકેલવા સંઘ સરકારને અહેવાલ આપે છે.

## 24. કટોકટી અંગેની જોગવાઇઓ

- ✓ ભારતીય બંધારણમાં મુશ્કેલ પરિસ્થિતિઓના ઉકેલ માટે રાષ્ટપ્રમુખને વિશે[illegible] સત્તાઓ અપાઇ છે. જેનો ઉપયોગ તેઓ કેન્દ્રીય મંત્રીમંડળની સલાહ[illegible] કરવાનો છે.
- ✓ બંધારણના ભાગ 18ની કલમ 352 થી 360માં કટોકટીકાલીન સ્થિતિ જાહે[illegible] કરવાની મુખ્યત્વે ત્રણ જોગવાઇઓ નીચે પ્રમાણે આપેલ છે.
  - (I) રાષ્ટ્રીય કટોકટી (કલમ 352) : યુદ્ધ બાહ્ય આક્રમણ કે સંશસ્ત્ર બળવ[illegible] ટાણે.
  - (II) રાજ્ય કટોકટી (કલમ 356) : રાજ્યમાં બંધારણીય વ્યવસ્થા નિષ્ફ[illegible] જતાં.
  - (III) નાણાકીય કટોકટી (કલમ 360) : નાણાકીય અસ્થિરતાની સ્થિતિ[illegible] લાગુ થાય.
- ✓ બંધારણના 44મા સુધારા મુજબ "આંતરિક અશાંતિ"ને બદલે 'સશસ[illegible] વિદ્રોહ' શબ્દ મૂકાયો છે.
- ✓ ભારતમાં અત્યાર સુધી રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત નીચે મુજબ ત્રણ વ[illegible] કરાઇ છે.



(I) સૌ પ્રથમ ભારત-ચીન યુદ્ધ વખતે (26/10/1962 થી 10/01/1968)

(II) ભારત-પાકીસ્તાન યદ્ધ વખતે 3 ડિસેમ્બર 1971

(III) ઇન્દિરાગાંધી ના શાસનમાં 26 જૂન 1975. કટોકટીની આ બીજી અને ત્રીજી જાહેરાત 21 માર્ચ 1977ના રોજ એક સાથે પાછી ખેંચાઇ હતી.

- ✓ બંધારણીય કટોકટીકાળમાં રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખ શાસન લાદી વિધાનસભા વિસર્જિત કરાય ત્યારે ત્યાંનું બજેટ સંસદ પસાર કરે છે.
- ✓ આવી કટોકટીની જાહેરાતને સંસદે 1 માસમાં અનુમોદન આપવું જ પડે છે.
- ✓ કટોકટી કાળમાં પણ નાગરિકના મૂળભૂત અધિકાર રદ કરી શકાતા નથી.
- ✓ બંધારણની કલમ 356 અન્વયે સૌ પ્રથમ પંજાબમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયું હતું.

## 25. બંધારણમાં સુધારો કરવાના કાર્યવાહી અને સુધારાઓ

- ✓ "પ્રજાની દરેક પેઢીને એક અલગ રાષ્ટ્રની જેમ, પોતાના પૂરતા નિર્ણયો પોતાની બહુમતીથી ઇચ્છા મુજબ લેવાનો અધિકાર છે. પરંતુ કોઇપણ પેઢીને એની અનુગામી પેઢીઓ માટેં બંધનકર્તા નીવડે તેવું કંઇ કરવાનો અધિકાર નથી"

  - થોમસ જેફર્સન (અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ)

- ✓ "બદલાતી પરિસ્થિતિને આપણું બંધારણ, પોતાનામાં ઝીલી ન શકે એટલું જડ બનાવી દેવું નથી. બંધારણ ચુસ્ત હોય તો પ્રગતિશીલ સમાજની સાથે કદમ મિલાવવામાં તે પાછળ પડી જાય છે માટે તેમાં સુધારા કરવાની જોગવાઇઓ રાખવામાં આવી છે."

  - વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ

### બંધારણમાં સુધારો કરવાના કાર્યવાહી

- ✓ બંધારણની કલમ 368 મુજબ બંધારણમાં સુધારો કરવાની જોગવાઇ આ પ્રમાણે છે.
- ✓ બંધારણમાં સુધારાનો ખરડો સંસદના કોઇ એક ગૃહમાં રજૂ થયા બાદ સંસદનાં બંન્ને ગૃહોની કુલ સભ્યસંખ્યાની બહુમતીએ તેમજ હાજર અને મતદાન કરતા સભ્યોની 2/3 બહુમતીથી તે ખરડો પસાર થયો હોય તો

જ તે રાષ્ટ્રપ્રમુખની સંમતિ માટે મોકલી અપાય છે. રાષ્ટ્રપતિની મં[illegible] મળતાં ખરડાની જોગવાઇઓ પ્રમાણે બંધારણમાં ફેરફાર કરાય છે.

- ✓ બંધારણમાં સુધારો કરવા નીચેના માર્ગો દર્શાવ્યા છે.
  - (I) કેટલાક, સામાન્ય ખરડાઓની જેમ માત્ર સાદી બહુમતીથી થા[illegible] છે. દા.ત. રાજ્યોમાં ઉપલા ગૃહની રચના તેમજ નાબુદી.
  - (II) કેટલાક, સંસદના બંન્ને ગૃહોના કુલ સભ્યોની તથા મત આપના[illegible] સભ્યોની કુલ 2/3 બહુમતીથી જ થાય છે. દા.ત. મૂળભૂ[illegible] અધિકારો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
  - (III) કેટલાક વિષયોમાં રાજ્યોનું હિત સંકળાયેલું હોવાથી તેમાં સુધાર[illegible] કરવા ઉપર મુજબ સંસદનાં બંન્ને ગૃહોના કુલ સભ્યોની બહુમતી તેમજ ઓછામાં ઓછાં અડધી સંખ્યાનાં રાજ્યોની ધારાસભાઓ[illegible] પણ સંમતિ જરૂરી છે. જેમાં રાષ્ટ્રપતિની ચુંટણી અને પ્રક્રિયા, સંઘ સરકારનું અધિકારક્ષેત્ર, ન્યાયતંત્ર તથા રાજ્યોની વ[illegible] અદાલતોને લગતી બાબતો, રાજ્યોની સત્તા અને અધિકારક્ષેત્ર, સંસદમાં રાજ્યનું પ્રતિનિધિત્વ તથા બંધારણના 7મા પરિશિષ્ટની સંઘયાદી/સંયુક્ત યાદીમાંના વિષયોમાં ફેરફાર કે બંધારણમાં સુધારો કરવાની પ્રક્રિય સમાવિષ્ટ છે.
- ✓ ભારતીય બંધારણમાં સુધારો સૂચવવાનો સર્વપ્રથમ અધિકાર તેની સંસદનો જ છે.
- ✓ તદ્નુસાર ભારતીય સંસદ બંધારણમાં સુધારો તો કરી શકે છે, પણ નવું બંધારણ ઘડી શકતી નથી.

❖ **અત્યારસુધી થયેલા મહત્વના બંધારણીય સુધારાઓ :**

- ✓ પ્રથમ સુધારા (1951) મુજબ સ્વતંત્રતા, સમાનતા તેમજ સંપત્તિના મૂળભૂત અધિકારોનો અમલ કરવા આડે આવતી કેટલીક વ્યવહારિક મુશ્કેલીઓ દૂર કરાઇ.
- ✓ ચોથા સુધારા (1955) મુજબ વ્યક્તિગત માલિકીની સંપત્તિનું લોકહિત માટે જ્યારે રાજ્ય અધિગ્રહણ કરે ત્યારે કોર્ટ પણ તેની ક્ષતિપૂર્તિ સંબંધી તપાસ કરી શકતી નથી.
- ✓ સાતમા સુધારા (1956) મુજબ ભાષાને ધોરણે રાજ્યોની પુર્નરચના થતાં પહેલાંની ત્રણ કક્ષાઓ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત કરાઇ.



- ✓ આઠમો સુધારો (1959) કેન્દ્ર તથા રાજ્યોનાં વિભિન્ન સદનોમાં અનુસૂચિત જનજાતિ તેમજ એંગ્લો-ઇન્ડિયન સમુદાયોને અનામત સંબંધી જોગવાઇઓને દસ વર્ષોમાટે અર્થાત 1970 સુધી વધારવામાં આવી.
- ✓ દશમા સુધારા (1961) મુજબ પોર્ટુગલ શાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલીને ભારતમાં સમાવી લઇને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો.
- ✓ ચૌદમા સુધારા (1963) મુજબ ફ્રાંસ શાસિત પ્રદેશ પોંડેચેરીને, કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે ભારતમાં સામેલ કરાયો. તેની સાથે સાથે હિમાચલ પ્રદેશ, ત્રિપુરા, મણિપુર, દીવ, દમણ, તેમજ ગોવામાં વિધાનપાલિકા અને મંત્રી પરિષદની સ્થાપના કરાઇ.
- ✓ ઓગણીસમા સુધારા (1966) મુજબ ચૂંટણીપંચના અધિકારોમાં ફેરફાર કરાયો તથા વડી અદાલતોને ચૂંટણીને લગતી અરજીઓ સાંભળવાનો અધિકાર અપાયો.
- ✓ 26મો બંધરાણીય સુધારો (1971) ભૂતપૂર્વ રાજવીઓના સાલીયાણાં અને વિશેષાધિકારો નાબૂદ કરવા માટે કરાયો.
- ✓ છત્રીસમા સુધારા (1975) મુજબ સિક્કિમને ભારતનું બાવીસમું રાજ્ય બનાવાયું.
- ✓ બેતાલીસમા સુધારા મુજબ આમુખમાં સમાજવાદી, ધર્મનિરપેક્ષ, એકતા અને અખંડિતતા જેવા શબ્દો તેમજ મૂળભૂત ફરજો પણ ઉમેરવામાં આવી.
- ✓ ચુવાલીસમા સુધારા (1978) મુજબ રાષ્ટ્રીય કટોકટી લાગુ કરવા માટે 'આંતરિક અશાંતિ'ની જગ્યાએ 'લશ્કરી બળવા'નો આધાર રાખીને કટોકટીને લગતી જોગવાઇઓમાં ફેરફાર કરાયો.
- ✓ બાવનમા સુધારા (1985) મુજબ રાજકીય પક્ષ પલટા પર નિયંત્રણ મૂકાયું પક્ષના ચિહ્ન ઉપર ચૂંટણી જીતીને તે પક્ષને છોડી દેતા સંસદ અથવા વિધાનમંડળોના સભ્યોને અયોગ્ય જાહેર કરાયા.
- ✓ ત્રેપનમા સુધારા (1986) મુજબ કલમ 371માં ખંડ છ ઉમેરીને મિઝોરમને રાજ્યનો દરજ્જો અપાયો.
- ✓ પંચાવનમા સુધારા (1986) મુજબ અરૂણાચલને રાજ્યનો દરજ્જો અપાયો.
- ✓ સત્તાવનમા સુધારા (1987) મુજબ ગોવાને રાજ્ય તેમજ દીવ-દમણને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવાયા.

- ✓ એકસઠમા સુધારા (1989) મુજબ મતદાનની વયમર્યાદા 21 થી ઘટા 18વર્ષની કરી દેવાઇ.
- ✓ ઇકોત્તેરમા સુધારા (1992) મુજબ બંધારણની 8 મી યાદીમાં કોંકણી, મણિ તેમજ નેપાળા ભાષાઓ સમાવી લેવાઇ.
- ✓ બોત્તેરમા સુધારા (1992) મુજબ પંચાયતી સંસ્થાઓનું ગઠન પ્રત્ય ચૂંટણીઓના આધારે કરાયું તથા અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે અનામતની વ્યવસ્થા કરાઇ.
- ✓ એંસીમા સુધારો (2000) 10 મા નાણાપંચની ભલામણોને આધારે કરાયો જેમાં કેટલાક કેન્દ્રિય કરવેરાની આવકમાંથી રાજ્યોને 29% ભાગ આપવાની ભલામણ કરવામાં આવી.
- ✓ ચોર્યાસીમા સુધારા (2000) મુજબ ત્રણ નવાં રાજ્યો છત્તીસગઢ, ઉત્તરાંચ તેમજ ઝારખંડની રચના કરાઇ.
- ✓ પંચ્યાસીમા સુધારા (2000) મુજબ સરકારી નોકરીઓમાંની અનુસૂચિ જાતિ, જનજાતિની અનામતને મંજૂરી અપાઇ.
- ✓ એકાણુમા સુધારા (2001) મુજબ લોકસભા / વિધાનસભાની સભ્યસંખ્યા 2026 સુધી સ્થગિત કરી દેવાઇ.
- ✓ ત્રાણુમા સુધારા મુજબ શિક્ષણને મૂળભૂત અધિકાર ગણાવીને બંધારણ એક નવી જોગવાઇ 21 (ક) મુજબ 6 થી 14 વર્ષના વયજૂથના દરે ભારતીય બાળકને ફરજિયાત શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર અપાયો
- ✓ પંચાણુમા સુધારા (2003) મુજબ ભવિષ્યમાં રાજ્ય સરકારો પણ 'સેવાવેર' લગાવી તથા ઉઘરાવી શકે એવી જોગવાઈ કરવામાં આવી.
- ✓ સત્તાણુમા સુધારા મુજબ પક્ષપલટો કરનારા કોઇપણ સંસદ સભ્ય અથવા વિધાયકને સંસદનું સભ્યપદ ગૂમાવવું પડશે એમ ઠરાવાયું
- ✓ નવ્વાણુમા સુધારા મુજબ બિન આદિવાસીઓને લગતી જોગવાઇઓ કરાઇ છે.
- ✓ સોમા સુધારા મુજબની આઠમી યાદીની 22 ભાષાઓ,ડાંગરી, મૈથીલી સંથાલી અને બોડો ભાષાને સમાવી લેવાઇ છે.

## 26. સંસદીય શબ્દો (સરળ સમજૂતી સાથે)

⇒ **સભામોકુફી પ્રસ્તાવઃ** મુખ્ય હેતુ જાહેર હિતની મહત્વપૂર્ણ બાબત પર ગૃહનું ધ્યાન ખેચી તેનો સ્વીકાર કરાય તો સામાન્ય રીતે ગૃહનું કામ



મોકૂફ રાખીને તે બાબત હાથ પર લેવાય છે. પરંતુ આ માટે ઓછામાં ઓછા 50 સભ્યોની સંમતિ જરૂરી છે.

⇒ **ધ્યાનકર્ષક પ્રસ્તાવઃ** અધ્યક્ષ (સભાપતિ)ની પરવાનગીથી જ્યારે કોઇ સભ્ય સાર્વજનિક મહત્વના વિષય તરફ કોઇ મંત્રીનું ધ્યાન દોરે, તેને લગતો પ્રશ્ન કરે તો તેને ધ્યાનાકર્ષક પ્રસ્તાવ કહે છે. તેના પર સંબંધિત મંત્રી તુરંત ટૂંક વ્યક્તવ્ય આપે છે અથવા અંતમાં તેમ કરવાનું આશ્વાસન આપે છે. આવા પ્રસ્તાવનો પ્રારંભ 1954 થી થયો, જેને સભામોકૂફીના પ્રસ્તાવનો જ એક પ્રકાર કહી શકાય.

⇒ **કામ રોકો પ્રસ્તાવ :** કોઇપણ સભ્ય દ્વારા કોઇ મહત્વપૂર્ણ એવા સાર્વજનિક વિષય પર વિચાર કરવા માટે સદનની ચાલુ કાર્યવાહીને અટકાવવા કરાયેલ પ્રસ્તાવ, કામ રોકો પ્રસ્તાવ કહેવાય.

⇒ **કાપ પ્રસ્તાવ :**

- ✓ બજેટની માંગણીઓમાં કાપ મૂકવા કરાતા આ પ્રસ્તાવને કાપ પ્રસ્તાવ કહેવાય છે.
- ✓ તે, લોકસભામાં અધ્યક્ષની મંજૂરી મળ્યેથી જ રજૂ કરી શકાય છે.
- ✓ તેનો હેતુ સરકારનું અતિ મહત્વની બાબતો તરફ ધ્યાન ખેંચવાનો હોય છે.
- ✓ લોકસભામાં નીચે પ્રમાણે ત્રણ પ્રકારની કાપ દરખાસ્તો રજૂ કરાતી હોય છે.
  - ○ **નીતિ કાપ દરખાસ્ત :** સરકારી નીતિ અંગે વિરોધ દર્શાવતી આ દરખાસ્તમાં રૂા. 1 નો કાપ મૂકવા સૂચવાય છે.
  - ○ **ટોકન કાપ દરખાસ્ત :** આનો હેતુ સરકારનું કોઇ ચોક્કસ જવાબદારી પ્રત્યે ધ્યાન દોરવાનો છે. આ સંદર્ભે 100 રૂા. ના કાપનું સૂચન કરાય.
  - ○ **કરકસર કાપ દરખાસ્ત :** નાણાકીય બાબતે કાપ મૂકવાની દરખાસ્તને કાપ દરખાસ્ત કહેવાય. જેમાં સરકારની કોઇ નાણાકીય માગણી બાબતે ચોક્કસ રકમનો કાપ મૂકવા સૂચવાય છે.

○ કાપ દરખાસ્ત પસાર થાય તો સરકારે રાજીનામું આપવું પડે છે.

⇒ **અવિશ્વાસ પ્રસ્તાવ :** સરકાર તરફનો અવિશ્વાસ પ્રકટ કરવા વિપક્ષ આ પ્રસ્તાવ રજૂ કરે છે. ત્યારબાદ તેના પર ચર્ચા કર્યા પછી તેને વિચારાર્થ કાર્યસૂચિમાં સામેલ કરવો કે નહીં તે મતદાન દ્વારા નક્કી કરાય છે. આ પ્રસ્તાવ જો પસાર થઇ જાય તો સરકારને રાજીનામું આપવું પડે છે.

⇒ **વિશેષાધિકાર પ્રસ્તાવ:** કોઇ મંત્રીએ હકીકતો છુપાવી કે ખોટી રીતે દર્શાવીને સંસદ સભ્યોનો વિશેષાધિકાર ભંગ કર્યો હોય તો આ વિશેષાધિકાર પ્રસ્તાવ રજૂ કરી શકાય છે.

⇒ **ગિલોટીન:** 1789ની ક્રાન્તિ બાદ ફ્રાન્સમાં કોઇ ગુનેગાર કે શકમંદને મૃત્યુદંડ આપવા માટે જે હથિયાર વપરાતું, તેને ગિલોટીન કહેતા જ્યારે ભારતીય લોકસભામાં કોઇ ખરડા પર હવે વધુ ચર્ચાને અવકાશ નથી, તેમ જણાતાં અધ્યક્ષ ખરડા અથવા પ્રશ્નોનું મતદાન થકી ઝડપી નિકાલ લાવવા સૂચવે તેને ગિલોટીન કહેવાય છે.

⇒ **તારાંકિત પ્રશ્ન :** તારાંકિત પ્રશ્ન પર તારાંક લગાવી, તે પ્રશ્નને વિશેષાંકિત કરીને આ પ્રશ્નનો ઉત્તર જે તે સભ્ય સદનમાં મેળવે છે.

⇒ **બીન તારાંકિત પ્રશ્ન :** સભ્ય આ પ્રશ્નનો ઉત્તર લેખિતમાં મેળવવા ઇચ્છતો હોવાથી તેને બીન તારાંકિત કહે છે.

⇒ **અલ્પસૂચના પ્રશ્ન :** આવો પ્રશ્ન કોઇ જરૂરી વિષય સાથે સંકળાયેલો હોવાથી દસ દિવસથી ઓછી સમયમર્યાદા પહેલાં પૂર્વ સૂચના આપીને તે પૂછી શકાય છે. અધ્યક્ષ (સભાપતિ) પ્રશ્નની જરૂરિયાત સ્વીકારે તે પછી જ સંબંધિત મંત્રીને આવો પ્રશ્ન પૂછી શકાય છે.

⇒ **શૂન્યકાળ :** આ સમયે જાહેર હિતના પ્રશ્નો કોઇપૂર્વ સૂચના વીના કારોબારીને પૂછાય છે. સંસદનાં બંન્ને ગૃહોમાં પ્રશ્નકાળ પછીના સમયને શૂન્યકાળ કહે છે. પ્રશ્નકાળ (12 કલાકે) પૂરાં થતાં શૂન્યકાળ શરૂ થાય છે.

⇒ **અર્ધાકલાકની ચર્ચા :** જે વિષયે તાજેતરમાં કોઇ પ્રશ્નનો મૌખિક કે લેખિત જવાબ અપાયો તેમાં વધુ સ્પષ્ટતા જરૂરી હોય તો, સદનના કોઇપણ સભ્યને ત્રીસ દિવસની પૂર્વ લેખિત સૂચના આપીને એવા વિષયે લોકસભામાં અર્ધાકલાકની ચર્ચા ઉઠાવી શકાય છે.



⇒ **વોટ ઓન અકાઉન્ટ :** સંસદની પૂર્વ પરવાનગી વિના, ભારતીય સંચિત નિધિમાંથી સરકાર નાણાં ઉપાડી શકતી નથી. આ માટે સરકારે સંસદમાં અંદાજપત્ર પસાર કરાવવું પડતું હોય છે. આ ખરડાઓ પસાર થતાં વધુ સમય લાગતો હોવાથી તે દરમિયાન જરૂરી ખર્ચ માટેનાં નાણાં સંચિતનિધિમાંથી મળી રહે તે માટે સંસદ સરકારની 'વોટ ઓન એકાઉન્ટ' દરખાસ્તને બે માસ માટે બહાલી આપે છે. આ રીતે મેળવેલ નાણાંનો હિસાબ સરકારે નિયમિત અંદાજપત્રમાં રજૂ કરવાનો રહે છે.

⇒ **વોટ ઓફ ક્રેડિટ :** ભારતના બંધારણમાં યુદ્ધ કે આક્રમણ જેવા આકસ્મિક ખર્ચને પહોંચી વળવાના આશયથી સંસદને આવી નાણાકીય સત્તા અપાઇ છે. (કલમ 116) પરંતુ આ માટે સંસદને એપ્રોપ્રિયેશન (ફાળવણી) ખરડો પસાર કરવાનો રહે છે.

⇒ **કોરમ :** સંસદના ગૃહનું કામકાજ ચલાવવા માટે જરૂરી 1/10 જેટલી લઘુત્તમ સભ્યસંખ્યાને કોરમ કહે છે.

⇒ **સેક્રેટરી જનરલ :** તે રાજકારણથી અલિપ્ત હોય છે. તેમની નિયુક્તિ અધ્યક્ષ કરે છે. તેમની નીવૃત્તિ વય (મર્યાદા) 60 વર્ષની હોય છે.

✓ તેઓ લોકસભાના કાયમી અધિકારી છે.

✓ તેમનું કામ અધ્યક્ષ અને ગૃહને સાંકળવાનું હોય છે.

✓ તેઓ રાષ્ટ્રપ્રમુખના આદેશથી સભ્યોને લોકસભાસત્રમાં હાજર રહેવા સૂચવે છે.

✓ તેઓ લોકસભાના કામકાજનો હિસાબ અને રેકોર્ડ રાખતા હોય છે.

✓ તેઓ તમામ ખરડાઓને રાષ્ટ્રપ્રમુખની સહી માટે મોકલી આપતા હોય છે.

✓ તેઓ પુસ્તકાલયો તથા સંશોધન વિભાગો ચલાવતા હોય છે.

✓ તેઓ જરૂરી સેમિનારનું આયોજન પણ કરતા હોય છે.

✓ રાજ્યસભાના સેક્રેટરી જનરલ પણ આ જ રીતે કામકાજ કરે છે.

⇒ **પ્રોટેમ સ્પીકર (અસ્થાયી અધ્યક્ષ) :** જ્યારે પ્રથમ વખત લોકસભાની બેઠક યોજાય ત્યારે નવા ચૂંટાયેલા સભ્યોમાંથી એક વરિષ્ઠ નેતાને રાષ્ટ્રપ્રમુખ કામચલાઉ અધ્યક્ષ તરીકે નીમીને નવી લોકસભાને તેના અધ્યક્ષ પદ હેઠળ સ્થાયી અધ્યક્ષની ચૂંટણી કરવાની તક આપે છે. ત્યારબાદ આ (કામચલાઉ) અધ્યક્ષ, કાયમી અધ્યક્ષને કાર્યભાર સોંપે છે.

# 27. ભારતીય બંધારણનાં પરિશિષ્ટો

- ✓ ભારતના બંધારણમાં પ્રારંભિક અવસ્થામાં માત્ર 8 પરિશિષ્ટોની જોગવાઇ કરાઇ હતી.
- ✓ એ 8 પરિશિષ્ટોની સંખ્યા વધીને વર્તમાન સમયે કુલ 12 જેટલી થઇ ગઇ છે.
- ✓ ભારતીય બંધારણમાં સર્વપ્રથમ સુધારા દ્વારા 9મું પરિશિષ્ટ ઉમેરવામાં આવ્યું.
- ✓ 35મા સુધારા (1974) થકી ઉમેરાયેલ 10મા પરિશિષ્ટને 36મા સુધારાથી રદ કરાયું.
- ✓ આગળ જતાં 51મા સુધારા (1985) દ્વારા તેમાં 10મું પરિશિષ્ટ ઉમેરવામાં આવ્યું.
- ✓ તેમની 73માં/74માં સુધારા (1992) થકી અનુક્રમે 11મું/12મું પરિશિષ્ટ ઉમેરવામાં આવ્યું.

- **પરિશિષ્ટ-1 (કલમ 1 થી 4) :**

- ✓ આ પરિશિષ્ટની કલમ1 મુજબ ઠરાવાયું કે ભારત એટલે કે 'India' રાજ્યોનો એક સંઘ ગણાશે, જેમાં નીચેનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સમાવિષ્ટ હશે. રાજ્યો : (1) અરૂણાચલપ્રદેશ (2) આસામ (3) આંધ્રપ્રદેશ (4) ઓરિસ્સો (5) ઉત્તરપ્રદેશ (6) કર્ણાટક (7) કેરળ (8) ગોવા (9) ગુજરાત (10) જમ્મુ-કાશ્મીર (11) તામિલનાડુ (12) ત્રિપુરા (13) નાગાલેન્ડ (14) પશ્ચિમ બંગાળ (15) પંજાબ (16) બિહાર (17) મણિપુર (18) મહારાષ્ટ્ર (19) મેઘાલય (20) મિઝોરમ (21) મેઘાલય (22) રાજસ્થાન (23) સિક્કિમ (24) હરિયાણા (25) હિમાચલપ્રદેશ (26) છત્તીસગઢ (27) ઉત્તરાંચલ (28) ઝારખંડ
- ✓ કેન્દ્રશાસિત પ્રદેશો (1) દિલ્લી (2) ચંદીગઢ (3) આંદામાન-નિકોબાર (4) પોંડિચેરી (5) દાદરા અને નગર હવેલી (6) લક્ષદ્વીપ
- ✓ પરિશિષ્ટ 1 (કલમ 59(3), 65(3), 75 (6)97, 125, 148(3), 158(3), 164(5), 186 અને 221) : માં ભારતના વિશિષ્ટ પદાધિકારીઓ જેવા કે રાષ્ટ્રપતિ, ભારતના CAG વગેરે અધિકારીઓના વેતન-ભથ્થાં અને કાર્યો સમાવિષ્ટ છે.



- ✓ પરિશિષ્ટ 3 (કલમ 75(4), 99, 124 (6), 148(2), 164(3), 188 અને 219) માં દેશના રાષ્ટ્રપ્રમુખ જેવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા લેવાતા શપથના નમૂના આપેલ છે.
- ✓ પરિશિષ્ટ 4 (કલમ 4 (1) અને 80(2)) માં રાજ્યસભાની બેઠકોની ફાળવણી કરાઇ છે.
- ✓ પરિશિષ્ટ 5 (કલમ 244(1)) : માં અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિઓ લગતી જોગવાઇઓ કરવામાં આવેલ છે.
- ✓ પરિશિષ્ટ 6 (કલમ 244(2) અને 275(1)) : માં અસમ, મેઘાલયના રાજ્યોના અને મિઝોરમ જેવાં કેન્દ્રશાસિત આદિજાતિ વિસ્તારોના વહીવટને લગતી જોગવાઇ કરાયેલ છે.
- ✓ પરિશિષ્ટ 7 (કલમ 246) માં યાદી 1, સંઘયાદી 2 (રાજ્યવાદી) અને 3 (સંયુક્ત યાદી) સમાવિષ્ટ છે. શેષસત્તાઓ ભારતની સંસદ પાસે છે.
- ✓ પરિશિષ્ટ 8 (કલમ 344(1) અને 351) માં બંધારણે સ્વિકારેલ તમામ ભારતીય ભાષાઓનો ઉલ્લેખ કરાયેલ છે.
- ✓ પરિશિષ્ટ 9માં કેટલાક અધિનિયમો અને રેગ્યુલેશન્સની કાયદેસરતાનો સમાવેશ કરાયો છે.
- ✓ પરિશિષ્ટ 10 માં પક્ષાન્તર વિરોધી કાયદાની જોગવાઇ સમાવિષ્ટ છે. જે રાજીવગાંધીની સરકાર (1985) વેળાએ ઘડાઇ હતી.
- ✓ પરિશિષ્ટ 11 માં પંચાયતી રાજ્યવ્યવસ્થાનો સમાવેશ થયો છે. જે ભારતમાં સૌ પ્રથમ રાજસ્થાન (1956) માં અમલી બન્યું.
- ✓ પરિશિષ્ટ 12માં નગરપાલિકાઓને બંધારણીય માન્યતા અપાયેલ છે, જેમાં નગરપાલિકા / મહાનગરપાલિકાનાં કાર્યો, ચૂંટણી, આવકનાં સાધનો વગેરે સમાવિષ્ટ છે.

# 28. ભારતીય બંધારણનાં તથ્યો

- ⇒ 1935ના હિંદધારાનો ભારતીય બંધારણ પર સૌથી પ્રગાઢ પ્રભાવ છે.
- ⇒ કોંગ્રેસ ફૈઝપુરઅધિવેશન(1936)માં બંધારણ સભા રચવા સૌપ્રથમ માગણી કરાઇ.
- ⇒ ભારતીય બંધારણ અન્વયે ભારત એક સંસદીય પ્રજાતંત્ર ધરાવતું રાષ્ટ્ર છે.

⇒ તેમાં વિધાનસભા સભ્યોને લોકસભા અને રાજ્યસભાની ચૂંટણી માટે મતાધિકાર છે.

⇒ સ્વાતંત્ર્યોત્તર કાળમાં, માઉન્ટબેટન ભારતના સર્વ પ્રથમ ગવર્નર જનરલ બન્યા.

⇒ ભારતીય લશ્કરના સૌપ્રથમ વડા ફીલ્ડ માર્શલ કે એન.કરીઅપ્પા હતા.

⇒ ભારતના પ્રથમ ચીફ જસ્ટિસ એચ. જે. કણિયા હતા.

⇒ પ્રથમ સામાન્ય ચૂંટણી (1952)માં 14 રાષ્ટ્રીય પક્ષોને માન્ય રખાયા હતા.

⇒ દિનેશ ગોસ્વામી સમિતિની રચના ભારતની કૃષિવિષયક સુધારા માટે કરાઇ હતી.

⇒ સરકારિયા પંચ સંઘ-રાજ્ય સંબંધોના અભ્યાસ માટે નિમાયું હતું.

⇒ સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ કોઇ પણ અદાલતમાં વકીલાત કરી શકતા નથી.

⇒ ઝીરો અવર્સ, સંસદનો પ્રશ્નકાળ પૂરો થયા પછી શરૂ થતો હોય છે.

⇒ કેન્દ્ર સરકાર દ્વારા ઉઘરાવવામાં આવતો 'આવકવેરો' એ ભારતનો પ્રત્યક્ષ કર છે.

⇒ 'શારદા એક્ટ', બાળલગ્નની વયમર્યાદા વગેરે દર્શાવતો ધારો છે.

⇒ ભારતના આકસ્મિક ભંડોળમાંથી માત્ર રાષ્ટ્રપ્રમુખ જ નાણાં ઉપાડી શકે છે.

⇒ એક રૂપિયાની નોટ પર 'નાણાસચિવ'ની સહી હોય છે.

⇒ માજી વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને લોકસભામાંથી બરતરફ કરાયાં હતાં.

⇒ મોરારજી દેસાઈ સરકારના શાસન કાળમાં મિલકતના મૂળભૂત અધિકારને, મૂળભૂત અધિકારોની યાદીમાંથી બાકાત કરાયો હતો.

⇒ મૂળભૂત અધિકારોને બંધારણની કલમ 359 મુજબ મોકૂફ રાખી શકાય છે.

⇒ ડો. બલરામ જાખડ લોકસભામાં સૌથી લાંબા ગાળા સુધી સ્પીકરપદ સંભાળ્યું હતું.

⇒ પૂર્વ વડાપ્રધાનશ્રી લાલબહાદુર શાસ્ત્રીને 'વામન છતાં વિરાટ' કહેવાય છે.



⇒ સંસદનાં બંન્નેગૃહોની સંયુક્ત બેઠકની અધ્યક્ષતા 'લોકસભાના અધ્યક્ષ' કરતા હોય છે.

⇒ રાષ્ટ્રપતિપદ ખાલી થતાં તેને 9 માસની સમયમર્યાદામાં ભરવું પડે છે.

⇒ ચૂંટણીના ઉમેદવારને કુલ મતના 1/6મત ન મળતાં તેની ડિપોઝીટ જપ્ત થાય છે.

⇒ સંસદની રાજ્યસભાના અધ્યક્ષ, રાજ્યસભાના સભ્ય હોતા નથી.

⇒ સામાન્યતઃ લોકસભાની મુદ્દત 1 વર્ષ સુધી લંબાવી કે વધારી શકાય છે.(કટોકટી દરમિયાન)

⇒ રાજ્યસભાની બેઠક માટેનું કોરમ ઓછામાં ઓછા 25 સભ્યોની હાજરીથી જ બને છે.

⇒ સ્વતંત્ર ભારતના ગણતંત્રે મૌર્ય સમ્રાટ અશોક (સારનાથ)નું 'ચાર ઊભા સિંહ'નું પ્રતીક અપનાવ્યું છે.

⇒ ભારતના બંધારણમાં, લોકસભાના ઉપાધ્યક્ષના હોદ્દા માટે કોઇ જ ઉલ્લેખ કરાયેલ નથી.

⇒ 'અધ્યાપકો'ના પગાર વધારા માટે રસ્તોગી સમિતિ નિમાઇ હતી.

⇒ 'સંચિતનિધિ'માં કેન્દ્ર સરકારની તમામ આવકો જમા થતી હોય છે.

⇒ કલ્યાણજીભાઇ મહેતા ગુજરાત વિધાનસભાના સર્વપ્રથમ અધ્યક્ષ હતા.

⇒ રાષ્ટ્રપતિ,વડાપ્રધાન, અન્ય પ્રધાનો, મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિધાનસભાના સભ્યો જેવા બધા જ જાહેર હોદ્દાઓને પ્રજાસત્તાકવાદનો નિયમ લાગુ પડે છે.

⇒ ભારતનો રાષ્ટ્રીય નારો 'જયહિંદ' છે.

⇒ ભારતીય બંધારણમાં કુલ 520 પૃષ્ઠોનો સમાવેશ કરવામાં આવેલ છે.

⇒ 'હિંદુ કોડ બિલ' વિરુદ્ધ સહી કરવામાં ડૉ રાજેન્દ્રપ્રસાદ (પ્રથમ રાષ્ટ્રપતિ) મુખ્ય હતા.

⇒ પંચાયતી રાજ્યની સ્થાપના ગુજરાતમાં સૌપ્રથમ 1963ના વર્ષમાં થઇ હતી.

⇒ ભારતીય બંધારણની કલમ 311 મુજબ અધિકારીઓને રક્ષણ આપવામાં આવેલ છે.

⇒ મુસ્લિમ મહિલાને છૂટાછેડા વખતે મળતી ભરણપોષણની રકમ જેવું સંરક્ષણ આપતાં શાહબાનુકેસ સંદર્ભે 'મુસ્લિમ મહિલા ખરડો' (1986) પસાર થયો હતો.

⇒ ભારતના રાજદૂત અને હાઇકમિશ્નર રહ્યા પછી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બનનાર મહાનુભાવોમાં ડૉ. ઝાકિર હુસેન અને શ્રી કે. આર. નારાયણ મુખ્ય હતા.

⇒ 'એડી ગોરવાલા પંચ' (1951) ડૉ. એપલબી પ્રથમ તેમજ દ્વિતીય પંચ (1953-1956) અને 'વહીવટી સુધારા પંચ' (1970) પૈકીના 'એપબલી પંચે' ભારતના જાહેર વહીવટમાં સંસદનો વધારે પડતો 'હસ્તક્ષેપ' હોવાનો આક્ષેપ કર્યો છે.

⇒ હિન્દુ લગ્નધારામાં મહિલા ઉત્કર્ષની (1955) દિશામાં મહત્વપૂર્ણ ધારો પસાર થયો.

⇒ મૂળભૂત અધિકારોના ભંગ બદલ કલમ 226 મુજબ વડીઅદાલતમાં રીટ કરી શકાય.

⇒ કોઠારી સમિતિ, સતિશચંદ્ર સમિતિ અને દ્વિતીય નાણાપંચ સમિતિના આધારે ભારતમાં સનદી સેવાની ભરતી થાય છે.

⇒ વહીવટી ભ્રષ્ટાચાર નિવારણ સમિતિ (1962)ના અધ્યક્ષ કે.સન્થાનમ્ હતા

⇒ વહીવટી સુધારાપંચની રચના (1966) શ્રી મોરારજી દેસાઇના અધ્યક્ષપદે થઇ.

⇒ ભારતની સર્વોચ્ચ અદાલતનું સૂત્ર વાક્ય 'જ્યાં ધર્મ ત્યાં જય' છે.

⇒ દેશની કોઇપણ વિવાદાસ્પદ બાબતે સરકારશ્રી દ્વારા પ્રકાશિત થતા મૂળ સ્વરૂપના પૂરાવા ધરાવતી પુસ્તિકા કે પત્રને 'શ્વેત પત્ર' કહે છે.

⇒ પક્ષાંતર વિરોધી ધારો સૌ પ્રથમ (1979) પશ્ચિમ બંગાળ રાજ્યમાં ઘડાયો હતો.

⇒ કેન્દ્રીય કર્મચારીઓ માટે નિયમો ઘડવાનો અધિકાર (કલમ 307) રાષ્ટ્રપ્રમુખને છે.



⇒ વહીવટી તાલીમ માટેની ભારતની 'એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફ કોલેજ' સિમલામાં આવેલી છે.

⇒ રાષ્ટ્રપ્રમુખને કર્મચારી વેતનમાં ઘટાડો કરવાની સત્તા છે.

⇒ ભારતીય સામ્યવાદી પાર્ટી (રાજકીય પક્ષ)નું પ્રતીક ઇ.સ. 1952થી બદલાયું નથી.

⇒ બાબુ જગજીવનરામ ભારતના સર્વ પ્રથમ શ્રમ પ્રધાન (લેબર મિનિસ્ટર) હતા.

⇒ ડૉ. જોન મથાઇ ભારતના પ્રથમ રેલ્વે મંત્રી હતા.

⇒ રાજ્યના યાદી વિષયો પર સંસદ 1 વર્ષ માટે કાયદો ઘડી શકતી હોય છે.

⇒ ઇ.સ. 1959માં ભારતમાં પંચાયતીરાજ પ્રથાનો પ્રારંભ થયો હતો.

⇒ બળવંતરાય મહેતા સમિતિની ભલામણ મુજબ પંચાયતી રાજની સ્થાપના થઇ.

⇒ 'અશોક મહેતા સમિતિ' એ ભારતના પંચાયતી રાજને લગતી બીજી સમિતિ છે.

⇒ પંચાયતી રાજનો વિષય રાજ્યની યાદીમાં આવે છે.

⇒ ભારતમાં ત્રીસ્તરીય પંચાયતી રાજની શરૂઆત 1963 થી થઇ.

⇒ 'પંચાયતી રાજ' નો ઉલ્લેખ, બંધારણમાં 'રાજનીતિ'ના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરાયો છે.

⇒ અશોક મહેતા સમિતિએ પંચાયતીરાજને બંધારણમાં સ્થાન આપવાની ભલામણ કરી હતી.

⇒ 'પાવર ટુ પીપલ' પંચાયતી રાજની સ્થાપના સંદર્ભે પ્રચલિત થયેલું સૂત્ર હતું.

⇒ રસિકભાઇ પરીખના અધ્યક્ષસ્થાને ગુજરાતમાં પંચાયત સમિતિ યોજાઇ.

⇒ ગુજરાત પંચાયત ધારો ઝીણાભાઇ દરજી સમિતિને લીધે વધુ પ્રગતિશીલ બન્યો.

⇒ ગુજરાતમાં હાલમાં કુલ 7 મ્યુનિસિપલ કોર્પોરેશન આવેલાં છે.

⇒ ઈ.સ. 1971માં ગુજરાતમાં સૌપ્રથમવાર રાષ્ટ્રપ્રમુખ શાસન લદાયું.

⇒ તા. 1 નવેમ્બર 1977ના કાયદા અનુસાર ભારતમાં સંસદીય લોકતંત્રમાં વિપક્ષના નેતાને પગાર તેમજ અન્ય સુવિધાઓ અપાતી હોય છે.

⇒ રાષ્ટ્રપ્રમુખ, રાજ્યસભાના કોઈપણ સભ્યને ગેરલાયકાત ઠરાવતા વિવાદનો નિર્ણય ચૂંટણી પંચની સલાહથી કરતા હોય છે.

⇒ સંસદનાં બંન્ને ગૃહોની નિષ્ણાત સભ્યોમાંથી પ્રવરસમિતિ રચાય છે.

⇒ અંદાજ સમિતિના સભ્યોની કુલ સંખ્યા 30ની હોય છે.

⇒ ગૃહની જાણ બહાર 60 દિવસથી વધુ ગેરહાજર રહેનારનું સંસદ સભ્યપદ રદ થઈ શકે.

⇒ રોયલ કમિશનની ભલામણો મુજબ બ્રિટીશ સરકારે (1915) ગ્રામપંચાયતોનો ઠરાવ કર્યો.

⇒ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ, દમણ અને દાદરાનગર હવેલી મુંબઈ હાઈકોર્ટ સાથે જોડાયેલ છે.

⇒ જાહેર હિસાબ સમિતિ પોતાનો અહેવાલ રાષ્ટ્રપ્રમુખને ઉદ્દેશીને આપતી હોય છે.

⇒ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ શરૂઆતના બંધારણે 15 ભાષાઓને માન્ય રાખી હતી.

⇒ 'એડવિન લ્યુટિન' ભારતના રાષ્ટ્રપતિ ભવનના સ્થપતિ હતા.

⇒ લિ. કોર્બ્યુસિયર ભારતીય સંસદભવનના સ્થપતિ હતા.

⇒ કે. એમ. કરિઅપપ્પા પ્રજાસત્તાક ભારતના સર્વ પ્રથમ સર્વોચ્ચ સેનાપતિ (ત્રણે દળના વડા) હતા.

⇒ શ્રી સુકુમારસેન ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર હતા.

⇒ થોમસ એલમહિન્સ્ટ સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ ચીફ ઓફ એરસ્ટાફ (હવાઈદળ વડા) હતા.

⇒ લોકસભાના પ્રથમ અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવલંકર અને દ્વિતીય અધ્યક્ષ અનંતશયનમ આયંગર હતા.



⇒ કેન્દ્ર-રાજ્ય સંબંધો પર ભલામણ કરવા સરકારિયા પંચની રચના (1983)કરાઈ.

⇒ સરકારિયાપંચની ભલામણ (1990) મુજબ (કલમ 263) આંતરરાજ્ય પરિષદ રચાઈ.

⇒ ભારતના રાષ્ટ્રીય વિકાસ પરિષદ પંચવર્ષીય યોજનાને અંતિમ મંજૂરી આપતી હોય છે.

⇒ વહીવટી સુધારા માટે રાજા મન્નાર કમિશનની રચના(1970) કરાઈ હતી.

⇒ ભાષાવાર પ્રાંત રચના માટે સૌપ્રથમ 'ધાર કમિટી' રચાઈ હતી.

⇒ રાષ્ટ્રીયપક્ષની માન્યતા મેળવવા 4 રાજ્યમાં રાજ્યકક્ષાના પક્ષ તરીકે માન્યતા મળવી જરૂરી છે.

⇒ રાજ્યોની યુનિવર્સિટીઓના કુલપતિ પદે રાજ્યપાલ નિયુક્ત થતા હોય છે.

⇒ અનામત બિલ પર રાજ્યપાલ વટહુકમ બહાર પાડી શકતા નથી.

⇒ CAG ના રિપોર્ટ પર લોક લેખા સમિતિ (પબ્લિક એકાઉન્ટ કમિટી) કામ કરે છે.

⇒ ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને રાષ્ટ્રપતિ શ્રી ડૉ. રાજેન્દ્રપ્રસાદ વચ્ચે 'હિંદુ આચાર સંહિતા બિલ' બાબતે વિવાદ સર્જાયો હતો.

⇒ રાષ્ટ્રીય વિકાસ પરિષદ ભારતીય પંચવર્ષીય યોજનાને અંતિમ મંજૂરી આપે છે.

⇒ અનુસૂચિત જાતિઓ માટે 79 અને અનુસૂચિત જનજાતિઓ માટે 41 જગ્યાઓ લોકસભામાં અનામત રાખેલ છે.

⇒ બંધારણીય કલમ 22 મુજબ કોઈ વ્યક્તિની ધરપકડ થયા પછીના 24 કલાકમાં નજીકના ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવા જરૂરી છે.

⇒ નોકરીમાં 7.% અનામતની ભલામણ કરતું બિલ ઝારખંડ વિધાનસભામાં પસાર થયું.

⇒ પૂર્વે મદ્રાસ તરીકે ઓળખાતા રાજ્યનું નામ તમિલનાડુ 1968થી રખાયું.

⇒ તમિલનાડુના અનામત બિલને નવમા પરિશિષ્ટમાં સામેલ કરવામાં આવ્યું.

⇒ બીનસરકારી કાર્યો કરવા માટે લોકસભામાં શુક્રવારનો દિવસ નક્કી થયેલ છે.

⇒ રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં જે તે રાજ્યનું પ્રતિનિધિત્વ રાજ્ય મુખ્યમંત્રી જ કરતા હોય છે.

⇒ બંધારણના મુજબનું 'રાજભાષા પંચ' (1955) શ્રી વી.જે. ખરેના પ્રમુખપદે નિમાયું.

⇒ યુ.પી.એસ.સી. જેવું લોકસેવાપંચ ભારતમાં સૌ પ્રથમ 1926માં સ્થપાયું.

## 29. ભારતનાં રાષ્ટ્રીય પ્રતિકો

ભારતના નવનિર્મિત બંધારણે સ્વીકારેલાં રાષ્ટ્રીય ચિહ્નો, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગાન, રાષ્ટ્રગીત વગેરે નીચે પ્રમાણે છે.

- **રાષ્ટ્રીય ચિહ્ન :**

⇨ 26 જાન્યુઆરી 1950ના રોજ ભારત સરકારે સારનાથ (વારાણસી) સ્થિત અશોકસ્તંભ પરની ચાર સિંહોની મુખાકૃતિને રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્વીકારી.

- **રાષ્ટ્રીય સૂત્ર :**

⇨ તેની નીચે દેવનાગરી લિપિમાં 'સત્યમેવ જયતે' લખાયું છે, જે મુંડકોપનિષદમાંથી લેવાયેલ છે. જેને 'રાષ્ટ્રીય સૂત્ર' તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

- **રાષ્ટ્રધ્વજ :**

⇨ 24 જુલાઈ 1947ના રોજ બંધારણીય સભાએ આપણો રાષ્ટ્રીય ધ્વજ અપનાવ્યો.

⇨ રાષ્ટ્રધ્વજની લંબાઈ – પહોળાઈનો ગુણોત્તર 3 : 2 છે.

⇨ રાષ્ટ્રધ્વજ ત્રણ રંગો ધરાવે છે : સૌથી ઉપર કેસરી, વચ્ચે શ્વેત અને નીચે લીલો રંગ છે. ધ્વજની વચ્ચે ભૂરા (વાદળી) રંગનું 24 આરાઓવાળું અશોકચક્ર છે.

- **રાષ્ટ્રગાન**

⇨ આપણું રાષ્ટ્રગાન 'વંદેમાતરમ્' છે. તે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત નવલકથા 'આનંદમઠ'માંથી લેવાયું છે.

⇨ તે રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશન(1896)માં સૌ પ્રથમ ગવાયું હતું.



- **રાષ્ટ્રગીત :**

⇨ આપણું રાષ્ટ્રગીત 'જન-ગણ-મન' છે, તે ભારતની બંધારણસભાએ 24 જાન્યુઆરી 1950ના રોજ સ્વીકાર્યું. તે સૌ પ્રથમવખત રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં (27 ડિસેમ્બર 1911) ગવાયું હતું.

⇨ કવિવર રવિન્દ્રનાથ ઠાકરે આ ગીતની રચના કરેલી છે.

⇨ આ ગીતનું ગાન દરેકે કુલ 52 સેકન્ડમાં પૂર્ણ કરવાનું રહે છે.

⇨ આ ગીતનાં કુલ 5 પદોમાંથી માત્ર પ્રથમ પદને જ રાષ્ટ્રગીત તરીકે સ્વિકારાયું છે.

⇨ આપણા રાષ્ટ્રગીતમાં ગંગા-યમુના બે નદીઓનો ઉલ્લેખ છે.

⇨ શ્રી રવિન્દ્રનાથ ઠાકુર(ટાગોર)નું આ ગીતનું પ્રકાશન સૌ પ્રથમ 1912માં 'તત્ત્વબોધિની' નામની પત્રિકામાં 'ભારતવિધાતા' શીર્ષક હેઠળ રજૂ થયું હતું.

- **રાષ્ટ્રીય કેલેન્ડર :**

⇨ શક સંવતને (ગ્રેગેરિયન કેલેન્ડરની સાથે સાથે) રાષ્ટ્રીય કેલેન્ડર તરીકે 22 માર્ચ 1957થી અપનાવ્યું. જેનો પ્રથમ માસ ચૈત્ર માસ છે.

- **રાષ્ટ્રીય પ્રાણી :**

⇨ આપણું રાષ્ટ્રીય પ્રાણી વાઘ છે.

⇨ વાઘની વિશ્વપ્રસિદ્ધ આઠ જાતો પૈકીની ભારતીય જાત 'એ રોયલ બેન્ગોલ ટાઈગર' છે.

- **રાષ્ટ્રીય પક્ષી :**

⇨ ભારતનું રાષ્ટ્રીય પક્ષી મોર છે.

⇨ વન્યજીવસંરક્ષણ ધારો (1972) અંતર્ગત તે પૂર્ણ રક્ષિત પક્ષી જાહેર કરાયું છે.

## 30. રાષ્ટ્ર- ધ્વજમાં ફેરફારોની ભલામણ

સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજના રંગ-રૂપ-ડિઝાઈન-કદ વગેરે પર ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા સંદર્ભે એક ધ્વવજ સમિતિ ઘડવામાં આવી. આ ધ્વજ સમિતિએ સૂચવેલ ડિઝાઈન પર ચર્ચા-વિચારણા થઈ. દેશની જરૂરિયાત, ભારતીયોની લાગણી અને ધ્વજ સમિતિના પરિશ્રમને ધ્યાનમાં રાખી, કારોબારીએ એ.આઈ.સી.સી. ને રાષ્ટ્ર-ધ્વજમાં નીચે મુજબના ફેરફારોની ભલામણ કરી.

1. રાષ્ટ્ર-ધ્વજ ત્રણ રંગોનો રહેશે.
2. રંગોની ગોઠવણી આડી રેખામાં રહેશે.
3. રંગોનો ક્રમ પ્રથમ કેસરી વચ્ચે સફેદ અને છેલ્લે લીલો રહેશે.

4. વચ્ચે સફેદ પટ્ટામાં આછેરા વાદળી રંગનો ચરખો રહેશે.
5. રંગોનું કોઈ મહત્ત્વ રહેશે નહી એટલે કે રંગ કોમ/ધર્મનું પ્રતિનિધિત્વ કરવાને બદલે – કેસરી રંગ – 'હિંમત અને બલિદાન' સફેદ રંગ – 'શાંતિ અને સત્ય' અને લીલા રંગ 'શ્રધ્ધા અને શોર્યનું' પ્રતિનિધિત્વ કરે છે.
6. ચક્ર- આમ જનતાના અરમાનો અને અપેક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે.
7. ધ્વજ – એના ધ્વજ – દંડ પાસેના ભાગથી લહેરાતા ભાગ સુધી 3:2 ના માપમાં રહેશે.

**સ્વતંત્ર ભારતનો ધ્વજ :**

23 જૂન 1947 ના રોજ સ્વતંત્ર ભારતનો ધ્વજ સૂચવવા એક એડહોક સમિતિ બનાવવામાં આવી. સમિતિએ ઘણી બેઠકો યોજી – ગહન ચર્ચા વિચારણા પછી 14/7/47 ના રોજ નીચે મુજબ નિર્ણય લીધા :

1. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ધ્વજને ભારતીય રાષ્ટ્ર-ધ્વજ તરીકે અપનાવવો જેમાં ભારતની તમામ કોમ અને રાજકિય પક્ષોને સ્વીકાર્ય બને તે માટે થોડા ફેરફારો કરવા.
2. ધ્વજ ત્રિરંગો હોવો જોઈએ અને રંગના પટ્ટા આડી રેખામાં તથા સૌથી ઉપર કેસરી વચ્ચે સફેદ અને છેલ્લા ઘેરો લીલો રહે તો મુજબ ગોઠવણી કરવી.
3. ધ્વજમાં કેતુ સ્થાને રેંટિયાને બદલે સારનાથના અશોક સ્તંભના ચક્રની આબેહુબ આકૃતિ વચ્ચેના સફેદ પટ્ટામાં હોવી જોઈએ તથા કેતુનો રંગ ઘેરો વાદળી હોવો જોઈએ.

**પં. જવાહરલાલ નેહરૂનો દ્વારા ધ્વજ સંબંધી ઠરાવ**

ધ્વજના નમૂના બનાવી 2/7/1947 ના રોજ બંધારણ સભામાં રજુ કરવામાં આવ્યો. પં જવાહરલાલ નેહરૂએ રાષ્ટ્રધ્વજ રજુ કરવા સંબંધી ઠરાવ રજુ કર્યો કે,

"આથી ઠરાવવામાં આવે છે કે ભારતનો ધ્વજ કેસરી, સફેદ અને ઘેરાલીલા એવા એકસરખા માપના ત્રણ આડા પટ્ટાનો-ત્રિરંગો હશે. સફેદ પટ્ટાની મધ્યમાં ચરખા ના પ્રતિક સ્થાને ચક્ર હશે. ચક્રની ડિઝાઈન અશોકના સારનાથના સિંહસ્તંભ પરના ચક્રની જ રહેશે.

- ચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઈ જેટલો રહેશે.
- ધ્વજનું માપ 3:2 ના ગુણોત્તર લંબાઈ-પહોળાઈ રહેશે."



**ભારતનો પ્રથમ જાહેર ધ્વજવંદન કાર્યક્રમ**

આ સંદર્ભે ભારતનો પ્રથમ જાહેર ધ્વજવંદન કાર્યક્રમ 15 મી ઓગષ્ટ 1947 ના રોજ બપોરે, પં. જવાહરલાલ નહેરૂ એ ઈન્ડિયાગેટ પાસે પ્રિન્સેસપાર્કમાં રાષ્ટ્રધ્વજ લહેરાવીને કર્યો. યોગાનુયોગ તે દિવસનું વાતાવરણ પલટાયેલું હતું. આકાશમાં મેઘ-ધનુષ્ય દેખાયુ અને હાજર મેદની મુખમાં થી ઉદગારો સરિ પડ્યા કે, "ઈન્દ્ર ખુદ ત્રિરંગાને સલામ કરે છે". ધ્વજ-વંદનની વિધિમાં હિંદના અંતિમ બ્રિટિશ વાઈસરૉય માઉન્ટબેટન પણ ઉપસ્થિત હતા. સમગ્ર કાર્યક્રમનો રિપોર્ટ બ્રિટનના તાજને મોકલ્યો જેમાં મેઘ-ધનુષ્યનો ઉલ્લેખ પણ કરેલ હતો.

## 31. રાષ્ટ્રધ્વજનો ઈતિહાસ

રાષ્ટ્રધ્વજની વર્તમાન ડિઝાઈન માદામ ભીખૌજી કામાની છે. ગુજરાતનાં આ પારસીબાનું જ્યારે ળાન્સમાં રહેતાં હતાં ત્યારે તેમણે પોતાના સહકાર્યકરો સાથે મળીને ત્રિરંગા ધ્વજની આ યોજના મૂર્તિમંત કરી હતી. ધ્વજના ત્રણ રંગ, અનુક્રમે કેસરી રંગ સાહસ, સફેદ રંગ ત્યાગ, સત્ય તેમજ શાંતિનું પ્રતિક અને લીલો રંગ ધરતીમાતાનો હરિયાળો રંગ સૂચવે છે. ધ્વજની વચ્ચે ઘેરાભૂરા રંગનું ચક્ર હોય છે. જેમાં કુલ 24 આંકા છે. જે 24 કલાકના દિવસનું પ્રતિક છે. આ ચક્ર સારનાથના સ્તૂપના અશોકસ્તંભ પરથી લેવામાં આવ્યું છે. બૌધ્ધ ધર્મ પ્રમાણે આ ચક્ર ધર્મ અને ન્યાયના પ્રતિક સમાન છે. આ ચક્ર ભારતની પ્રાચીન સંસ્કૃતિ, નાગરિકોનું કર્તવ્ય, ન્યાય તથા સત્યનું સંસ્મરણ કરાવે છે.

**રાષ્ટ્રધ્વજ ફરકાવવાના નિયમો**

1. રાષ્ટ્રધ્વજનું માપ 3:2 પ્રમાણમાં હોવું જોઈએ.
2. રાષ્ટ્રધ્વજની લંબાઈ કરતાં 10 ગણો મોટો ધ્વજસ્તંભ હોવો જોઈએ.
3. રાષ્ટ્રધ્વજ ફરકે ત્યારે કેસરી રંગ હમેશાં ઉપર રહેવો જોઈએ.
4. રાષ્ટ્રધ્વજના સફેદ રંગ વચ્ચે 24 કાપાવાળું ચક્ર ધ્વજના બંને બાજુ હોવું જોઈએ એટલે કે તેની છાપ સ્પષ્ટ દેખાવી જોઈએ. ચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઈ જેટલો રહેશે તથા ચક્રનો રંગ ઘેરો વાદળી હોવો જોઈએ.
5. રાષ્ટ્રધ્વજ ફરકાવવા માથું ઢાકેલું રાખવું અલબત્ત કોઈ વિશિષ્ટ વ્યક્તિ ઉઘાડા માટે સલામી આપી શકે છે.

## ધ્વજ સમિતિ

- 1930 સુધીમાં ત્રિરંગો લોકપ્રિય થઈ ગયો ભારતમાં લગભગ બધાજ વર્ગોએ ત્રિરંગાનો સ્વીકાર કર્યો પરંતુ ત્રણ રંગનું કોમવાદી અર્થઘટન અસ્વીકાર્ય હતું.
- 1924 માં કોંગ્રેસનું અધિવેશન કલકત્તામાં મળ્યું. જેમાં રાષ્ટ્ર ધ્વજના રંગ ડિઝાઈન વિશે ગહન ચર્ચા થઈ અને જે તે વખતની રાજકીય સ્થિતિને ધ્યાનમાં રાખી તમામ વર્ગો ને સંતોષ થાય તે હેતુથી કોંગ્રેસ કારોબારીની બેઠક બીજી એપ્રિલ 1931 માં કરાચીમાં મળી જેમાં સાત સભ્યોની ધ્વજ સમિતિ બનાવવામાં આવી.
- 31 મી જુલાઈ 1931 સુધીમાં પોતાનો અહેવાલ સૂપ્રત કરવા જણાવ્યું.

### સમિતિના સભ્યો

1. ડૉ. પટ્ટાભિ સીતારામૈયા (કન્વીનર)
2. પંડિત જવાહરલાલ નહેરૂ
3. સરદાર વલ્લભભાઈ પટેલ
4. મૌલાના અબુ કલામ આઝાદ
5. માસ્ટર તારાસિંહ
6. ડૉ. એન.એસ. હર્ડીકર
7. દત્તાત્રેય બાલકૃષ્ણ-કાકાસાહેબ કાલેલકર

**ધ્વજ ત્રણ બાબતોનું સૂચન કરે છે.**



પતાકા :– હવામાં ફરકતું કપડું. કેતુ :– મુદ્રા (ધ્વજમાં અંકિત મુદ્રા) દંડ :– ધ્વજ પતાકા જેના ઉપર ધારણ કરાય તે યષ્ટિ અગર ધ્વજ યષ્ટિ.



**૧૯૦૬**




સચીન્દ્ર પ્રસાદ બોઝ ધ્વજની ડિઝાઈન ના પ્રેરણા સ્ત્રોત હતા. તેઓના અને અન્ય મહાનુભાવોના પ્રયત્નો એ પ્રેરણાથી તેઓએ બનાવેલ ધ્વજમાં ત્રણ પટ્ટીઓ લીલી, પીળી અને લાલ ઉપરની લીલી પટ્ટી માં આઠ અર્ધબીડાયેલા કમળ હતા. વચ્ચેની પીળા પટ્ટી પર વાદળી અક્ષરે વંદેમાતરમ લખ્યુ હતુ નીચેની લાલ પટ્ટી પર સૂરજ અને બીજના ચંદ્રની આકૃતિઓ સફેદ રંગમાં હતી.

**૧૯૦૭**




મેડમ કામાનો ધ્વજ જે સ્ટુટગાર્ટ ની ઈન્ટરનેશનલ શોશ્યાલીસટ કોંગ્રેસમાં ફરકાવાયો હતો.

## ૧૯૧૭



હોમરૂલ ની ચળવળ દરમ્યાન   ડો.એની બેસન્ટ અને લોકમાન્ય તિલકે
આ ધ્વજ ફરકાવ્યો હતો.

## ૧૯૨૧



ગાંધીજીએ મંજુર કરેલો તિરંગો.



## માર્ચ ૧૯૩૧



ધ્વજ સમિતિએ સુચવેલો ધ્વજ જે ભારતીય રાસ્ટ્રીય કોંગ્રેસે અસ્વિકાર કર્યો.

## ઓગષ્ટ– ૧૯૩૧



ભારતીય રાસ્ટ્રીય કોંગ્રેસે સત્તાવાર રીતે અપનાવેલો ધ્વજ.




ઈન્ડીયન લીજીયન નો ધ્વજ.

૧૯૪૭



રાષ્ટ્રધ્વજ ૧૯૪૭.



# 32. રાષ્ટ્રધ્વજનું સન્માન અને કાયદાકીય વ્યવસ્થા*

દરેક કુટુંબ, સમાજ કે દેશનું શ્રધ્ધાપ્રતિક એટલે તેનો રાષ્ટ્રધ્વજ છે. ધ્વજ તેના મૂખ્ય, ભાગ, સ્તંભ કે ઘર પર લગાડેલા કપડાના એક ટુકડા કરતાં ઘણું વિશેષ છે. આ રાષ્ટ્રધ્વજ માટે વર્ષોથી અનેક લોકો એ પોતાના જાનમાલની કુરબાની આપેલ હોય છે. તેથી આ ધ્વજ, કુટુંબ, કબીલા, સમાજ કે રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ રજુ કરે છે. પ્રત્યેક દેશને પોતાને રાષ્ટ્રધ્વજ અને તેનું પ્રતીક ચિન્હ હોય છે.

ઘણાં વર્ષો સુધી ઝીલેલા પડકારો તથા સંઘર્ષો, યાતનાઓ વેઠીને ભારતને ગુલામીમાંથી મુક્તિ અપાવનાર આઝાદીના ઘડવૈયા, રાજનેતા, સ્વાતંત્રના સેનાનીઓની જહેમત થકી આપણને મહામૂલી આઝાદી પ્રાપ્ત થઈ છે. માટે જ આઝાદીના પર્વની 15 મી ઓગષ્ટ (સ્વાતંત્ર પર્વ) તરીકે અને 26 મી જાન્યુઆરીની પ્રજાસત્તાક પર્વ તરીકે સમગ્ર દેશમાં ઉજવણી થાય છે.

આપણો રાષ્ટ્રધ્વજ એ આપણા રાષ્ટ્રની આન, બાન અને શાનના પ્રતિક સમાન છે. તે રાષ્ટ્રધ્વજને ગૌરવપૂર્ણ રીતે બીજા બધાથી અલગ તરી આવે અને સાફ દેખાય તે રીતે ફરકાવવો જોઈએ.

**રાષ્ટ્રધ્વજ અંગે ધ્યાનમાં રાખવાની બાબતો**

- રાષ્ટ્રધ્વજ એકદમ સ્વચ્છ હોવો જોઈએ.
- અન્ય કોઈ ધ્વજ રાષ્ટ્રધ્વજની જમણી બાજુએ કે તેનાથી વધુ ઊંચાઈએ ફરકાવી શકાય નહી.
- રેલી કે પરેડ વખતે રાષ્ટ્રધ્વજ કૂચ કરનારની જમણી બાજુએ રહે તેમ રાખવો.
- મિલિટરી ગ્રુપમાં રાષ્ટ્રધ્વજ હંમેશાં નીચે રહે છે અને તેનાથી બે ડગલાં આગળ રહીને પરેડ થાય છે.
- રાષ્ટ્રધ્વજને બીજા કોઈ ધ્વજ સાથે એક જ સ્તંભ પર ફરકાવી શકાય નહી.
- રાષ્ટ્રધ્વજનો ઉપયોગ ધંધાદારી (Professional) હેતુથી કરી શકાય નહિ.
- રાષ્ટ્રધ્વજ ઉપર કોઈપણ પ્રકારનું લખાણ લખી શકાય નહિ.
- રાષ્ટ્રધ્વજનો ઉપયોગ અધ્યક્ષની પાટલી કે મંચને ઢાંકવા માટે થઈ શકે નહી.

***સૌજન્ય : ડૉ. એચ.એ. હસન, અધ્યક્ષ વાણિજ્ય વિભાગ, નવજીવન આર્ટ્સ કોમર્સ કૉલેજ, દાહોદ.**

- રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કંઇ પણ મેળવવા, આપવા, ધરાવવા અથવા લઈ જવા માટે કોઈ પાત્ર તરીકે ઉપયોગ થઈ શકે નહી.
- રાજ્ય, રાષ્ટ્ર, લશ્કર અને કેન્દ્ર સરકારના અર્ધલશ્કરી દળો તરફથી થતી અંત્યેષ્ટિમાં ધ્વજ શબ પર ઢાંકવામા આવે ત્યારે કેસરી રંગ માથા તરફ રાખવામાં આવશે. અગ્નિસંસ્કાર કે કબરમાં દફન કરતાં પહેલાં શબ ઉપરથી ધ્વજ પૂરતા સમ્માન સાથે ખસેડી લેવામાં આવશે.
- ધ્વજને ઈરાદાપૂર્વક જમીન અથવા ભોંયતળીયે અડકવા દઈ શકાય નહીં તથા પાણીમાં અડકવા દઇ શકાય નહી.
- અગત્યના રાષ્ટ્રીય પ્રસંગે કે સાંસ્કૃતિક અને ખેલકૂદના પ્રસંગોએ જાહેર જનતા કાગળ કે પ્લાસ્ટિકના બનેલ રાષ્ટ્રધ્વજ જમીન પર ફેંકી દેવાના બદલે ધ્વજના ગૌરવને ધ્યાનમાં લઈ ખાનગી રાહે તેનો નિકાલ કરવો જોઈએ.
- સરકારે બહાર પાડેલ સૂચના અનુસાર ધ્વજ મકાન કે અન્ય સ્થળે અર્ધીકાઠીએ હોય તે સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા થકી અર્ધીકાઠીએ લહેરાવી શકાય નહીં. દરેક ભારતીય નાગરિકે રાષ્ટ્રધ્વજનું સમ્માન કરવું એ તેની પ્રાથમિક તથા મુખ્ય ફરજ અને કર્તવ્ય છે. વાસ્તવમાં આપણા રાષ્ટ્રધ્વજ ત્રિરંગાની આન, બાન, શાનની જાણવણી કરવી તે આપણ સૌની એક પવિત્ર ફરજ છે. રાષ્ટ્રધ્વજનું ઈરાદાપૂર્વક સમ્માન નહી કરનારને યોગ્ય દંડ અને ત્રણ વર્ષ સુધીની કેદની સજા ફટકારવાની પણ જોગવાઈ છે.

**ધ્વજ ફરકાવવાની / પ્રદર્શન કરવાની રીત**

- રાષ્ટ્રધ્વજ એ રાષ્ટ્રની આન, બાન અને શાનના પ્રતિક સમાન હોવાથી તેને ગૌરવપૂર્ણ રીતે બીજા બધાથી અલગ તરી આવે અને સાફ દેખાય તે રીતે ફરકાવવો જોઈએ.
- જાહેર ઈમારત, સરકારી કચેરીઓ પર ધ્વજ ફરકાવવાની પ્રથા છે. ત્યાં દરરોજ રવિવાર, રજા કે કોઈપણ પ્રકારના હવામાનના બાધ સિવાય સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી નિયમિત ફરકાવવાનો રહેશે.
- ધ્વજ હંમેશાં વિધિપૂર્વક અને પૂરતી ત્વરાથી ફરકાવવો જોઈએ તેમજ ધીમે-ધીમે નીચે ઉતારવો પણ જોઈએ. ધ્વજના આરોહણ અને અવરોહણની સાથે બ્યુગલ વગાડવાની પ્રથા હોય તો બન્ને ક્રિયા બ્યુગલ સાથે જ થવી જોઈએ.
- ધ્વજ જ્યારે આડા ગોઠવેલ દંડ પરથી કે ઝરૂખા, અગાસી કે મકાનના



આગળના ભાગમાં ખૂણો બનાવીને ફરકાવ્યો હોય ત્યારે કેસરી રંગનો પટ્ટો દંડના છેક દૂરના છેડા પર રહે તે રીતે ગોઠવવો જોઈએ.

- ધ્વજ દિવાલ પર ચોંટાડીને આડો દર્શાવવો હોય તો કેસરી પટ્ટો ઉપર આવવો જોઈએ. જો સીધો દર્શાવવો હોય તો, કેસરી પટ્ટો ધ્વજમાં જમણી બાજુએ એટલે કે સામેથી જોનારની ડાબી બાજુ તરફ જ આવવો જોઈએ.
- રસ્તાની વચ્ચેના ભાગમાં ધ્વજ બતાવવો હોય અને પૂર્વ-પશ્ચિમ દિશા હોય તો કેસરી રંગ પૂર્વ તરફ તેમજ જો ઉત્તર-દક્ષિણ દિશા હોય તો કેસરી રંગ ઉત્તર તરફ જ હોવો જોઈએ.
- વક્તાના મંચ પર ધ્વજ રાખવાનો હોય તો વક્તા મંચ પર આવે ત્યારે તેની જમણી બાજુએ દંડ પર અથવા વક્તાની પાછળની દિવાલ પર ઉપર તરફ સ્પષ્ટ જોઈ શકાય તે રીતે રાખવો.
- પ્રતિમાના અનાવરણ પ્રસંગે ધ્વજનો ઉપયોગ કરવાનો હોય તો, ધ્વજ પર સૌનું ધ્યાન અલગ રીતે કેન્દ્રીત થાય તે રીતે ગોઠવવો.
- કોઈપણ સંજોગોમાં ધ્વજનો ઉપયોગ પ્રતિમા કે સ્મારકના પરદા તરીકે થવો જોઈએ નહીં.
- મોટરગાડી પર ધ્વજ રાખવો હોય તો આગળના બોનેટના મધ્ય ભાગમાં, સજ્જડ રીતે બેસાડેલી દાંડી પર જે તે ગોઠવવો.
- ધ્વજને સરઘસ કે પરેડમાં લઈ જવાનો હોય તો ટુકડીની જમણી બાજુએ, જો અન્ય ધ્વજની કતાર હોય તો ધ્વજના મધ્ય બિંદુથી આગળ રાષ્ટ્રધ્વજ રાખવા.

**મોટર ગાડીઓ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો વિશેષાધિકારઃ**

- ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ
- રાજ્યના રાજ્યપાલ, ઉપરાજ્યપાલ
- ભારતના એલચીઓ - જે દેશમાં હોય ત્યાં.
- વડા પ્રધાન અને પ્રધાન મંડળના સભ્યો.
- લોકસભા — રાજ્યસભાના ડેપ્યુટી — સ્પીકર
- રાજ્યોના વિધાન પરિષદોના ચેરમેનો — ડેપ્યુટી ચેરમેનો.
- કેન્દ્રશાસિત પ્રદેશો, રાજ્યોના વિધાનસભાના સ્પીકરો- ડેપ્યુટી સ્પીકરો.
- ભારતના સર્વોચ્ચ ન્યાયમૂર્તિ, સર્વોચ્ચ વડી અદાલતોના મુખ્ય ન્યાયમૂર્તિઓ.
- કોઈ વિદેશી મહાનુભાવોને ભારત સરકાર તરફથી આપેલ મોટરગાડીમાં

પ્રવાસ કરતા હોય ત્યારે જમણી બાજુએ રાષ્ટ્રધ્વજ અને ડાબી બાજુએ જે તે દેશનો ધ્વજ રહે. એ રીતે રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો રહેશે.

**રાષ્ટ્રધ્વજને સલામી**

- ધ્વજના આરોહણ અને અવરોહણ વખતે અથવા ધ્વજપરેડમાં અથવા સલામી-નિરીક્ષણ માટે પસાર થયો હોય ત્યારે ત્યાં હાજર હોય તે દરેક વ્યક્તિએ ધ્વજની સામે જોવું જોઈએ અને સાવધાની મુદ્રામાં ઉભા રહેવું જોઈએ.
- પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિ પરેડ શરૂ થતા પહેલાં, રાજપથ પર ધ્વજ લહેરાવાય છે. આવે વખતે ધ્વજને 21 તોપોની સલામી અપાય છે અને રાષ્ટ્રપ્રમુખ પણ ધ્વજને સલામ કરે છે, તથા દર પાંચ સેકન્ડના સમયાંતરે તોપ ફોડવામાં આવે છે. આ તમામ બાબતો એ બાબત સાફ દર્શાવે છે કે સ્વાતંત્ર્ય સર્વોપરી બાબત છે.




**ગર્વ સે કહો, "મેરા ભારત મહાન"**

★★★★★★★★★



# 'ભારતીય બંધારણ - સંક્ષિપ્તમાં'

## વિભાગ - 2 : પ્રશ્નોત્તર

# અનુક્રમણિકા - વિભાગ- 2 પ્રશ્નોત્તર


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|
| 1 | પ્રાસ્તાવિક | 103 |
| 2 | હિંદ સ્વાતંત્ર્ય ધારો (1947) | 104 |
| 3 | બંધારણનું ઘડતર | 105 |
| 4 | ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો | 110 |
| 5 | ભારતીય બંધારણનું આમુખ | 115 |
| 6 | નાગરિકોના મૂળભૂત અધિકારો | 117 |
| 7 | નાગરિકોની મૂળભૂત ફરજો | 143 |
| 8 | રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | 144 |
| 9 | ભારતની સંઘીય કારોબારી | 148 |
| 10 | ભારતનાં રાજ્યોની કારોબારી | 162 |
| 11 | સંઘ સંસદ | 164 |
| 12 | ભારતીય ન્યાયતંત્ર | 173 |
| 13 | કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ | 177 |
| 14 | અનુસૂચિત જાતિ-જનજાતિ અને વિશિષ્ટ વિસ્તારોનો વહીવટ | 179 |
| 15 | અંદાજપત્ર (નાણાખરડો) | 184 |
| 16 | કાયદાના ઘડતરની પ્રક્રિયા | 185 |
| 17 | સંઘ-રાજ્ય સંબંધો | 187 |
| 18 | નાણાપંચ | 189 |
| 19 | સંઘ-રાજ્ય લોકસેવા આયોગ | 193 |
| 20 | ચૂંટણીપંચ | 196 |
| 21 | સંસદની સમિતિઓ | 199 |
| 22 | યોજનાપંચ | 204 |
| 23 | ભારતની આંતરરાજ્ય પરિષદ | 205 |
| 24 | કટોકટી અંગેની જોગવાઈઓ | 206 |
| 25 | બંધારણમાં સુધારો કરવાની કાર્યવાહી અને સુધારાઓ | 209 |
| 26 | સંસદીય શબ્દો | 212 |
| 27 | ભારતીય બંધારણના પરિશિષ્ટો | 217 |
| 28 | ભારતીય બંધારણનાં તથ્યો | 220 |
| 29 | ભારતનાં રાષ્ટ્રીય પ્રતિકો | 228 |
| 30 | રાષ્ટ્ર-ધ્વજમાં ફેરફારોની ભલામણો | 231 |
| 31 | રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ | 232 |
| 32 | રાષ્ટ્રધ્વજનું સન્માન અને કાયદાકીય વ્યવસ્થા | 233 |
| 33 | પ્રકરણ 1 થી 32 ના ઉત્તર | 257 |




## પ્રકરણ – 1 : પ્રાસ્તાવિક

(1) બંધારણને જીવનની માફક એક પ્રયોગ ગણાવનાર પાશ્ચાત્ય બંધારણવિદ્ અત્રે – નીચે જણાવેલ પૈકીના કયા એક છે ?

(અ) ન્યાયમૂર્તિ ડબલ્યૂ હોમ્સ

(બ) બંધારણવિદ્ ઓસ્ટિન

(ક) સર આઈવર જેનિંગ્સ

(ડ) પ્રોફે. કે. સી. વ્હીલર

(2) બંધારણવિદ્ ઓસ્ટિન મુજબ, "રાજ્યની ......... સત્તા નિર્ધારિત કરતા સિદ્ધાંતિ ઓટલે બંધારણ."

(અ) મૂળભૂત (બ) પાયાની

(ક) સાર્વભૌમ (ડ) પરંપરાગત

(3) પ્રથમ નજરે અવ્યવસ્થિત જણાતા સરકારી તંત્રની સમગ્ર સંરચના સમજવા માટે બંધારણ ......... ગણાય છે.

(અ) ઉપયોગી દસ્તાવેજ (બ) જરૂરી દસ્તાવેજ

(ક) સાચો દસ્તાવેજ (ડ) પાયાનો દસ્તાવેજ

(4) "ભારતીય બંધારણ એ માનવ ઈતિહાસમાં અસાધારણ અને વિશિષ્ટ પ્રકારની મુત્સદ્દીગીરીનું ઉત્તમ ઉદાહરણ છે. તે સ્થિતિસ્થાપક અને સુપરિવર્તનશીલ છે. તે કોઈપણ આંધી અથવા તૂફાન આગળ ઝૂકી જાય તેમ બને, પરંતુ તે કયારેય નષ્ટ થશે નહિ." ઉક્ત શબ્દો કોના છે ?

(અ) એન. આર. રાઘવાચારી

(બ) ટી. ટી. કૃષ્ણામાચારી

(ક) ડૉ. બાબા સાહેબ આંબેડકર

(ડ) ક. મા. મુનશી

(5) બંધારણને અભાવે નિરંતર અવ્યવસ્થા, સંઘર્ષ તેમજ ગજગ્રાહ ચાલ્યા જ કરે છે, જેથી લોકોમાં...

(અ) અંધશ્રદ્ધા ફેલાવાની શક્યતા વધે છે

(બ) અંધાધૂંધી ફેલાવાની શક્યતા વધે છે

(ક) આત્મશ્રદ્ધા ફેલાવાની શક્યતા વધે છે

(ડ) આત્મશ્લાઘા ફેલાવાની શક્યતા વધે છે

(6) ભારતનું નૂતન બંધારણ દેશની પ્રજાને સમર્પિત કરવાનો યશ કોને ફાળે જાય છે?
(અ) રાષ્ટ્રપ્રમુખ રાજેન્દ્રપ્રસાદ (બ) વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુ
(ક) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી
(ડ) પ્રથમ ભારતીય ગર્વનર જનરલ સી. રાજગોપાલાચારી

(7) બંધારણ એ રાજ્યોનો મૂળભૂત કાનૂન છે, તે સરકારની રચના માટે મહત્ત્વના સિદ્ધાંતો દર્શાવી સત્તાની .......... કરે છે.
(અ) ઉદ્‌ઘોષણા (બ) વહેંચણી
(ક) સમતુલા (ડ) સાર્થકતા પુરવાર

## પ્રકરણ – 2 : હિંદ સ્વાતંત્ર્ય ધારો

(8) 1947નો હિંદ સ્વાતંત્ર્ય ધાર એ ભારતનો એકમાત્ર શ્રેષ્ઠ અને શ્રેયસ્કર ધારો છે એ પ્રખ્યાત વિધાન કોનું છે ?
(અ) ડૉ. બાબા સાહેબ આંબેડકર
(બ) પટ્ટાભી સિતારામૈયા
(ક) મહાત્મા ગાંધીજી (ડ) ક.મા. મુનશી

(9) બ્રિટિશ પાર્લામેન્ટ સમક્ષ (20 ફેબ્રુઆરી, 1947) બોલતાં મજદૂરપક્ષ વતી ચૂંટાયેલ નેતા અને બ્રિટનના વડાપ્રધાન .......... એ હિંદ સ્વાતંત્ર્યની સર્વપ્રથમ જાહેરાત કરી.
(અ) વિન્સંટ ચર્ચિલ (બ) મેજર ક્લેમેંટ એટલી
(ક) મિ. ચેમ્બરલેઈન (ડ) સેમ્યુઅલ હોર

(10) પેઢીઓથી આપણે અખંડ અને સ્વતંત્ર હિંદનું સ્વપ્ન જોતા આવ્યા છીએ, ત્યારે તેનાં કેટલાંક અંગો છૂટાં પડવાથી ... દુઃખ થાય છે છતાં મને લાગે છે કે આપણો (વિભાજનનો) નિર્ણય સાચો છે. એ વિધાન કોનું છે ?
(અ) મહાત્મા ગાંધીજી (બ) પં. જવાહરલાલ નહેરુ
(ક) સરદાર વલ્લભભાઈ પટેલ
(ડ) ચક્રવર્તી રાજગોપાલાચારી

(11) આજનો દિવસ (15 ઓગસ્ટ 1947) ભારતીય પ્રજાજનોનો છે એ કોણે કહ્યું હતું ?
(અ) ગ.જ. માઉન્ટ બેટન (બ) સી. રાજગોપાલાચારી
(ક) મહાત્મા ગાંધીજી (ડ) સરદાર વલ્લભભાઈ પટેલ



(12) બંને રાષ્ટ્રો (ભારત–પાકિસ્તાન)માં નવું બંધારણ અમલમાં આવે ત્યાં સુધી નીચેનામાંથી કયા એક ધારા અનુસાર દેશનો વહીવટ ચલાવવાનું નક્કી કરાયું હતું ?
(અ) મોર્લે – મિન્ટો ધારો (1909)
(બ) મોન્ટ ફર્ડ ધારો (1919)
(ક) હિંદ ધારો (1935)
(ડ) હિંદ સ્વાતંત્ર્ય ધારો (1947)

(13) હિંદ સ્વાતંત્ર્ય ધારાના અમલ સાથે બ્રિટિશ રાજા માટેના કયા સંબોધનનો અંત આવ્યો ?
(અ) ક્યારેય ન આથમતા સૂર્યવાળા દેશના માલિક
(બ) હિંદના તાજ (ક) બ્રિટિશ તાજ
(ડ) હિંદના શહેનશાહ

(14) બ્રિટિશ આધિપત્યમાંથી મુક્ત થયેલ ભારત હવે શેનું સભ્ય બન્યું ?
(અ) બ્રિટિશ રાષ્ટ્ર સમૂહનું
(બ) લીગ ઑફ નેશન્સનું
(ક) સંયુક્ત રાષ્ટ્ર (U.N.) નું
(ડ) યુનાઈટેડ કિંગડમનું

(15) હિંદના ભાગલાથી વાયવ્ય સરહદ પ્રાંત (નોર્થ ઈસ્ટ ફંટિયર) પાકિસ્તાનમાં જવાના નિર્ણયનો ભારે ખેદ સાથે કયા નેતાએ વિરોધ કર્યો હતો ?
(અ) મહાત્મા ગાંધીજી (બ) પં. જવાહરલાલ નહેરુ
(ક) મહંમદ અલી જિન્હા (ડ) ખાન અબ્દુલ ગફારખાન

## પ્રકરણ – 3 : બંધારણનું ઘડતર

(16) ભારતીય બંધારણનું ઘડતર કોની બનેલી બંધારણ સભા દ્વારા કરાયું ?
(અ) ભારતીયોની (બ) બ્રિટિશરોની
(ક) ભારત–પાક પ્રજાજનોની
(ડ) ભારત–બ્રિટિશ સાંસદોની

(17) બંધારણ સભાના ઘડતરનો વિચાર કઈ ઘટના પછી ક્રમશઃ વિકસ્યો હતો?

(અ) 1857ના વિપ્લવ પછી

(બ) મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરા પછી

(ક) હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પછી

(ડ) બંગભંગની ચળવળ પછી

(18) ભારતીયો માટે બંધારણસભા હોય તેવી લાગણીની અભિવ્યક્તિ સર્વપ્રથમ સ્વરાજ વિધેયક (1895) દ્વારા કયા રાષ્ટ્રીય નેતાએ રજૂ કરી હતી?

(અ) ફિરોજશાહ મહેતા (બ) દાદાભાઈ નવરોજી

(ક) લાલા લજપતરાય (ડ) લોકમાન્ય તિલક

(19) "ભારતનું બંધારણ ભારતના લોકોની ઇચ્છાને અનુરૂપ હોવું જોઈએ" શબ્દો કયા રાષ્ટ્રીય નેતાએ ઉચ્ચાર્યા હતા ?

(અ) લોકમાન્ય તિલક (બ) મહાદેવ ગોવિંદ રાનડે

(ક) મહાત્મા ગાંધીજી (ડ) ગોપાલકૃષ્ણ ગોખલે

(20) બંધારણ સભા દ્વારા સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવાનો વિચાર મહાત્મા ગાંધીજીએ સર્વપ્રથમ ઈ.સ. ..........માં રજૂ કર્યો હતો.

(અ) 1920 (બ) 1922

(ક) 1930 (ડ) 1932

(21) હિંદી રાષ્ટ્રીય મહાસભાની બેઠક (1938)માં કયા રાષ્ટ્રીય નેતાએ પુખ્તવય મતાધિકારને ધોરણે રચાયેલ બંધારણીય સભા જ ભારતનું બંધારણ ઘડવા માટે લાયક હોવાનું જણાવ્યું ?

(અ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (બ) ડૉ. બાબા સાહેબ આંબેડકર

(ક) ચક્રવર્તી રોજગોપાલાચારી

(ડ) પં. જવાહરલાલ નહેરુ

(22) બ્રિટિશ સરકારે ભારતના પુખ્તવય મતાધિકારને ધોરણે રચાયેલ બંધારણસભા દ્વારા તેના બંધારણ ઘડતરના સિદ્ધાંતનો સ્વીકાર નીચેનામાંથી કઈ યોજના અંતર્ગત સૌપ્રથમ વખત કર્યો ?

(અ) ઓગસ્ટ ઓફર (1940)

(બ) ક્રિપ્સ મિશન (1942) (ક) વેવેલ યોજના (1945)

(ડ) કેબિનેટ મિશન (1946)



(23) ભારતીય બંધારણ સભાની રચના .......... અનુસાર પરોક્ષ મતદાન દ્વારા કરવાનું ઠરાવવામાં આવ્યું.

(અ) ઓગસ્ટ ઓફર (બ) સી. આર. ફોર્મ્યુલા

(ક) ક્રિપ્સ મિશન (ડ) કેબિનેટ મિશન

(24) બંધારણસભા માટેની ચૂંટણી (જુલાઈ 1946) પૂરી થતાં કુલ 389 સભ્યોમાંથી ......... સભ્યો માટેની ચૂંટણી યોજાઈ.

(અ) 270 (બ) 280

(ક) 236 (ડ) 296

(25) બંધારણસભાની સર્વપ્રથમ બેઠક ક્યારે મળી ?

(અ) 9 ડિસેમ્બર 1945 (બ) 9 ડિસેમ્બર 1946

(ક) 9 ડિસેમ્બર 1947 (ડ) 9 ડિસેમ્બર 1948

(26) બંધારણ સભાના સર્વપ્રથમ અધ્યક્ષ (ડિસેમ્બર 1946) પદે નીચેનામાંથી કયા મહાનુભાવની વરણી કરવામાં આવી ?

(અ) ડૉ. બાબા સાહેબ આંબેડકર

(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(ક) શ્રી અલ્લાદી કૃષ્ણામાચારી ઐય્યર

(ડ) શ્રી બી. એન. રાવ

(27) બંધારણ સભાના બંધારણીય સલાહકાર તરીકે કોની વરણી થઈ હતી ?

(અ) શ્રી બી. એન. રાવ (બ) શ્રી ટી. ટી. કૃષ્ણામાચારી

(ક) શ્રી ક. મા. મુનશી (ડ) શ્રી અલ્લાદી કૃષ્ણામાચારી ઐય્યર

(28) બંધારણને અંતિમ સ્વરૂપ આપવા માટે (29 ઓગસ્ટ 1947) કઈ સંસ્થાની રચના કરવામાં આવી ?

(અ) સલાહકાર સમિતિ (બ) કાર્યવાહક સમિતિ

(ક) મુસદ્દા સમિતિ (ડ) સંચાલન સમિતિ

(29) નાગરિકત્વ, ચૂંટણી અને વચગાળાની સંસદ જેવી કેટલીક મહત્ત્વની બાબતોનો અમલ સ્વાતંત્ર્યોત્તર ભારતમાં ક્યારથી શરૂ કરવામાં આવ્યો ?

(અ) 26 નવેમ્બર 1948 (બ) 26 ડિસેમ્બર 1948

(ક) 26 નવેમ્બર 1949 (ડ) 26 ડિસેમ્બર 1949

(30) મુસદ્દા સમિતિ (ડ્રાફ્ટિંગ કમિટિ)માં સમાવિષ્ટ એવા કેટલાક જાણીતા બંધારણીય સભ્યોનાં નામો અત્રે આપેલ છે તેમાંથી કયું એક માત્ર અસંગત છે ?

(અ) ડૉ. બાબા સાહેબ આંબેડકર

(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ક) શ્રી એન. ગોપાલાસ્વામી આયંગર

(ડ) શ્રી સૈયદ મોહમ્મદ સાદુલ્લા

(31) 26 જાન્યુઆરી 1950ના રોજ બંધારણ સભાને .........ના રૂપમાં ફેરવી દેવાઈ.

(અ) વચગાળાની સંસદ (બ) સર્વોચ્ચ અદાલત

(ક) સલાહકાર સમિતિ (ડ) કાર્યવાહક સમિતિ

(32) તા. 13 ડિસેમ્બર 1946ના રોજ મળેલ બંધારણસભામાં 'ઉદ્દેશ્ય પ્રસ્તાવ' રજૂ કરવાનો યશ કયા ભારતીય રાજપુરૂષને ફાળે જાય છે ?

(અ) મહાત્મા ગાંધીજી (બ) ડૉ. બાબા સાહેબ આંબેડકર

(ક) પંડિત જવાહરલાલ નહેરુ

(ડ) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

(33) અત્રે આપેલ વિભાગ I બંધારણ સભાની કેટલીક સમિતિઓનાં નામ અને વિભાગ II માં તેના અધ્યક્ષશ્રીઓનાં નામ આડા અવળા ક્રમમાં આપેલ છે, જેને પ્રશ્ન નીચે આપેલા વિકલ્પો પૈકીના એક સાચા ઉત્તરને આધારે યોગ્ય ક્રમમાં જોડીને સાચાં જોડકાં બનાવો.

| વિભાગ I | | વિભાગ II |
|---|---|---|
| (1) સંઘ સરકાર સમિતિ | (a) | ડૉ. બી. આર. આંબેડકર |
| (2) મુસદ્દા સમિતિ | (b) | આચાર્ય જે. બી. કૃપલાની |
| (3) સંચાલન સમિતિ | (c) | પં. જવાહરલાલ નહેરુ |
| (4) મૂળભૂત અધિકાર સમિતિ | (d) | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ |
| (5) રાષ્ટ્રધ્વજ સમિતિ | (e) | સરદાર વલ્લભભાઈ પટેલ |

(અ) 1 = a, 2 = b, 3 = c, 4 = d, 5 = c

(અ) 1 = c, 2 = a, 3 = d, 4 = e, 5 = b

(ક) 1 = a, 2 = b, 3 = c, 4 = d, 5 = e

(ડ) 1 = e, 2 = b, 3 = a, 4 = d, 5 = c



(34) ભારતીય બંધારણના ઘડતરમાં કુલ કેટલો સમય લાગ્યો હતો ?

(અ) 2 વર્ષ 8 માસ 15 દિવસ

(બ) 2 વર્ષ 09 માસ 16 દિવસ

(ક) 2 વર્ષ 10 માસ 17 દિવસ

(ડ) 2 વર્ષ 11 માસ 18 દિવસ

(35) ભારતીય બંધારણ ઘડતર પાછળ અંદાજિત કેટલો ખર્ચ થયો ?

(અ) 260 લાખ (બ) 62 લાખ

(ક) 64 લાખ (ડ) 66 લાખ

(36) ભારતીય બંધારણનો રાષ્ટ્રવ્યાપી અમલ કઈ તારીખથી શરૂ કરાયો ?

(અ) 26 જાન્યુઆરી 1949 (બ) 26 જાન્યુઆરી 1960

(ક) 26 જાન્યુઆરી 1951 (ડ) 26 જાન્યુઆરી 1952

(37) ભારતીય બંધારણ ઘડતરના પ્રારંભિક તબક્કામાં તેમાં કુલ ......... અનુચ્છેદ (કલમ) અને 8 પરિશિષ્ટો સમાવી લેવાયાં હતાં.

(અ) 392 (બ) 393

(ક) 394 (ડ) 395

(38) ભારતની પ્રથમ બંધારણ સભામાં ચૂંટાયેલી તમામ મહિલા સભ્યો કયા એકમાત્ર પક્ષની હતી ?

(અ) સ્વરાજ પક્ષ (બ) કોંગ્રેસ પક્ષ

(ક) સ્વતંત્ર પક્ષ (ડ) સમાજવાદી પક્ષ

(39) પ્રથમ બંધારણ સભાનું સભ્યપદ સ્વાસ્થ્યનાં કારણોસર નીચેનામાંથી કયા બે સભ્યોએ સાદર સ્વીકાર્યું ન હતું ?

(અ) શ્રી જયપ્રકાશ નારાયણ અને શ્રી તેજબહાદુર સપ્રુ

(બ) શ્રી ડી. પી. ખૈતાન અને શ્રી જે. પી.

(ક) શ્રી તેજબહાદૂર સપ્રુ અને શ્રી બી. એલ. મિત્તલ

(ડ) શ્રી જી. એસ. ઐયંગર અને શ્રી જે. પી.

(40) અત્રેના વિભાગ I માં ભારતના બંધારણની મૂળ (પ્રારંભિક) અનુક્રમણિકામાં આપેલ પ્રકરણ અને વિભાગ II માં તેની કલમ તથા સંબંધિત પૃષ્ઠ જણાવેલ છે જેને પ્રશ્ન નીચેના એક સાચા જવાબને આધારે ગોઠવીને સાચાં જોડકાં તૈયાર કરો.

| વિભાગ - I | | વિભાગ - II |
|---|---|---|
| (1) મૂળભૂત અધિકારો | (અ) | કલમ 308–323, પૃષ્ઠ 308–312 |
| (2) સંઘ–રાજ્ય ક્ષેત્રો | (બ) | કલમ 352–36 0 પૃષ્ઠ 334–342 |
| (3) પંચાયતો | (ક) | કલમ 012–035 પૃષ્ઠ 186–196 |
| (4) સંઘ–રાજ્ય જાહેર સેવાઓ | (ડ) | કલમ 239–242, પૃષ્ઠ 268–273 |
| (5) કટોકટી | (ઇ) | કલમ 243 – 243–એ પૃષ્ઠ 274–279 |

(અ) 1 = b, 2 = a, 3 = c, 4 = d, 5 = e
(બ) 1 = a, 2 = b, 3 = c, 4 = d, 5 = e
(ક) 1 = c, 2 = d, 3 = e, 4 = a, 5 = b
(ડ) 1 = b, 2 = c, 3 = d, 4 = e, 5 = a

(41) બંધારણ સત્તાઓ નક્કી કર્યા મુજબ બંધારણના અમલ બાદ તુરત જ પુખ્તવય મતાધિકારને ધોરણે સ્વતંત્ર ભારતની પ્રથમ ચૂંટણીઓ નીચેનામાંથી કયા એક વર્ષે યોજવામાં આવી ?
(અ) 1949 (બ) 1950
(ક) 1951 (ડ) 1952

(42) સ્વાતંત્ર્યોત્તર ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી (Gen. Election) માં કયા પક્ષને ભારે બહુમતી મળી હતી?
(અ) કોંગ્રેસ (બ) સ્વરાજ પક્ષ
(ક) સ્વતંત્ર પક્ષ (ડ) સમાજવાદી પક્ષ

## પ્રકરણ - 4 : ભા. બંધારણનાં મુખ્ય લક્ષણો

(43) ભારતીય બંધારણ શાથી નોંધપાત્ર ગણાય છે ?
(અ) તેનાં મહત્ત્વપૂર્ણ લક્ષણોથી
(બ) તેની અસરકારકતાથી
(ક) તેની લોકપ્રિયતાથી (ડ) તેની અપરિવર્તનશીલતાથી



(44) ભારતીય બંધારણના ઘડવૈયાઓ વિશ્વભરનાં લગભગ તમામ જાણીતાં બંધારણો સાથે ......... પ્રયાસ કર્યો છે.
(અ) સમન્વય નહીં સાધવાનો (બ) સમન્વય સાધવાનો
(ક) જુદા પડવાનો (ડ) એક જેવા દેખાવાનો

(45) ભારતનું બંધારણ સૌથી ......... અને વિષદ્ સ્વરૂપ ધરાવે છે.
(અ) એકરૂપ (બ) સમાન
(ક) ટૂંકું (ડ) લાંબુ

(46) ભારતીય બંધારણ કુલ કેટલા ભાગોમાં વહેંચાયેલું છે ?
(અ) 20 (બ) 21
(ક) 22 (ડ) 23

(47) ભારતીય બંધારણમાં સંસદીય શ્રેષ્ઠતા અને ન્યાયિક સર્વોચ્ચતાનો .........
(અ) સમન્વય સધાયેલ છે
(બ) સમન્વય થવો જોઈતો હતો
(ક) સમન્વય સાધવા પ્રયત્ન કરેલ છે
(ડ) સમન્વય સાધવા પ્રયત્ન પણ કરેલ નથી

(48) ભારતના બંધારણ પર બ્રિટનની સંસદીય શ્રેષ્ઠતા તેમજ .........ની ન્યાયિક શ્રેષ્ઠતાનો સ્પષ્ટ પ્રભાવ જણાઈ આવે છે.
(અ) આર્યલેન્ડ (બ) ઓસ્ટ્રેલિયા
(ક) દ. આફ્રિકા (ડ) અમેરિકા

(49) ભારતીય બંધારણમાં 'સંસદ' અને 'ન્યાયતંત્ર' જેવાં પ્રમુખ અંગો પોતાના ક્ષેત્રમાં .....
(અ) ઠીક–ઠીક એવું સ્થાન ધરાવે છે
(બ) સર્વોચ્ચ સ્થાન ધરાવે છે
(ક) સૌથી નિમ્ન સ્થાન ધરાવે છે
(ડ) સૌથી નગણ્ય સ્થાન ધરાવે છે

(50) ભારતના બંધારણનું અર્થઘટન કરવાની સત્તા કોને અપાયેલ છે ?
(અ) રાષ્ટ્રપ્રમુખને (બ) વડાપ્રધાનને
(ક) સર્વોચ્ચ અદાલતને (ડ) સંસદને

(51) સંસદ દ્વારા પસાર કરાયેલ કોઈપણ કાયદો જો તેના (સંસદના) અધિકાર ક્ષેત્રની બહાર જતો હોય તો તેને સંસદ...

(અ) ગેરકાયદેસર (અમાન્ય) ઠેરવી શકે છે

(બ) સુધારો કરવા સૂચવી શકે છે

(ક) પસાર ન કરવા ભલામણ કરી શકે છે

(ડ) ફેર વિચારણા કરવા જણાવી શકે છે

(52) ભારતીય બંધારણ કઈ શાસનપ્રણાલીની જોગવાઈ કરે છે ?

(અ) સંસદીય (બ) પ્રમુખશાહી

(ક) એકતંત્રી (ડ) બહુતંત્રી

(53) ભારતીય બંધારણના ઘડનારાઓએ અમેરિકા જેવી પ્રમુખશાહીને બદલે .......... જેવી સંસદીય શાસનપ્રણાલીનું અંશતઃ અનુકરણ કર્યું છે.

(અ) આર્યલેન્ડ (બ) ઇંગ્લેન્ડ

(ક) ઓસ્ટ્રેલિયા (ડ) દક્ષિણ આફ્રિકા

(54) ભારતીય બંધારણનું સ્વરૂપ કેવું છે ?

(અ) એકતંત્રી (બ) બહુતંત્રી

(ક) સંઘીય (ડ) સમવાય તંત્રી

(55) ભારતીય બંધારણની કલમ 74(1) મુજબ રાષ્ટ્રપ્રમુખ કોની સલાહ અને સહાયથી પોતાની ફરજો અને કાર્યો નિભાવે છે ?

(અ) ઉપરાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન અને પ્રધાનમંડળ

(ક) સર્વોચ્ચ ન્યાયાધીશ (ડ) સંસદનાં બંને ગૃહો

(56) ભારતીય બંધારણમાં સ્થિતિસ્થાપકતા (પરિવર્તન શીલતા) સાથે બીજા કયા તત્ત્વનો સુભગ સમન્વય કરવામાં આવેલ છે ?

(અ) ચુસ્તતા (બ) વ્યસ્તતા

(ક) અગ્રિમતા (ડ) એકાગ્રતા

(57) ભારતીય બંધારણ બ્રિટન જેવું વધુ પડતું સ્થિતિસ્થાપક કે .......... જેવું વધુ પડતું ચુસ્ત નથી.

(અ) દક્ષિણ આફ્રિકા (બ) ઓસ્ટ્રેલિયા

(ક) આર્યલેન્ડ (ડ) અમેરિકા



(58) પરિવર્તનશીલ બંધારણ કાયદાકીય દૃષ્ટિએ બંધારણીય અને સામાન્ય બાબત વચ્ચે .......... .

(અ) કોઈ ભેદ કરતું નથી (બ) ભેદ કરે છે

(ક) સમાન ભાવે વર્તે છે (ડ) તટસ્થતા દાખવે છે

(59) કયા પ્રકારના બંધારણમાં ફેરફાર કરવા માટે વિશિષ્ટ, જટિલ અને લાંબી પ્રક્રિયા હાથ ધરવી પડે છે ?

(અ) પરિવર્તનશીલ (બ) અપરિવર્તનશીલ

(ક) મિશ્ર (ડ) આમાંથી એકેય નહિ

(60) સંઘીય બંધારણમાં સુધારાની પ્રક્રિયા મુશ્કેલ હોવાથી આવાં બંધારણ .......... .

(અ) ચુસ્ત કહેવાય (બ) તરલ કહેવાય

(ક) તટસ્થ કહેવાય (ડ) ઢીલાં–પોચાં કહેવાય

(61) ભારતીય બંધારણ સમય અને પરિસ્થિતિ અનુસાર સંઘીય અને .......... પણ બનાવાય છે.

(અ) ચુસ્ત (બ) તરલ

(ક) એકતંત્રી (ડ) તટસ્થ

(62) ભારતીય બંધારણમાં કરાયેલ 42મા બંધારણીય સુધારા (1976)નો સંબંધ નીચેનામાંથી કઈ એક બાબત સાથે છે ?

(અ) મૂળભૂત અધિકારો (બ) મૂળભૂત ફરજો

(ક) ન્યાયતંત્ર (ડ) બિન સાંપ્રદાયિકતા

(63) ભારતીય બંધારણમાં .......... રાજ્યની રચનાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવેલો છે ?

(અ) રામ (બ) કલ્યાણ

(ક) સમાજવાદી (ડ) મૂડીવાદી

(64) પ્રારંભિક વર્ષોમાં ભારતીય બંધારણમાં પુખ્તવય મતાધિકાર માટે 21 વર્ષની વય નક્કી કરાઈ હતી. તેને 1989ના કયા બંધારણીય સુધારા અનુસાર ઘટાડીને 18 વર્ષની કરવામાં આવી ?

(અ) 60 મા (બ) 61 મા

(ક) 62 મા (ડ) 63 મા

(65) ભારતીય બંધારણમાં એકીકૃત અને ન્યાયતંત્રની જોગવાઈ કરીને તેને ન્યાયિક સમીક્ષાની સત્તા અપાઈ છે.

(અ) સ્વાયત્ત (બ) બિન સ્વાયત્ત

(ક) નિયંત્રિત (ડ) અનિયંત્રિત

(66) બંધારણ દ્વારા નિર્મિત મૂળભૂત અધિકારોની જાળવણી માટે કોની સ્વાયત્તતા જરૂરી છે ?

(અ) પ્રજાતંત્રની (બ) ન્યાયતંત્રની

(ક) સંસદની (ડ) આમાંથી એક પણ નહીં

(67) ભારતના બંધારણે કયા પ્રકારના નાગરિકત્વનો સ્વીકાર કરેલ છે ?

(અ) એકલ (બ) ડબલ

(ક) વિરલ (ડ) મિશ્ર

(68) ભારતીય બંધારણે મહાત્મા ગાંધીજીના શબ્દોમાં સ્વીકારેલ 'રામરાજ્ય'ને વાસ્તવમાં આપણે નીચેનામાંથી કયા એક પ્રકારના રાજ્ય તરીકે ઓળખાવી શકીએ ?

(અ) પ્રજા રાજ્ય (બ) શ્રેષ્ઠ રાજ્ય

(ક) કલ્યાણ રાજ્ય (ડ) આદર્શ રાજ્ય

(69) ભારતીય બંધારણે રાજભાષા તરીકે હિંદી અને સત્તાવાર ભાષા તરીકે .......... ભાષાનો સ્વીકાર કરેલ છે.

(અ) સંસ્કૃત (બ) હિન્દી

(ક) અંગ્રેજી (ડ) આમાંથી એકેય નહીં

(70) ......... અને મોટું સ્વરૂપ એ ભારતીય બંધારણનું એક વિશિષ્ટ લક્ષણ છે.

(અ) સંક્ષિપ્ત (બ) લિખિત

(ક) કુંઠિત (ડ) વિક્ષપ્ત

(71) ભારતીય બંધારણના 42મા સુધારા (1976)ની કલમ 1 થી કયા નવા શબ્દો ઉમેરવામાં આવેલ છે ?

(અ) રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા

(બ) રાષ્ટ્રીય વિકાસ અને અખંડિતતા

(ક) રાષ્ટ્રીય ગૌરવ અને એકતા

(ડ) રાષ્ટ્રીય પ્રગતિ અને એકતા



(72) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા આર્થિક રીતે પછાત જાતિના કલ્યાણ માટે વિવિધ પગલાં ભરવાની બંધારણમાં .......... .

(અ) જોગવાઈ કરવાનું વિચારાઈ રહ્યું છે

(બ) જોગવાઈ કરવામાં આવેલ છે

(ક) જોગવાઈ થવી જોઈતી હતી

(ડ) હવે જોગવાઈ કરવાનો સમય પાકી ગયો છે

(73) 15 ઓગસ્ટ 1947ના રોજ હિંદનાં આશરે ......... દેશી રાજ્યો સ્વતંત્ર થયાં.

(અ) 560 (બ) 561

(ક) 562 (ડ) 563

(74) ભારતના બંધારણમાં વવિધ અને વિશિષ્ટ લક્ષણો ભારતની લોકશાહીના આદર્શને ......... .

(અ) સાર્થક કરે તેવાં યોગ્ય છે

(બ) સાર્થક કરતાં નથી – અયોગ્ય છે

(ક) વિસારી દેતાં જણાય છે

(ડ) બંધબેસતાં જણાતાં નથી

## પ્રકરણ – 5 : ભારતીય બંધારણનું આમુખ

(75) "અમે ભારતના લોકો.... આજે સન 1949ના નવેમ્બર માસની 26મી તારીખે આ બંધારણ અપનાવી તેને કાયદાનું રૂપ આપી અમને પોતાને અર્પિત કરીએ છીએ", એવાં અવતરણો ભારતીય બંધારણના કયા વિભાગ કે પ્રકરણમાં સમાવિષ્ટ કરાયેલ છે ?

(અ) પરિશિષ્ટ (બ) આમુખ

(ક) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

(ડ) મૂળભૂત અધિકારો

(76) ભારતીય બંધારણના ઘડનારાઓએ તેના આમુખમાં બંધારણનો વિચાર ઉદ્દેશ્યો અને તેની પ્રાપ્તિનો ......... કરેલ છે.

(અ) દિશા–નિર્દેષ (બ) સ્વીકાર

(ક) ઉલ્લેખ માત્ર (ડ) દૃઢ સંકલ્પ

(77) આમુખમાં ધર્મ, માન્યતાઓ, ઉપાસના (વિધિવિધાન) અને નાગરિકોની ઈચ્છાઓનું સ્પષ્ટીકરણ કરાયું હોવાથી તે .......... .

(અ) ગૂંચવડાભર્યું બની ગયું છે

(બ) દર્પણ (કે દીવા)ની માફક સ્પષ્ટ બન્યું છે

(ક) સાધારણ બની ગયું છે

(ડ) અઘરું કે ન સમજાય તેવું બન્યું છે

(78) ભારતીય નાગરિકોમાં મોભા (દરજ્જા), તકોની સમાનતા, વ્યક્તિગત ગરિમા, રાષ્ટ્રીય અખંડિતતા તેમજ બંધુત્વની ભાવનાને દૃઢ બનાવવાનો પ્રયાસ બંધારણના કયા અંગ થકી સુસ્પષ્ટ થાય છે ?

(અ) આમુખ (બ) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

(ક) મૂળભૂત અધિકારો (ડ) મૂળભૂત ફરજો

(79) બંધારણમાં કોઈ સ્પષ્ટતા સંદર્ભે મુશ્કેલી સર્જાય તો આમુખને ......... .

(અ) સુધારી દેવામાં આવે છે

(બ) રદ કરવામાં આવે છે

(ક) અમાન્ય કરાવવામાં આવે છે

(ડ) આધાર તરીકે સ્વીકારવામાં આવે છે

(80) તમામ સમવાયી બંધારણમાં આમુખ .....

(અ) હોવું અનિવાર્ય ગણાય છે

(બ) હોવું જ જરૂરી નથી

(ક) હોય જ છે (ડ) હોતું જ નથી

(81) આમુખમાં સૌપ્રથમ રજૂઆત કરવામાં આવી છે કે ભારતમાં આખરી સત્તા .......... હસ્તક છે.

(અ) પ્રજા (બ) વડાપ્રધાન

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) સર્વોચ્ચ અદાલત

(82) આમુખને ભારતીય બંધારણમાં સમાવવાથી તે .......... .

(અ) પરિપૂર્ણ–સક્ષમ બન્યું છે

(બ) નિર્બળ બન્યું છે (ક) અસ્પષ્ટ કે ક્લિષ્ટ બને છે

(ડ) આમાંથી એક પણ સાચું નથી



## પ્રકરણ – 6 : નાગરિકોના મૂળભૂત અધિકારો

(83) "ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો બીજાં ઘણાં રાષ્ટ્રોનાં બંધારણોમાંના મૂળભૂત અધિકારો કરતાં વધુ વિસ્તૃત અને નક્કર છે" – એવું વિધાન નીચેનામાંથી કયા રાજપુરૂષે કરેલ છે ?

(અ) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (બ) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(ક) અનંથ શયનમ આયંગર

(ડ) પં. જવાહરલાલ નહેરુ

(84) ભારતીય બંધારણે તેના નાગરિકોના આપેલા મૂળભૂત અધિકારો કુલ કેટલા પ્રકારના છે ?

(અ) ચાર (બ) છ

(ક) આઠ (ડ) દસ

(85) નીચે આપેલા મૂળભૂત અધિકારો પૈકીનો કયો એક અસંગત છે ?

(અ) સમાનતા (બ) સ્વાધીનતા

(ક) શોષણ સામેનો હક્ક (ડ) આમાંથી કોઈ નહીં

(86) ભારતીય બંધારણે પોતાના નાગરિકને આપેલ મૂળભૂત અધિકારો .......... છે.

(અ) અમર્યાદ (બ) મર્યાદિત

(ક) વ્યક્તિગત (ડ) સમૂહગત

(87) પ્રત્યેક લોકશાહી શાસન વ્યવસ્થામાં તેના તમામ નાગરિકોને રક્ષણ તેમજ પ્રગતિ માટેની સમાન તકોની બાંહેધરી આપવામાં આવે છે. તેને .......... કહે છે.

(અ) મૂળભૂત અધિકારો (બ) મૂળભૂત ફરજો

(ક) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

(ડ) રાષ્ટ્રીય ધર્મ

(88) ભારતીય બંધારણની કઈ કલમમાં 'સ્વાતંત્ર્યના અધિકાર'ની ખાતરી આપવામાં આવેલ છે ?

(અ) કલમ 18–એ (બ) કલમ 19

(ક) કલમ 20 (ડ) કલમ 20

(89) ભારતના બંધારણે તેના નાગરિકના મૂળભૂત અધિકારના ભંગ બદલ જે તે નાગરિકને સીધા જ સર્વોચ્ચ અદાલતમાં પોતાનો કેસ લઈ જવાની છૂટ કઈ જોગવાઈ અન્વયે આપેલ છે ?

(અ) કલમ 30 (બ) કલમ 31–એ

(ક) કલમ 32 (ડ) કલમ 33–ડી

(90) ભારતીય નાગરિકના મૂળભૂત અધિકારોની મૂળ યાદીમાંથી મિલકતનો અધિકાર રદ કરવામાં આવ્યો ત્યારે દેશનું વડાપ્રધાન પદ કોના હાથમાં હતું ?

(અ) પં. જવાહરલાલ નહેરુ (બ) લાલ બહાદુર શાસ્ત્રી

(ક) મોરારજી દેસાઈ (ડ) ઇન્દિરા ગાંધી

(91) કાયદા સમક્ષ સર્વેને સમાન ગણવાની વાત ભારતીય બંધારણની કઈ કલમમાં જણાવેલ છે ?

(અ) કલમ 14 (બ) કલમ 14–એ

(ક) કલમ 15 (ડ) કલમ 15–બી

(92) ભારતીય બંધારણે પોતાના નાગરિકને આપેલ વિચારો કે લેખનની અભિવ્યક્તિની (પ્રેસની) સ્વતંત્રતાનો ઉલ્લેખ કઈ જોગવાઈ દ્વારા કરેલ છે ?

(અ) કલમ 19 1–અ (બ) કલમ 19 1–બ

(ક) કલમ 19 1–ક (ડ) કલમ 19 1–ડ

(93) અત્રે વિભાગ – I માં ભારતીય બંધારણમાં સમાવિષ્ટ નાગરિકના અધિકારો, જ્યારે વિભાગ – II માં તેને સંબંધિત જોગવાઈ (કલમ કે અનુચ્છેદ) આપેલ છે. તેને સાચી રીતે જોડતું જોડકું પ્રશ્ન નીચે આપેલા એક સાચા જવાબની મદદથી ગોઠવો.

| વિભાગ – I | વિભાગ – II |
|---|---|
| (1) વિચાર–અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય | (a) કલમ – 14 |
| (2) કાયદા સમક્ષ સમાનતા | (b) કલમ – 17 |
| (3) અસ્પૃશ્યતા નિવારણ | (c) કલમ – 18 |
| (4) ખિતાબ – ઈલ્કાબ ઉપાધિઓનો અંત | (d) કલમ – 19 |

(અ) 1 = a, 2 = d, 3 = b, 4 = c

(બ) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(ક) 1 = b, 2 = a, 3 = d, 4 = c

(ડ) 1 = d, 2 = a, 3 = b, 4 = c



(94) વ્યક્તિ સ્વાતંત્ર્યના પાયામાં રહેલ Habers Courpus (કેદી પ્રત્યક્ષીકરણ) અંતર્ગત અદાલત સમક્ષ મગાતી દાદ (રીટ) નીચેનામાંથી કયા એક ઉત્તર સાથે સુસંગત ગણાય તે જણાવો.

(અ) પરમ આદેશ (બ) પ્રતિરોધ (પ્રોહીબિશન)

(ક) કેદી પ્રત્યક્ષીકરણ (ડ) અધિકાર પૃચ્છા

(95) અદાલત સમક્ષ કરાતી દાદ અરજી (રીટ)માં હેબિયસ કોર્પસ સિવાય કેટલાક અન્ય ઉપાયો હોય છે. અત્રે આપેલા ઉપાયોમાંથી કયો એક ઉપાય જુદો પડે છે અથવા સાચો નથી ?

(અ) કોમન ગુડ (Common Good)

(બ) ક્વો વોરન્ટો (Quo Waranto)

(ક) મેન્ડામસ (Mandamus)

(ડ) સર્ટીઓરરી (Certiorari)

(96) ભારતના નાગરિકને પુખ્તવય મતાધિકાર 21 વર્ષની વયને બદલે 18 વર્ષે આપવા સંદર્ભે એમેડમેન્ટ (બંધારણીય સુધારો) કરવા માટે પહેલ કરનાર વડાપ્રધાનનું નામ જણાવો.

(અ) મોરારજી દેસાઈ (બ) ઇન્દિરા ગાંધી

(ક) રાજીવ ગાંધી (ડ) આઈ. કે. ગુજરાલ

(97) ભારતીય બંધારણમાં સમાનતાના અધિકાર (Right to Equality) નો સમાવેશ કલમ .......... અંતર્ગત કરવામાં આવે છે.

(અ) કલમ 12 થી 16 (બ) કલમ 13 થી 17

(ક) કલમ 14 થી 18 (ડ) કલમ 15 થી 19

(98) ભારતીય રાજ્ય તેના કોઈપણ નાગરિક પરત્વે ધર્મ, વંશ, જાતિ, લિંગ કે જન્મસ્થળને આધારે કોઈપણ પ્રકારનો ભેદભાવ દાખવશે નહિ એવો એકરાર બંધારણની કઈ કલમ થકી સ્વીકારાયો છે ?

(અ) કલમ 14 (બ) કલમ 15

(ક) કલમ 16 (ડ) કલમ 17

(99) ભારતીય બંધારણની કલમ 23–24 અન્વયે મનુષ્ય વ્યાપાર (ગુલામી) તેમજ બળજબરીથી મજૂરી (વેઠ કે મરજી વિરુદ્ધના દાસત્વ) સામે અપાયેલ રક્ષણને બંધારણ મુજબ નાગરિકને મળેલ કયો અધિકાર કહેવાય ?

(અ) વ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર (બ) મુક્ત અભિવ્યક્તિનો અધિકાર

(ક) શોષણ વિરુદ્ધનો અધિકાર (ડ) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

(100) ભારતીય બંધારણની કલમ 25(1) અંતર્ગત તમામ નાગરિકોને અપાયેલ ......... સ્વાતંત્ર્ય એટલે વ્યક્તિને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ ... માન્યતાઓ-સિદ્ધાંતો ધરાવવાનો અધિકાર.

(અ) અંતઃકરણનું (બ) ધર્મકારણનું

(ક) રાજકારણનું (ડ) અકારણનું

(101) ભારતના બંધારણની કલમ 26 ......... સમૂહોને સખાવતી સંસ્થા... સ્થાપવા તથા તેનું સંચાલન કરવાની સ્વતંત્રતા આપે છે.

(અ) સામાજિક (બ) રાજકીય

(ક) ધાર્મિક (ડ) ન્યાયકીય

(102) ભારતીય બંધારણની કલમ 29 અને 30 ........ હિતનું રક્ષણ કર... અને શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા નિભાવવાનો અધિકાર આપે છે.

(અ) લઘુમતીઓના (બ) બહુમતીઓના

(ક) જનસામાન્યના (ડ) વિદેશીઓના

(103) બંધારણીય ઈલાજોના અધિકાર થકી કોઈપણ નાગરિક પોતાના .........

(અ) ધાર્મિક હક્કો સામે રક્ષણ મેળવી શકે છે.

(બ) મૂળભૂત હક્કો સંદર્ભે રક્ષણ મેળવી શકે છે.

(ક) સામાજિક અધિકારો સબબ રક્ષણ મેળવી શકે છે.

(ડ) રાજકીય અધિકારો અંતર્ગત રક્ષણ મેળવી શકે છે.

(104) દેશનું કોઈપણએકમ-રાજ્ય પોતાના વિશિષ્ટ નાગરિકોની નિયુક્તિ સં... તેમને પ્રાથમિકતા આપતું હોય તો તેણે સમાનતાના અધિકારનો .......

(અ) ભંગ કર્યો કહેવાય

(બ) ભંગ કરેલો ના કહેવાય

(ક) અનાદર કર્યો ન કહેવાય (ડ) તરફ દુર્લભ સેવ્યું ગણાય

(105) નાગરિકની સ્વતંત્રતાના કુલ 6 અધિકાર (Right is Freedom) ... અત્રે એક વિભાગમાં બંધારણીય જોગવાઈઓ – કલમો, જ્યારે ... વિભાગમાં તેના સંદર્ભો અથવા તે કોના માટે છે તે દર્શાવતી વિગતો આપ... છે. તેને પ્રશ્નની નીચે આપેલ જવાબમાં એક સાચા જવાબને આધારે ...



| વિભાગ - I | વિભાગ - II |
|---|---|
| (1) કલમ 19–1–A | (a) ઈચ્છિત વ્યવસાય કરવાની સ્વતંત્રતા |
| (2) કલમ 19–1–B | (b) ભારતીય પ્રદેશોમાં મુક્ત હેરફેર કરવાની સ્વતંત્રતા |
| (3) કલમ 19–1–C | (c) દેશભરમાં (જમ્મુ-કાશ્મીર સિવાય) સ્થાયી વસવાટની સ્વતંત્રતા |
| (4) કલમ 19–1–D | (d) મંડળો અથવા સંઘો રચવાનું સ્વાતંત્ર્ય |
| (5) કલમ 19–1–E | (e) શાંતિપૂર્ણ રીતે શસ્ત્રો વિના એકઠા થવાનું સ્વાતંત્ર્ય |
| (6) કલમ 19–1–G | (f) વાણી-વિચાર-લેખન-અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય |

(અ) 1 = c, 2 = d, 3 = b, 4 = a, 5 = e, 6 = f

(બ) 1 = a, 2 = b, 3 = c, 4 = d, 5 = 3, 6 = f

(ક) 1 = b, 2 = d, 3 = c, 4 = a, 5 = f, 6 = a

(ડ) 1 = f, 2 = e, 3 = d, 4 = b, 5 = c, 6 = a

(106) ભારતીય બંધારણમાં કલમ 20 અંતર્ગત કઈ જોગવાઈ કરેલી છે ?

(અ) ગુનાઓ માટે દોષસિદ્ધિ સંબંધે રક્ષણ

(બ) ધર્મપાલન સંબંધે રક્ષણ

(ક) વ્યવસાય સંબંધે રક્ષણ

(ડ) ધરપકડ સામે અગાઉથી આપવાપાત્ર રક્ષણ

(107) ભારતીય નાગરિકને તેના જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણ માટે બંધારણે કઈ કલમ થકી બંધારણીય જોગવાઈ કરેલ છે ?

(અ) કલમ 20 (બ) કલમ 20 એ

(ક) કલમ 21 (ડ) કલમ 21 બી

(108) કલમ 22 અંતર્ગત ભારતીય બંધારણમાં શી કાનૂની જોગવાઈ છે ?

(અ) કેટલાક સંજોગોમાં ધરપકડ (અટકાયત) સામે રક્ષણ

(બ) ઐચ્છિક ધર્મપાલન સંદર્ભે પૂરું પડાતું રક્ષણ

(ક) મુક્ત હેરફેર માટે આપવામાં આપતું રક્ષણ

(ડ) વૈચારિક અભિવ્યક્તિ બાબતે અપાતું રક્ષણ

(109) બંધારણીય ઈલાજોનો અધિકાર (કલમ 32)ને કયા બંધારણશાસ્ત્રીએ બંધારણના આત્મા સાથે સરખાવ્યો છે ?

(અ) પટ્ટાભી સીતારામૈયા

(બ) અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર

(ક) ડૉ. બી. આર. આંબેડકર

(ડ) કનૈયાલાલ મા. મુનશી

(110) કલમ–34 અનુસાર કોઈપણ વિસ્તારમાં .......... ત્યારે મૂળભૂત અધિકારોને મર્યાદિત બનાવી દેવાની છૂટ હોય છે.

(અ) ગુલામી–વેઠ કે બળજબરીપૂર્વક અવેતન મજૂરી કરાતી હોય

(બ) કોઈપણ વિસ્તારમાં ખાસ લશ્કરી કાર્યવાહી ચાલતી હોય

(ક) કોઈપણ વિસ્તારમાંથી V.I.P. ની સવારી–કાફલો જતો હોય

(ડ) ઉપરોક્ત પૈકીના એકપણ સંજોગોમાં નહીં

(111) બંધારણની કઈ કલમ અનુસાર સ્ત્રીઓ, બાળકો તેમજ નબળા (કચડાયેલ) વર્ગોના ઉત્કર્ષ માટે રાજ્ય કોઈ ખાસ પ્રબંધ ગોઠવે તો તેને સમાનતાના અધિકારનો ભંગ ગણાય નહિ ?

(અ) કલમ 15 (1 અને 2)

(બ) કલમ 15 (1 અને 3)

(ક) કલમ 15 (1 અને 4)

(ડ) કલમ 1 (2 અને 4)

(112) હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ સમાન હોવાને નાતે હક્કનો અર્થ સ્વતંત્રતા થાય તો ફરજનો અર્થ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની .........

(અ) સમજ થાય (બ) ભક્તિ થાય

(ક) બેજવાબદારી થાય (ડ) જવાબદારી થાય

(113) ભારતીય બંધારણનાં વિશેષ ધ્યાનાકર્ષક લક્ષણોમાં (I) ......... (II) મૂળભૂત ફરજો અને (III) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને સમાવિષ્ટ કરી શકાય.

(અ) મૂળભૂત અધિકારો (બ) મૂળભૂત આદર્શો

(ક) મૂળભૂત સિદ્ધાંતો (ડ) મૂળભૂત ઉદ્દેશો



(114) મૂળભૂત અધિકારો એટલે નાગરિકના વ્યક્તિત્વના ......... માટે મળવી જોઈતી અમુક ચોક્કસ અનુકૂળતાઓ

(અ) સુંદર વિકાસ (બ) શ્રેષ્ઠ વિકાસ

(ક) સર્વત્તોમુખી વિકાસ (ડ) સર્વગ્રાહ્ય વિકાસ

(115) મૂળભૂત અધિકારો એ ભારતીય બંધારણના ઘડવૈયાઓ થકી દેશના નાગરિકોને અપાયેલ મહામૂલી .......... .

(અ) ભેટ અને સોગાદ છે (બ) પૂંજી અને શક્તિ છે

(ક) સરલ અને સગવડ છે (ડ) આશિષ અને કૃપા છે

(116) જે સરકાર પોતાના નાગરિકોને મૂળભૂત કે પાયાના અધિકારો બંધારણીય માર્ગ આપવાની ખાત્રી આપતી હોય તેને કઈ શાસન પ્રણાલી કહેવાય ?

(અ) રાજાશાહી (બ) શાહીવાદી

(ક) લોકશાહી (ડ) પૂંજીશાહી

(117) ભારતીય બંધારણમાં અપાયેલ મૂળભૂત અધિકારો કુલ કેટલા છે ?

(અ) ચાર (બ) છ

(ક) આઠ (ડ) દસ

(118) અત્રે આપેલા અધિકારો પૈકીના કયા એકનો મૂળભૂત અધિકારોને લગતી ભારતીય બંધારણની યાદીમાં સમાવેશ થતો નથી ?

(અ) સમાનતાનો અધિકાર (બ) સ્વાતંત્ર્યનો અધિકાર

(ક) શોષણ વિરુદ્ધનો અધિકાર

(ડ) વૈશ્વિક સ્વૈરવિહારનો અધિકાર

(119) બંધારણની કલમ .........માં "કાયદા સમક્ષ સમાનતા" અને કાયદાનું રક્ષણના ખ્યાલો સમાવી લેવામાં આવ્યા છે.

(અ) 11 (બ) 12

(ક) 13 (ડ) 14

(120) મૂળભૂત અધિકારો દરેકને જન્મજાત મળતા હોવાથી તેને .......... .

(અ) માનવાધિકારો પણ કહેવાય છે

(બ) પૈત્રુક અધિકારો પણ કહેવાય છે

(ક) સ્થાનિક અધિકારો પણ કહેવાય છે

(ડ) દૈહિક અધિકારો પણ કહેવાય છે

(121) 'કાયદા સમક્ષ સમાનતા' એ મૂળ કોમન લૉનો ખ્યાલ છે. જેનું વિચારબીજ 'કાયદાનું સમાન રક્ષણ' એવા ......... (દેશ)ના બંધારણમાંથી લેવાયેલ છે.

(અ) ઇંગ્લેન્ડ (બ) ઓસ્ટ્રેલિયા

(ક) આર્યલેન્ડ (ડ) અમેરિકા

(122) સમાનતાનો અધિકાર (Right & Equality) સરકારી નોકરીઓ, ધંધો-રોજગાર, હોદ્દાની પ્રાપ્તિ, ધાર્મિક સ્વતંત્રતા, જાહેર સ્થળનો વ્યાજબી ઉપયોગ તથા .................. જીવન વગેરે બાબતમાં દરેક નાગરિકને સમાનતા આપે છે.

(અ) ધાર્મિક (બ) આધ્યાત્મિક

(ક) સાંસ્કૃતિક (ડ) સામાજિક

(123) ભારતીય બંધારણમાં સમાનતાના અધિકારો બાબતે રખાયેલા કેટલાક અપવાદોનું મૂળ કારણ શું છે ?

(અ) સામાજિક અસમાનતા

(બ) નૈતિક અસમાનતા (ક) ભૌગોલિક અસમાનતા

(ડ) ધાર્મિક અસમાનતા

(124) સમાનતાના અધિકારોમાં સમાયેલ અપવાદોને સમાનતાના અધિકારનો .......... .

(અ) ભંગ ગણવામાં આવે છે

(બ) ભંગ ગણવામાં આવતો નથી

(ક) ભંગ ગણાવો જ જોઈએ

(ડ) ભંગ ગણતા વિચારણા થઈ રહી છે

(125) અનુસૂચિત જાતિઓ – જનજાતિઓ તથા અન્ય પછાતવર્ગો, મહિલાઓ અને બાળકો માટે રાજ્ય દ્વારા કરવામાં આવતા પ્રયાસોને બીજા શબ્દોમાં નીચેનામાંથી કયા એક ભેદભાવ તરીકે ઓળખવામાં આવે છે ?

(અ) નકારાત્મક ભેદભાવ (બ) હકારાત્મક ભેદભાવ

(ક) ગુણાત્મક ભેદભાવ (ડ) એકાત્મક ભેદભાવ

(126) સમાનતાના અધિકાર સંદર્ભે ભારત સરકાર દ્વારા ઘડાયેલ 'નાગરિક સંરક્ષણ ધારા' અંતર્ગત 'અસ્પૃશ્યતાના આચારણને સજાપાત્ર ગુનો' ગણવાની શરૂઆત (અમલ) કયા વર્ષથી થયો ?

(અ) 1952 (બ) 1953

(ક) 1954 (ડ) 1955



(127) મહાત્મા ગાંધીજીએ સમાનતાના અધિકાર સંદર્ભો હિંદુ સમાજમાં રહેલી અસ્પૃશ્યતાની પ્રથા માટે નીચેનામાંથી કયા શબ્દનો ઉપયોગ કરેલ છે ?

(અ) ગૌરવ (બ) કલંક

(ક) મજબૂરી (ડ) નફટાઈ

(128) સમાજમાં ભેદભાવ કે કૃત્રિમ અસમાનતા સર્જતા ઇલ્કાબો અથવા ખિતાબોની નાબૂદી અંગે ભારતીય બંધારણની કઈ કલમમાં જોગવાઈ કરેલ છે ?

(અ) 14 (બ) 16

(ક) 18 (ડ) 20

(129) સમાનતા અધિકારનો મૂળ ઉદ્દેશ્ય ભારતમાં સમાનતાવાળા ......... કરવાનો છે.

(અ) સમાજની સ્થાપના (બ) પ્રદેશની રચના

(ક) વિસ્તારની ગણના (ડ) વર્ગનો આવિર્ભાવ

(130) અત્રે વિભાગ I માં સમાનતાના કેટલાક અધિકારો જ્યારે વિભાગ II માં તેની કલમો આપેલ છે જેને પ્રશ્ન નીચેના એક સાચા વિકલ્પને આધારે સાચા ક્રમમાં જોડીને જોડકાં બનાવો.

| વિભાગ – I | વિભાગ – II |
|---|---|
| (1) અસ્પૃશ્યતા નિવારણ | (a) કલમ 14 |
| (2) કાયદા સામે દરેક નાગરિકની સમાનતા | (b) કલમ 16 |
| (3) જાહેર રોજગારીની સમાન તક | (c) કલમ 17 |
| (4) લશ્કરી–શૈક્ષણિક સિવાયના અધિકારો રદ કરાયા | (d) કલમ 18 |

(અ) 1 = d, 2 = b, 3 = c, 4 = a

(બ) 1 = c, 2 = a, 3 = b, 4 = d

(ક) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(ડ) 1 = c, 2 = b, 3 = d, 4 = a

(131) સ્વતંત્રતાનો અધિકાર (Right to Freedom) ને ભારતીય બંધારણમાં નીચેનામાંથી કઈ એક કલમ અંતર્ગત સ્થાન આપવામાં આવેલ છે ?

(અ) 18 (બ) 19

(ક) 20 (ડ) 21

(132) ભારતીય બંધારણમાં કરવામાં આવેલા 44મા સુધારા કલમ – 300 (1979) અન્વયે નીચેનામાંથી કયા એક મૂળભૂત અધિકારની નાબૂદી કરવામાં આવેલ છે ?

(અ) વાણી સ્વાતંત્ર્ય (બ) ધાર્મિક સ્વાતંત્ર્ય

(ક) મુક્ત હેરફેર સ્વાતંત્ર્ય (ડ) મિલ્કત સ્વાતંત્ર્ય

(133) ભારતના બંધારણમાં સમાવિષ્ટ સ્વાતંત્ર્યના અધિકારોની કુલ સંખ્યા જણાવો

(અ) ચાર (બ) છ

(ક) આઠ (ડ) દસ

(134) ભારતની સર્વોચ્ચ અદાલતે પોતાના એક ચુકાદામાં નાગરિકના સ્વાતંત્ર્યના અધિકારોને .......... અધિકારો તરીકે ઓળખાવ્યા છે.

(અ) સ્વાભાવિક (બ) સામાન્ય

(ક) અસામાન્ય (ડ) અસ્વાભાવિક

(135) નાગરિકના સ્વાતંત્ર્ય અધિકારો પૈકીના કેટલાકની યાદી અમે આપેલ છે તેમાંથી કયો એક સાવ અસંગત છ?

(અ) વાણી તથા અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

(બ) ધંધા–રોજગારનું સ્વાતંત્ર્ય

(ક) ભારતના સમગ્ર વિસ્તાર (જમ્મુ–કાશ્મિર) કોઈ પણ ભાગ સિવાયમાં રહેવા–સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય

(ડ) વિદેશમાં આવાગમનનું સ્વાતંત્ર્ય

(136) અત્રેના વિભાગ 1 માં કેટલાક સ્વાંતત્ર્ય અધિકારોની અને વિભાગ II માં તેને લગતી ભારતીય બંધારણની જોગવાઈઓ આડાઅવળા ક્રમમાં આપેલ છે. જેને પ્રશ્નને અંતે આપેલા ચાર વૈકલ્પિક ઉત્તરો પૈકીના એ સાચા ઉત્તરને આધારે યોગ્ય જોડમાં ગોઠવો.

| વિભાગ – I | વિભાગ – II |
|---|---|
| (1) સંસ્થાઓ–સંઘો રચવાનું સ્વાતંત્ર્ય | (a) કલમ 19/1/A |
| (2) વાણી તેમજ અભિવ્યક્તિ કરવાનું સ્વાતંત્ર્ય | (b) કલમ 19/1/C |
| (3) વ્યવસાય, ધંધો–રોજગાર કરવાનું સ્વાતંત્ર્ય | (c) કલમ 19/1/D |
| (4) ભારતના સમગ્ર વિસ્તારમાં મુક્ત હેરફેરન સ્વાતંત્ર્ય | (d) કલમ 19/1/G |



(અ) 1 = b, 2 = a, 3 = d, 4 = c

(બ) 1 = d, 2 = b, 3 = c, 4 = a

(ક) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(ડ) 1 = b, 2 = c, 3 = a, 4 = d

(137) ભારતીય બંધારણ અન્વયે અપાયેલા સ્વતંત્રતાના અધિકારો .........ના અમલ સામે કેટલીક મર્યાદાઓ મૂકવામાં આવેલ છે તે મુજબ જમ્મુ–કાશ્મીરને કઈ કલમ અંતર્ગત ત્યાં અન્ય ભારતીય દ્વારા સ્થાયી વસવાટ કે કાયમી રહેઠાણના અધિકાર પર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે ?

(અ) કલમ–350 (બ) કલમ 360

(ક) કલમ 370 (ડ) કલમ 380

(138) વ્યવસાયની સ્વતંત્રતા શોષણમાં પરિણમે તો કઈ કઈ કલમો અનુસાર ઉક્ત સ્વતંત્રતા પર બંધારણીય માર્ગે નિયંત્રણ લાદવામાં આવ્યું છે ?

(અ) કલમ 18–19 (બ) કલમ 19–20

(ક) કલમ 20–21 (ડ) કલમ 21–22

(139) ગુનાઓ માટે દોષસિદ્ધિ સંબંધે રક્ષણની જોગવાઈ બંધારણની કઈ કલમ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે ?

(અ) કલમ 19 (બ) કલમ 20

(ક) કલમ 21 (ડ) કલમ 22

(140) જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણ સંદર્ભે ભારતીય બંધારણની કઈ કલમ અન્વયે જોગવાઈ કરાઈ છે ?

(અ) કલમ 18 (બ) કલમ 19

(ક) કલમ 20 (ડ) કલમ 21

(141) બંધારણની કઈ કલમ કોઈપણ નાગરિકની મનસ્વી રીતે ધરપકડ કરતાં રોકે છે ?

(અ) કલમ 19 (બ) કલમ 20

(ક) કલમ 21 (ડ) કલમ 22

(142) કોઈપણ નાગરિકની મનસ્વી રીતે ધરપકડ ન કરી શકાય તેવા સંજોગોમાં ગુન્હો અટકાવવા શું કરવામાં આવે છે ?

(અ) પ્રતિબંધક અટકાયત (બ) કલમ 144ની જાહેરાત

(ક) કરફ્યુની જાહેરાત (ડ) પોલીસ ફોર્સની મદદ

(143) કલમ 20 મુજબ કોઈ વ્યક્તિપર એક જ ગુના માટે એકથી વધુ વાર કામ ન ચલાવી શકાય પરંતુ એ ગુનેગાર જો સરકારી કર્મચારી હોય તો અપવાદ રૂપે .......... કરી શકાય.

(અ) પ્રતિબંધક અકાયત (બ) હેબિયસ કોર્પસનો ભંગ

(ક) માત્ર ખાતાકીય તપાસ (ડ) ન્યાયાલય તેમજ ખાતાકીય પગલાં

(144) ભારતીય સંસદે કયા બંધારણીય સુધારા અંતર્ગત શિક્ષણને મૂળભૂત અધિકાર ગણાવીને બંધારણમાં એક નવી જોગવાઈ 21(ક) મુજબ 6 થી 14 વર્ષની વય જૂથના દરેક ભારતીય બાળકને ફરજિયાત શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર આપેલ છે ?

(અ) 90 મા (બ) 91 મા

(ક) 92 મા (ડ) 93 મા

(145) ભારતના બંધારણની મૂળભૂત અધિકારોને લગતી જોગવાઈઓમાં કલમ 23 અને 24 અંતર્ગત ભારતીય નાગરિકના કયા અધિકારોની જાળવણી માટે બંધારણીય વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

(અ) ધાર્મિક સ્વાતંત્ર્ય (બ) બંધારણીય ઈલાજનો અધિકાર

(ક) શોષણ સામેનો અધિકાર

(ડ) વાણી–અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય

(146) નાગરિકના મૂળભૂત અધિકારી અંતર્ગત આવતા ધાર્મિક સ્વાતંત્ર્ય સંદર્ભે ભારતીય બંધારણની કલમ 25 થી 28માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ તમામ કલમો અત્રેના વિભાગ I માં અને તે કયા સ્વાતંત્ર્ય સાથે સંબંધ ધરાવે છે. તે વિગત વિભાગ II માં આડાઅવળા ક્રમમાં આપેલ છે, જેને યોગ્યક્રમમાં ગોઠવી જોડકાં જોડો.

| વિભાગ I | | વિભાગ II |
|---|---|---|
| (1) કલમ 25 | (a) | ધર્મની અભિવૃદ્ધિ માટે કર ભરવા સામે રક્ષણ |
| (2) કલમ 26 | (b) | ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય |
| (3) કલમ 27 | (c) | અંતઃકરણ તેમજ ધર્મનું સ્વાતંત્ર્ય |
| (4) કલમ 28 | (d) | રાજ્યની સહાય લેતી શૈક્ષણિક સંસ્થાના ધાર્મિક શિક્ષણમાં ફરજિયાત હાજરી સામે રક્ષણ |



(અ) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(બ) 1 = b, 2 = d, 3 = c, 4 = a

(ક) 1 = d, 2 = c, 3 = b, 4 = a

(ડ) 1 = c, 2 = b, 3 = a, 4 = d

(147) દેશની લઘુમતીઓને પોતાની ભાષા–સંસ્કૃતિ જાળવવા ઉપરાંત ધર્મ, જાતિ કે ભાષાને લીધે રાજ્ય દ્વારા સહાય મેળવતી સંસ્થાઓમાં પ્રવેશબંધી પર પ્રતિબંધ સબબ ભારતીય બંધારણની કઈ કલમમાં જોગવાઈ છે ?

(અ) કલમ 28 (બ) કલમ 29

(ક) કલમ 30 (ડ) કલમ 31

(148) દેશની લઘુમતી પ્રજાને પોતાની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવા તેમજ નિભાવવા માટે બંધારણે કઈ કલમ થકી અધિકાર આપેલ છે ?

(અ) કલમ 27 (બ) કલમ 28

(ક) કલમ 29 (ડ) કલમ 30

(149) મૂળભૂત અધિકારોના અમલ માટે સર્વોચ્ચ અદાલતમાં દાદ મેળવવાનો અધિકાર તથા તે માટે રિટ ફરમાવવાની સર્વોચ્ચ અદાલતની સત્તા સંદર્ભે અત્રે આપેલ વિવિધ અધિકારોમાંથી કયો એક માત્ર સાચો વિકલ્પ છે ?

(અ) નાગરિકનો બંધારણીય ઈલાજ માટેનો મૂળભૂત અધિકાર.

(બ) નાગરિકનો શોષણ સામેનો મૂળભૂત અધિકાર.

(ક) નાગરિકનો ધર્મવિષયક મૂળભૂત અધિકાર.

(ડ) નાગરિકનો મિલકત વિષયક મૂળભૂત અધિકાર

(150) વ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારો સંદર્ભે નીચેનામાંથી એકમાત્ર કયું વિધાન ખોટું છે ?

(અ) ગુનાઓ સંદર્ભે સજા તેમજ તેને લગતા પુરાવાઓ સંબંધી કેટલાંક રક્ષણો.

(બ) કાયદાના આધાર વિના પ્રાણથી કે અંગત સ્વાતંત્ર્યથી વંચિત કરવા પર નિષેધ.

(ક) ધરપકડ તથા નિવારક અટકાયત અંગે કેટલાંક રક્ષણોની જોગવાઈઓ.

(ડ) ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થાનને ધોરણે ભેદભાવ પર પ્રતિબંધ.

(151) અત્રેના વિભાગ I માં વ્યક્તિ સ્વાતંત્ર્યના કેટલાક અધિકારોને લગતી કલમો, જ્યારે વિભાગ II માં તેની સાથે સંબંધ ધરાવતા અધિકારો આપેલ

છે, તેને પ્રશ્ન નીચે આપેલા વિકલ્પોમાંથી એક સાચા વિકલ્પની સહાયથી સાચાં જોડકાંમાં ગોઠવો.

| વિભાગ I | વિભાગ II |
| --- | --- |
| (1) કલમ 23 | (a) કાયદાના આધાર વિના કોઈને પોતાની મિલકતથી વંચિત કરવા પર પ્રતિબંધ |
| (2) કલમ 24 | (b) માનવવિક્રય, વેઠ (અવેતન કામ) અને ફરજિયાત શ્રમ પર પ્રતિબંધ. |
| (3) કલમ 31/1 | (c) રાજ્ય થકી જાહેર હેતુ માટે જમીન સંપાદિત કરાતાં યોગ્ય રકમ ચૂકવવા અંગે. |
| (4) કલમ 31/2 | (d) બાળકોને કારખાનાં ખાણ જેવી જોખમી કામગીરીમાં નોકરી પર રાખવા સામે પ્રતિબંધ. |

(અ) 1 = a, 2 = d, 3 = b, 4 = c
(બ) 1 = a, 2 = c, 3 = b, 4 = d
(ક) 1 = b, 2 = d, 3 = a, 4 = c
(ડ) 1 = b, 2 = d, 3 = c, 4 = a

(152) મૂળભૂત અધિકારોના અમલ માટે સર્વોચ્ચ અદાલતમાંથી દાદ તેમજ રિટ મેળવવાના નાગરિકના બંધારણીય ઇલાજના અધિકારને ભારતીય બંધારણની .......... દ્વારા સ્પષ્ટ રીતે સ્વીકારવામાં આવેલ છે.

(અ) કલમ 29 (બ) કલમ 30
(ક) કલમ 31 (ડ) કલમ 32

(153) કાયદાના શાસન ('Rule at Law') ના મૂળ ઇંગ્લેન્ડના સિદ્ધાંતને અભિપ્રેત કરતું વિધાન – "કોઈપણ માનવી કાયદાથી પર નથી – તેની ગમે તે સ્થિતિ કે હોદ્દો હોય તો પણ તે રાજ્યના કાયદાને આધીન છે" બંધારણવિદ દ્વારા કહેવાયું છે ?

(અ) ડૉ. જેનીંગ્ઝ (બ) પ્રોફે. ડાઈસી
(ક) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (ડ) ડૉ. બા. સા. આંબેડકર

(154) બંધારણની કલમ 32/2 ના આજ્ઞાપત્રમાં જણાવ્યા મુજબ 'હેબિયસ કોર્પસ' અર્થાત્ 'બંદી પ્રત્યક્ષીકરણ'ની આજ્ઞાનું વ્યક્તિ સ્વાતંત્ર્ય સંદર્ભે વિશેષ



મહત્ત્વ છે. તેને સરળ ભાષામાં સમજાવવા માટે નીચેનાં વિધાનો પૈકીનું કયું એક માત્ર વિધાન બરાબર બંધબેસતું આવે છે ?

(અ) જવાબ આપવા માટે શરીર (દેહ કે Body) ને લાવો.
(બ) જવાબ આપવા માટે કોઈપણ જવાબદાર માણસને હાજર કરો.
(ક) જવાબ આપવા આપનારને સાક્ષીઓ સાથે હાજર કરો.
(ડ) જવાબ આપવા માટે પરિપક્વ નાગરિકને લાવો.

(155) દેશના કોઈપણ નાગરિકનું વ્યક્તિ સ્વાતંત્ર્ય તદ્દન ખોટી રીતે છિનવી લેવામાં આવ્યું હોય, ત્યારે જે તે નાગરિકને એ અન્યાય સામે પુરતું રક્ષણ આપવાના આશયથી આપવામાં આવતા અધિકારને બંદી પ્રત્યક્ષીકરણ (હેબીયસ કોર્પસ) કહે છે. તે આયામ રીતે ભારતનું બંધારણ ઘડતી વેળાએ મૂળભૂત કયા દેશના બંધારણમાંથી લેવામાં આવેલ છે ?

(અ) આર્યલેન્ડ (બ) અમેરિકા
(ક) ઇંગ્લેન્ડ (ડ) ફ્રાન્સ

(156) વ્યક્ત સ્વાતંત્ર્યના ખ્યાલનો ઉદ્ભવ એ નીચેનામાંથી કઈ એક જગપ્રસિદ્ધ ક્રાન્તિનું યાદગાર પરિણામ છે ?

(અ) રક્તવિહિન ક્રાંતિ – ઇંગ્લેન્ડ (1688)
(બ) અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ – અમેરિકા (1776)
(ક) ફ્રેંચ રેવોલ્યુશન – ફ્રાન્સ (1780)
(ડ) ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ – ભારત – 1857

(157) વિશ્વભરના આધુનિક કાલીન કયા એક ખરડાને લગતા પ્રસંગને માનવમાત્રના જન્મજાત એવા વ્યક્તિ સ્વાતંત્ર્યના ખ્યાલના જનક તરીકે ગણાવી શકાય ?

(અ) હક્કનો ખરડો ઇંગ્લેન્ડ
(બ) ટેનિસ કોર્ટના સોગંધ – ફ્રાન્સ
(ક) કાર્લસૂબાદનાં આજ્ઞાપત્રો – ઓસ્ટ્રેલિયા–જર્મની
(ડ) સર ચાર્લ્સવુડનો ખરિતો – ભારત

(158) વ્યક્તિ સ્વાતંત્ર્યના ખ્યાલને પુષ્ટ કરતો કે બળ આપતો બીજો એક સમાનતાનો સિદ્ધાંત (સ્વાતંત્રતા અને સમાનતાના સિદ્ધાંત) કઈ ક્રાન્તિની વિશ્વને દેન ગણાય છે ?

(અ) ઇંગ્લેન્ડની ક્રાંતિ – 1688
(બ) અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ – 1776
(ક) ફ્રેંચ ક્રાંતિ – 1789
(ડ) ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ – 1857

(159) સ્વતંત્રતા અને સમાનતાના આ સિદ્ધાંતોમાં ફ્રાંસની ક્રાંતિ (1789) એ કયા એક નવા સિદ્ધાંતો ઉમેરો કરીને તેને વિશ્વભરના માનવસમૂહ માટે ઉપયોગી બનાવ્યો ?

(અ) જનજાગરણ (બ) ભાઈચારો

(ક) રાષ્ટ્રવાદ (ડ) વિશ્વ ઐક્ય

(160) 44મા બંધારણીય સુધારા (કલમ 300A–1978) બાદ નાગરિકોને વ્યક્તિ સ્વાતંત્ર્ય સંદર્ભે કુલ કેટલા અધિકારો એનાયત કરાયા છે ?

(અ) ચાર (બ) પાંચ

(ક) છ (ડ) સાત

(161) વાણી તથા અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય પર બંધારણ દ્વારા મૂકવામાં આવેલી મર્યાદાઓની કુલ સંખ્યા કેટલી છે ?

(અ) છ (બ) આઠ

(ક) દસ (ડ) બાર

(162) અત્રે આપેલી વાલી–અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની મર્યાદાઓમાં કઈ એક સાચી નથી ?

(અ) રાજ્યની સલામતી (બ) વિદેશો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો

(ક) જાહેર સુખાકારી (ડ) જાહેર વ્યવસ્થા

(163) નીચે આપેલમાંથી કયા મુદ્દાને વાણી–અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય સંદર્ભે મૂકવામાં આવેલી મર્યાદાઓ સાથે સંબંધ નથી ?

(અ) અપમાન લેખ (Libel)

(બ) અપમાન વચન (Slander)

(ક) બદનક્ષી (Defdrmation)

(ડ) ઈલ્કાબ (Award)

(164) સુરૂચિ અને નીતિમત્તા નિમિત્તે લાદવામાં આવેલી બંધારણીય મર્યાદાને .......... સાથે સંબંધ છે.

(અ) ધાર્મિક સ્વાતંત્ર્ય (બ) વાણી–અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય

(ક) સભા સ્વાતંત્ર્ય (ડ) સંઘ–સંગઠન સ્વાતંત્ર્ય



(165) અસ્પૃશ્યતા નિવારણ ધારા – અનટચેબ્લિટી (ઓફન્સીએક્ટ–1955ને હાલમાં ..........ના સુધારેલા નામથી ઓળખવામાં આવે છે.

(અ) ધ પ્રોટેકશન ઑફ સિવિલ રાઈટ્સ એક્ટ

(બ) ધ એબોલ્યુશન ઑફ સિવિલ રાઈટ્સ એક્ટ

(ક) ધ સેન્શ્યોરન્સ ઑફ સિવિલ રાઈટ્સ એક્ટ

(ડ) ધ ડેમોલ્યુશન ઑફ સિવિલ રાઈટ્સ એક્ટ

(166) સરકારી ઇલકાબો સાથે ખિતાબોની નાબૂદી દ્વારા દેશભરના નાગરિકોને એક સમાન પ્લેટોફોર્મ પૂરું પાડવાનો પ્રયાસ નીચેનામાંથી કઈ એક સરકારના શાસન કાળમાં થયો હતો ?

(અ) પં. નહેરુ સરકાર (બ) લાલબહાદુર શાસ્ત્રી સરકાર

(ક) જનતાપક્ષની સરકાર (ડ) ઇન્દિરા ગાંધી સરકાર

(167) 1978ના 44મા બંધારણીય સુધારા દ્વારા કલમ 19(F) તથા કલમ 31 અન્વયે મળેલો ખાનગી મિલ્કતનો અધિકારને હવે મૂળભૂતને બદલે .......... અધિકાર ગણાય છે.

(અ) કાનૂની – બંધારણીય (બ) સામાજિક

(ક) નૈતિક (ડ) રાજકીય

(168) વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર નિયંત્રણ કે મર્યાદા લાદવાની સત્તા માત્ર .......... જ છે.

(અ) રાજ્યને (બ) વડાપ્રધાનને

(ક) રાષ્ટ્રપ્રમુખને (ડ) સર્વોચ્ચ અદાલતને

(169) વ્યક્તિસ્વાતંત્ર્ય પરનાં નિયંત્રણો લાદવાની રાજ્યને અપાયેલ સત્તા અંતર્ગત કોઈ .......... થકી જ તેમ કરી શકાય અન્યથા નહીં.

(અ) વહીવટી પગલાં (બ) હુકમો

(ક) કાયદા (ડ) જાહેર વિજ્ઞપ્તિ

(170) શાંતિથી અને નિઃશસ્ત્ર રીતે એકઠા થવાના સ્વાતંત્ર્ય પર કોઈ પણ રાજ્યસરકાર કયા એકમાત્ર કારણસર કાયદાકીય નિયંત્રણ લાદી શકે છે ?

(અ) જાહેર સુખાકારી (બ) જાહેર વ્યવસ્થા

(ક) જાહેર વિકાસ (ડ) જાહેર મિલ્કત

(171) કોઈપણ લોકશાહીનો આધાર પક્ષપ્રથા પર હોય છે. રાજકીય પક્ષ એ વાસ્તવમાં એક સંઘ–સંસ્થા જ ગણાય. એ ન્યાયે ભારતીય નાગરિકને પોતાનાં વ્યાવસાયિક, સાંસ્કૃતિક કે હિતવર્ધક સંગઠનો રચવાની છૂટ હોય છે. આવાં હિતવર્ધક સંગઠનોથી નીચે આપેલી યાદીમાંથી કયું એક અપ્રસ્તુત છે?

(અ) મજૂર મહાજન સંઘ (બ) કામદાર સંઘ

(ક) 'જનસંઘ' (ડ) વ્યાપારી સંઘ

(172) મંડળો, સંઘો કે સંગઠનો રચવા પર કેટલાંક કારણોસર રાજ્ય સરકાર નિયંત્રણ લાદી શકે છે. આ પૈકીનાં નીચે દર્શાવેલાં કારણોમાં કયું કારણ સુસંગત કે બંધબેસતું કહી શકાય તેમ નથી ?

(અ) જાહેર વ્યવસ્થા

(બ) જાહેર સુખાકારી

(ક) જાહેર સદાચાર–નીતિમત્તા

(ડ) આ તમામ અસંગત છે

(173) જાહેર હિત, રાષ્ટ્રીય સલામતી તેમજ અનુસૂચિત જાતિ કે જનજાતિઓના હિતમાં રાજ્ય પ્રતિબંધ મૂકી શકે છે તે બાબત નાગરિકના કયા એક વ્યક્તિ સ્વાતંત્ર્ય અંતર્ગત આવરી લઈ શકાય ?

(અ) મુક્ત રીતે હરવા–ફરવાનું સ્વાતંત્ર્ય

(બ) વાણી–અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય

(ક) ધાર્મિક સ્વાતંત્ર્ય

(ડ) મિલકત ઉપાર્જન – ધારણ કે નિકાલ કરવાનું સ્વાતંત્ર્ય

(174) મિલ્કત ધારણ, નિકાલ કે ઉપાર્જન કરવાનું નાગરિક સ્વાતંત્ર્ય હવે કલમ .......... અન્વયે માત્ર કાનૂની સ્વરૂપ જ ધરાવે છે.

(અ) 2000 A (બ) 200 B

(ક) 300 A (ડ) 300 B

(175) નાગરિકની મિલ્કત અંતર્ગત રોકડ નાણાં, જમીન, મકાન, જંગમ અને અન્ય મૂર્ત (Tangible) અને અમૂર્ત (Intangible) મિલ્કતને સમાવિષ્ટ કરી લેવામાં આવેલ છે. આ પૈકીની અમૂર્ત મિલ્કત નીચેનામાંથી કઈ એક માત્ર છે?

(અ) કોપીરાઈટ કે પેટન્ટ (બ) પજેશન–કબજા નીચેની વસ્તુ

(ક) પૈત્રુક વારસો (ડ) સાંસ્કૃતિક વિરાસત



(176) નાગરિકને પ્રાપ્ત ધંધા–રોજગાર અંગેના અધિકારની મર્યાદા બાબતે રાજ્ય પોતે કે રાજ્યના અંકુશ હેઠળનાં નિગમો, વ્યાપાર, ધંધો, ઉદ્યોગ અને વ્યવસાય ચલાવી શકશે તેમજ તેના પર આંશિક કે પૂર્ણ .......... .

(અ) ઈજારા પણ ધરાવી શકશે

(બ) અધિકાર પણ ધરાવી શકશે

(ક) કબજો પણ ધરાવી શકશે

(ડ) આમાંથી કંઈ પણ કરી શકશે નહીં

(177) ધંધા–રોજગારના સ્વાતંત્ર્ય સંદર્ભે રાજ્ય વ્યવસાયી કે ટેકનીકલ લાયકાતોનું ધોરણ નક્કી .......... .

(અ) કરવા સ્વતંત્ર નથી (બ) કરતા કાયદો ઘડી શકશે

(ક) કરી પણ શકે (ડ) કરી શકે નહીં

(178) ગુનાઓની સજા તથા પુરાવાઓ સંબંધમાં કેટલાંક રક્ષણો આપવા બંધારણની કલમ 20 અંતર્ગત કોઈપણ વ્યક્તિને કોઈ એક ગુના માટે એક વખત ફોજદારી કાર્યવાહી ચાલ્યા બાદ કે સજા થયા બાદ ફરી વખત એ જ ગુન્હા બદલ સજા ..........

(અ) થઈ શકે નહીં. (બ) સજા થઈ શકે છે.

(ક) કરવા વિચારણા થઈ રહી છે.

(ડ) કરવી યોગ્ય ન ગણાય.

(179) બંધારણની કલમ 20 અનુસાર થયેલ જોગવાઈ મુજબ કોઈ પણ વ્યક્તિને કોઈ પણ એક કૃત્ય માટે, જે તે કૃત્ય કરવામાં સમયે તે કૃત્ય ગુનો ગણાતું હોય તો જ તે અંગે સજા થઈ શકશે. આ વિધાન .......... .

(અ) અસંદિગ્ધ છે (બ) અર્ધસત્ય છે

(ક) પૂર્ણ સત્ય છે (ડ) ન સમજાય તેવું છે

(180) .......... સિવાય રાજ્ય કોઈપણ વ્યક્તને એના જીવન તેમજ અંગત સ્વાતંત્ર્યથી વંચિત કરી શકશે નહીં.

(અ) રાજપાલની રજા (બ) રાષ્ટ્રપ્રમુખની પરવાનગી

(ક) સર્વોચ્ચ અદાલતના હૂકમ

(ડ) કાયદા દ્વારા પ્રસ્થાપિત વિધિ

(191) બંધારણીય ઈલાજના અધિકાર અંતર્ગત પાંચ પ્રકારના ન્યાયિક આજ્ઞાપત્રો (WRITS) કાઢવાનો એકમાત્ર હક્ક ભારતીય બંધારણમાં કોને આપવામાં આવેલ છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખને (બ) વડાપ્રધાનને

(ક) સર્વોચ્ચ અદાલતને (ડ) સંસદને

(192) બંધારણીય ઈલાજના અધિકાર અંતર્ગત સમાવિષ્ટ પાંચ પ્રકારનાં ન્યાયિક આજ્ઞાપત્રોમાં કેટલાંક અત્રે આપેલ તેમાંથી કયું એક ખોટું છે ?

(અ) બંદી પ્રત્યક્ષીકરણ (બ) પરમાદેશ અથવા અધિકારી હૂકમ

(ક) ઉત્પ્રેષણ (Cortiorari)

(ડ) ઉન્મૂલન

(193) સ્વતંત્રતાના અધિકારો અંતર્ગત ભારતીય બંધારણે પોતાના નાગરિકોને આપેલ સ્વાતંત્ર્ય કે અધિકારની વિગત અત્રેના વિભાગ I માં છે, જ્યારે તેને લગતી કોઈ એક મર્યાદા વિભાગ II માં આડાઅવળા ક્રમમાં આપેલ છે જેને સાચા ક્રમમાં ગોઠવતાં જોડકાં જોડો.

| વિભાગ I | વિભાગ II |
|---|---|
| (1) વાણી – અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય | (a) જાહેર સદાચાર તથા નીતિમત્તા |
| (2) શાંતિથી – નિઃશસ્ત્ર ભેગા થવાનું સ્વાતંત્ર્ય | (b) રાષ્ટ્રીય સલામતી |
| (3) મંડળી–સંઘો રચવાનું સ્વાતંત્ર્ય | (c) જાહેર વ્યવસ્થાનું હિત |
| (4) મુક્ત રીતે હરવા–ફરવાનું સ્વાતંત્ર્ય | (d) અપમાન લેખ (Libel) |

(અ) 1 = a, 2 = c, 3 = d, 4 = b

(બ) 1 = d, 2 = c, 3 = a, 4 = b

(ક) 1 = b, 2 = d, 3 = a, 4 = c

(ડ) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(194) રાષ્ટ્રપ્રમુખને ભારતીય બંધારણે એનાયત કરેલ અધિકાર (કલમ 352) અંતર્ગત જ્યારે કટોકટીની જાહેરાત કરવામાં આવે ત્યારે મૂળભૂત અધિકારો .......... .

(અ) મોકૂફ રહેતા હોય છે

(બ) યથાવત જ રહેતા હોય છે

(ક) સુષુપ્ત–બેઅસર થઈ જતા હોય છે

(ડ) કાયમી ધોરણે નાબૂદ થઈ જાય છે.

(195) "ભારતીય બંધારણ અનુસારના મૂળભૂત અધિકારી બીજાં ઘણાં રાષ્ટ્રોનાં બંધારણોમાંના મૂળભૂત અધિકારો કરતાં વિસ્તૃત અને નક્કર સ્વરૂપના છે" આ વિધાન નીચેનામાંથી કયા એક બંધારણવિદ્ નું છે ?

(અ) ડૉ. બા. સા. આંબેડકર

(બ) ગુરમુખ નિહાલ સિંગ

(ક) અનંત શયનમ આયંગર

(ડ) અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર

(196) "મૂળભૂત અધિકારો નાગરિકના વ્યક્તિત્વના સર્વોચ્ચ વિકાસ માટે જ હોવાથી તેને પાયાના કે મૂળભૂત ગણવામાં આવ્યા છે." આ વિધાન કોનું છે ?

(અ) હેરોલ્ડ હાસ્કી

(બ) સર અર્નેસ્ટ બાર્કર

(ક) ન્યાયમૂર્તિ ડબલ્યુ ઓમ્સ

(ડ) એમ. વી. પિયલી

(197) પ્રત્યેક વર્ષે નીચેનામાંથી કયા એક દિવસને 'માનવહક દિન' તરીકે ઉજવવામાં આવે છે ?

(અ) 10 જાન્યુઆરી (બ) 10 મે

(ક) 10 સપ્ટેમ્બર (ડ) 10 ડિસેમ્બર

(198) ભારતના કયા ભૂતપૂર્વ વડાન્યાયમૂર્તિએ કહ્યું હતું કે, "મૂળભૂત અધિકારો ઉપરનાં કોઈપણ પ્રકારનાં નિયંત્રણોને સંસદે ન્યાયતંત્ર સમક્ષ યોગ્ય ઠરાવવાં પડે છે."

(અ) શ્રી હરિલાલ જે. કણીયા

(બ) શ્રી મહેરચંદ મહાજન

(ક) શ્રી પી. બી. ગજેન્દ્રગડકર

(ડ) શ્રી એમ. સી. ચાગલા

(199) બંધારણીય ઇલાજોના નાગરિકને આપવામાં આવેલા અધિકારને લીધે પોતાના મૂળભૂત હકોનું .......... કરી શકે છે.

(અ) જતન (બ) સંવર્ધન

(ક) સંકલન (ડ) આકલન

(200) જ્યારે જ્યારે દેશના કોઈપણ નાગરિકના મૂળભૂત અધિકારનો ભંગ થયાની ફરિયાદ મળે ત્યારે તેનો યોગ્ય ઉપાય–ઇલાજ કરવાની સત્તા ભારતીય બંધારણે નીચેનામાંથી કયા એક અંગને સોંપી છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન

(ક) સર્વોચ્ચ અદાલત (ડ) સંસદ

(201) અદાલતનો તિરસ્કાર (અવહેલના) કરવાનો ગુન્હો નાગરિકને બંધારણે આપેલા કયા અધિકાર અંતર્ગત આવતો અપવાદ છે ?

(અ) મંડળ–સંઘ રચવાનું સ્વાતંત્ર્ય.

(બ) વાણી–અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય.

(ક) નિઃશસ્ત્ર – શાંતિપૂર્ણ રીતે એકઠા થવાનું સ્વાતંત્ર્ય.

(ડ) ધાર્મિક સ્વાતંત્ર્ય.

(202) દેશના કોઈપણ નાગરિકને પોતાની આગવી ભાષા, લિપિ તથા સંસ્કૃતિની જાળવણી કરવાનો બંધારણે આપેલ અધિકાર તેના .......... અંતર્ગત સમિવિષ્ટ છે.

(અ) મિલ્કતનો અધિકાર

(બ) બંધારણીય ઇલાજનો અધિકાર

(ક) શોષણ વિરૂદ્ધનો અધિકાર

(ડ) શૈક્ષણિક સંસ્કૃતિક અધિકાર

(203) 'અધિકાર પ્રશ્ન' (Quo Warranto) શબ્દપ્રયોગ ભારતીય નાગરિકને બંધારણ દ્વારા એનાયત થયેલ કયા અધિકાર અંતર્ગત આવે ?

(અ) બંધારણીય ઇલાજનો અધિકાર

(બ) શોષણ વિરૂદ્ધનો અધિકાર

(ક) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

(ડ) સાંસ્કૃતિક–શૈક્ષણિક અધિકાર



(204) દેશની કોઈપણ શૈક્ષણિક સંસ્થા કે જે, પોતાના રાજ્ય કે દેશની સંપૂર્ણ આર્થિક સહાય પર જ નિર્ભર હોય તે કોઈપણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ ........ .

(અ) પણ આપી શકે છે. (બ) આપી શકે જ નહીં

(ક) ઇચ્છે અને આપે તો ચાલે

(ડ) સરકારની પરવાનગીથી આપી શકે છે.

(205) પં. જવાહરલાલ નહેરુ સહિતના કોંગ્રેસી નેતાઓએ કાશ્મીરી પ્રજાના નેતા શેખ અબદુલ્લાની માગણી સમક્ષ ઝૂકી જઈને તેને વિશિષ્ટ રાજ્યનો દરજ્જો આપતી 370ની કલમનો અમલ કયારથી શરૂ કર્યો ?

(અ) 17 ઓક્ટોબર 1948

(બ) 17 ઓક્ટો. 1949

(ક) 17 ઓક્ટો. 1950 (ડ) 17 ઓક્ટો. 1951

(206) સ્વતંત્ર ભારતના બંધારણ ઘડતર માટે રચાયેલ વિવિધ સમિતિઓ પૈકીની મૂળભૂત અધિકાર તથા અલ્પસંખ્યક સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(અ) પંડિત જવાહરલાલ નહેરુ

(બ) સરદાર વલ્લભભાઈ પટેલ

(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) આચાર્ય જે.સી. કૃપલાની

(207) ભારતીય બંધારણમાં દર્શાવેલ મૂળભૂત અધિકારોની કલમો પછીની કલમ 36 થી 51ને નીચેનામાંથી .......... બાબત માટે ખાસ ફાળવવામાં આવેલ છે ?

(અ) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો માટે

(બ) સર્વધર્મ સમભાવ માટે

(ક) વસુધૈવ કુટુમ્બકમ્ ની ભાવના માટે

(ડ) રાષ્ટ્રભાષા હિન્દીના ઉપયોગ માટે

(208) ભારતીય બંધારણમાં સર્વધર્મ સમભાવના પારંપરિક આદર્શને સમાવિષ્ટ કરતી કેટલીક કલમો છે જેમાં કલમ નં. 14–15 અને 16 ઉપરાંત નીચેનામાંથી કઈ એકમાત્ર કલમનો ઉલ્લેખ અત્રે ખૂટે છે ?

(અ) કલમ નં. 17 (બ) કલમ નં. 19

(ક) કલમ નં. 21 (ડ) કલમ નં. 25

(209) ભારતીય બંધારણના તૃતીય ભાગમાં નિર્દેષિત મૂળભૂત અધિકારોમાં કુલ સાત અધિકારોનો ઉલ્લેખ છે જેમાં – સ્વતંત્રતા, સમાનતા, ધર્મસ્વાતંત્ર્ય, શૈક્ષણિક–સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય, શોષણ વિરોધી સ્વાતંત્ર્ય તથા મિલ્કત સ્વાતંત્ર્ય કે અધિકાર ઉપરાંત અન્ય એક અધિકાર (સ્વાતંત્ર્ય)ને નીચે આપેલ વિકલ્પોમાંથી પસંદ કરી આ યાદી પૂર્ણ કરો.

(અ) બંધારણના અમલનો

(બ) બંધારણીય ઇલાજનો

(ક) બંધારણીય અનુભૂતિનો

(ડ) બંધારણીય પરંપરાની જાળવણીનો

(210) ભારતીય બંધારણના ઘડવૈયાઓમાં અગ્રેસર એવા ડૉ. બા. સા. આંબેડકરે નાગરિકને બંધારણે આપેલા મૂળભૂત અધિકારોને બંધારણના આત્મા તેમજ નાગરિક સ્વાતંત્ર્યની .......... કહી છે.

(અ) ઢાલ (બ) જીવાદોરી

(ક) કમાન (ડ) કરોડરજ્જુ

(211) ભારતીય બંધારણના ઘડવૈયાઓએ એકબાજુ પરંપરાગત રીતે ચાલ્યા આવતા 'મહારાજા ધિરાજ' કે 'હીઝ હાઈનેસ' જેવા ઇલ્કાબો નાબૂદ કરી દેશભરના તમામ નાગરિકોને સમાન પ્લેટફોર્મ પુરૂં પાડ્યું છે જ્યારે બીજી બાજુ 'ભારતરત્ન' તથા 'પદ્મ પુરસ્કારો' જેવા નાગરિક પુરસ્કારોને .......... વર્ષથી શરૂ પણ કર્યા છે.

(અ) 1951 (બ) 1952

(ક) 1953 (ડ) 1954

(212) ભારતીય બંધારણવિદોએ તેના માનવ કે નાગરિકના અધિકારોની જાળવણીની સાથે સાથે વન્ય જીવસૃષ્ટિ તથા પર્યાવરણની જાળવણીના અધિકારો માટે કઈ ખાસ કલમ ઘડી કાઢી છે ?

(અ) 46 A (બ) 47 A

(ક) 48 A (ડ) 49 A

(213) માનવમાત્રને મળવાપાત્ર જન્મજાત અધિકારો માટે ભારત જેવા લોકશાહી દેશો ઉપરાંત બીજી કઈ એક આંતરરાષ્ટ્રીય સંસ્થાનું પ્રદાન નોંધપાત્ર છે ?

(અ) લીગ ઑફ નેશન્સ (બ) યુ.એન.

(ક) નાટો (ડ) સિયાટો



(214) સ્વાતંત્ર્ય પ્રાપ્તિનાં પ્રારંભિક વર્ષો (1950) સુધી ભારતીય બંધારણમાં માત્ર મૂળભૂત હક્કો જ સમાવિષ્ટ હતા જેમાં ..........ના વર્ષથી બંધારણ દ્વારા ઠરાવેલ નાગરિકની ફરજો પણ ઉમેરી લેવામાં આવેલ છે.

(અ) 1956 (બ) 1966

(ક) 1976 (ડ) 1986

## પ્રકરણ – 7 : નાગરિકોની મૂળભૂત ફરજો

(215) ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો પર કોનો સ્પષ્ટ પ્રભાવ વર્તાય છે ?

(અ) અમેરિકાનો (બ) ઇંગ્લેન્ડનો

(ક) રશિયાનો (ડ) આર્યલેન્ડનો

(216) પ્રારંભિક અવસ્થામાં ભારતીય બંધારણમાં માત્ર મૂળભૂત હક્કોનો જ સમાવેશ કરાયો હતો પરંતુ 42મા સુધારાથી તેમાં નાગરિકની ફરજોનો સમાવેશ કઈ સાલથી કરાયો ?

(અ) 1960 (બ) 1970

(ક) 1980 (ડ) 1990

(217) અત્રે નાગરિકની ફરજો સંદર્ભે આપેલાં કેટલાંક વિધાનો પૈકીનું કયું એક સાવ અસંગત છે ?

(અ) દેશની જાહેર મિલકતોનું રક્ષણ કરવું તથા હિંસાચાર ત્યજવો.

(બ) સ્વાતંત્ર્ય લડતના પ્રેરણાદાયી આદર્શોને હૃદયમાં ઉતારી અનુસરવા.

(ક) બંધારણને વફાદાર રહી તેના આદર્શોનો આદર–સત્કાર કરવો.

(ડ) જરૂર પડ્યેથી વિદેશી સૈન્યમાં પણ જોડાઈ જવું.

(218) દેશની એકતા, સાર્વભૌમત્વ અને ..........નું રક્ષણ તથા સમર્થન કરવું એ નાગરિકની ફરજના એક ભાગરૂપ ગણાય.

(અ) ઔદાર્ય (બ) ઔચિત્ય

(ક) અખંડિતતા (ડ) સમર્થતા

(219) વૈજ્ઞાનિક માનસ, માનવવાદ, જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની વૃત્તિને શું કહેવાય ?

(અ) નાગરિકની મૂળભૂત ફરજ (બ) નાગરિકનો મૂળભૂત હક્ક

(ક) નાગરિકની સાચી સમજ (ડ) નાગરિકની રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા

(220) રાષ્ટ્રીય સિદ્ધિઓ માટે વૈયક્તિક–સામૂહિક પ્રવૃત્તિક્ષેત્રે .......... એટલે મૂળભૂત ફરજ.

(અ) ઉદાસીનતા દાખવવી

(બ) તત્પરતા ન દાખવવી

(ક) વિવેકભાન દાખવવું

(ડ) શ્રેષ્ઠતા દાખવવી

(221) આપણે જે રીતે દર વર્ષે 10 ડિસેમ્બરને 'માનવહક્ક દિન' તરીકે ઉજવીએ છીએ તે રીતે કયા એક દિવસને 'મૂળભૂત ફરજ દિન' તરીકે ઉજવવાનું સૂચન કરવામાં આવેલ છે ?

(અ) 6 ડિસેમ્બર (બ) 6 જાન્યુઆરી

(ક) 6 ફેબ્રુઆરી (ડ) 6 માર્ચ

(222) ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો મુખ્યત્વે કોની છે ?

(અ) રાષ્ટ્રની (બ) રાજ્યની

(ક) નાગરિકની (ડ) સરકારની

(223) નાગરિકની ફરજોનું યોગ્ય પાલન થાય તે માટે શું કરવું જરૂરી છે ?

(અ) કાયદાનું ઘડતર (બ) જનજાગૃતિમાં વૃદ્ધિ

(ક) જન–લોકપાલ ધારાનો અમલ

(ડ) રાષ્ટ્રીય સભાનતામાં વધારો

## પ્રકરણ – 8 : રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

(224) ભારતીય બંધારણના વિભાગ–4માં કઈ થી કઈ કલમોમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સમાવિષ્ટ છે ?

(અ) 27 થી 41 (બ) 37 થી 51

(ક) 47 થી 61 (ડ) 57 થી 71

(225) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એટલે .......... .

(અ) નાગરિકની ફરજોનો દિશા નિર્દેશ

(બ) રાજ્યની ફરજોનો દિશા નિર્દેશ

(ક) કાનૂની ફરજોનો દિશા નિર્દેશ

(ડ) રાષ્ટ્રીય ફરજોનો દિશા નિર્દેશ



(226) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ વગર રાજકીય લોકશાહીની સાથે સાથે આર્થિક તેમજ સામાજિક લોકશાહી .......... .

(અ) આવી શકે નહિ (બ) આવી શકે

(ક) આવવી શક્ય બને (ડ) બુલંદ બની શકે

(227) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સામાન્યતઃ બે ભાગમાં વહેંચવામાં આવેલ છે. જેમાંનો પ્રથમ એટલે ગૃહનીતિને લગતા માર્ગદર્શક સિદ્ધાંતો જ્યારે બીજામાં નીચેનામાંથી કોનો સમાવેશ થયેલ છે ?

(અ) રાષ્ટ્રીય નીતિને લગતા માર્ગદર્શક સિદ્ધાંતોનો

(બ) નાગરિકને લગતા માર્ગદર્શક સિદ્ધાંતો

(ક) કાનૂનને લગતા માર્ગદર્શક સિદ્ધાંતો

(ડ) વિદેશ નીતિ–પરરાજ્ય નીતિને લગતા માર્ગદર્શક સિદ્ધાંતો

(228) બંધારણની જોગવાઈઓ 37 થી 51માં લગતા માર્ગદર્શક સિદ્ધાંતો માર્ગદર્શક સિદ્ધાંતોને લગતી કલમો અંગેના વિભાગ – I માં જ્યારે તે કયા સંદર્ભે છે તેનો ખ્યાલ વિભાગ – II ની વિગતો દ્વારા મળે છે. તેને પ્રશ્નને અંતે આપેલ જવાબમાં આપેલા એક સાચા જવાબને આધારે યોગ્ય ક્રમમાં ગોઠવો.

| વિભાગ – I | વિભાગ – II |
|---|---|
| (1) કલમ 40 | (a) તમામ નાગરિકો માટે સામાજિક સુરક્ષાનો કાયદો |
| (2) કલમ 41 | (b) કામદારો માટે કામના પ્રમાણમાં વેતન–શિષ્ટ જીવનધોરણ |
| (3) કલમ 42 | (c) ગ્રામ પંચાયતોની સ્થાપના–રચના કરવી |
| (4) કલમ 43 | (d) કામ અંગે ન્યાયી–માનવીય ધોરણોનો અમલ |

(અ) 1 = b, 2 =d, 3 = c, 4 = a

(બ) 1 = a, 2 = c, 3 = d, 4 = b

(ક) 1 = c, 2 = 1, 3 = d, 4 = b

(ડ) 1 = d, 2 = c, 3 = a, 4 = b

(229) ભારતીય બંધારણના કયા વિભાગને બ્રિટિશ બંધારણના મહત્વપૂર્ણ ધારા 'મેગ્નાકાર્ટા' સાથે સરખાવવામાં આવે છે ?

(અ) વિભાગ - 1 (બ) વિભાગ - 2

(ક) વિભાગ - 3 (ડ) વિભાગ - 4

(230) "રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના ભંગ બદલ કોઈપણ સરકારને અદાલતમાં જવાબ આપવો પડતો નથી, છતાં ચૂંટણી ટાણે મતદાતાઓને જવાબ આપવામાંથી તે છટકી શકે નહીં."

– ઉક્ત વિધાન કયા બંધારણ વિદે કર્યું છે ?

(અ) સર આઈવર જેનિંગ્સ

(બ) પ્રોફે. કે. સી. વ્હીલર

(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(ડ) ડૉ. બા.સા. આંબેડકર

(231) "રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એટલે આમુખમાં દર્શાવેલ ભાવનાઓનું વિસ્તૃત સ્વરૂપ... જે લોકોને તેમજ સરકારને શું કરવાનું છે તેનું સતત સ્મરણ કરાવે છે" આ વિધાન કોનું છે ?

(અ) પ્રોફે. કે. સી. દેસાઈ (બ) પ્રોફે. (ડૉ.) આર. કે. ધારૈયા

(ક) પ્રોફે. કે. સી. વ્હીલર (ડ) પ્રોફે. (ડૉ.) કે. સી. બારોટ

(232) "રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને બંધારણમાં સમાવવાનું કોઈ તાર્કિક કારણ જ નથી" એ વિધાન કોનું છે ?

(અ) પ્રોફે. ઉપેન્દ્ર પાઠક (બ) પ્રોફે. કે. સી. વ્હીલર

(ક) ડૉ. બા. સા. આંબેડકર (ડ) ક. મા. મુનશી

(233) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની વિગતો અત્રેના વિભાગ I માં અને તેને લગતી કલમો (જોગવાઈઓ) વિભાગ II માં છે તેને સાચા ક્રમમાં ગોઠવો.

| | વિભાગ – I | | વિભાગ – II |
|---|---|---|---|
| (1) | અનુ.જાતિ-જનજાતિ અને નબળા વર્ગોના ઉત્કર્ષ અંગે | (a) | કલમ 44 |
| (2) | લોકોનું આરોગ્ય, પોષણ અને જીવનધોરણ ઉંચુ લાવવા | (b) | કલમ 45 |
| (3) | ચૌદ વર્ષની વય સુધીનાં બાળકોને મફત-ફરજીયાત શિક્ષણ | (c) | કલમ 46 |
| (4) | તમામ નાગરિકો માટે સમાન દીવાની કાયદો | (d) | કલમ 47 |



(અ) 1 = c, 2 = d, 3 = b, 4 = a

(બ) 1 = a, 2 = c, 3 = d, 4 = b

(ક) 1 = c, 2 = 1, 3 = d, 4 = b

(ડ) 1 = d, 2 = c, 3 = a, 4 = b

(234) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કેટલીક કલમો અત્રેના વિભાગ I માં અને તેને લગતી વિગતો જોગવાઈઓ વિભાગ II માં આપેલ છે જેને પ્રશ્નને અંતે આપેલા એક સાચા જવાબને આધારે ગોઠવો.

| | વિભાગ – I | | વિભાગ – II |
|---|---|---|---|
| (1) | કલમ 48 | (a) | રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાના જતન સંદર્ભે |
| (2) | કલમ 49 | (b) | કૃષિ-પશુપાલન આધુનિક-વૈજ્ઞાનિક ધોરણે કરવા |
| (3) | કલમ 50 | (c) | આં.રા. શાંતિ-સલામતિ-પ્રગતિમાં અભિવૃદ્ધિ બાબતે |
| (4) | કલમ 51 | (d) | રાજ્ય સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા માટે |

(અ) 1 = b, 2 =c, 3 = a, 4 = d

(બ) 1 = b, 2 = a, 3 = d, 4 = c

(ક) 1 = a, 2 = d, 3 = b, 4 = c

(ડ) 1 = c, 2 = a, 3 = b, 4 = d

(235) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો શાસનવ્યવસ્થાના મૂળભૂત ઘટકો હોવાથી .........ના પાયારૂપ ગણાય.

(અ) રાજાશાહીના (બ) લોકશાહીના

(ક) નોકરશાહીના (ડ) અમલદારશાહીના

(236) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો થકી બંધારણની સાચા અર્થમાં વ્યાખ્યા કરીને એક કેવા રાજ્યની કલ્પના સાકાર કરી શકાય તેમ છે ?

(અ) પ્રગતિકારી (બ) નફાકારી

(ક) નિરંકારી (ડ) કલ્યાણકારી

(237) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના ભંગ બદલ .......... .
(અ) અદાલતનો આશરો લઈ શકાય છે
(બ) અદાલતનો આશ્રય લઈ શકાતો નથી
(ક) માત્ર સર્વોચ્ચ અદાલત સમક્ષ જ જઈ શકાય છે
(ડ) માત્ર રાજ્યની વડી અદાલત સમક્ષ જ જઈ શકાય છે.

(238) મૂળભૂત અધિકારો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વાસ્તવમાં એક જ વ્યવસ્થાનાં બે ભિન્ન-ભિન્ન અંગો છે જેનું લક્ષ્ય ..........
(અ) પણ ભિન્ન છે (બ) પરસ્પરથી થોડુંક મળતું આવે છે
(ક) એકબીજાથી તદ્દન વિપરીત છે
(ડ) છેવટે એક જ છે

(239) મૂળભૂત અધિકારો નકારાત્મક છે જ્યારે રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો .......... .
(અ) હકારાત્મક છે (બ) પણ નકારાત્મક જ છે
(ક) પરસ્પર એકરૂપ છે (ડ) પરસ્પરથી થોડાંક મળતાં આવે છે

(240) મૂળભૂત અધિકારો સાર્વભૌમ નથી જ્યારે રાજનીતિના સિદ્ધાંતો ..........
(અ) પ્રતિબંધિત છે (બ) પ્રતિબંધથી મુક્ત છે
(ક) તટસ્થ છે (ડ) સાવ જુદા જ છે

## પ્રકરણ - 9 : ભારતની સંઘીય કારોબારી

(241) "ભારતના રાષ્ટ્રપ્રમુખ ઈંગ્લેન્ડના બંધારણમાં રાજાનું જેવું છે તેવું જ સ્થાન ધરાવે છે અર્થાત્ તેઓ રાજના વડા છે, કારોબારીના નહીં" આ વિધાન કયા બંધારણવિદ્દનું છે ?
(અ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (બ) ડૉ. ભીમરાવ આંબેડકર
(ક) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(ડ) સર આઈવર જેનિંગ્ઝ

(242) "રાષ્ટ્રપ્રમુખ રાષ્ટ્રનું પ્રતિક છે. તેઓ રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરે છે પરંતુ રાષ્ટ્ર પર શાસન કરતા નથી" એવું સ્પષ્ટ મંતવ્ય કોણે દર્શાવ્યું છે ?
(અ) અનંત શયનમ આયંગર
(બ) અલ્લાદી કૃદકાસ્વામી ઐયર
(ક) ગુરૂમુખ નિહાલસિંહ (ડ) ડૉ. બાબા સાહેબ આંબેડકર



(243) "આપણે ચૂંટાયેલી ધારાસભા સાથે ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખના સ્થાન અંગે સમાધાન કરવાનું હતું... તેમ કરવા જતાં આપણે તેમને વધતે ઓછે અંશે બ્રિટિશ રાજવી જેવું સ્થાન આપેલ છે." બંધારણના અમલના પ્રારંભિક તબક્કામાં કયા ભારતીય રાજપુરૂષે આવું વિધાન કર્યું હતું ?
(અ) પં. જવાહરલાલ નહેરુ
(બ) ડૉ. બાબા સાહેબ આંબેડકર
(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) કનૈયાલાલ મા. મુનશી

(244) ભારતીય બંધારણની નીચેનામાંથી કઈ કલમોમાં રાષ્ટ્રપ્રમુખને અપાયેલ સત્તાના સંદર્ભે નોંધવામાં આવ્યું છે કે, "ભારતીય સંઘની કારોબારી વિષયક સત્તા રાષ્ટ્રપ્રમુખને હસ્તક રહેશે. તેનો અમલ તેઓ જાતે જ સીધેસીધો અથવા અધિનસ્થ અધિકારીઓ થકી બંધારણ અનુસાર કરશે ?"
(અ) કલમ 37–44 (બ) કલમ 45–47
(ક) કલમ 48–51 (ડ) કલમ 52–78

(245) ભારતીય બંધારણના કયા ભાગમાં સંઘીય કારોબારીની જોગવાઈઓ સમાવિષ્ટ કરવામાં આવેલ છે ?
(અ) વિભાગ – 3 (બ) વિભાગ – 4
(ક) વિભાગ – 5 (ડ) વિભાગ – 6

(246) રાષ્ટ્રપ્રમુખ કેન્દ્રીય કારોબારીના .......... છે.
(અ) સર્વોચ્ચ વડા (બ) સહૃદય સાથીદાર
(ક) સંનિષ્ઠ સેવક (ડ) સુદૃઢ સંરક્ષક

(247) ભારતના રાષ્ટ્રપ્રમુખ .......... કેન્દ્રીય સંરક્ષણ દળોના પણ સર્વોચ્ચા વડા છે.
(અ) માત્ર દેખાવ ખાતર (બ) હોદ્દાની રૂએ-બંધારણની રીતે
(ક) વ્યવહારમાં ન હોય તે રીતે
(ડ) આમાંથી એક પણ નહીં

(248) રાષ્ટ્રપ્રમુખ ભારતના સર્વોચ્ચ આદરણીય અને સર્વપ્રથમ .......... છે.
(અ) બંધારણવિદ્દ (બ) અધિકારી
(ક) સત્તાધીશ (ડ) નાગરિક

(249) ભારતીય રાષ્ટ્રપ્રમુખની સત્તાઓ વાસ્તવિક જણાતી હોવા .........

(અ) છતાં તે નામ માત્રની જ છે

(બ) ઉપરાંત વ્યાજબી પણ છે

(ક) ની સાથે સાથે મજબૂત પણ છે

(ડ) જેટલી યોગ્ય તો નથી જ

(250) રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી એક ચોક્કસ મતદાન મંડળ (Electro College) દ્વારા કઈ રીતે થાય છે ?

(અ) સ્પષ્ટ રીતે (બ) સંદિગ્ધ રીતે

(ક) પરોક્ષ રીતે (ડ) પ્રત્યક્ષ રીતે

(251) રાષ્ટ્રપ્રમુખ માટેના મતદાન મંડળમાં સંસદનાં બન્ને ગૃહોના ચૂંટાયેલ સભ્યો ઉપરાંત અન્ય કોનો સમાવેશ થતો હોય છે ?

(અ) રાજ્યના રાજ્યપાલનો

(બ) રાજ્યના મુખ્યમંત્રીનો

(ક) રાજ્યની વિધાનસભાનો (ડ) રાજની પ્રજાનો

(252) "રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીપ્રક્રિયા સૌથી જટિલ, એકલ, સંક્રમણીય તથા સપ્રમાણ પ્રતિનિધિત્વના સિદ્ધાંત પર આધારિત છે" આ વિધાન .........

(અ) તદ્દન સાચું છે (બ) તદ્દન ખોટું છે

(ક) અર્ધસત્ય સમાન છે (ડ) સંદિગ્ધ પદ્ધતિ ધરાવે છે

(253) રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં મતોની સંખ્યા કરતાં મતોનું ......... વિશેષ મહત્ત્વનું છે.

(અ) જૂથબળ (બ) મૂલ્ય

(ક) મહત્ત્વ (ડ) હડાપણ

(254) રાષ્ટ્રપ્રમુખના ઉમેદવારની યોગ્યતા માટે તેની વય કેટલી હોવી જરૂરી છે ?

(અ) 21 વર્ષ (બ) 31 વર્ષ

(ક) 35 વર્ષ (ડ) 45 વર્ષ



(255) રાષ્ટ્રપ્રમુખપદના ઉમેદવાર લોકસભાના સભ્ય માટે જરૂરી યોગ્યતા તેમજ કોઈપણ પ્રકારનો સરકારી હોદ્દો ......... .

(અ) ધરાવતા હોવા જોઈએ

(બ) ધરાવતા હોય તો પણ ચાલે

(ક) ધરાવવા સમર્થ હોવા જોઈએ

(ડ) ધરાવતા ન હોવા જોઈએ

(256) રાષ્ટ્રપ્રમુખપદ માટેના ઉમેદવાર માટે ઓછામાં ઓછા 50 મતદારોની ભલામણ તેમજ અન્ય શું જરૂરી ગણાય ?

(અ) 50નું સમર્થન (બ) 100નું સમર્થન

(ક) સર્વોચ્ચ ન્યાયાધીશનું સમર્થન

(ડ) ઉપરાષ્ટ્રપ્રમુખનું સમર્થન

(257) રાષ્ટ્રપ્રમુખપદના ઉમેદવારો રોકડ રૂા. 25,000/–ની ડિપોઝીટ ભરવી પડે છે. જો તેમને ચૂંટણીમાં ......... જેટલા મત ન મળે તો તે જપ્ત થાય છે.

(અ) $\frac{1}{2}$ (બ) $\frac{1}{4}$

(ક) $\frac{1}{6}$ (ડ) $\frac{1}{8}$

(258) ભારતીય બંધારણની કલમ 56 અનુસાર રાષ્ટ્રપ્રમુખનો કાર્યકાળ કેટલો હોય છે ?

(અ) ચાર વર્ષ (બ) પાંચ વર્ષ

(ક) છ વર્ષ (ડ) દસ વર્ષ

(259) કલમ 61 અન્વયે રાષ્ટ્રપ્રમુખશ્રીને બંધારણના ભંગ બદલ કઈ વિધિ થકી દૂર કરી શકવાની જોગવાઈ છે ?

(અ) મહાભિયોગ પ્રસ્તાવ (બ) કાનૂની કાર્યવાહી

(ક) શિક્ષાત્મક પગલાં (ડ) રાજીનામું માંગી લઈને

(260) બંધારણની કલમ 57 અન્વયે એકવાર ભારતના રાષ્ટ્રપ્રમુખ પદે ચૂંટાયેલ ઉમેદવાર ......... .

(અ) ફરીથી ચૂંટાઈ શકતા નથી.

(બ) ફરીથી ચૂંટાઈ શકે છે.

(ક) ફરીથી ચૂંટાય પણ ખરા. (ડ) ફરીથી ન પણ ચૂંટાય.

(261) ભારતીય રાષ્ટ્રપ્રમુખ પદની શપથવિધિ (કલમ 60 મુજબ) કોણ કરાવે હોય છે ?

(અ) ઉપરાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન

(ક) લશ્કરના સર્વોચ્ચ વડા (ડ) સર્વોચ્ચ ન્યાયાધીશ

(262) ભારતના સર્વોચ્ચ બંધારણીય વડા – રાષ્ટ્રપ્રમુખ પર લગાવી શકાતી મહાભિયોગ પ્રસ્તાવ, વાસ્તવમાં કયારે લગાવી શકાય છે ?

(અ) જો રાષ્ટ્રપ્રમુખ પૂરતી ક્ષમતા અને યોગ્યતા ધરાવતા ન હોય તો જ

(બ) જો રાષ્ટ્રપ્રમુખ થકી બંધારણનો ભંગ કરવામાં આવ્યો હોય તો જ

(ક) જો રાષ્ટ્રપ્રમુખ જણાવ્યા સિવાય ભંગ કરવામાં આવ્યો હોય તો જ

(ડ) જો રાષ્ટ્રપ્રમુખ પોતાની ફરજો નિભાવવામાં ઉણા ઉતરે તો જ

(263) રાષ્ટ્રપ્રમુખ પરનો મહાભિયોગ પ્રસ્તાવ 14 દિવસ પૂર્વે ગૃહની કુલ સભ્યસંખ્યાના $\frac{1}{4}$ સભ્યોની લેખિત તથા બંને ગૃહોની ......... બહુમતી મળ્યા પછી જ લાગુ કરી શકાય છે.

(અ) $\frac{1}{2}$ (બ) $\frac{1}{4}$

(ક) $\frac{2}{3}$ (ડ) $\frac{2}{4}$

(264) રાષ્ટ્રપ્રમુખને મહાભિયોગ પ્રસ્તાવ ટાણે સ્વબચાવની .......... .

(અ) છૂટ અપાતી હોય છે.

(બ) છૂટ અપાતી નથી.

(ક) છૂટ આપી શકાય જ નહીં

(ડ) છૂટ આપવી તો જોઈએ.

(265) રાષ્ટ્રપ્રમુખ દેશની કારોબારીના .......... .

(અ) એક સમર્થક છે (બ) એક સમિક્ષક છે

(ક) સર્વોચ્ચ વડા છે (ડ) સંનિષ્ઠ કાર્યપાલક છે

(266) રાષ્ટ્રપ્રમુખની કારોબારી વિષયક સત્તાઓ અંતર્ગત તેઓ જે જે નિમણૂંકો કરી શકતા હોય છે તેમાં અત્રે આપેલ પૈકીની કઈ એક અસંગત છે ?

(અ) સર્વોચ્ચ ન્યાયાધીશ (બ) એટર્ની જનરલ

(ક) રાજ્યના રાજ્યપાલ (ડ) રાજ્યના મુખ્યમંત્રી

(267) રાષ્ટ્રપ્રમુખ કલમ–2 મુજબ ભારતના સંરક્ષણ દળોની ત્રણે પાંખના .......... .

(અ) સર્વોચ્ચ વડા છે. (બ) સર્વશ્રેષ્ઠ સલાહકાર છે.

(ક) સંનિષ્ઠ સહાયક છે. (ડ) સર્વાધિક વિશ્વાસુ સાથી છે.

(268) ભારતીય રાષ્ટ્રપ્રમુખ યુદ્ધ તેમજ શાંતિ .......... .

(અ) સંદર્ભે સલાહ આપે છે.

(બ) ની જાહેરાત કરી શકે છે.

(ક) માટે આઈગાહી કરતા હોય છે.

(ડ) સબબ ચિંતા કરતા હોય છે.

(269) ભારતના તમામ આંતરરાષ્ટ્રીય સમજૂતી કરારો ..........ના નામે થાય છે.

(અ) વડાપ્રધાન (બ) સર્વોચ્ચ લશ્કરી વડાઓ (ત્રણ દળના)

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) સર્વોચ્ચ ન્યાયાધીશ

(270) રાષ્ટ્રપ્રમુખ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે .......... .

(અ) ભારે નામના ધરાવતા હોય છે.

(બ) દેશનું પ્રતિનિધિત્વ કરે છે.

(ક) દેશની વાહ વાહ કરતા હોય છે.

(ડ) મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

(271) રાષ્ટ્રપ્રમુખને આપવામાં આવેલી ધારાકીય સત્તાઓ અંતર્ગત તેઓ .......... .

(અ) સંસદનું સત્ર બોલાવી કે મૂલત્વી રાખી શકતા હોય છે.

(બ) સંસદના ઉપલાગૃહ સમક્ષ ઈચ્છે ત્યારે ઉપસ્થિત થઈ શકે છે.

(ક) સંસદને નિયંત્રણમાં રાખી શકતા હોય છે.

(ડ) વડાપ્રધાન અને પ્રધાનમંડળને કમ કરતા રોકી શકે છે.

(272) સંસદનું સત્ર ચાલુ ન હોય તેવા સંજોગોમાં તત્કાલ કાયદો ઘડવાની જરૂર ઉભી થાય તો રાષ્ટ્રપ્રમુખ શું કરી શકે છે ?
(અ) સંસદની તાત્કાલિક બેઠક બોલાવી શકે છે.
(બ) સંસદસભ્યોને વિશ્વાસમાં લઈ કામ કરી શકે છે.
(ક) તત્કાલ વટહૂકમ બહાર પાડી શકે છે.
(ડ) ઉપરાષ્ટ્ર પ્રમુખની મદદથી ધારાકીય પગલાં ભરી શકે છે.

(273) શ્રીમતી પ્રતિભાસિંહ પાટીલ વર્તમાન ભારતનાં કેટલામાં રાષ્ટ્રપ્રમુખ છે?
(અ) દસમાં (બ) અગિયારમાં
(ક) બારમાં (ડ) તેરમાં

(274) ભારતના બંધારણમાં દર્શાવેલ મૂળભૂત અધિકારોને રાષ્ટ્રપ્રમુખ ..........
(અ) ક્યારેય સ્થગિત કરી શકતા નથી.
(બ) ઈચ્છે ત્યારે તેમાં ફેરફાર કરી શકે છે.
(ક) સ્પર્શ પણ કરી શકતા નથી.
(ડ) તેમાં ઈચ્છિત પરિવર્તન કરી શકતા નથી.

(275) રાષ્ટ્રપ્રમુખ સંસદ સમક્ષ જે ઉદ્‌બોધન કરે છે તેનો મુસદ્દો કોણ તૈયાર કરે છે?
(અ) ઉપરાષ્ટ્રપ્રમુખ (બ) કેન્દ્રીય મંત્રીમંડળ
(ક) એટર્ની જનરલ (ડ) સર્વોચ્ચ ન્યાયાધીશ

(276) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને પદભ્રષ્ટ કરવાનો અધિકાર
(અ) રાષ્ટ્રપ્રમુખને નથી (બ) એકમાત્ર રાષ્ટ્રપ્રમુખને જ છે.
(ક) ઉપરાષ્ટ્રપ્રમુખને પણ નથી
(ડ) કેવળ ઉપરાષ્ટ્રપ્રમુખને જ છે.

(277) વિધાનપરિષદમાં ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ રાષ્ટ્રપ્રમુખ માટેના મતદાન મંડળમાં ......... .
(અ) થઈ શકે છે. (બ) થઈ શકતો નથી.
(ક) થવો જોઈએ (ડ) થવા સંભવ છે.

(278) રાષ્ટ્રપ્રમુખ દ્વારા સંસદ (લોકસભા–રાજસભા)માં નિમાયેલ સભ્યો ચૂંટણી .......... .
(અ) લડી શકતા નથી. (બ) લડી શકે છે.
(ક) લડવા ઈચ્છતા જ હોતા નથી.
(ડ) લડવા તો ઈચ્છતા હોય છે.



(279) ભારતના કયા રાષ્ટ્રપ્રમુખે પોતાના સત્તાકાળ દરમ્યાન સૌથી વધુ વટહૂકમ બહાર પાડ્યા હતા ?
(અ) ડૉ. રાજેન્દ્રપ્રસાદ
(બ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
(ક) શ્રી ફકરુદ્દીન અલી અહેમદ
(ડ) શ્રી જ્ઞાની ઝૈલસિંહ

(280) ભારતના કયા રાષ્ટ્રપ્રમુખે સૌથી ઓછા સમય માટે પદ ભોગવ્યું છે ?
(અ) શ્રી એમ. હિદાયતુલ્લા
(બ) શ્રી બી. ડી. જત્તી
(ક) ડૉ. શંકરદયાલ શર્મા
(ડ) ડૉ. ઝાકીર હુસૈન

(281) ભારતના કયા રાષ્ટ્રપ્રમુખ પદગ્રહણ વેળાએ સૌથી યુવાન અને બિનહરિફ ઉમેદવાર હતા ?
(અ) શ્રી આર. વેંકટરામન(બ) શ્રી કે. આર. નારાયણન
(ક) શ્રી વી. વી. ગીરી (ડ) શ્રી નિલમ સંજીવ રેડ્ડી

(282) રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીના મતદાન મંડળમાં કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના સભ્યોનો .......... .
(અ) પણ સમાવેશ થાય છે.
(બ) સમાવેશ થતો નથી.
(ક) પણ સમાવેશ થવો જોઈએ.
(ડ) સમાવેશ કરવા વિચારણા થાય છે.

(283) ભારતીય રાષ્ટ્રપ્રમુખને કોઈપણ બાબતનો અમલ અટકાવવાની સત્તા .......... .
(અ) હોય છે (બ) હોવી જોઈએ
(ક) હોતી નથી (ડ) હોય તો સારૂં

(284) ભારતીય રાષ્ટ્રપ્રમુખની બંધારણીય સત્તાઓ કોની સાથે સરખાવાય છે ?
(અ) બ્રિટિશ વડાપ્રધાન સાથે
(બ) બ્રિટિશ તાજ સાથે
(ક) અમેરિકન રાષ્ટ્રપ્રમુખ સાથે
(ડ) ઓસ્ટ્રેલિયન રાષ્ટ્રપ્રમુખ સાથે

(285) કોઈપણ નાણાંકીય ખરડો સંસદ સમક્ષ રજૂ કરતાં પૂર્વે રાષ્ટ્રપ્રમુખશ્રીની મંજૂરી લેવી .......... .

(અ) અનિવાર્ય ગણાય છે.

(બ) અનિવાર્ય ગણાતી નથી.

(ક) લેવામાં આવે તો સારૂં

(ડ) પહેલાં લેવાતી હતી હાલમાં લેવાતી નથી.

(286) કેન્દ્રીય નાણામંત્રી કોની સૂચનાથી સંસદ સમક્ષ બજેટ રજૂ કરે છે ?

(અ) વડાપ્રધાનની (બ) પક્ષ પ્રમુખશ્રીની

(ક) રાષ્ટ્રપ્રમુખશ્રીની (ડ) રાષ્ટ્રપ્રમુખશ્રીની

(287) નાણાપંચની રચના કોની સૂચના અનુસાર કરવામાં આવે છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખની (બ) ઉપરાષ્ટ્રપ્રમુખની

(ક) વડાપ્રધાનની

(ડ) કંટ્રોલર અને ઓડિટર જનરલ (C.G.A.)ની

(288) દેશના આકસ્મિક ખર્ચાઓને પહોંચી વળવા રાષ્ટ્રપતિ શું કરતા હોય છે ?

(અ) આવી સત્તા કે વહીવટ તેમને હસ્તક હોતો જ નથી.

(બ) આકસ્મિક ભંડોળમાંથી નાણાં ઉપાડે છે.

(ક) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળમાંથી નાણાંકીય સહાય મેળવે છે.

(ડ) સમગ્ર રાષ્ટ્ર પર આકસ્મિક કર નાખી નાણાં ઉઘરાવી લે છે.

(289) સર્વોચ્ચ અદાલત તથા રાજ્યોની વડી અદાલતોના વડા ન્યાયાધીશોની નિયુક્તિ કરવાની સત્તા કોને હસ્તક હોય છે ?

(અ) રાષ્ટ્રપતિશ્રી (બ) ઉપરાષ્ટ્રપતિશ્રી

(ક) એટર્ની જનરલ (ડ) વડાપ્રધાન

(290) ભારતીય બંધારણની કલમ 72 અન્વયે સર્વોચ્ચ અદાલતે ફરમાવેલી સજામાં રાષ્ટ્રપતિ .......... .

(અ) વધારો કરી શકે છે.

(બ) ઘટાડો પણ કરી શકે છે.

(ક) આવી અરજી સાંભળતા જ નથી.

(ડ) આવી દાદ એમની પાસે મંગાતી નથી.



(291) રાષ્ટ્રપતિને જરૂર જણાય તો સલાહ આપવાની સત્તા કોણ ધરાવે છે ?

(અ) વડાપ્રધાન (બ) ઉપરાષ્ટ્રપતિ

(ક) સર્વોચ્ચ અદાલત (ડ) વિદેશ મંત્રાલય

(292) દેશમાં આપત્તકાલીન (કટોકટીની) સત્તાઓ કેવળ .........ને હસ્તક જ છે.

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(ક) વડાપ્રધાન (ડ) સંસદનાં બંને ગૃહો

(293) રાષ્ટ્રપ્રમુખની ભારતીય બંધારણ અનુસારની કટોકટી સત્તાઓની કલમો તથા તેના વિષયો અત્રે આપેલ છે. જેમાંથી એક તદ્દન અસંગત છે તે કઈ છે તે જણાવો.

(અ) કલમ 352 અન્વયે યુદ્ધની સ્થિતિ ટાણે

(બ) કલમ 356 અન્વયે બંધારણીય કટોકટી ટાણે

(ક) કલમ 360 અન્વયે નાણાકીય કટોકટી ટાણે

(ડ) કલમ 365 અન્વયે આંતકવાદી પ્રવૃત્તિ ટાણે

(294) સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને બીજાક્રમે ડૉ. એસ. રાધાકૃષ્ણન હતા. તેમના પછી આ પદ શોભાવનાર રાષ્ટ્રપ્રમુખનું સાચું નામ નીચે આપેલ વિકલ્પોમાંથી પસંદ કરો.

(અ) ડૉ. વી. વી. ગીરી

(બ) ડૉ. ઝાકીર હુસૈન

(ક) શ્રી એમ. હિદાયમુલ્લા

(ડ) ફખરૂદીન અલી અહેમદ

(295) ભારતના 12મા રાષ્ટ્રપ્રમુખ તરીકે 1887 થી 1992માં વર્ષો દરમ્યાન સત્તા સંભાળનાર મહાનુભાવ કોણ હતા ?

(અ) શ્રી આર. વેંકટ રમણ

(બ) ડૉ. શંકરદયાલ શર્મા

(ક) શ્રી કે. આર. નારાયણન

(ડ) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

(296) ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખની નિયુક્તિ સંદર્ભે બંધારણની કઈ કલમમાં જોગવાઈ છે?
(અ) 61 (બ) 62
(ક) 63 (ડ) 64

(297) ઉપરાષ્ટ્રપ્રમુખ રાજ્યસભાના સભાપતિ (હોદ્દાની રૂએ, કલમ 64 અન્વયે) જ હોય તેવી ભારતીય બંધારણે સ્વીકારેલ પરંપરા પર ક્યા દેશનો પ્રભાવ છે?
(અ) ઇંગ્લેન્ડ (બ) અમેરિકા
(ક) દક્ષિણ આફ્રિકા (ડ) આયર્લેન્ડ

(298) કલમ 65 અનુસાર ઉપરાષ્ટ્રપ્રમુખને વિશિષ્ટ પરિસ્થિતિમાં કઈ સત્તા પણ સોંપી શકાતી હોય છે ?
(અ) રાજસભાના અધ્યક્ષની
(બ) લોકસભાના સ્પીકરની
(ક) વડાપ્રધાનની (ડ) રાષ્ટ્રપ્રમુખની

(299) ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી .......... પદ્ધતિથી સંસદનો બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં ગુપ્ત મતદાન થકી થતી હોય છે.
(અ) પ્રમાણરૂપ પ્રતિનિધિત્વ (બ) સંરક્ષિત પ્રતિનિધિત્વ
(ક) એકલ પ્રતિનિધિત્વ (ડ) વિરલ પ્રતિનિધિત્વ

(300) બંધારણની કલમ 64 અન્વયે ઉપરાષ્ટ્રપ્રમુખ ......... સભાપતિ પણ છે.
(અ) સંસદનાં બંને ગૃહોના (બ) રાજસભાના
(ક) લોકસભાના (ડ) આમાંથી એકપણના નહીં

(301) ભારતીય બંધારણની કલમ 69 અન્વયે ઉપરાષ્ટ્રપ્રમુખ પદના હોદ્દાના શપથ લેવડાવવાની સન્માનભરી જવાબદારી કોણ સંભાળતું હોય છે ?
(અ) સર્વોચ્ચ ન્યાયમૂર્તિ (બ) એટર્ની જનરલ
(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) વડાપ્રધાન

(302) ઉપરાષ્ટ્રપતિને તેમના પદ બદલ જ નહીં પરંતુ .......... શોભે તેવું વેતન મળે છે.
(અ) તેમની વય, અનુભવ અને યોગ્યતાના આધારે
(બ) રાજ્યસભાના સભાપતિપદની ગરીમાને
(ક) લોકસભાના અધ્યક્ષપદની ગરિમાને
(ડ) તેઓ સંભવિત રીતે ભાવિ રાષ્ટ્રપ્રમુખ હોવાથી તેમને



(303) રાષ્ટ્રપ્રમુખને પોતાની ફરજોના નિવેદન માટે સલાહ અને સહાય પૂરી પાડવાનું કામ કોને ભાગે આવતું હોય છે ?
(અ) વડાપ્રધાન અને પ્રધાનમંડળ
(બ) ઉપરાષ્ટ્રપ્રમુખ
(ક) સર્વોચ્ચ ન્યાયાધીશ (ડ) એટર્ની જનરલ

(304) પ્રધાનમંડળના વડા અને કેન્દ્રવર્તી ધરી સમાનસત્તા કોણ ભોગવે છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપ્રમુખ
(ક) C.A.G. (ડ) સર્વોચ્ચ અદાલત

(305) ભારતના બંધારણના પ્રારંભકાળમાં પ્રધાનમંડળ (કેબિનેટ) શબ્દનો ઉલ્લેખ ન હોવાથી 44મા બંધારણીય સુધારા (1978) અનુસાર આ શબ્દને કઈ કલમ અંતર્ગત સમાવી લેવામાં આવેલ છે ?
(અ) 350 (બ) 351
(ક) 352 (ડ) 353

(306) પ્રધાનમંડળના નિર્ણયો, નીતિઓ, નવા ધારાઓ અંગે વડાપ્રધાને સર્વપ્રથમ કોને સંપૂર્ણપણે વાકેફ રાખવાની અપેક્ષા રખાય છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) ઉપરાષ્ટ્રપતિ
(ક) સંસદ (ડ) સર્વોચ્ચ અદાલત

(307) બંધારણની કલમ 75(2) અન્વયે મંત્રીમંડળનો પ્રત્યેક મંત્રી કોની અરજી હોય ત્યાં સુધી જ પોતાના હોદ્દા પર રહી શકતો હોય છે ?
(અ) વડાપ્રધાન માત્ર (બ) રાષ્ટ્રપ્રમુખ માત્ર
(ક) ઉપરાષ્ટ્રપ્રમુખ માત્ર (ડ) માત્ર ન્યાયતંત્ર

(308) પ્રધાનમંડળની તમામ બેઠકોમાં .......... નિર્વિવાદપણે અધ્યક્ષ હોય છે.
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) ઉપરાષ્ટ્રપ્રમુખ
(ક) વડાપ્રધાન (ડ) સર્વોચ્ચ ન્યાયાધીશ

(309) ભારતના કયા વડાપ્રધાને લોકસભાનું સત્ર શરૂ થતાં પૂર્વે જ રાજીનામું આપ્યું હતું ?
(અ) ગુલઝારીલાલ નંદા (બ) લાલ બહાદુર શાસ્ત્રી
(ક) મોરારજીભાઈ દેસાઈ (ડ) ચૌધરી ચરણસિંહ

(310) ભારતીય બંધારણની કઈ કલમમાં વડાપ્રધાનની ફરજોનું વર્ણન કરાય છે?

(અ) કલમ 72 (બ) કલમ 74

(ક) કલમ 76 (ડ) કલમ 78

(311) ભારતના સર્વપ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુ હતા, પરંતુ સર્વપ્રથમ કાર્યકારી વડાપ્રધાનપદ કોણે શોભાવ્યું હતું ?

(અ) લાલબહાદુર શાસ્ત્રી (બ) ગુલઝારીલાલ નંદા

(ક) મોરારજીભાઈ દેસાઈ (ડ) ચૌધરી ચરણસિંહ

(312) લાલબહાદુર શાસ્ત્રીના અવસાન બાદ કાર્યકારી વડાપ્રધાન પદે કોણ નિમાયું હતું ?

(અ) ગુલઝારીલાલ નંદા (બ) શ્રીમતી ઇન્દિરા ગાંધી

(ક) મોરારજી દેસાઈ (ડ) વિશ્વનાથ પ્રતાપસિંહ

(313) ભારતીય બંધારણની કલમ 76 મુજબ દેશના (સરકારના) કાયદા વિષયક સૌપ્રથમ વડા અધિકારી કોણ ગણાય ?

(અ) સર્વોચ્ચ ન્યાયાધીશ (બ) રાષ્ટ્રપ્રમુખ

(ક) એટર્ની જનરલ (ડ) સી.એ.જી.

(314) ભારતના એટર્ની જનરલની નિમણૂંક કોણ કરતું હોય છે ?

(અ) સર્વોચ્ચ અદાલત (બ) રાષ્ટ્રપ્રમુખ

(ક) ઉપરાષ્ટ્રપ્રમુખ (ડ) વડાપ્રધાન

(315) ભારતના એટર્ની જનરલને દેશનાં તમામ ન્યાયાલયોમાં ..........

(અ) જઈને બેસવાની છૂટ હોય છે.

(બ) સંચાલન કરવાની છૂટ હોય છે.

(ક) સુનાવણીનો હક હોય છે.

(ડ) ચાલતી કામગીરી રોકવાનો હક હોય છે.

(316) કલમ 79 અનુસાર એટર્ની જનરલ એ સંસદના .......... .

(અ) ભાગરૂપ નથી (બ) ભાગરૂપ છે.

(ક) આત્મરૂપ છે (ડ) કેન્દ્રમાં રહેલ અધિકારી છે.



(317) એટર્ની જનરલ એ પ્રધાનમંડળના ભાગરૂપ નથી. તેમને સંસદ અને સંસદીય સમિતિમાં બોલવાનો અધિકાર છે. તેઓ મતદાનમાં .......... .

(અ) ભાગ લઈ શકે છે. (બ) ભાગ લઈ શકતા નથી.

(ક) નિર્ણાયક ભાગ ભજવી શકે છે.

(ડ) કોઈ ભાગ ભજવી શકતા નથી.

(318) ભારતના બંધારણમાં મહાનિયંત્રક અભિલેખાકાર (C.A.G.) ની (કલમ 148 અન્વયે) કોના દ્વારા નિયુક્તિ થતી હોય છે ?

(અ) ઓડિટર જનરલ (બ) એડીટર જનરલ

(ક) એટર્ની જનરલ (ડ) રાષ્ટ્રપ્રમુખ

(319) C.A.G. નું પદ દેશના કયા એક અન્ય પદ સમકક્ષ ગણાય છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન

(ક) સર્વોચ્ચ ન્યાયાધીશ (ડ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(320) C.A.G. વાસ્તવમાં જાહેરનાણાં (Public Finance) ના .......... તરીકે વર્તે છે.

(અ) સંરક્ષક (બ) સંવર્ધક

(ક) સંગ્રાહક (ડ) સંપાદક

(321) C.A.G. ની ભૂમિકા સરકારના નાણાકીય વ્યવહાર પર .......... .

(અ) નજર રાખવાની છે (બ) નિયંત્રણ રાખવાની છે

(ક) પ્રભાવ પાડવાની છે (ડ) રહેમ રાખવાની છે

(322) C.A.G. નો કાર્યકાળ કેટલાં વર્ષોનો હોય છે ?

(અ) ત્રણ વર્ષનો (બ) ચાર વર્ષનો

(ક) પાંચ વર્ષનો (ડ) છ વર્ષનો

(323) C.A.G. નો કાર્યકાળ પૂરો થતાં પૂર્ણ તેમને જો પદચ્યૂત કરવાની જરૂર ઊભી થાય તો શું કરવાનું રહે છે ?

(અ) સર્વોચ્ચ અદાલતમાં રજૂઆત કરવી પડે છે.

(બ) રાષ્ટ્રપતિ સમક્ષ મામલો મૂકવાનો રહે છે.

(ક) વડાપ્રધાનને જરૂરી પગલાં લેવાં પડતાં હોય છે.

(ડ) સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવો પડે છે.

(324) "ભારતના બંધારણ અનુસાર ગર્વનરને બંધારણીય વડા સિવાય અન્ય કોઈ સત્તા નથી." એવું મંતવ્ય કયા બંધારણવિદે દર્શાવ્યું છે ?

(અ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (બ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

(ક) શ્રી કનૈયાલાલ મા. મુનશી

(ડ) શ્રી ગુરૂમુખ નિહાલ સિંહ

(325) "ભારતીય સંઘ અનેક એકમ રાજ્યોનું બનેલ એક સંઘ રાજ્ય છે." - આ વિધાન માટે વાસ્તવમાં નીચેનામાંથી કયું એક માત્ર મંતવ્ય તદ્દન સાચું છે ?

(અ) ઉક્ત વિધાન સાચું છે.

(બ) તે અર્ધસત્ય સમાન વિદ્વાન છે.

(ક) આ વિદ્વાન તદ્દન અસંગત છે.

(ડ) આ વિધાન અસંદિગ્ધ છે.

(326) ભારતીય સંઘનાં એકમ રાજ્યો પૂર્ણ સ્વાયત્ત નથી છતાં....

(અ) તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

(બ) આ જ ઉત્તમ વિકલ્પ છે.

(ક) તેમની પાસે પોતાનું વિશાળ સત્તાક્ષેત્ર છે.

(ડ) ઉપરોક્તમાંથી પહેલાં બે સાચાં છે.

(327) ભારતીય સંઘ સાથે (કલમ 370 અનુસાર) વિશિષ્ટ દરજ્જાથી જોડાયેલ રાજ્ય કયું છે ?

(અ) કેરાલા (બ) જમ્મુ-કાશ્મીર

(ક) પશ્ચિમ બંગાળ (ડ) સિક્કિમ

(328) રાજ્યની કારોબારીમાં સમાવિષ્ટ મુખ્ય મુખ્ય અધિકારીઓમાં અત્રે જે નામો આપેલ છે તેમાંથી કયું એક પદ સુસંગત નથી ?

(અ) રાજપાલ (બ) મુખ્યમંત્રી

(ક) એડવોકેટ જનરલ (ડ) સી.એ.જી.

(329) રાષ્ટ્રપ્રમુખ (ભારતીય બંધારણની કલમ 155 મુજબ) કોની સલાહ કોઈપણ રાજ્યના લીધા પછી રાજપાલની નિમણૂંક કરતા હોય છે ?

(અ) ઉપરાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાનની

(ક) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(ડ) એટર્ની જનરલ



(330) 1956ના સુધારા મુજબ એક વ્યક્તિને બે કે તેથી વધુ રાજ્યોના રાજપાલ તરીકે .......... .

(અ) નીમી શકાતા નથી (બ) નીમી શકાય છે

(ક) નીમવા જરૂરી છે (ડ) નીમાય તેમ વિચારાઈ રહ્યું છે

(331) કટોકટી જાહેર થતાં, બંધારણીય અમલ મોકૂફ રહેતાં રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ તરીકે .........,જે તે રાજ્યનો વહીવટ કરે છે.

(અ) મુખ્યમંત્રી (બ) રાજપાલ

(ક) વડી અદાલતના ન્યાયાધીશ

(ડ) એડવોકેટ જનરલ

(332) વિધાનમંડળનું સત્ર બોલાવવાનો, તેને સ્થગિત કરવાનો કે ભંગ કરવાનો અધિકાર માત્ર .......... .

(અ) મુખ્યમંત્રીને જ છે (બ) એડવોકેટ જનરલને જ છે

(ક) રાજપાલને જ છે (ડ) કેવળ રાષ્ટ્રપ્રમુખને જ છે

(333) રાજ્યની યુનિવર્સિટીઓમાં કુલપતિનું સ્થાન કોને અપાતું હોય છે ?

(અ) રાજપાલને (બ) એડવોકેટ જનરલને

(ક) મુખ્યમંત્રીને (ડ) વડી અદાલતના વડા ન્યાયાધીશને

(334) નીચેનામાંથી કઈ એક સત્તા રાજપાલ હસ્તક હોતી નથી ?

(અ) ધારાકીય સત્તાઓ (બ) નાણાકીય સત્તાઓ

(ક) સ્વવિવેક થકી વાપરવાની સત્તાઓ

(ડ) કટોકટી જાહેર કરવાની સત્તાઓ

(335) રાજ્ય વિધાનસભાનો સભ્ય ન હોય તેવો ઉમેદવાર મુખ્યમંત્રી .......... .

(અ) બની શકે છે (બ) બની શકે જ નહીં

(ક) બની શકે તે માટે સુધારો થઈ રહ્યો છે

(ડ) બને તેમ રાષ્ટ્રપ્રમુખ થઈ શકે છે

(336) રાજ્ય સરકારને કાનૂની સલાહ આપવાનું કામ કોનું છે ?

(અ) એટર્ની જનરલનું (બ) એડવોકેટ જનરલનું

(ક) સી.એ.જી.નું (ડ) રાજપાલનું

(337) રાજ્યમાં એડવોકેટ જનરલના પદ પર કોની નિયુક્તિ થઈ શકે છે ?

(અ) વડી અદાલતના ન્યાયમૂર્તિની જ

(બ) વડી અદાલતના સરકારી વકીલ (P.P.)ની

(ક) વડી અદાલાતના ન્યાયાધીશ થવા જેટલી યોગ્યતા ધરાવતા કોઈ પણ વ્યક્તિની

(ડ) રાષ્ટ્રપ્રમુખના દિશા–નિર્દેશ અનુસાર સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ વકીલની

## પ્રકરણ – 11 : સંઘ સંસદ

(338) કોઈ પણ રાષ્ટ્રમાં ત્રણ સૌથી મહત્ત્વનાં અંગોમાં અત્યંત અનિવાર્ય એવું .......... અંગ એટલે સંઘ સંસદ.

(અ) નાણાકીય (બ) ધારાકીય

(ક) કારોબારી વિષયક (ડ) માર્ગદર્શીય

(339) ભારતની સંઘ સંસદનાં ત્રણ મુખ્ય ઘટકોનાં અત્રે નામો આપેલ છે જેમાં એક સાવ અસંગત છે તેને ઓળખી બતાવો.

(અ) રાજસભા (બ) લોકસભા

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) એટર્ની જનરલ

(340) સંસદનાં બે સત્રો વચ્ચે વધુ વધુ કેટલો સમયગાળો હોવો જરૂરી છે ?

(અ) બે માસનો (બ) ચાર માસનો

(ક) છ માસનો (ડ) આઠ માસનો

(341) સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક મળે ત્યારે અધ્યક્ષસ્થાન કોણ શોભાવે છે ?

(અ) લોકસભાના અધ્યક્ષ (બ) રાજસભાના અધ્યક્ષ

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) વડાપ્રધાન

(342) કોઈપણ સંસદસભ્ય પૂર્વમંજૂરી સિવાય સતત 60 દિવસ સુધી સંસદમાં ગેરહાજર રહે તો ......... .

(અ) તેને સજા થાય છે (બ) તે કાયદેસર ગુનેગાર ઠરે છે

(ક) તે સંસદસભ્ય પદે ગેરલાયક ઠરે છે

(ડ) તે ફરી સંસદની ચૂંટણી લડી શકતો નથી



(343) કેન્દ્રીય પ્રધાનમંડળ સીધેસીધું જ કોને જવાબદાર હોય છે ?

(અ) લોકસભાને માત્ર (બ) માત્ર રાજસભાને જ

(ક) માત્ર રાષ્ટ્રપ્રમુખને જ (ડ) સંઘ સંસદને

(344) સંસદનાં બંનેમાંથી એક પક્ષ ગૃહનો સભ્ય ન હોવા છતાં કયો અધિકારી સંસદની સઘળી કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે ?

(અ) એડવોકેટ જનરલ (બ) એટર્ની જનરલ

(ક) સી.એ.જી. (ડ) સર્વોચ્ચ ન્યાયાલયના વડા ન્યાયમૂર્તિ

(345) સંસદની સંયુક્ત બેઠક બોલાવવા તેમજ સંબોધવાની સત્તા કોને છે ?

(અ) વડાપ્રધાનને (બ) રાષ્ટ્રપ્રમુખને (ક) એટર્ની જનરલને (ડ) એડવોકેટ જનરલને

(346) સંસદમાં સભ્યોને પોતાની વાત રજૂ કરવાની પરવાનગી કોણ આપે છે ?

(અ) જે તે ગૃહના અધ્યક્ષ (બ) વડાપ્રધાન

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(347) સંસદના સભ્યે કોઈપણ રજૂઆત માત્ર કોને સંબોધીને કરવાની રહે છે ?

(અ) વડાપ્રધાન (બ) પક્ષપ્રમુખ

(ક) ગૃહના અધ્યક્ષ (ડ) રાષ્ટ્રપ્રમુખ

(348) દેશના કોઈપણ પ્રદેશ (રાજ્ય)ની સ્થાપના કે સરહદ નક્કી કરવાની સત્તા કોને છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખને (બ) ઉપરાષ્ટ્રપ્રમુખને

(ક) એટર્ની જનરલને (ડ) સંઘ સંસદને

(349) સંઘ સંસદ જ સર્વોચ્ચ અદાલતના અધિકારો .......... .

(અ) પર નિયંત્રણ લાદી શકે છે

(બ) બાબતે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરે છે.

(ક) વડાપ્રધાનને ફરિયાદ કરી શકે છે

(ડ) સર્વોચ્ચ ન્યાયધીશની સલાહ લઈ શકે છે

(350) લોકસભાની ઉમેદવારી કરવા માટેની વયમર્યાદા જણાવો.

(અ) 20 વર્ષ (બ) 25 વર્ષ

(ક) 30 વર્ષ (ડ) 35 વર્ષ

(351) સંસદ તારાંકિત પ્રશ્નોના જવાબ ......... રીતે આપે છે.
(અ) લેખિત (બ) મૌખિક
(ક) તાત્કાલિક (ડ) બેઠક પ્રત્યેક્ષી

(352) પૂરક (બીનતારાંકિત) પ્રશ્નોના જવાબ સંસદ કઈ રીતે આપતી હોય છે?
(અ) લેખિત (બ) મૌખિક
(ક) સત્વરે (ડ) નિરાંતે

(353) ભારતીય બંધારણમાં સંઘ અને રાજ્ય સરકારો વચ્ચે થયેલ સત્તાક્ષેત્રોના વિભાજન અન્વયે સંઘ સરકાર હસ્તક કેટલા વિષયો આવે છે ?
(અ) 90 (બ) 94
(ક) 97 (ડ) 100

(354) સંઘ અને રાજ્યયાદીના 47 વિષયોની સંયુક્ત યાદી બાબતે ધારા ઘડવાની સુધારવાની કે રદ કરવાની સત્તા માત્ર .........ને જ છે.
(અ) સર્વોચ્ચ અદાલત (બ) રાષ્ટ્રપ્રમુખ
(ક) વડાપ્રધાન (ડ) સંઘ સંસદ

(355) દેશની નાણાકીય બાબતો પર સંસદના કયા ઘટકનો વિશેષ અંકુશ છે?
(અ) રાજસભા (બ) લોકસભા
(ક) રાષ્ટ્રપ્રમુક (ડ) અધ્યક્ષ

(356) અંદાજપત્ર પર ચર્ચા કરવાનો હક્ક રાજસભા તેમજ લોકસભા (બંને) ને છે પરંતુ તેને મંજૂર કે નામંજૂર કરવાનો હક્ક એકમાત્ર કોને છે ?
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) ગૃહના અધ્યક્ષ
(ક) રાજસભા (ડ) લોકસભા

(357) સરકાર પર અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરીને તેને બરખાસ્ત કરવાનો અંતિમ અધિકાર એકમાત્ર .........ને છે.
(અ) રાજસભા (બ) લોકસભા
(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(358) સંસદને રાજદ્રોહના આરોપસર મહાભિયોગ ચલાવવાની સત્તા અત્રે આપેલા કયા એક અધિકારી સંદર્ભે નથી ?
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) ઉપરાષ્ટ્રપ્રમુખ
(ક) વડાપ્રધાન (ડ) સર્વોચ્ચ તથા વડી અદાલતોના ન્યાયાધીશો



(359) ભારતના પ્રથમ લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) એવા અમદાવાદ (ગુજરાત)ના મહાનુભાવ કોણ હતા ?
(અ) શ્રી ગણેશ વાસુદેવ માવલંકર
(બ) શ્રી એમ. અનંથશયમ્ આયંગર
(ક) શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી
(ડ) શ્રી હુકમસિંહ

(360) કલમ 64 અન્વયે (હોદ્દાની રૂએ) ઉપરાષ્ટ્રપ્રમુખ જ રાજસભાના અધ્યક્ષ ગણાય એ ન્યાયે ભારતની પ્રથમ રાજસભાના સ્પિકર (અધ્યક્ષ) 1952 થી 1962 દરમ્યાન કોણ હતા ?
(અ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (બ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(ક) ડૉ. ઝાકીર હુસૈન (ડ) શ્રી વી. વી. ગીરી

(361) શ્રી જી. વી. માવલંકર બાદ ભારતીય લોકસભાના અધ્યક્ષ (ક્રમમાં બીજા) કોણ બન્યા ?
(અ) શ્રી એમ. અનંથશયનમ્ આયંગર
(બ) શ્રી હૂકમસિંહ (ક) શ્રી નીલમ સંજીવ રેડ્ડી
(ડ) ડૉ. ગુરૂદયાલસિંહ ધિલ્લોં

(362) ભારતની રાજસભાના બીજા (ક્રમે આવેલા) અધ્યક્ષ મહોદયનું નામ જણાવો.
(અ) શ્રી જી. એસ. પાઠક
(બ) શ્રી બી. ડી. જત્તી
(ક) ડૉ. ઝાકીર હુસેન
(ડ) શ્રી એમ. હિદાયતુલ્લા

(363) ભારતની વર્તમાન(ટવા) લોકસભાના (જૂન 2007)થી કાર્યરત અધ્યક્ષ કોણ છે ?
(અ) શ્રી સોમનાથ ચેટરજી
(બ) શ્રી મનોહર ગજની જોષી
(ક) શ્રી જી.એમ.સી. બાલાયોગી
(ડ) શ્રી મીરાકુમાર

(364) ભારતની વર્તમાન રાજસભાના અધ્યક્ષપદે હાલમાં (2011) કોણ બિરાજે છે ?
(અ) શ્રી કૃષ્ણકાન્ત (બ) શ્રી ભૈરવસિંહ શેખાવત
(ક) શ્રી મોહમ્મદ અન્સારી (ડ) ઉક્ત (ત્રણે)માંથી કોઈ નહીં

(365) લોકસભાના સચિવાલય પર વાસ્તવમાં કોનું નિયંત્રણ હોય છે ?

(અ) અધ્યક્ષશ્રીનું (બ) રાષ્ટ્રપ્રમુખશ્રીનું

(ક) ઉપરાષ્ટ્રપ્રમુખશ્રીનું (ડ) વડાપ્રધાનશ્રીનું

(366) પ્રત્યેક લોકસભાનો કાર્યકાળ સામાન્ય રીતે .......... વર્ષનો હોય છે.

(અ) ચાર (બ) પાંચ

(ક) છ (ડ) અનિશ્ચિત

(367) લોકસભાનો માન્ય વિરોધપક્ષ બનવા માટે કોઈપણ પક્ષ પાસે કમ સે કમ કેટલા સભ્યો હોવા જોઈએ ?

(અ) કુલ સભ્યસંખ્યાના $\frac{1}{2}$ (બ) કુલ સભ્યસંખ્યાના $\frac{1}{4}$

(ક) કુલ સભ્યસંખ્યાના $\frac{1}{8}$ (ડ) કુલ સભ્યસંખ્યાના $\frac{1}{10}$

(368) મંત્રીમંડળના વિસ્તરણ સમયે પ્રધાનોને શપથ લેવડાવવાનો અધિકાર કોને નથી ?

(અ) વડાપ્રધાનને (બ) ઉપરાષ્ટ્રપ્રમુખને

(ક) લોકસભાના અધ્યક્ષને (ડ) આ તમામને

(369) લોકસભાના અધ્યક્ષને તેમના 'પદ અને ગોપનીયતા'ના શપથ કોણ લેવડાવે છે ?

(અ) સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયાધીશ

(બ) રાષ્ટ્રપ્રમુખ (ક) વડાપ્રધાન (ડ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(370) લોકસભામાં એંગ્લો–ઇન્ડિયન સભ્યોની નિયુક્તિ કોણ કરતું હોય છે ?

(અ) પક્ષપ્રમુખ (બ) વડાપ્રધાન અને મંત્રીમંડળ (સંયુક્તપણે)

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(371) લોકસભામાં રાજકીય પક્ષને માન્યતા, હિન્દી–અંગ્રેજી સિવાયની અન્ય ભાષામાં બોલવાની પરવાનગી તથા કોઈપણ ખરડો નાણાંવિષયક છે કે નહીં તે નક્કી કરવાની સત્તા બંધારણે કોને આપેલ છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખને (બ) ઉપરાષ્ટ્રપ્રમુખને માત્ર

(ક) લોકસભાના અધ્યક્ષને જ

(ડ) પક્ષના પ્રમુખને



(372) ભારતીય બંધારણમાં લોકસભાના ઉપાધ્યક્ષના હોદ્દા .......... .

(અ) ની જરૂર નથી (બ) નો કોઈ જ ઉલ્લેખ નથી

(ક) ની અનિવાર્યતા નથી

(ડ) માટે વિચારણા થઈ રહી છે.

(373) નાણાકીય ખરડો સર્વપ્રથમ કયાં રજૂ કરવો અનિવાર્ય ગણાય છે ?

(અ) લોકસભામાં (બ) રાજ્યસભામાં

(ક) બંને ગૃહોમાં (ડ) કોઈ પણ ગૃહમાં નહીં

(374) લોકસભાની બેઠકમાં જરૂર પડ્યેથી નિર્ણાયક મત આપવાની સત્તા કોને છે ?

(અ) વડાપ્રધાનને (બ) રાષ્ટ્રપ્રમુખને

(ક) અધ્યક્ષને (ડ) વિરોધપક્ષના વડાને

(375) ગૃહમાં શાંતિ જાળવવા લોકસભાના અધ્યક્ષ કોની મદદ લે છે ?

(અ) એસ.આર.પી.ની

(બ) દિલ્હી પોલીસના વિશિષ્ટ દળની

(ક) લશ્કરી (નિવૃત્ત) અધિકારીઓની

(ડ) સાર્જન્ટ–એટ–આર્મ્સની

(376) લોકસભાની સમિતિઓના સભ્યોની નિમણૂંક કોણ કરે છે ?

(અ) એટર્ની જનરલ (બ) ઓડિટર જનરલ

(ક) અધ્યક્ષ (ડ) રાષ્ટ્રપ્રમુખ

(377) વર્તમાન (2011) સમયે લોકસભામાં ક્યું રાજ્ય સૌથી વધુ બેઠકો ધરાવે છે ?

(અ) મધ્યપ્રદેશ (બ) ઉત્તરપ્રદેશ

(ક) બંગાળ (ડ) મહારાષ્ટ્ર

(378) લોકસભામાં હાલમાં (2011) ગુજરાતની કુલ કેટલી બેઠકો છે ?

(અ) 20 (બ) 22

(ક) 24 (ડ) 26

(181) અંગત સ્વાતંત્ર્યમાં દેશની બહાર જવાના અધિકારનો પણ સમાવેશ [illegible] છે એમ સર્વોચ્ચ અદાલતે કયા વર્ષથી ઠરાવ્યું ?

(અ) 1957 (બ) 1967

(ક) 1977 (ડ) 1987

(182) ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપતો અધિકાર (કલમ 22) અંત[illegible] અટકાયત અંગે કરવામાં આવેલી જોગવાઈઓ અત્રે આપેલ છે તેમાંથી [illegible] એક સાચી નથી ?

(અ) ધરપકડ થવા માટેનાં કારણોની જે તે વ્યક્તિને વ્હેલી તકે જાણ[illegible] અપાય.

(બ) પોતાના વકીલ સાથે મસલત કરી સ્વબચાવ કરવાની તક અપા[illegible]

(ક) અટકાયત (ધરપકડ) કરાયેલ વ્યક્તિને 24 કલાકમાં મેજિસ્ટ્રેટથી [illegible] શકાય.

(ડ) અટકાયત કરાયેલ વ્યક્તિને ન્યાયિક કાર્યવાહીથી દૂર રખાય [illegible]

(183) ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપતા અધિકાર અંતર્ગત ... [illegible] અટકાયત હેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિને જે તે અધિકારો મળતા [illegible]

(અ) નકારાત્મક (બ) પ્રતિબંધાત્મક

(ક) આદેશાત્મક (ડ) હિંસાત્મક

(184) માનવવિક્રય, વેઠ કે કોઈપણ પ્રકારના ફરજિયાત શ્રમ ઉપર પ્રતિબંધ (ક[illegible] – 23) અન્વયે બંધારણમાં કરાયેલ અપવાદની જોગવાઈ અનુસાર [illegible] હેતુ માટે રાજ્ય કોઈ પણ વ્યક્તિ પાસેથી ..........

(અ) ફરજિયાત સેવા લઈ શકે છે.

(બ) ફરજિયાત સેવા લઈ શકતું નથી.

(ક) ફરજિયાત સેવા લઈ શકવું જોઈએ.

(ડ) ફરજિયાત સેવા ન લઈ શકવું જોઈએ.

(185) જોખમી કામગીરીમાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ (કલમ [illegible] અંતર્ગત કેટલા વર્ષ સુધીની વય ધરાવતા બાળકને કામે રાખી શકાય ન[illegible]

(અ) 12 (બ) 14

(ક) 16 (ડ) 18



(186) જોખમી કામગીરીમાં બાળકોને નોકરીએ રાખવા પરનો પ્રતિબંધ કોને કોને લાગુ પડે છે ?

(અ) માત્ર રાજ્ય સરકારને જ

(બ) માત્ર કેન્દ્ર સરકારને જ

(ક) રાજ્ય–કેન્દ્ર અને નોકરી આપતા દરેકને

(ડ) આ ત્રણેમાંથી કોઈને નહીં

(187) ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકાર (કલમ 25 થી 28) અંતર્ગત નીચેનામાંથી કઈ એક બાબતમાં અધિકારની રીતે સાચી નથી ?

(અ) તમામ નાગરિકોને (કે વ્યક્તિઓને) અંતઃકરણની સ્વતંત્રતા છે,

(બ) દરેકને ઇચ્છિત ધર્મપાલન, આચરણ અને તેનો પ્રચાર–પ્રસારની છૂટ છે.

(ક) ઇચ્છિત ધર્મના પ્રચાર–પ્રસાર, પાલ્ખી કે આચરણમાં બળ, લાભ કે લાલચ આપી શકે છે.

(ડ) દરેકને બાહ્ય દખલ કે દરમ્યાનગીરી વગર પોતાનાં ધાર્મિક ।બત કે સંસ્થાના વહીવટની છૂટ છે.

(188) સાર્વજનિક પ્રકારની હિંદુ ધાર્મિક સંસ્થાઓને (હિંદુઓના તમામ વર્ગો, વિભાગો અને જ્ઞાતિઓ માટે ખુલ્લી મૂકવાની બંધારણે જોગવાઈ કરી છે. એમાં વિશાળ અર્થમાં 'હિંદુ' શબ્દમાં સમાવિષ્ટ લોકોમાં નીચેનામાંથી કયા એક વર્ગનો ઉલ્લેખ સાચો નથી ?

(અ) શીખ (બ) જૈન

(ક) બૌદ્ધ (ડ) પારસી

(189) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર નીચેનામાંથી કયા એક વર્ગને પણ ઉપલબ્ધ છે, એમ કહી શકાય ?

(અ) લઘુમતી (બ) બહુમતી

(ક) વિદેશી (ડ) આ તમામને છે.

(190) બંધારણીય ઇલાજના અધિકાર (કલમ 32)ને કોણે બંધારણના આત્મા સાથે સરખાવેલ છે ?

(અ) ડૉ. બાબા સાહેબ આંબેડકર

(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(ક) ડૉ. એસ. રાધાકૃષ્ણન (ડ) ડૉ. રજની કોઠારી

(379) ચૂંટણી બાદ જ્યારે લોકસભાની પ્રથમ વખત બેઠક મળતી હોય જેમાં સ્થાયી (કાયમી) અધ્યક્ષની વરણી થવાની હોય ત્યારે લોકસભાના અસ્થાયી (કામચલાઉ) અધ્યક્ષ (પ્રોટેમ) પદે કોને બેસાડવાની પ્રથા છે ?

(અ) લોકસભાના સૌથી વરિષ્ઠ રાજ્યને

(બ) રાજસભાના સૌથી વરિષ્ઠ સભ્યને

(ક) ઉપરાષ્ટ્રપ્રમુખને (ડ) બહુમત પક્ષના લોકપ્રિય નેતાને

(380) ભારતીય લોકસભાના વિરોધપક્ષના સર્વપ્રથમ માન્ય નેતા કોણ હતા ?

(અ) શ્રી હૂકમસિંહ (બ) શ્રી રામસુભગ સિંહ

(ક) ડૉ. ગુરૂદયાલ સિંહ (ડ) શ્રી બલરામ જાખડ

(381) ભારતના વડાપ્રધાનપદે ચૂંટાયા પછી પણ લોકસભાની એક પણ બેઠકનો જેમણે સામનો કર્યો નહતો તે મહાનુભાવનું નામ જણાવો.

(અ) શ્રી લાલબહાદૂર શાસ્ત્રી

(બ) શ્રી નરસિંહ રાવ

(ક) શ્રી ચૌધરી ચરણસિંહ (ડ) શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહ

(382) જે તે રાજ્યની ધારાસભાને કેન્દ્રીય ધારાસભાની .......... .

(અ) પ્રતિકૃતિ (આવૃત્તિ) જ ગણવામાં આવે છે

(બ) પ્રતિસ્પર્ધિ ગણવામાં આવે છે

(ક) પથપ્રદર્શક ગણવામાં આવે છે

(ડ) નીતિ નિર્ધારક ગણવામાં આવે છે

(383) ભારતીય સંઘમાં ઘટક રાજ્યોમાં ......... વહીવટ ચાલે છે.

(અ) નીતિવિષયક (બ) આદર્શ

(ક) સ્વતંત્ર (ડ) શ્રેષ્ઠ

(384) કેન્દ્રની માફક દ્વિગ્રહી ધારાસભા ધરાવતાં રાજ્યોના ઉપલાગૃહને શું કહે છે ?

(અ) વિધાનસભા (બ) વિધાન પરિષદ

(ક) રાજ્ય સંસદ (ડ) આમાંથી એક પણ નહીં



(385) ભારતના કોઈપણ રાજ્યની વિધાન પરિષદની સભ્યસંખ્યા નક્કી કરવાનું ધોરણ શું છે ?

(અ) વિધાનસભાની સંખ્યાના $\frac{1}{2}$

(બ) વિધાનસભાની સંખ્યાના $\frac{1}{3}$

(ક) વિધાનસભાની સંખ્યાના $\frac{1}{4}$

(ડ) વિધાનસભાની સંખ્યાના $\frac{1}{6}$

(386) દેશના કોઈપણ રાજ્યની વિધાન પરિષદમાં ઓછામાં ઓછા કેટલા સભ્યો હોય છે ?

(અ) વીસ (બ) ત્રીસ

(ક) ચાલીસ (ડ) પચાસ

(387) રાજ્યની વિધાન પરિષદમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (પંચાયત), મ્યુનિ. કે કોર્પોરેશન)ના કેટલા સભ્યોનું પ્રતિનિધિત્વ રહેવું જોઈએ ?

(અ) $\frac{1}{2}$ (બ) $\frac{1}{3}$

(ક) $\frac{1}{4}$ (ડ) $\frac{1}{6}$

(388) રાજ્યમાં રહેલા અને ભારતની કોઈપણ યુનિ.ના ઓછામાં ઓછા ત્રણ વર્ષથી સ્નાતક હોય તેવા કેટલા સભ્યો મતદાન મંડળમાંથી ચૂંટાતા હોય છે ?

(અ) $\frac{1}{6}$ (બ) $\frac{1}{8}$

(ક) $\frac{1}{10}$ (ડ) $\frac{1}{12}$

(389) ધારાગૃહોના સભ્ય ન હોય એવામાંથી રાજ્યની વિધાનસભા કેટલા પ્રમાણમાં સભ્યો ચૂંટે છે ?

(અ) $\frac{1}{3}$ (બ) $\frac{1}{4}$

(ક) $\frac{1}{6}$ (ડ) $\frac{1}{10}$

(390) પોતપોતાના રાજ્યમાંથી સાહિત્ય, વિજ્ઞાન, કલા, સહકારી પ્રવૃત્તિઓ તથા સમાજસેવા ક્ષેત્રના $\frac{1}{13}$ જેટલા સભ્યોનું પ્રમાણ જાળવીને તેમની વિધાન પરિષદમાં નિમણૂંક કોણ કરે છે ?

(અ) મુખ્યમંત્રી (બ) વિરોધ પક્ષના નેતા

(ક) રાજપાલ (ડ) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(391) રાજ્યમાં વિધાન પરિષદની રચના સંદર્ભે કઈ કલમમાં જોગવાઈ કરેલ છે ?

(અ) કલમ 166 (બ) કલમ 167

(ક) કલમ 168 (ડ) કલમ 169

(392) વિધાન પરિષદના કુલ સભ્યોમાંથી .......... ભાગના સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થાય છે અને એટલા સભ્યોની ચૂંટણી યોજાય છે.

(અ) બીજા (બ) ત્રીજા

(ક) ચોથા (ડ) પાંચમા

(393) વિધાન પરિષદના ચેરમેન અને નાયબ ચેરમેન કોણ ચૂંટી કાઢે છે ?

(અ) રાજ્યની પ્રજા (બ) રાજ્યના રાજપાલ પોતે જ

(ક) રાજ્યના મુખ્યમંત્રી (ડ) વિધાન પરિષદના સભ્યો જાતે જ

(394) વિધાનસભાના સભ્યોની ચૂંટણી કેવા મતદાનથી થાય છે ?

(અ) પ્રત્યક્ષ (બ) પરોક્ષ

(ક) ગર્ભિત (ડ) ગુપ્ત

(395) ભારતીય બંધારણ અનુસાર કેટલી જનસંખ્યા દીઠ એક પ્રતિનિધિ વિધાનસભા માટે નક્કી કરાયેલ છે ?

(અ) 25,000 (બ) 50,000

(ક) 75,000 (ડ) એક લાખ

(396) કોઈ પણ રાજ્યની વિધાનસભા માટે કેટલું સંખ્યાબળ નક્કી થયું છે ?

(અ) 500થી વધુ નહીં અને 60થી ઓછું નહીં

(બ) 400 થી વધુ અને 50થી ઓછું નહીં

(ક) 300 થી વધુ અને 40 થી ઓછું નહીં

(ડ) 200 થી વધુ અને 30 થી ઓછું નહીં



(397) વિધાનસભા એટલે રાજ્યનું .......... .

(અ) ઉપલું ગૃહ (બ) નીચલું ગૃહ

(ક) ગર્ભિતગૃહ (ડ) સભાગૃહ

(398) રાજ્યમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે કેટલી બેઠકો અનામત રખાય છે ?

(અ) મુખ્યમંત્રીની મરજીને આધારે

(બ) રાજ્યપાલની મરજી મુજબ

(ક) તેમની જનસંખ્યાને આધારે

(ડ) ઉપસ્થિત સંજોગો મુજબ

(399) રાજ્યની વિધાનસભાની રચના કઈ કલમ અનુસાર થાય છે ?

(અ) કલમ 168 (બ) કલમ 169

(ક) કલમ 170 (ડ) કલમ 171

(400) ગુજરાત વિધાનસભાની વર્તમાન (2011) સભ્યસંખ્યા કેટલી છે ?

(અ) 180 (બ) 181

(ક) 182 (ડ) 183

(401) વિધાનસભાની સૌથી ઓછો બેઠકો ભારતના કયા રાજ્યમાં છે ?

(અ) ઝારખંડ (બ) હરિયાણા

(ક) ઉત્તરાંચલ (ડ) સિક્કિમ

(402) વિધાનસભાને બરખાસ્ત કરવાની સત્તા બંધારણે કોને આપેલ છે ?

(અ) મુખ્યમંત્રી (બ) રાજપાલ

(ક) વડી અદાલતના ન્યાયમૂર્ત

(ડ) એટર્ની જનરલ

## પ્રકરણ 12 : ભારતીય ન્યાયતંત્ર

(403) ભારતીય બંધારણે સમવાયી શાસનપ્રણાલી સ્વીકારી હોવા છતાં તેનું ન્યાયતંત્ર .......... .

(અ) એકતંત્રી અને સંકલિત છે.

(બ) દ્વિતંત્રી અને સંકલિત છે.

(ક) બહુતંત્રી અને વિકસિત છે . (ડ) અસ્થાયી અને વિચલિત છે.

(404) સંઘીય શાસનપ્રણાલીમાં કેવું ન્યાયતંત્ર હોવું જરૂરી છે ?
(અ) સ્વતંત્ર માત્ર (બ) નિષ્પક્ષ માત્ર
(ક) સ્વતંત્ર અને નિષ્પક્ષ બંને
(ડ) શાસક અનુસાર

(405) સર્વોચ્ચથી શરૂ કરીને નિમ્નતમ (તાબાની કે નીચલી) અદાલતોને જોતાં આપણું ન્યાયતંત્ર કેવું બન્યું છે ?
(અ) સક્ષમ (બ) સળંગસૂત્ર
(ક) એકતંત્રી (ડ) બહુતંત્રી

(406) સર્વોચ્ચ અદાલતનો નિર્ણય કેવો ગણાય છે ?
(અ) આખરી માત્ર (બ) સર્વમાન્ય માત્ર
(ક) આખરી તેમજ સર્વમાન્ય (બંને)
(ડ) નિર્ણાયક

(407) ગ્રામ્ય અદાલતોને વાસ્તવમાં કયા સ્વરૂપે જોવી એકદમ વ્યાજબી ગણાય ?
(અ) ન્યાયતંત્રના સૌથી નીચલા એકમ તરીકે
(બ) ન્યાયતંત્રના મહત્ત્વના એકમ તરીકે
(ક) ન્યાયતંત્રના નિર્ણાયક એકમ તરીકે
(ડ) ન્યાયતંત્રના અનિવાર્ય એકમ તરીકે

(408) વર્તમાન સમયે (2011)માં ભારતીય સર્વોચ્ચ અદાલતમાં કેટલા ન્યાયાધીશો છે?
(અ) એક વડા અને એકવીસ અન્ય
(બ) એક વડા અને બાવીસ અન્ય
(ક) એક વડા અને ચોવીસ અન્ય
(ડ) એક વડા અને પચીસ અન્ય

(409) ન્યાયાધીશોએ પોતાનું રાજીનામું કોની સમક્ષ રજૂ કરવાનું રહે છે ?
(અ) સર્વોચ્ચ ન્યાયમૂર્તિ (બ) રાષ્ટ્રપ્રમુખ
(ક) ઉપરાષ્ટ્રપ્રમુખ (ડ) એડવોકેટ જનરલ

(410) સર્વોચ્ચ ન્યાયલયના ન્યાયાધીશોનું કોરમ ન થાય તો રાષ્ટ્રપ્રમુખની પૂર્વસંમતિથી ઉચ્ચ ન્યાયલયના કોઈ ન્યાયાધીશને જરૂરી મુદત સુધી (કલમ 127 મુજબ) નિમવામાં આવે છે, જેને .......... ન્યાયાધીશ તરીકે ઓળખવામાં આવે છે.
(અ) તદર્થ (બ) તાત્પર્ય
(ક) સમર્થ (ડ) સક્ષમ



(411) ભારતની સર્વોચ્ચ અદાલત ત્રણ પ્રકારના ક્ષેત્રાધિકાર ભોગવે છે. અત્રે આપેલામાંથી કયો એક ક્ષેત્રાધિકાર તેની સાથે અસંગત છે ?
(અ) મૂળ અધિકાર (બ) વિવાદ અધિકાર
(ક) સલાહ અધિકાર (ડ) સર્વેક્ષણ અધિકાર

(412) સર્વોચ્ચ અદાલતના પરમ હૂકમ, મનાઈહૂકમ, મૂળભૂત હક્કના ભંગ બદલ હાજર હૂકમ, સાક્ષી હૂકમ, ઉત્પ્રેક્ષણ હૂકમ વગેરે જેવી સર્વોચ્ચ અદાલતની સત્તા ખાસ સંજોગોમાં કોના હસ્તક મૂકવામાં આવતી હોય છે ?
(અ) વડાપ્રધાન (બ) એટર્ની જનરલ
(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(413) રાષ્ટ્રપ્રમુખ કે ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ઉભા થયેલ વિવાદનો ઉકેલ કોણ લાવી શકે ?
(અ) સર્વોચ્ચ અદાલત (બ) એડવોકેટ જનરલ
(ક) એટર્ની જનરલ (ડ) વિશિષ્ટ કે ખાસ અદાલત

(414) સર્વોચ્ચ અદાલતના સત્તાક્ષેત્રની બહારની કેટલીક બાબતો અત્રે આપેલ છે, જેમાંની એક બાબત અસંગત છે, તે બાબતને અલગ દર્શાવો.
(અ) રાષ્ટ્રપતિ કે રાજપાલને આપેલ સલાહ
(બ) મતદાર ક્ષેત્રોની વહેંચણીની બાબત
(ક) સંસદીય કાર્યવાહીને લગતી બાબત
(ડ) ન્યાયિક ગૂંચમાં નિર્ણય લેવાની બાબત

(415) બંધારણની કલમ 32 અન્વયે ન્યાયિક સમીક્ષાને આધારે કોઈ કાયદાને અમલી કે રદ કરાવવાની સત્તા કોને હસ્તક છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) ઉપરાષ્ટ્રપતિ
(ક) સર્વોચ્ચ અદાલત (ડ) વડી અદાલત

(416) ભારતની સર્વોચ્ચ અદાલતના સર્વપ્રથમ સર્વોચ્ચ ન્યાયાધીશ કોણ હતા ?
(અ) શ્રી હરિલાલ જે. કણીયા
(બ) શ્રી એમ. પતંજલી શાસ્ત્રી
(ક) શ્રી મહેરચંદ મહાજન
(ડ) શ્રી બી. કે. મુખરજી

(417) ભારતની સર્વોચ્ચ અદાલતમાં 2010થી કાર્યરત એવા વર્તમાન (2011) ન્યાયાધીશશ્રીનું નામ જણાવો.

(અ) શ્રી કે. બી. બાલકૃષ્ણન

(બ) શ્રી સરોશ એચ. કાપડીયા

(ક) શ્રી વાય. કે. સબરવાલ

(ડ) શ્રી આર. સી. લાહોટી

(418) કલમ 214 અન્વયે પ્રત્યેક એકમ રાજ્ય માટે એક વડી અદાલત હોય છે પરંતુ

(અ) તેનું પાલન કરવું અનિવાર્ય નથી

(બ) તેનું પાલન કરવું અનિવાર્ય છે

(ક) તેનું પાલન કરાવવા સુધારો કરવો જોઈએ

(ડ) તેનું પાલન કયારેય થયું જ નથી

(419) ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની સંખ્યા બંધારણ મુજબ .......... .

(અ) નિર્ધારિત છે (બ) નિર્ધારિત કરવામાં આવેલ નથી

(ક) નિર્ધારિત કરવી જરૂરી છે

(ડ) નિર્ધારિત કરવા વિચારાય છે

(420) કલમ 217 (1) મુજબ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની વયમર્યાદા કેટલી છે?

(અ) 58 વર્ષ (બ) 60 વર્ષ

(ક) 61 વર્ષ (ડ) 62 વર્ષ

(421) જિલ્લા કક્ષાએ દીવાની દાવાઓ માટેની ડિસ્ટ્રીક્ટ અદાલતો કોના તાબામાં હોય છે ?

(અ) સર્વોચ્ચ અદાલત (બ) વડી અદાલત

(ક) એડવોકેટ જનરલ (ડ) રાજપાલ

(422) ન્યાયક્ષેત્રે સફળ થયેલ એક અભિનવ પ્રયોગ એટલે .......... .

(અ) લોક અદાલત (બ) વડી અદાલત

(ક) ગ્રામ્ય અદાલત (ડ) શહેરી અદાલત

(423) ભારતની સર્વપ્રથમ લોકઅદાલત (6 ઓક્ટોબર 1985), સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયમૂર્તિ .........ના વડપણ નીચે સફળ રીતે યોજાઈ હતી.

(અ) શ્રી એ. એન. રે (બ) શ્રી ઈ. એસ. વેંકટરામૈયા

(ક) શ્રી પી. એન. ભગવતી

(ડ) શ્રી રંગનાથ મિશ્રા



## પ્રકરણ - 13 : કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ

(424) કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટને લગતી જોગવાઈઓ માટે ભારતીય બંધારણના ભાગ 8ની કઈ કઈ કલમોમાં વ્યવસ્થા કરાઈ છે ?

(અ) 238 થી 241 (બ) 239 થી 241

(ક) 240 થી 242 (ડ) 241 થી 243

(425) કેન્દ્રશાસિત પ્રદેશોના સુચારૂ વહિવટની જવાબદારી કોના શિરે છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) નજીકના રાજ્યના રાજપાલ

(ક) વડાપ્રધાન (ડ) એટર્ની જનરલ

(426) વર્તમાન ભારતના કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશોનાં અત્રે નામો આપેલ છે. જેમાં એક અસંગત નામ છે તેને ઓળખી બતાવો.

(અ) આંદામાન–નિકોબાર અને લક્ષદ્વિપ ટાપુસમૂહ

(બ) દીવ–દમણ અને દાદરાનગર હવેલી

(ક) ચંદીગઢ (ડ) મણીપુર

(427) બંધારણની કલમ 239(2) અનુસાર રાષ્ટ્રપ્રમુખ, કોઈપણ કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદાર કે ઉપરાજપાલ તરીકે કોને નીમી શકે છે ?

(અ) ઉપરાષ્ટ્ર પ્રમુખને (બ) નજીકના કોઈપણ રાજપાલને

(ક) લશ્કરના નિવૃત્ત સર્વોચ્ચ વડાને

(ડ) વડાને અને નિવૃત્ત ન્યાયાધીશને

(428) રાજ્યોની વિધાનસભાઓ તેમજ વહીવટદારનાં સલાહસૂચનો માટે ભારતીય બંધારણમાં શી જોગવાઈ કરવામાં આવેલ છે ?

(અ) મંત્રી પરિષદની (બ) ઉપરાજપાલના સહાયકની

(ક) નજીકના રાજ્યના મુખ્યમંત્રીની

(ડ) એટર્ની જનરલના પ્રતિનિધિની

(429) કેન્દ્રશાસિત પ્રદેશના સુખ–શાંતિ–પ્રગતિ અને વહીવટ માટે જરૂરી જણાય તો ખાસ કાયદો ઘડવાની જવાબદારી કોની છે ?

(અ) નજીકના રાજ્યના રાજપાલની

(બ) નજીકના રાજ્યના મુખ્યમંત્રીની

(ક) રાષ્ટ્રપ્રમુખની (ડ) વડાપ્રધાનની

(430) ભારતીય બંધારણની કલમ 241 અન્વયે કેન્દ્રશાસિત પ્રદેશો માટે ઉચ્ચ ન્યાયાલયનું ગઠન અથવા નજીકના રાજ્યની અદાલતના સત્તાક્ષેત્રમાં તેને સમાવી લેવાની સત્તા કોને આપવામાં આવેલ છે ?

(અ) નજીકના રાજ્યના રાજપાલને

(બ) નજીકના મુખ્યમંત્રીને

(ક) રાષ્ટ્રપ્રમુખને (ડ) સંઘ સંસદને

(431) દિલ્હીને દેશની રાજધાનીના વિશિષ્ટ દરજ્જા અંતર્ગત કયા વર્ષથી એક વડી અદાલતની ફાળવણી કરવામાં આવેલ છે ?

(અ) 1961 થી (બ) 1962 થી

(ક) 1965 થી (ડ) 1966 થી

(432) અત્રે વિભાગ – I માં રાજધાનીનું શહેર અને વિભાગ II માં કેન્દ્રશાસિત પ્રદેશનું નામ આડા–અવળા ક્રમમાં આપેલા છે જેને પ્રશ્ન નીચેના એક સાચા જવાબને આધારે યોગ્યક્રમમાં જોડીને જોડકાં બનાવો.

| વિભાગ – I | વિભાગ – II |
|---|---|
| (1) સિલવાસા | (a) લક્ષદ્વીપ |
| (2) કવારતી | (b) પાંડિચેરી |
| (3) પુડુચેરી | (c) આંદામાન–નિકોબાર ટાપુઓ |
| (4) પોર્ટ બ્લેયર | (d) દાદરા અને નગર–હવેલી |

(અ) 1 = a, 2 = c, 3 = b, 4 = d

(બ) 1 = d, 2 = a, 3 = b, 4 = c

(ક) 1 = b, 2 = d, 3 = c, 4 = a

(ડ) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(433) કેન્દ્રશાસિત પ્રદેશોની ધારાકીય સત્તા સંદર્ભે સંસદને સર્વોચ્ચ સત્તા અપાયેલ છે જેમાં રાજ્યયાદીના સંબંધિત વિષયોનો ........... .

(અ) છેદ ઉડાડી દેવામાં આવ્યો છે

(બ) સમાવેશ કરવામાં આવ્યો છે

(ક) કોઈ ખ્યાલ સમાયો જ નથી

(ડ) સમાવેશ કરવા વિચારાઈ રહ્યું છે



(434) કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટદારોનાં નામ રાષ્ટ્રપ્રમુખ ......... નક્કી કરી શકે છે.

(અ) અલગથી (બ) સંયુક્તપણે

(ક) મનસ્વી રીતે (ડ) પ્રધાનમંડળને વિશ્વાસમાં લઈને

(435) ભારતીય બંધારણના કયા સુધારા થકી દિલ્હીનો સમાવેશ કેન્દ્રશાસિત પ્રદેશોની યાદીમાં કરવામાં આવેલ છે ?

(અ) 59મા (બ) 69મા

(ક) 79મા (ડ) 89મા

## પ્રકરણ – 14 : અનુસૂચિત જાતિ–જનજાતિ અને વિશિષ્ટ વિસ્તારોનો વહીવટ

(436) રાષ્ટ્રપ્રમુખની માગણી થતાં ........., જે તે અનુસૂચિત વિસ્તારની માહિતી પૂરી પાડવા બંધાયેલ છે.

(અ) મુખ્યમંત્રી (બ) એટર્ની જનરલ

(ક) રાજપાલ (ડ) વડા ન્યાયમૂર્તિ

(437) સંસદના કે જે તે રાજ્યના કોઈપણ પ્રવર્તમાન કાયદા અનુસૂચિત વિસ્તારોને .......... .

(અ) પણ લાગુ કરી શકાય છે

(બ) લાગૂ કરી શકાતા નથી

(ક) મુખ્યમંત્રીને વિશ્વાસમાં લઈને લાગુ કરી શકાય

(ડ) આમાંથી કોઈ પણ નહીં

(438) રાજપાલે અનુસૂચિત એવા વિસ્તારમાં લાગુ કરેલ તમામ કાયદા–કાનૂન સંદર્ભે, કોની પૂર્વપરવાનગી લેવી અત્યંત જરૂરી બની રહે છે ?

(અ) વડાપ્રધાનની (બ) સર્વોચ્ચ અદાલતની

(ક) સંસદના બંને ગૃહોની

(ડ) રાષ્ટ્રપ્રમુખની

(439) બંધારણની કલમ 339(1) અન્વયે અનુસૂચિત વિસ્તારોના સુચારૂ વહીવટ તેમજ રાજ્યોની અનુસૂચિત જાતિ–જનજાતિના કલ્યાણ અર્થે ......... .

(અ) એક ખાસ અદાલત રચાઈ છે.

(બ) એક આયોગની રચનાની વ્યવસ્થા છે.

(ક) નિવૃત્ત વડા ન્યાયાધીશને જવાબદારી સોંપાઈ છે.

(ડ) રાજપાલ અને સલાહકાર સમિતિ કામ કરે છે.

(440) બંધારણની કલમ 244(1)માં સમાવિષ્ટ ચાર આદિજાતિ વિસ્તારોમાં અત્રે આપેલ કયા એક વિસ્તારનો મેળ ખાતો નથી (અયોગ્ય છે).

(અ) મેઘાલય (બ) મિઝોરમ

(ક) ત્રિપુરા (ડ) ઝારખંડ

(441) બંધારણની કલમ 244(1)માં ઉલ્લેખિત પ્રદેશો આદિજાતિ વિસ્તારોના વહીવટની જોગવાઈ કઈ યાદીમાં સમાવિષ્ટ છે ?

(અ) બીજી (બ) ચોથી

(ક) છઠ્ઠી (ડ) આઠમી

(442) અત્રે વિભાગ – I માં આદિજાતિ વિસ્તાર પૈકીનાં કેટલાંક નામો છે. જ્યારે II વિભાગમાં સંબંધિત ભાગોના ક્રમ આપેલ છે તેને સાચી રીતે જોડો.

| વિભાગ - I | વિભાગ - II |
|---|---|
| (1) ખાસી, કછાર તથા કાર્બી–આમલોંગ જિલ્લો | (a) ભાગ – II |
| (2) જયંતિયા–ગારોનો પહાડી જિલ્લો | (b) ભાગ IV |
| (3) ચકમા, મારા અને લઈ જિલ્લો | (c) ભાગ I |
| (4) ત્રિપુરા જનજાતીય વિસ્તાર જિલ્લો | (d) ભાગ III |

(અ) a = c, 2 = a, 3 = d, 4 = b

(b) 1 = d, 2 = b, 3 = c, 4 = a

(ક) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(ડ) 1 = b, 2 = a, 3 = d, 4 = c

(443) જનજાતીય વિસ્તારોનો વહીવટ સરકારના ......... નીચે થાય છે.

(અ) કાર્યપાલક ઈજનેર (બ) કાર્યપાલક અધિકાર

(ક) કાયદો–વ્યવસ્થા વિભાગ

(ડ) સીધા માર્ગદર્શન

(444) અનુસૂચિત વિસ્તારો માટે ઘડવાની તથા ભૂમિ નિર્ધારણ કે સંગ્રહને લગતો કર લાદવા તેમજ જિલ્લા કે પ્રાદેશિક પરિષદ સ્થાપના અને ધારાકીય ન્યાયાકીય કાર્યો માટે ખાસ જોગવાઈ અંતર્ગત .......... .

(અ) એક અલગ સંસ્થા કામ કરે છે

(બ) કોઈ અલગ સંસ્થા કામ કરતી નથી

(ક) કેન્દ્ર સરકારના નિષ્ણાતો કામ કરે છે

(ડ) નિવૃત્ત સર્વોચ્ચ ન્યાયાધીશ દેખરેખ રાખે છે



(445) જિલ્લા કે પ્રાદેશિક પરિષદોએ ઘડેલા કાયદા કોની મરજી પર નિર્ભર રહે છે ?

(અ) રાજ્યના મુખ્યમંત્રી (બ) રાજપાલ

(ક) વડી અદાલત (ડ) રાષ્ટ્રપ્રમુખની સમિતિ

(446) બંધારણની કલમ 370 અન્વયે જમ્મુ–કાશ્મીર રાજ્યને કયા પ્રકારનો દરજ્જો આપેલ છે ?

(અ) સંરક્ષિત રાજ્યનો (બ) શ્રેષ્ઠ રાજ્યનો

(ક) આતંકિત રાજ્યનો (ડ) વિશિષ્ટ રાજ્યનો

(447) ભારતીય સંઘ જમ્મુ–કાશ્મીર રાજ્ય માટે સંયુક્ત યાદીમાં દર્શાવેલ ચોક્કસ વિષયો પર જ ......... .

(અ) કાયદો ઘડી શકે છે

(બ) ચર્ચા–વિચારણા કરી શકે છે

(ક) સલાહ–સૂચન આપી શકે છે

(ડ) કાયદા ઘડવા ભલામણ માત્ર કરી શકે છે

(448) જમ્મુ–કાશ્મીરે પોતાની અલગ બંધારણીય સભા અને આગવું બંધારણ .......... .

(અ) ઘડવા વિચાર્યું છે

(બ) રચેલ છે

(ક) ઘડવું હોય તો ઘડી શકે છે

(ડ) હોય તેમ રાષ્ટ્રપ્રમુખને જણાવ્યું છે

(449) જમ્મુ–કાશ્મીરમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો .......... .

(અ) અમલ કરવામાં આવે છે.

(બ) અમલ કરી શકાતો નથી.

(ક) કોઈ અર્થ નથી (ડ) સ્વીકાર કરાયેલ છે.

(450) કલમ 370(1) અન્વયે કોના આદેશ થકી જ જમ્મુ–કાશ્મીરમાં બંધારણીય સુધારો લાગુ કરી શકાય છે ?

(અ) રાજ્યના મુખ્યમંત્રી (બ) રાજ્યના રાજપાલ

(ક) દેશના વડાપ્રધાન (ડ) રાષ્ટ્રપ્રમુખ

(451) જમ્મુ-કાશ્મીર રાજ્યનું બંધારણ ક્યારે ઘડાયું ?

(અ) 19 નવેમ્બર 1956

(બ) 19 નવેમ્બર 1957

(ક) 20 જાન્યુઆરી 1955

(ડ) 26 જાન્યુઆરી 1956

(452) જમ્મુ-કાશ્મીરનું રાજ્ય અલગ બંધારણ કઈ તારીખથી અમલમાં આવેલ છે ?

(અ) 26 જાન્યુઆરી 1955

(બ) 26 જાન્યુઆરી 1956

(ક) 26 જાન્યુઆરી 1957

(ડ) 26 જાન્યુઆરી 1958

(453) બંધારણ અનુસાર જમ્મુ-કાશ્મીર ભારતીય સંઘનો .......... .

(અ) એક વિભક્ત ભાગ છે

(બ) એક અતૂટ ભાગ છે

(ક) એક શ્રેષ્ઠ ભાગ છે (ડ) એક સંદિગ્ધ ભાગ છે

(454) જમ્મુ-કાશ્મીર રાજ્યની તમામ કારોબારી સત્તા ત્યાંના રાજ્યપાલ કોની સલાહથી ભોગવે છે ?

(અ) રાજ્યના મુખ્યમંત્રી (બ) વડાપ્રધાન

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) રાજ્યના વડા ન્યાયાધીશ

(455) જમ્મુ-કાશ્મીર રાજ્યની ધારાસભા કયા પ્રકારની છે ?

(અ) એકગૃહી (બ) બેગૃહી

(ક) ત્રિગૃહી (ડ) બહુગૃહી

(456) જમ્મુ-કાશ્મીરની વિધાનસભામાં રાજ્યપાલ દ્વારા નિયુક્ત એવા કુલ કેટલા સભ્યો હોય છે ?

(અ) 50 (બ) 80

(ક) 100 (ડ) 120

(457) જમ્મુ-કાશ્મીરમાં આવેલ વિધાન પરિષદ કેટલા સભ્યોની છે ?

(અ) 30 (બ) 32

(ક) 34 (ડ) 36



(458) જમ્મુ-કાશ્મીરમાં નાણાકીય કટોકટી .......... .

(અ) લાગુ કરી શકાય છે.

(બ) લાગુ કરી શકાતી નથી.

(ક) સર્વોચ્ચ અદાલતની મંજૂરીથી જ લાદી શકાય છે.

(ડ) માટે રાષ્ટ્રપ્રમુખની સાલહકાર સમિતિની વિશિષ્ટ પરવાનગી જરૂરી છે.

(459) સમગ્ર ભારતમાં એકમાત્ર જમ્મુ-કાશ્મીર રાજ્યને જ બેવડી નાગરિકતાનો લાભ અપાયો છે – આ વિધાન ની યથાર્થતા અત્રે આપેલ વિકલ્પોના સંદર્ભથી તપાસો.

(અ) આ વિધાન સાચું છે.

(બ) આ વિધાન સાચું નથી.

(ક) આ વિધાન સંદિગ્ધ છે.

(ડ) આ વિધાનમાં અર્ધસત્ય રહેલ છે.

(460) પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મિર (P.O.K.) માટે જમ્મુ-કાશ્મીરની ધારાસભામાં કેટલી બેઠકો અનામત રખાઈ રખાઈ છે ?

(અ) એક પણ નહીં

(બ) U.N. આવી બેઠકોનો આગ્રહ રાખે છે

(ક) કુલ 24 બેઠકો

(ડ) કુલ 26 બેઠકો

(461) જમ્મુ-કાશ્મીરની વિધાન પરિષદમાંના 11 કાશ્મીરમાંથી અને 11 સભ્યો જમ્મુમાંથી હોય છે, જ્યારે તેના બાકી રહેતા 8 સભ્યોની નિમણૂંક કોના દ્વારા થતી હોય છે ?

(અ) રાજપાલ (બ) મુખ્યમંત્રી

(ક) વડાપ્રધાન (ડ) રાષ્ટ્રપ્રમુખ

(462) જમ્મુ-કાશ્મીરની અધિકૃત રાજભાષા કઈ છે ?

(અ) ફારસી (બ) પુશ્તુ

(ક) હિન્દી (ડ) ઉર્દૂ

## પ્રકરણ – 15 : અંદાજપત્ર – નાણાં ખરડો

(463) અંદાજપત્રને સર્વપ્રથમ કોની સમક્ષ રજૂ કરવું પડતું હોય છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) રાજસભા

(ક) C.A.G. (ડ) લોકસભા

(464) રાજસભા સમક્ષ રજૂ થયેલ નાણાખરડા પર કેટલા દિવસમાં જો કોઈ ભલામણ ન થાય તો (મુદત વીતતાં) તે કેટલા દિવસે પસાર થયેલ ગણાય ?

(અ) 10 દિવસ (બ) 12 દિવસ

(ક) 14 દિવસ (ડ) 16 દિવસ

(465) રાજસભાની નાણાં ખરડા પરની ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કોણ કરી શકે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન

(ક) ઓડિટર જનરલ (ડ) લોકસભા

(466) અંદાજપત્રમાં દર્શાવેલ ખર્ચની મંજૂરી મુક્ત (નોનવોટેબલ) બાબતો માટે પાર્લામેન્ટની મંજૂરીની જરૂર નથી. આવો ખર્ચ કરવાનાં નાણાં ક્યાંથી મળે છે ?

(અ) સંચિત નિધિમાંથી (બ) સંકટ નિધિમાંથી

(ક) સંસદ નિધિમાંથી (ડ) સંદિગ્ધ નિધિમાંથી

(467) અંદાજપત્ર કે નાણા ખરડાને અન્ય ક્યા એક નામથી ઓળખવામાં આવે છે ?

(અ) નાણાકીય પ્રસ્તાવ (બ) નાણાકીય નિવેદન

(ક) નાણાકીય આવેદન (ડ) નાણાકીય અરજી

(468) અંદાજપત્રની મતપાત્ર (વોટેબલ) બાબતોને લગતા ખર્ચને લોકસભા મંજૂર કે નામંજૂર કરી શકે છે પરંતુ .......... .

(અ) તેનો ઈન્કાર કરી શકતી નથી

(બ) તેની ઉપેક્ષા કરી શકતી નથી

(ક) તેમાં વધારો કરી શકતી નથી

(ડ) તેમાં ઘટાડો કરી શકતી નથી



(469) અંદાજપત્ર નામંજૂર થાય કે ખર્ચની માંગણીમાં સંસદ નાનો–મોટો કાપ મૂકે તો શું થતું હોય છે ?

(અ) તેને સરકાર સામેની અવિશ્વાસ દરખાસ્ત માની રાજીનામું આપવું પડે છે.

(બ) સરકાર ધાર્યું કરે છે

(ક) સરકાર બીજું અંદાજપત્ર રજૂ કરે છે.

(ડ) સરકારને સંસદનાં બંને ગૃહોને પોતાની વાત મનાવવી પડે છે.

(470) અંદાજપત્રને મંજૂર થયેલું કયારે ગણવામાં આવતું હોય છે ?

(અ) તમામ ખર્ચ સંસદ મંજૂર કરે ત્યારે

(બ) મોટાભાગનો ખર્ચ સંસદમાં મંજૂર કરે ત્યારે

(ક) અંશતઃ ખર્ચ સંસદ દ્વારા મંજૂર થતાં

(ડ) સંસદ સમક્ષ અંદાજપત્ર રજૂ થતાવેંત

(471) આકસ્મિક ખર્ચાઓ બાબતે વધારના (પૂરક) ખર્ચની મંજૂરી સંસદ સમક્ષ કોણ મૂકી શકે છે ?

(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપ્રમુખ

(ક) વિરોધ પક્ષના નેતા (ડ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(472) ભારતના સંચિત નિધિમાંથી ઉપાડવાનાં નાણાંનો પ્રસ્તાવ (ખરડો) પસાર ન થતાં તે કેવો ખરડો કહેવાય છે ?

(અ) આકસ્મિક (બ) સંકટકાલીન

(ક) વિનિયોગ (ડ) વિનિમય

## પ્રકરણ – 16 : કાયદાના ઘડતરની પ્રક્રિયા

(473) સામાન્ય રીતે ખરડાઓને કેટલા ભાગમાં વેચી દેવામાં આવેલ છે ?

(અ) બે (બ) ચાર

(ક) છ (ડ) સાઠ

(474) સંસદનાં બંને ગૃહો દ્વારા પસાર કરાયેલ ખરડો કાયદાનું રૂપ કયારે ધારણ કરે છે ?

(અ) વડાપ્રધાનની મંજૂરી મળતાં

(બ) રાષ્ટ્રપ્રમુખની મંજૂરી મળતાં

(ક) ઓડિટર જનરલની મંજૂરી મળ્યેથી

(ડ) આ પૈકીની કોઈ પણ એક પ્રક્રિયા થકી નહીં

(475) ખરડામાં સૂચવાયેલ પગલાં ઉચિત છે કે અનુચિત તેની ચર્ચા – મતદાન યોજાય તેને ખરડાનું .......... વાચન કહે છે.

(અ) પ્રથમ (બ) દ્વિતીય

(ક) તૃતીય (ડ) ઔપચારિક

(476) ખરડાની વિગતવાર ચર્ચા અને સુધારા રજૂ કરાય તેને ..........

(અ) પ્રથમવાચન કહે છે (બ) દ્વિતીય વાચન કહે છે

(ક) પ્રારંભિક પ્રક્રિયા કહે છે

(ડ) અંતિમ પ્રક્રિયા કહે છે

(477) બંને વાચન પ્રત્યેથી ખરડો કોને સોંપાય છે ?

(અ) લોકસભાગૃહના અધ્યક્ષને

(બ) રાજસભાગૃહના અધ્યક્ષને

(ક) રાષ્ટ્રપ્રમુખને (ડ) અનુભવી સભ્યોની સિલેકટ કમિટીને

(478) ધારાગૃહ જો ખરડો ફગાવે કે તેમાં ફેરબદલ કરેતો તે ખરડો કોની અધ્યક્ષતાવાળી બંને ગૃહોની સંયુક્ત બેઠક સમક્ષ રજૂ કરાય છે ?

(અ) રાજસભાના અધ્યક્ષની

(બ) લોકસભાના અધ્યક્ષની

(ક) પ્રવર સમિતિના વડા (ડ) રાષ્ટ્રપ્રમુખની

(479) ભારતીય રાષ્ટ્રપ્રમુખને કરડાની બાબતે વીટો વાપરવાની સત્તા ..........

(અ) છે (બ) નથી

(ક) હોવી જોઈએ (ડ) હોવાનું વિચારાય છે

(480) અમેરિકન રાષ્ટ્રપ્રમુખને ખરડાની બાબતે વીટો વાપરવાની સત્તા ............... .

(અ) છે (બ) નથી

(ક) હોવા માટે લોકમત છે

(ડ) હોવી જ જોઈએ

(481) નાણાં સિવાયના ખરડા .......... ગૃહમાં પહેલાં રજૂ કરી શકાય.

(અ) લોકસભાના (બ) રાજસભાના

(ક) બંને (ડ) કોઈ પણ એક



(482) ખરડાને કાયદાનું સ્વરૂપ આપતાં પૂર્વે કુલ કેટલાં વાચનમાંથી પસાર કરવાની પ્રક્રિયા હાથ ધરાવતી હોય છે ?

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

(483) સરકારી ખરડા એટલે .......... એ સિવાયના તમામ બિનસરકારી ખરડા ગણાય.

(અ) પ્રધાનોએ રજૂ કરેલા ખરડા

(બ) રાષ્ટ્રપ્રમુખને રજૂ કરેલ ખરડો

(ક) વિરોધ પક્ષના નેતાએ રજૂ કરેલ ખરડા

(ડ) ઉપરાષ્ટ્રપતિએ રજૂ કરેલ ખરડા

## પ્રકરણ – 17 : સંઘ-રાજ્ય સંબંધો

(484) ભારતીય સંઘ નીચેનામાંથી કયા એક પ્રકારનું સ્વરૂપ ધરાવે છે ?

(અ) સમન્વયકારી (બ) સંઘીય

(ક) એકતંત્રી (ડ) દ્વિતંત્રી

(485) ભારતીય બંધારણમાં સંઘ (કેન્દ્ર) અને રાજ્ય સરકારની સત્તાઓ .......... .

(અ) લગભગ સરખી છે (બ) તદ્દન સરખી છે

(ક) એકસરખી નથી (ડ) પરસ્પર સહાયક નથી

(486) સંઘ (કેન્દ્ર) અને રાજ્ય સરકારો વચ્ચે સુમેળ સાધવા જે ત્રણ ભાગ પડાયા છે તેમાં અત્રે આપેલમાંથી કયો એક ભાગ અસંગત છે ?

(અ) ધારાકીય (બ) નાણાકીય

(ક) કારોબારી વિષયક (ડ) સત્તા વિષયક

(487) સંઘ યાદીના કાયદા સંઘ સરકાર, એ જ રીતે રાજ્યયાદીના કાયદાઓ રાજ્ય સરકાર ઘડે છે, એવા સંજોગોમાં સંયુક્ત યાદીના કાયદા ઘડવાની સત્તા કોની પાસે છે ?

(અ) સર્વોચ્ચ અદાલત પાસે

(બ) રાષ્ટ્ર પ્રમુખ પાસે

(ક) બંને પાસે

(ડ) માત્ર સંઘ સરકાર પાસે

(488) સંઘયાદીમાં 97 વિષયો સમાવિષ્ટ છે, જ્યારે રાજ્ય યાદીમાં 66, તો સંયુક્ત યાદીના વિષયોની સંખ્યા કેટલી છે ?

(અ) 47 (બ) 57

(ક) 67 (ડ) 77

(489) કોઈપણ એક જ વિષય પર સંઘ અને રાજ્ય સરકારો

(અ) કાયદા ઘડી શકતી નથી

(બ) કાયદા ઘડી શકે છે

(ક) કાયદા ઘડવા વિચારે છે

(ડ) કાયદા ઘડવાનો સુધારો લાવી રહ્યો છે

(490) બે અથવા તેથી વધુ રાજ્યોની વિધાનસભાઓ કેટલી બહુમતીથી ઠરાવ કરીને સંસદને રાજ્યયાદીમાં કોઈ વિષય બાબતે રાજ્યોના હિતમાં કાયદો ઘડી દેવા જણાવી શકે છે ?

(અ) $\frac{1}{2}$ (બ) $\frac{1}{4}$

(ક) $\frac{2}{3}$ (ડ) $\frac{2}{5}$

(491) આંતરરાષ્ટ્રીય સમજૂતી મુજબ સંઘ રાજ્યયાદીમાંનો કાયદો ........

(અ) બદલી શકે છે.

(બ) ઘડી શકે છે.

(ક) રદબાતલ કરી શકે છે.

(ડ) અસ્વીકૃત કરી શકે છે.

(492) સંઘ અને રાજ્યો વચ્ચેના નાણાકીય સંબંધો .......... છે.

(અ) ખૂબ જ મહત્ત્વના (બ) અત્યંત સ્પષ્ટ

(ક) અત્યંત અસ્પષ્ટ (ડ) ખૂબ જ બિન મહત્ત્વપૂર્ણ

(493) કલમ 265 મુજબ રાજ્ય સરકાર કાયદાકીય સત્તા વિના ........

(અ) કોઈ પણ કર ઉઘરાવી શકે છે.

(બ) કોઈ પણ કર ઉઘરાવી શકે નહીં.

(ક) કોઈ પણ કર નાંખી શકે છે.

(ડ) કોઈ પણ કર ફટકારી શકે નહીં.



## પ્રકરણ – 18 : નાણાપંચ

(494) બંધારણની કલમ 266 અન્વયે સંઘ અને રાજ્યો માટે શી નાણાકીય વ્યવસ્થા છે ?

(અ) સંકટ નિધિની (બ) સંચિત નિધિની

(ક) સંદિગ્ધ નિધિની (ડ) સૂચિત નિધિની

(495) બિનઆયોજિત ખર્ચને પહોંચી વળવા કલમ 267 અંતર્ગત કઈ ગોઠવણ છે ?

(અ) સંચિત નિધિ (બ) સૂચિત નિધિ

(ક) આકસ્મિક નિધિ (ડ) આયોજિત વિધિ

(496) નાણાપંચને તજજ્ઞો ભારતીય બંધારણની કેવી વ્યવસ્થા ગણે છે ?

(અ) હંગામી (બ) આકસ્મિક

(ક) નૂતન છતાં હંગામી (ડ) નૂતન અને ઉદાહરણીય

(497) સંઘીય આકસ્મિક નિધીની સત્તા કોને હસ્તક છે ?

(અ) નાણાપ્રધાન (બ) વડાપ્રધાન

(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) સંસદ

(498) રાજ્ય સરકારો હસ્તકના આકસ્મિક નિધીની વ્યવસ્થા કોણ સંભાળે છે ?

(અ) મુખ્યમંત્રી (બ) રાજ્યપાલ

(ક) વડી અદાલતના ન્યાયમૂર્તિ

(ડ) ઓડિટર જનરલ

(499) દેશની સગળી નાણાકીય બાબતો પર દખરેખ રાખવાની જવાબદારી કોની છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) આયોજનપંચ

(ક) નાણાપંચ (ડ) ચૂંટણીપંચ

(500) નાણાપંચની નિમણૂક કોણ કરી શકે છે ?

(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપ્રમુખ

(ક) ઉપરાષ્ટ્રપ્રમુખ (ડ) લોકસભાના અધ્યક્ષ

(501) નાણાપંચનો કાર્યકાળ કુલ કેટલાં વર્ષોનો હોય છે ?

(અ) બે વર્ષ (બ) ત્રણ વર્ષ

(ક) ચાર વર્ષ (ડ) પાંચ વર્ષ

(502) નાણાપંચમાં એક ચેરમેન ઉપરાંત કેટલા અન્ય સભ્યો હોય છે ?

(અ) બે (બ) ચાર

(ક) પાંચ (ડ) સાત

(503) સંચિત નિધિમાંથી રાજ્યોને સહાય કયા સિદ્ધાંતને આધારે કરવી તે બાબતે કોણ ભલામણ કરી શકે છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન

(ક) નાણાપંચ (ડ) આયોજન પંચ

(504) નાણાપંચ કોઈપણ નાણાકીય બાબતમાં કોની સલાહ લીધા પછી રાષ્ટ્રપ્રમુખની મંજૂરીથી તે અમલમાં મૂકી શકે છે ?

(અ) C.A.G. ની (બ) રાષ્ટ્રપ્રમુખની

(ક) આયોજન પંચની (ડ) વડાપ્રધાનની

(505) બંધારણ અને નાણાકીય કટોકટીની જાહેરાત ક્યારે થઈ શકતી હોય છે ?

(અ) દેશની નાણાકીય સ્થિતિ સંપન્ન હોય ત્યારે.

(બ) વિદેશી આક્રમણ થતાં.

(ક) રાજ્યની નાણાકીય સ્થિતિ કથળે ત્યારે.

(ડ) રાજ્યનો કાયદો વ્યવસ્થા ઘડે ત્યારે.

(506) ભારતીય બંધારણની કલમ 360 મુજબ ઉભી થતી નાણાકીય કટોકટી

(અ) સંસદનાં બંને ગૃહોની મંજૂરી જરૂરી નથી

(બ) બંને ગૃહોની મંજૂરી જરૂરી છે

(ક) માત્ર રાષ્ટ્રપ્રમુખની મંજૂરી જરૂરી છે

(ડ) માત્ર લોકસભા મંજૂરી જરૂરી છે

(507) ભારતમાં આજપર્યંત (મે – 2011) કેટલી વખત નાણાકીય કટોકટી લદાઈ ચૂકી છે ?

(અ) એક વખત

(બ) બે વખત

(ક) એક પણ વખત નહીં

(ડ) વારંવાર



(508) રાષ્ટ્રપ્રમુખને કઈ બે બાબતોમાં ભલામણો કરવાની સત્તા નાણાપંચ હસ્તક છે ?

(અ) સંઘ – રાજ્ય કરવેરા આવકની વહેંચણી અને સંચિત નિધિના અનુદાન માટેની.

(બ) સંઘ–રાજ્ય આવકનાં નવાં–સ્વતંત્ર સાધનો ઉભા કરવા અને સંચિતનિધિ સંભાળવા.

(ક) સંઘ–રાજ્યનાં સંયુક્ત સાધનો વિભાજન અને સંચિત નિધિમાંથી અનુદાન આપવાની.

(ડ) સંઘ–રાજ્યના આકસ્મિક ખર્ચાઓ તથા સંકટ નિધિનું ભંડોળ ઉભું કરવા માટેની.

(509) દસ વર્ષે થતી વસ્તી ગણતરીને ધોરણે લોકસભામાં રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોની સભ્યસંખ્યા નક્કી કરવાની સત્તા નીચેનામાંથી કોને હસ્તક છે ?

(અ) અબ્રાહમ પંચ (બ) પરિસિમન પંચ

(ક) નાણાપંચ (ડ) આયોજન પંચ

(510) નવા કરવેરા નાંખવા અથવા હયાત કરવેરામાં વધારો–ઘટાડો કરવા માટે જરૂરી પ્રસ્તાવ સંસદ સામે મૂકવા માટે કોની મંજૂરી લેવી જરૂરી છે ?

(અ) સંસદની (બ) ઓડિટર જનરલની

(ક) ઉપરાષ્ટ્રપ્રમુખની (ડ) રાષ્ટ્રપ્રમુખની

(511) કોઈપણ નાણાકીય ખરડો નાણાકીય છે કે કેમ તે નક્કી કરવાની સત્તા કોને છે ?

(અ) લોકસભાના સ્પિકરની

(બ) રાજસભાના અધ્યક્ષની

(ક) વડાપ્રધાનની (ડ) રાષ્ટ્રપ્રમુખની

(512) સ્વાતંત્ર્યોત્તર કાળમાં ભારતનું સર્વપ્રથમ નાણાપંચ .........માં રચાયું.

(અ) 1947 (બ) 1948

(ક) 1953 (ડ) 1955

(513) સ્વતંત્ર ભારતના નાણાપંચના સર્વપ્રથમ વડા કોણ હતા ?

(અ) એ. કે. ચંદા (બ) શ્રી નીયોગી

(ક) મહાવીર લ્યાગી (ડ) બી. રેડ્ડી

(514) દેશના મહત્ત્વપૂર્ણ હિસાબી–નાણાકીય અહેવાલો રાષ્ટ્રપ્રમુખ તથા નાણાપંચ સમક્ષ રજૂ કરવાની સત્તા કોને હસ્તક છે ?

(અ) ઓડિટર જનરલ (બ) એટર્ની જનરલ

(ક) C.A.G. (ડ) નાણાં પ્રધાન

(515) સંઘ અને રાજ્ય સરકાર વચ્ચેના નાણાકીય વિવાદોનો ઉકેલ કોણ લાવી શકે છે ?

(અ) આયોજન પંચ (બ) કોઈપણ દિવાની અદાલત

(ક) C.A.G. (ડ) નાણાપંચ

(516) કેન્દ્ર–રાજ્ય કારોબારી વિષયક (વહીવટી) સંબંધો અનુસાર સામાન્યતઃ રાજ્યનો વહીવટ કેવો હોય છે ?

(અ) સ્વતંત્ર (બ) પરતંત્ર

(ક) સંઘ આધારિત (ડ) રાજ્યપાલ આધારિત

(517) બંધારણની કઈ કલમ અન્વયે સંઘ પોતાને અંતર્ગત એવા કોઈપણ રાજ્યને વહીવટી સૂચનો મોકલી શકે છે ?

(અ) 254 (બ) 256

(ક) 258 (ડ) 259

(518) રાજ્ય એ કેન્દ્રને રાષ્ટ્રીય તેમજ લશ્કરી બાબતોને લગતી સરળતા કરી આપવા માટે બંધારણની કઈ કલમ અનુસાર વ્યવસ્થા છે ?

(અ) 255 (બ) 256

(ક) 257 (ડ) 258

(519) અખિલ ભારતીય કક્ષાની સેવાઓમાં સંઘ, રાજ્ય સાથે .......... .

(અ) અંકુશિત સંબંધો ધરાવે છે.

(બ) અંકુશ ધરાવતું નથી.

(ક) પરસ્પર સહયોગ આપે છે.

(ડ) કોઈ જ નિસ્બત રાખતું નથી.

(520) પંચાયતી રાજ્યની વ્યવસ્થાને કયા પ્રકારની વ્યવસ્થા કહીશું ?

(અ) બંધારણીય (બ) બિન બંધારણીય

(ક) સંયુક્ત (ડ) સંદિગ્ધ



(521) બંધારણમાં થયેલ 73મો સુધારો (ડિસેમ્બર 1992) કોને સ્પર્શતો સુધારો ગણાય ?

(અ) નગરપાલિકા (બ) નગર પરિષદ

(ક) પંચાયતી રાજ (ડ) મહાનગરપાલિકા

(522) નગરપાલિકાઓને લગતો મેમો સુધારો ડિસે. 1992 થતાં .......... .

(અ) ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરની પંચાયતે પણ સ્થાપી શકાઈ છે.

(બ) માત્ર નગરપાલિકાઓને લગતી બંધારણીય વ્યવસ્થા થઈ શકી છે.

(ક) માત્ર મહાનગરપાલિકાઓને સ્પર્શતી બંધારણીય વ્યવસ્થા થઈ શકી છે.

(ડ) સ્થાનિક સ્વરાજની કોઈપણ સંસ્થાને આધારે સ્પર્શતો જ નથી.

(523) ......... લાખથી ઓછી વસ્તીવાળાં રાજ્યોમાં પંચાયતોની જરૂર નથી.

(અ) 10 (બ) 20

(ક) 30 (ડ) 40

(524) પંચાયતોનો સમયગાળો સામાન્ય રીતે કેટલા વર્ષનો હોય છે ?

(અ) ચાર વર્ષનો (બ) પાંચ વર્ષનો

(ક) છ વર્ષનો (ડ) સાત વર્ષનો

(525) સ્થાનિક સ્વરાજની (નગર પંચાયત વગેરે) સંસ્થાઓની ચૂંટણી ઓછામાં ઓછા કેટલા સમયગાળામાં યોજવી ફરજિયાત છે ?

(અ) બે માસ (બ) ચાર માસ

(ક) છ માસ (ડ) બાર માસ

## પ્રકરણ – 19 : સંઘ–રાજ્ય જાહેર સેવા આયોગ

(526) જાહેર સેવાઓ (Public Services દા.ત. GPSC) માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજીને અધિકારી વર્ગની ભરતી કરવાનો પ્રારંભ સ્વતંત્ર ભારતમાં કયારથી થયો ?

(અ) 1947–48 (બ) 1950–51

(ક) 1952–53 (ડ) 1953–54

(527) જાહેર સેવાઓ સંદર્ભે સ્વાતંત્ર્યોત્તર કાળમાં પણ બ્રિટિશ રાજની કઈ સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે ?

(અ) ICS ની (બ) SCS ની

(ક) અખિલ ભારતીય સેવા (ડ) આવી કોઈ સેવાઓ ચાલુ રખાયેલ નથી

(528) ભારતના બંધારણે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (UPSC) અને રાજ્ય સેવા આયોગ અંગે જોગવાઈ કરેલ છે તદ્અનુસાર દેશમાં અત્રે આપેલમાંથી કઈ એક સેવા અસંગત ગણાય ?

(અ) કેન્દ્રીય જાહેરસેવા (બ) રાજ્ય જાહેર સેવા

(ક) નાગરિક જાહેર સેવા (ડ) અખિલ ભારતીય સેવા

(529) અખિલ ભારતીય સેવાઓમાં નીચેનામાંથી કઈ એક સમાવિષ્ટ કરી શકાય નહીં ?

(અ) ભારતીય ઉડ્ડયન સેવાઓ

(બ) ભારતીય વન્ય સેવાઓ

(ક) ભારતીય પોલીસ સેવાઓ

(ડ) ભારતીય વહીવટી સેવાઓ

(530) ભારતીય જાહેર સેવા (UPSC) કયા અધિકારીઓની નિમણૂંક કરે છે ?

(અ) સરકારી (બ) સહકારી

(ક) હંગામી (ડ) સનદી

(531) સંઘ કે રાજ્ય લોકસેવા આયોગની નોકરી સામાન્યતઃ કેટલી વયજૂથનો કોઈપણ ભારતીય સ્નાતક આપી શકે છે ?

(અ) સંઘ કે રાજ્ય લોક સેવા આયોગની નોકરી સામાન્યતઃ કેટલી વયજૂથનો કોઈપણ ભારતીય સ્નાતક આપી શકે છે ?

(અ) 18 થી 20 (બ) 18 થી 24

(ક) 18 થી 28 (ડ) 18 થી 30

(532) સંઘલોક સેવા આયોગ (UPSC) ના સભ્યોની નિમણૂંક કોના દ્વારા થાય છે ?

(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપ્રમુખ

(ક) સંઘલોક સેવા આયોગના ચેરમેન

(ડ) સર્વોચ્ચ અદાલતનો ન્યાયાધીશ

(533) ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગ (GPSC) ના સભ્યોની નિમણૂંક કોણ કરી શકે છે ?

(અ) રાજપાલ (બ) મુખ્યમંત્રી

(ક) વડા ન્યાયમૂર્તિ (ડ) આમાંથી કોઈ નહીં



(534) જાહેર સેવા આયોગના અડધાથી વધુ સભ્યો સરકારી કર્મચારી તરીકે .......... .

(અ) ઓછામાં ઓછી વય ધરાવતા હોવા જોઈએ.

(બ) વધુમાં વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(ક) ઓછામાં ઓછી દસ વર્ષ સેવા આપી ચૂક્યા હોવા જોઈએ.

(ડ) પૂર્વે કોઈ જગ્યાએ નોકરી કરી ચૂકેલા ના હોવા જોઈએ.

(535) જાહેર સેવા આયોગનો સભ્ય નીચેનામાંથી કઈ અયોગ્યતા ધરાવતો ન હોવો જોઈએ ?

(અ) સવેતન એવો અન્ય હોદ્દો ધરાવતો ન હોવો જોઈએ.

(બ) માનસિક રીતે અસ્થિર ન હોવો જોઈએ.

(ક) સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ ધોરણો મુજબ ગેરવર્તણૂંક કરનાર ન હોવો જોઈએ.

(ડ) ઉપરોક્ત તમામ અયોગ્યતાઓ ધરાવતો ન હોવો જોઈએ.

(536) ભારતીય બંધારણે પોતાના નાગરિકને કલમ 311 અન્વયે કેટલા મૂળભૂત અધિકારો એનાયત કરેલ છે ?

(અ) બે (બ) ચાર

(ક) છ (ડ) આઠ

(537) સનદી અધિકારીથી ઉતરતી કક્ષાના સેવકો દ્વારા તેમને .......... .

(અ) તેમના હોદ્દા પરથી દૂર કરી શકાતા નથી.

(બ) પૂરતું માન આપીને જ હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

(ક) દૂર કરતાં પૂર્વે સર્વોચ્ચ અદાલતની પૂર્ણ પરવાનગી લેવી પડે છે.

(ડ) દૂર કરતાં પૂર્વ જાહેર સેવા આયોગના વડાની લેખિત પરવાનગી લેવી પડે છે.

(538) જે સનદી અધિકારી પર કાયદેસર તપાસ કે કામ ચાલતું હોય તેને .......... .

(અ) પોતાનો બચાવ કરવાની પણ તક આપવામાં આવતી નથી.

(બ) પોતાનો બચાવ કરવાની તક આપવામાં આવે છે.

(ક) નોકરીમાંથી તત્કાલ ખારેગ કરી દેવામાં આવે છે.

(ડ) નોકરીના સ્થળે હાજર રહેલા દેવામાં આવતો નથી.

(539) અત્રે આપેલ યાદીમાંથી કઈ એક સેવા કેન્દ્રીય સેવા ગણી શકાય નહીં ?
(અ) મહેસૂલી સેવાઓ (બ) ટપાલ ખાતાની સેવાઓ
(ક) અન્વેષણ અને હિસાબી સેવાઓ
(ડ) શૈક્ષણિક સેવાઓ

(540) અખીલ ભારતીય સેવાઓમાં વહીવટી, પોલીસ અને .......... સેવાઓ સમાવિષ્ટ છે.
(અ) વન્ય (બ) મનોરંજન
(ક) જાહેર સુખાકારી (ડ) ગ્રામ્ય સેવાઓ

(541) જાહેર સેવા આયોગના કોઈપણ અધિકારી સામે શિક્ષાત્મક પગલાં ભરતાં પૂર્વે આવા આરોપનામાની જાણ .......... .
(અ) સમાચારપત્રોમાં નોટિસ છપાવીને જાહેર જનતાને કરવાની રહે છે.
(બ) જે તે અધિકારીનાં અંગત કુટુંબીજનોને કરવાની રહે છે.
(ક) જે તે અધિકારીને વિધિવત્ રીતે કરવાની રહે છે.
(ડ) ઉપરોક્તમાંથી કોઈ પણ એક મુજબ કરવાની રહેતી નથી.

(542) કોઈપણ સનદી અધિકારી સામે ખાતાકીય અને શિક્ષણાત્મક પગલાં લેતાં પૂર્વે શું કરવું અનિવાર્ય છે ?
(અ) જે તે અધિકારીની પરવાનગી લેવી જોઈએ
(બ) ચોક્કસ આરોપનામું ઘડાયેલ હોવું જોઈએ
(ક) તેને સેવાનિવૃત્તનો હૂકમ આપવો જોઈએ
(ડ) રાજ્યના ઉચ્ચ સચિવને હાજર રાખવા જોઈએ

## પ્રકરણ – 20 : ચૂંટણીપંચ

(543) ભારતીય બંધારણની કઈ કલમ અન્વયે ચૂંટણીપંચની રચના થયેલ છે ?
(અ) કલમ 320 (બ) કલમ 322
(ક) કલમ 324 (ડ) કલમ 326

(544) ચૂંટણીપંચની રચના તેમજ તેના અધિકારીઓની નિમણૂંક કોણ કરે છે ?
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન
(ક) C.A.G. (ડ) એટર્ની જનરલ



(545) ચૂંટણી કમિશ્નરના હોદ્દાની લાયકાત સંદર્ભે બંધારણમાં શી વ્યવસ્થા છે ?
(અ) કોઈ વ્યવસ્થા નથી (બ) પૂરતી વ્યવસ્થા છે
(ક) સુસ્પષ્ટ વ્યવસ્થા છે (ડ) ચૂંટણીપંચની વિચારણા હેઠળ છે

(546) ચૂંટણી કમિશ્નરની કામગીરી યોગ્ય લાગે તેને કોણ સોંપતું હોય છે ?
(અ) વડાપ્રધાન (બ) એટર્ની જનરલ
(ક) CAG (ડ) રાષ્ટ્રપ્રમુખ

(547) ચૂંટણી કમિશ્નરનો કાર્યકાળ કેટલાં વર્ષોનો હોય છે ?
(અ) ચાર વર્ષ (બ) પાંચ વર્ષ
(ક) સાત વર્ષ (ડ) દસ વર્ષ

(548) ચૂંટણીપંચ ચૂંટણી માટેની તારીખ કયારે જાહેર કરી શકે છે ?
(અ) ચૂંટણી કમિશ્નરની અનુકૂળતાએ
(બ) પંચના કર્મચારીઓની અનુકૂળતાએ
(ક) રાષ્ટ્રપ્રમુખની સૂચના મળ્યેથી
(ડ) વડાપ્રધાનની સૂચના મળતાં

(549) ચૂંટણી સંદર્ભી અંતિમ યાદી તૈયાર થતાં કેટલા દિવસની અંદર કોઈપણ ઉમેદવાર પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકે છે ?
(અ) એ જ દિવસે (બ) બે દિવસમાં
(ક) ત્રણ દિવસે (ડ) ચાર દિવસ બાદ

(550) ઉમેદવારી પત્ર ભરવા માટે ઉમેદવારોને કેટલા દિવસની મહેતલ મળે છે ?
(અ) છ દિવસ (બ) સાત દિવસ
(ક) આઠ દિવસ (ડ) દસ દિવસ

(551) ચૂંટણી યોજાવાના કેટલા સમય પૂર્વે ચૂંટણી પ્રચાર અટકાવવો પડે છે ?
(અ) એક દિવસ પૂર્વે (બ) 48 કલાક પૂર્વે
(ક) ત્રણ દિવસ પૂર્વે (ડ) ચૂંટણીની પૂર્વ સંધ્યાએ

(552) પક્ષપલટો એ ભારતીય પક્ષપદ્ધતિનું એક ખાસ પાસું છે. એક સર્વે મુજબ 1967 થી '83 દરમ્યાન પક્ષપલ્ટાના કેટલા બનાવો બનેલ નોંધાયા છે ?
(અ) 200 (બ) 1600
(ક) 1900 (ડ) 2300

(553) પક્ષપલટા પ્રવૃત્તિએ 1990માં કઈ સરકારનો ભોગ લીધો ?
(અ) કોંગ્રેસ (બ) ભાજપ
(ક) જનતાદળ (ડ) આમાંથી કોઈ નહીં

(554) પક્ષપલટા વિરોધી ધારો ઘડાયો ત્યારે વડાપ્રધાન પદે કોણ હતું ?
(અ) ઇન્દિરા ગાંધી (બ) આઈ. કે. ગુજરાલ
(ક) રાજીવ ગાંધી (ડ) નરસિંહરાવ

(555) પક્ષના —— સભ્યો એક સાથે પક્ષ છોડે તો, તેને શું કહેવાય ?
(અ) પક્ષ પલટો (બ) ભાગલા
(ક) વિદ્રોહ (ડ) રાજદ્રોહ

(556) કોઈ પણ પક્ષના બે તૃતીયાંશ જેટલા સભ્યો અન્ય પક્ષમાં જોડાય તેને .......... કહેવાય.
(અ) પક્ષપલટો (બ) ભાગલા
(ક) બળવો (ડ) જોડાણ

(557) પોતાના પક્ષમાંથી રાજીનામું આપી ચૂકેલ સભ્યને પક્ષપલટા વિરોધી ધારો લાગૂ પાડી શકાય તે બાબતે શું કહેશો ?
(અ) હા (બ) ના
(ક) અનિર્ણિત (ડ) વિચારાધીન

(558) સર્વોચ્ચ અદાલતના મતાનુસાર પક્ષપલટા સંદર્ભે ગૃહના અધ્યક્ષની ભૂમિકા કેવી છે ?
(અ) સરમુખત્યાર જેવી (બ) ટ્રીબ્યુનલ જેવી
(ક) ટ્રસ્ટી જેવી (ડ) સલાહકાર જેવી

(559) પક્ષપલ્ટા સંદર્ભે ગૃહના અધ્યક્ષ નીચેનામાંથી કઈ કામગીરી કરી શકે છે ?
(અ) સભા મોકૂફીની (બ) સભાત્યાગની
(ક) ન્યાયિક સમીક્ષાની (ડ) આમાંથી કોઈ નહીં

(560) ન્યાયિક પુનઃનિરીક્ષણ (Judicial Review) નો હક્ક કોને છે ?
(અ) સર્વોચ્ચ અદાલતને (બ) વડી અદાલતને
(ક) રાષ્ટ્રપતિને (ડ) એટર્ની જનરલને



(561) ભારતના બંધારણની આઠમી યાદી અનુસાર કેટલી ભાષાઓને સત્તાવાર ભાષાનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે ?
(અ) 18 (બ) 20
(ક) 22 (ડ) 24

(562) ભારતીય બંધારણ મુજબ સંઘની સત્તાવાર ભાષા કઈ છે ?
(અ) અંગ્રેજી (બ) હિન્દી
(ક) સંસ્કૃત (ડ) ઉર્દુ

(563) બંધારણની કલમ 346–347 અન્વયે રાજ્યમાં કોઈ ભાષાને રાજભાષા કે સત્તાવાર ભાષા તરીકે કોણ ઠરાવી શકે છે ?
(અ) રાજ્યપાલ (બ) મુખ્યમંત્રી
(ક) વડા ન્યાયમૂર્તિ (ડ) રાજ્ય વિધાનમંડળ

(564) બંધારણીય સુધારાની આઠમી યાદી મુજબ અપનાવાયેલ ભાષાઓની અત્રે જે યાદી આપેલ છે તેમાં કઈ એક બંધબેસતી નથી ?
(અ) કોંકણી (બ) મણીપુરી
(ક) ઉડીયા (ડ) નેપાળી

(565) બંધારણના 100મા સુધારા અનુસાર દેશની સત્તાવાર ભાષાઓમાં મૈથિલી, ડાંગરી, સાંથાલી અને .......... ભાષાનો સમાવેશ કરી લેવામાં આવેલ છે.
(અ) કચ્છી (બ) ભોજપુરી
(ક) બેંગાલી (ડ) બોડો

(566) બંધારણના 21મા સુધારા (1697) અન્વયે ભારતની કઈ ભાષા અધિકૃત બની હતી ?
(અ) ભોજપુરી (બ) કોંકણી
(ક) સિંધી (ડ) કચ્છી

## પ્રકરણ – 21 : સંસદની સમિતિઓ

(567) સંસદની સમિતિઓના જુદા જુદા પ્રકારોમાંથી ક્યો એક વિકલ્પ સુસંગત નથી ?
(અ) સ્થાયી (સ્ટેંડીંગ) સમિતિ
(બ) અસ્થાયી (કામચલાઉ) સમિતિ
(ક) જાહેર હિસાબને લગતી સમિતિ
(ડ) જાહેર સુખાકારીને લગતી સમિતિ

(568) સ્થાયી સમિતિની રચના કોના થકી થતી હોય છે ?
(અ) ગૃહના અધ્યક્ષ થકી (બ) રાષ્ટ્રપ્રમુખ થકી
(ક) વડાપ્રધાન થકી (ડ) સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયમૂર્તિ થકી

(569) સ્થાયી સમિતિનું કામકાજ કઈ રીતે ચાલતું હોય છે ?
(અ) હંગામી ધોરણે (બ) કાયમી ધોરણે
(ક) અવિરત પણે (ડ) તબક્કાવાર ધોરણે

(570) હંગામી, કામચલાઉ કે અસ્થાયી સમિતિની રચના ચોક્કસ કાર્યો માટે થતી હોય છે. જેતે કામ પૂર્ણ થતાં .........
(અ) તે કાયમી બની જાય છે
(બ) તે વિખેરી નાખવામાં આવે છે.
(ક) તે ચાલુ રાખવી કે નહીં તે બાબત સંસદના બહુમત પર આધારિત છે
(ડ) ચાલુ રહેશે કે કેમ તે નિર્ણય રાષ્ટ્રપ્રમુખે કરવાનો રહે છે.

(571) સંસદીય સમિતિના ચેરમેનની નિમણૂક સામાન્યતઃ કોન કરતું હોય છે?
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન
(ક) લોકસભાના અધ્યક્ષ (ડ) CAG

(572) જાહેર હિસાબને લગતી સમિતિ તેની રચના ટાણે કોની બનેલી હોય છે?
(અ) લોકસભાના સભ્યોની
(બ) રાજસભાની સભ્યોની
(ક) સંસદનાં બંને ગૃહોની
(ડ) નિવૃત્ત વડા ન્યાયમૂર્તિઓની

(573) જાહેર હિસાબ સમિતિમાં 1954 થી કયા સભ્યોને સમાવેશ કરાયો છે?
(અ) ઓડિટર જનરલની કચેરીના
(બ) એટર્ની જનરલની કચેરીના
(ક) રાજસભાના
(ડ) રાજ્યોની વિધાનસભાઓમાંથી શ્રેષ્ઠ હોય તેવા

(574) જાહેર હિસાબ સમિતિમાં સામાન્ય રીતે કેટલા સભ્યો હોય છે ?
(અ) 20 (બ) 22
(ક) 24 (ડ) 26



(575) જાહેર હિસાબ સમિતિના સભ્યોની ચૂંટણી ......... પ્રતિનિધિત્વને ધોરણે થતી હોવાથી તેમાં મોટાભાગના પક્ષોને પ્રતિનિધિત્વ મળી રહે છે
(અ) સપ્રમાણ (બ) અસમાન
(ક) યોગ્યતાના ધોરણે (ડ) અનિયમિત

(576) જાહેર હિસાબ સમિતિના કોઈ મતદાન ટાણે પડેલ ટાઈ કોના મત થકી ઉકેલી શકાય ?
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) લોકસભાના અધ્યક્ષ
(ક) રાજસભાના સ્પિકર (ડ) સમિતિના ચેરમેન

(577) જાહેર હિસાબ સમિતિના કામકાજ માટે ઓછામાં ઓછા ......... સભ્યોની હાજરી જરૂરી છે.
(અ) બે (બ) ચાર
(ક) છ (ડ) આઠ

(578) જાહેર હિસાબ સમિતિને અન્ય સંસ્થાઓ–વિભાગોના હિસાબ તપાસવા માટે કેવી સત્તા અપાઈ છે ?
(અ) પેટા સમિતિઓ –અભ્યાસ જૂથો રચવાની
(બ) કોર્ટ સમક્ષ જવાની
(ક) તપાસપંચ નિમવાની
(ડ) નિવૃત્ત ન્યાયાધીશ પાસે તપાસ કરાવવાની

(579) જાહેર હિસાબ સમિતિએ, CAG ના અહેવાલની ચકાસણી કરીને કોને આપવાનો રહે છે ?
(અ) રાષ્ટ્રપ્રમુખને (બ) ઓડિટર જનરલને
(બ) રાજસભાને (ડ) લોકસભાને

(580) સ્વતંત્ર–અર્ધસ્વતંત્ર સંસ્થાઓની આવક–જાવકનો હિસાબ કોણ તપાસે છે ?
(અ) ઓડિટર જનરલ (બ) જાહેર હિસાબ સમિતિ
(ક) C.A.G. (ડ) C.B.I.

(581) અંદાજ સમિતિની રચના કોના સભ્યોમાંથી થતી હોય છે ?
(અ) રાજસભાના (બ) લોકસભાના
(ક) રાજ્યોની વિધાનસભાના
(ડ) પ્રધાનમંડળના

(582) અંદાજ સમિતિની રચના સ્વતંત્ર ભારતમાં સૌપ્રથમ કયારે થવા પામી ?
(અ) 1948 (બ) 1949
(ક) 1950 (ડ) 1951

(583) અંદાજ સમિતિની રચનાના પ્રારંભકાળે (તેમાં) કેટલા સભ્યો હતા ?
(અ) 20 (બ) 21
(ક) 23 (ડ) 25

(584) અંદાજ સમિતિનું મુખ્યકાર્ય શું છે ?
(અ) અંદાજપત્રમાં કરકસરયુક્ત અભિગમ દર્શાવવાનું.
(બ) અંદાજપત્રમાં રહી જવા પામેલી ખામીઓ સુધારી લેવાનું.
(ક) અંદાજપત્રના ઘડતર માટેની તમામ વ્યવસ્થા કરવાનું.
(ડ) અંદાજપત્ર યોગ્ય રીતે રજૂ થાય તે જોવાનું.

(585) અંદાજ સમિતિના સભ્યો નીચેનામાંથી કઈ એક પદ્ધતિથી ચૂંટાય છે ?
(અ) પ્રત્યક્ષ (બ) પરોક્ષ
(ક) સપ્રમાણ પ્રતિનિધિત્વ (ડ) પરંપરાગત

(586) અંદાજ સમિતિમાં પ્રત્યેક પક્ષને પ્રતિનિધિત્વ કઈ રીતે અપાય છે ?
(અ) રાજસભાની સભ્યસંખ્યા મુજબ
(બ) લોકસભાની સભ્યસંખ્યા અનુસાર
(ક) રાજ્યોની વિધાનસભાના સપ્રમાણ પ્રતનિધિત્વથી
(ડ) રાષ્ટ્રપ્રમુખની મરજી મુજબ

(587) પ્રધાનમંડળમાં સમાવિષ્ટ કોઈપણ સભ્યને અંદાજસમિતિમાં સમાવી શકાય ?
(અ) હા (બ) ના
(ક) અનિશ્ચિત (ડ) વિચારાધીન બાબત

(588) જાહેર સાહસો માટેની સમિતિની રચના કયારે થઈ ?
(અ) 1948 (બ) 1955
(ક) 1964 (ડ) 1971

(589) જાહેર સાહસ સમિતિમાં કુલ કેટલા સભ્યો હોય છે ?
(અ) 20 (બ) 22
(ક) 24 (ડ) 26



(590) જાહેર સાહસ સમિતિના સભ્યો કયાંથી નિમવામાં આવે છે ?
(અ) રાજસભા–લોકસભા (બંને)માંથી
(બ) માત્ર રાજસભામાંથી
(ક) માત્ર લોકસભામાંથી (ડ) દેશભરની વિધાનસભાઓમાંથી

(591) જાહેર સાહસ સમિતિનો કાર્યકાળ કેટલા વર્ષનો હોય છે ?
(અ) એક (બ) બે
(ક) ત્રણ (ડ) ચાર

(592) જાહેર સાહસ સમિતિના અધ્યક્ષ પદે કોણ નિમાય છે ?
(અ) રાજસભાના અધ્યક્ષ
(બ) લોકસભાના અધ્યક્ષ
(ક) રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ
(ડ) વડાપ્રધાનના પ્રતિનિધિ

(593) જાહેર સાહસ સમિતિનું કામ જાહેર સાહસોને લગતા CAG ના અહેવાલની ચકાસણી કરવા ઉપરાંત ..........નું પાલન થાય છે કે કેમ તે જોવાનું છે.
(અ) નીતિ વિષયક મૂલ્યો (બ) અંદાજના નિયમો
(ક) ધંધાકીય સિદ્ધાંતો (ડ) રાષ્ટ્રીય મૂલ્યો

(594) જાહેરસાહસ સમિતિના કાર્યક્ષેત્રમાં નીચેનામાંથી કયું એકમ આવતું નહીં ?
(અ) LIC (બ) ONGC
(ક) HAL (ડ) IIM

(595) જાહેર સાહસ સમિતિના કાર્યક્ષેત્રની બહાર કોને રખાય છે ?
(અ) જે સંસ્થામાં સરકારના થોડાક પણ શેર હોય તેવાં એકમોને.
(બ) જે સંસ્થામાં સરકાર સર્વોચ્ચ શેરધારક હોય તેવો એકમોને.
(ક) જે સંસ્થામાં જાહેર જનતાની સર્વોચ્ચ ભાગીદારી હોય.
(ડ) જે સંસ્થામાં જાહેરસભાની ભાગીદારી અલ્પમાત્રામાં હોય.

(596) સંસદની સમિતિઓનાં અત્રે આપેલ યાદીમાંથી કઈ એકમાત્ર સમિતિનું નામ સાચું છે અને બાકીની ખોટી છે ?
(અ) જાહેર આરોગ્ય સમિતિ (બ) શિક્ષણ સમિતિ
(ક) જનહિત સમિતિ (ડ) અંદાજ સમિતિ

(597) સ્ટેન્ડિંગ કમિટીની રચના ગૃહના અધ્યક્ષ દ્વારા નિયુક્તિ ઉપરાંત બીજી કઈ એક પદ્ધતિથી થતી હોય છે ?
(અ) ગૃહની ચૂંટણીથી (બ) રાષ્ટ્રપ્રમુખ દ્વારા
(ક) વડાપ્રધાન થકી (ડ) CAG ની સૂચના મુજબ

## પ્રકરણ – 22 : યોજના પંચ

(598) યોજનાપંચ એક બંધારણેતર અને માત્ર .......... સંસ્થા છે.
(અ) કાનૂની (બ) નામની
(ક) સલાહકાર (ડ) સહાયક

(599) યોજનાપંચની રચના ક્યારે થવા પામી ?
(અ) 15 ઓગસ્ટ 1947
(બ) 15 ડિસેમ્બર 1948
(ક) 15 જાન્યુઆરી 1949
(ડ) 15 માર્ચ 1950

(600) યોજનાપંચના અધ્યક્ષપદે હોદ્દાની રૂએ કોની વરણી કરાય છે ?
(અ) રાષ્ટ્રપ્રમુખની (બ) ઉપરાષ્ટ્રપ્રમુખની
(ક) વડાપ્રધાનની (ડ) લોકસભાના સ્પિકરની

(601) યોજનાપંચમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ ઉપરાંત અન્ય મહત્ત્વપૂર્ણ હોદ્દેદાર કોણ ગણાય છે ?
(અ) નાણામંત્રી (બ) આયોજનમંત્રી
(ક) રક્ષામંત્રી (ડ) વિદેશમંત્રી

(602) યોજનાપંચની સ્થાપના પાછળનો હેતુ નીચેનામાંથી કયો એક છે ?
(અ) દેશનો આયોજનબદ્ધ રીતે વિકાસ સાધવો.
(બ) દેશની ભૌતિક મૂડી તથા માનવ સંસાધનોનો વ્યાજબી ઉપયોગ સૂચવો.
(ક) દેશને પ્રગતિનાં સર્વોચ્ચ શિખરો સુધી દોરી જવો.
(ડ) દેશને વૈશ્વિકીકરણ એ સદા અગ્રેસર રાખવો.

(603) યોજનાપંચ વિવિધ યોજનાઓ ઘડી તેને અમલમાં મૂકીને....
(અ) તેને યોગ્ય દિશા આપે છે
(બ) તેને મજબૂત બનાવે છે
(ક) તેનાં પરિણામો મૂલવે છે
(ડ) આમાંથી એક પણ નહીં



(604) દેશની સાર્વત્રિક વિકાસ માટેની પ્રાથમિકતાઓ નક્કી કરવાનું કામ નીચેનામાંથી કોઈ એક સંસ્થા ખાસ કરતી હોય છે ?
(અ) નાણાપંચ (બ) યોજનાપંચ
(ક) ચૂંટણીપંચ (ડ) તપાસપંચ

(605) ભારતનાં રાજ્યોના વિકાસ માટે યોજનાઓ ઘડવાંના ઉદ્દેશ્યથી નીચેનામાંથી કઈ એક સંસ્થાની રચના કરાઈ છે ?
(અ) રાષ્ટ્રીય વિકાસ પરિષદ
(બ) રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ
(ક) રાષ્ટ્રીય યોજના પરિષદ
(ડ) માનવ સંસાધન પરિષદ

(606) ભારતની રાષ્ટ્રીય વિકાસ પરિષદના અધ્યક્ષ સામાન્યતઃ કોણ હોય છે ?
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન
(ક) સર્વોચ્ચ ન્યાયાધીશ (ડ) રાજ્યસભાના સ્પીકર

(607) રાષ્ટ્રીય વિકાસ પરિષદનું મુખ્ય કાર્ય શું છે ?
(અ) રાષ્ટ્રીય વિકાસ માટે નીતિ નિર્ધારણ કરવું
(બ) રાષ્ટ્રીય યોજનાનું પણ માળખું ઘડી કાઢવું
(ક) રાષ્ટ્રીય યોજનાનાં સંશોધનોનું માત્ર મૂલ્યાંકન કરવું
(ડ) રાષ્ટ્રીય યોજનાનું માળખું ઘડવા તથા તેના સંશોધનો મૂલવવાં.

(608) રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં જોડાઈ શકતા સભ્યોની અત્રે આપેલ યાદીમાંથી કયું એક નામ અસંગત છે ?
(અ) કેન્દ્રીય પ્રધાનમંડળ (બ) કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટકર્તા
(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) યોજનાપંચના સભ્યો

## પ્રકરણ – 23 : ભારતની આંતરરાજ્ય પરિષદ

(609) ભારતની આંતરરાજ્ય પરિષદની રચના કઈ કલમ અનુસાર કરવાની ભારતીય બંધારણમાં ખાસ વ્યવસ્થા છે ?
(અ) 260 (બ) 261
(ક) 262 (ડ) 263

(610) ભારતની આંતરરાજ્ય પરિષદની મુખ્ય કામગીરી શું છે ?

(અ) રાજ્યો–રાજ્યો વચ્ચેના પારસ્પરિક વિવાદો ઉકેલવા.

(બ) આંતર–રાજ્ય વ્યાપાર–ધંધાને પ્રોત્સાહન આપવું.

(ક) આંતર–રાજ્ય સાંસ્કૃતિક સમન્વય સાધવો

(ડ) આંતર રાજ્ય શૈક્ષણિક ઉત્કર્ષની ભૂમિકા સર્જવી.

(611) ભારતની આંતર રાજ્ય પરિષદની રચના કયા વર્ષે થઈ ?

(અ) 1980 (બ) 1990

(ક) 2000 (ડ) 2010

(612) આંતરરાજ્ય પરિષદની રચના માટે કયા પંચની ભલામણ જવાબદાર ગણાય ?

(અ) કોઠારી પંચ (બ) અબ્રાહમ પંચ

(ક) સરકારિયા પંચ (ડ) મુદાલીયર પંચ

(613) આંતર રાજ્ય પરિષદ સંઘ અને રાજ્યની નીતિઓમાં ..........

(અ) સમન્વય સ્થાપે છે (બ) રહેલ વિવાદ શોધે છે

(ક) મજબૂતી આણે છે (ડ) વિવેક જાળવે છે

(614) આંતરરાજ્ય સંઘ – રાજ્ય વિવાદ ઉકેલવા શું કરે છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખને જે તે વિવાદ સંદર્ભે પોતાનો અહેવાલ આપે છે.

(બ) વડાપ્રધાનને પોતાનો આવો અહેવાલ આપે છે.

(ક) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સમક્ષ પોતાનો અહેવાલ રજૂ કરે છે.

(ડ) જે તે કેન્દ્રીય સરકારને (વિવાદ સંદર્ભે) પોતાનો અહેવાલ આપે છે.

## પ્રકરણ – 24 : કટોકટી અંગેની જોગવાઈઓ

(615) દેશમાં કટોકટી જાહેર કરવાની સત્તા ભારતના બંધારણે કોને આપેલ છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન

(ક) સર્વોચ્ચ ન્યાયાધીશ (ડ) વિદેશમંત્રી

(616) ભારતીય બંધારણના ભાગ VIII માં કઈ કઈ કલમોમાં કટોકટી કાલીન સ્થિતિ જાહેર કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(અ) 350 થી 360 (બ) 352 થી 360

(ક) 354 થી 362 (ડ) 356 થી 362



(617) ભારતીય બંધારણમાં કુલ ત્રણ પ્રકારની કટોકટી બાબતે ધારાકીય જોગવાઈને અત્રે આપેલ વિકલ્પો પૈકીનો કયો એક કટોકટી વિષયક વિકલ્પ સાચો નથી ?

(અ) રાષ્ટ્રીય કટોકટી (બ) રાજ્ય કટોકટી

(ક) નાણાકીય કટોકટી (ડ) આકસ્મિક કટોકટી

(618) ભારતીય બંધારણ અન્વયે જાહેર કરાવવાની કટોકટીને અત્રે એક વિભાગ I માં જ્યારે તેને લાગુ પડતી કલમ વિભાગ II માં તદ્દન આડા અવળા ક્રમમાં આપેલ છે. જેને પ્રશ્ન નીચે આપેલા એક સાચા જવાબને આધારે સાચા ક્રમમાં જોડો.

| વિભાગ I | વિભાગ II |
|---|---|
| (1) નાણાકીય કટોકટી | (a) કલમ 352 |
| (2) રાષ્ટ્રીય કટોકટી | (b) કલમ 356 |
| (3) રાજ્ય કટોકટી | (c) કલમ 360 |

(અ) 1 = a, 2 = b, 3 = c

(બ) 1 = b, 2 = c, 3 = a

(ક) 1 = c, 2 = a, 3 = b

(ડ) 1 = d, 2 = b, 3 = c

(619) બંધારણની કલમ 44માં કરવામાં આવેલા સુધારા અનુસાર 'આંતરિક અશાંતિ'ને બદલે કયો શબ્દ ઉમેરવામાં આવ્યો છે ?

(અ) આંતરિક વિદ્રોહ (બ) સશસ્ત્ર વિદ્રોહ

(ક) આંતરિક બળવો (ડ) સશસ્ત્ર બળવો

(620) સ્વતંત્ર ભારતે અત્યાર સુધી (May 2011) કેટલી વખત રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરેલ છે ?

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

(621) ભારતમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રીય કટોકટી કયા સમયગાળામાં જાહેર કરાઈ ?

(અ) 26 ઓક્ટોબર 1962 થી 10 જાન્યુઆરી 1968

(બ) 26 નવેમ્બર 62 થી 26 જાન્યુઆરી 68

(ક) 26 ડિસેમ્બર 1962 થી 30 જાન્યુઆરી 1969

(ડ) 26 જાન્યુઆરી 1963 થી 02 ફેબ્રુઆરી 1970

(622) ભારતમાં અંતિમ વખતે (છેલ્લે) કટોકટી કયારે જાહેર કરાઈ હતી ?
(અ) 19 જાન્યુઆરી 1975
(બ) 20 ફેબ્રુઆરી 1976
(ક) 21 માર્ચ, 1977 (ડ) 22 એપ્રિલ 1978

(623) ભારતમાં જાહેર કરાયેલ અંતિમ કટોકટી કાળમાં દેશના વડાપ્રધાનપદે કોણ હતું ?
(અ) ઇન્દિરા ગાંધી (બ) રાજીવ ગાંધી
(ક) નરસિંહ રાવ (ડ) વી. પી. સિંહ

(624) ઇન્દિરા ગાંધી શાસનમાં 26 જૂન 1975ના રોજ જાહેર થયેલ કટોકટી ભાતના રાષ્ટ્રપતિ પદે કોણ હતું ?
(અ) શ્રી વી. વી. ગીરિ
(બ) શ્રી ફખરૂદ્દીન અલી અહેમદ
(ક) શ્રી બી. ડી. જત્તી (ડ) શ્રી નીલમ સંજીવ રેડ્ડી

(625) બંધારણીય કટોકટીકાળમાં રાજયનું બજેટ પસાર કરવાનો સમય હોય અને વિધાનસભા સુષુપ્ત અવસ્થામાં હોય એવા સંજોગોમાં ત્યાનું બજેટ કોણ પસાર કરતું હોય છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપ્રમુખ
(ક) સંઘ સંસદ (ડ) સર્વોચ્ચ અદાલત

(626) બંધારણીય કટોકટીની રાષ્ટ્રપતિ દ્વારા કરાયેલ જાહેરાતને કોણે અનુમોદન આપવું જ પડે છે ?
(અ) ઉપરાષ્ટ્રપતિએ (બ) વડાપ્રધાને
(ક) સર્વોચ્ચ અદાલતે (ડ) સંસદે

(627) બંધારણીય કટોકટીની જાહેરાતને સંઘ સંસદનું સમર્થન ..........ના સમયગાળા દરમ્યાન મળવું અનિવાર્ય ગણાય છે.
(અ) એક માસ (બ) બે માસ
(ક) છ માસ (ડ) બાર માસ

(628) કટોકટી કાળમાં નાગરિકના મૂળભૂત અધિકારો .......... .
(અ) રદ કરી શકાય છે (બ) રદ કરી શકાતા નથી
(ક) સ્થગિત થઈ જાય છે (ડ) અમલમાં રહેતા નથી



(629) ભારતના બંધારણમાં કટોકટી સંદર્ભે કરવામાં આવેલી જોગવાઈની કલમ 356 અન્વયે દેશમાં સૌપ્રથમ કયા રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું ?
(અ) ગુજરાતમાં (બ) મહારાષ્ટ્રમાં
(ક) પંજાબમાં (ડ) ઉત્તરપ્રદેશમાં

## પ્રકરણ – 25 : બંધારણમાં સુધારા કરવાની કાર્યવાહી-સુધારા

(630) "પ્રજાની દરેક પેઢીને તેની અનુગામી પેઢીઓ માટે બંધનકર્તા નીવડે એવું કંઈ જ કરવાનો અધિકાર નથી" એવું વિધાન કોનું છે ?
(અ) થોમસ એન્ડરસન (બ) થોમસ જેફરસન
(ક) અબ્રાહમ લિંકન (ડ) જ્યોર્જ વોશિંગ્ટન

(631) "બદલાતી પરિસ્થિતિને આપણું બંધારણ ઝીલી ન શકે એટલું જડ બનાવી દેવું નથી" એવું કયા ભારતીય રાજપુરૂષે કહ્યું હતું ?
(અ) ડૉ. બાબા સાહેબ આંબેડકર
(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(ક) પં. જવાહરલાલ નહેરુ
(ડ) સરદાર વલ્લભભાઈ પટેલ

(632) ભારતીય બંધારણમાં સુધારા–વધારા કરવા માટેની કાર્યવાહી સંદર્ભે કઈ કલમ થકી જોગવાઈ કરાયેલ છે ?
(અ) 362 (બ) 364
(ક) 366 (ડ) 368

(633) બંધારણ માટે સુધારાને લગતો ખરડો બંને ગૃહોની કુલ સભ્ય સંખ્યામાંથી ઉપસ્થિત અને મતદાન કરતા સભ્યોની બે–તૃતીયાંશ બહુમતીથી પસાર થયા બાદ કોની સમક્ષ રજૂ કરાય છે ?
(અ) રાજ્યસભાના અધ્યક્ષ (બ) લોકસભાના અધ્યક્ષ
(ક) એટર્ની જનરલ (ડ) રાષ્ટ્રપ્રમુખ

(634) ભારતીય બંધારણમાં સુધારો સૂચવવાનો સર્વપ્રથમ અધિકાર એકમાત્ર કોને અપાયેલ છે ?
(અ) સંસદ (બ) રાષ્ટ્રપ્રમુખ
(ક) વડાપ્રધાન (ડ) સર્વોચ્ચ ન્યાયાધીશ

(635) ભારતીય બંધારણમાં સર્વપ્રથમ સુધારો કઈ સાલમાં થયો ?

(અ) 1950 (બ) 1951

(ક) 1952 (ડ) 1953

(636) ભારતીય બંધારણનો સર્વપ્રથમ સુધારો નીચેનામાંથી કયા એક વિષયને લગતો હતો ?

(અ) સમાનતા અને સ્વતંત્રતા

(બ) સમાનતા અને સંપત્તિ

(ક) સંપત્તિ અને સ્વતંત્રતા

(ડ) સ્વતંત્રતા અને ધર્મ નિરપેક્ષતા

(637) ભાષાવાર પ્રાન્ત રચનાને લગતો ભારતીય બંધારણનો સાતમો સુધારો કયા વર્ષમાં થશે ?

(અ) 1953 (બ) 1954

(ક) 1955 (ડ) 1956

(638) ભારતીય બંધારણનો દસમો સુધારો (1961) કોને લગતો હતો ?

(અ) પોર્ટુગલ શાસિત દાદરાનગર હવેલી

(બ) ફ્રાંસશાસિત પાંડિચેરીને લગતો

(ક) એંગ્લો–ઇન્ડિયન જનજાતિને લગતો

(ડ) ચૂંટણીપંચના અધિકારોને લગતો

(639) અત્રેના વિભાગ I માં ભારતીય બંધારણમાં થવા પામેલ સુધારાનો ક્રમ (નંબર) અને વર્ષ આપેલ છે જ્યારે વિભાગ II માં તેને સંબંધિત વિગત આડાઅવળા ક્રમમાં આપેલ છે જેને સાચા ક્રમમાં જોડીને યોગ્ય જોડકાં બનાવો.

| વિભાગ I | વિભાગ II |
|---|---|
| (1) ઓગણીસમો સુધારો – 1966 | (a) સિક્કીમને ભારતનું 22મું રાજ્ય બનાવાયું. |
| (2) છવીસમો સુધારો – 1971 | (b) કટોકટીમાં આંતરિક અશાંતિને સ્થાને લશ્કરી વિદ્રોહ શબ્દ ઉમેરવા. |
| (3) છત્રીસમો સુધારો – 1975 | (c) ચૂંટણીપંચના અધિકારોમાં ફેરફાર અંગે. |
| (4) ચુંવાલીસમો સુધારો 1978 | (d) ભૂતપૂર્વ રાજવીઓનાં સાલીયાણાં નાબૂદી કરવા. |

(અ) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(બ) 1 = d, 2 = a, 3 = c, 4 = b

(ક) 1 = d, 2 = c, 3 = b, 4 = a

(ડ) 1 = c, 2 = d, 3 = a, 4 = b

(640) ભારતીય બંધારણના (1985)ના કયા સુધારા મુજબ પક્ષપલ્ટા પર પ્રતિબંધ લદાયો ?

(અ) પચાસમા (બ) એકાવનમા

(ક) બાવનમા (ડ) ત્રેપ્પનમા

(641) ભારતીય બંધારણના ત્રેપનમા સુધારા (1986) અન્વયે નીચેનામાંથી કયા એક પ્રદેશને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો ?

(અ) ત્રિપુરા (બ) મિઝોરમ

(ક) મણીપુર (ડ) હિમાચલ પ્રદેશ

(642) ગોવાને પોર્ટુગલ અને પછી કેન્દ્રશાસિત પ્રદેશને બદલે રાજ્યનો દરજ્જો આપવાનો બંધારણીય સુધારો કયા વર્ષમાં થવા પામ્યો ?

(અ) 1985 (બ) 1986

(ક) 1987 (ડ) 1988

(643) પુખ્તવય મતાધિકાર સંદર્ભે,મતદાતાની વયમર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષની કરવામાં આવી તે ભારતીય બંધારણમાં થયેલ કયો સુધારો હતો અને તેનું વર્ષ કયું હતું તે જણાવો.

(અ) 60મો સુધારો – 1988

(બ) 61મો સુધારો – 1989

(ક) 62મો સુધારો – 1989

(ડ) 63મો સુધારો – 1989

(644) પંચ્યાસીમા સુધારા મુજબ (વર્ષ 2000) ભારતીય બંધારણમાં કયો સુધારો થયો ?

(અ) સરકારી નોકરીઓમાં અનુસૂચિત જાતિ–જનજાતિ અનામતને.

(બ) અનામત સરકારો પર સેવાકર લગાવવા અંગે.

(ક) વિધાનસભાઓની સંખ્યા સ્થગિત કરવામાં.

(ડ) પક્ષપલટો કરનાર કોઈપણ સંસદ તેનું સભ્યપદ ગુમાવશે તેને લગતો.

(645) ભારતીય બંધારણની સો (100)મો સુધારો કયા સંદર્ભે થયેલ છે ?

(અ) આઠમી યાદીની 22 ભાષાઓ (ડોંગરી–મૈથલી વગેરે)ને સમાવી લેવા માટે.

(બ) બીન આદિવાસીઓને લગતી જોગવાઈઓ માટે.

(ક) છત્તીસગઢને રાજ્યનો દરજ્જો આપવા માટે.

(ડ) 6 થી 14 વર્ષનીવય જૂથના બાળક માટે મફત અને ફરજિયાત શિક્ષણ આપવા અંગે.

## પ્રકરણ – 26 : સંસદીય શબ્દો

(646) ગૃહની સભામોકૂફીની જોગવાઈ ખાસ શા માટે કરવામાં આવી છે ?

(અ) ગૃહમાં શાંતિ જળવાઈ રહે તે માટે.

(બ) ગૃહનું કામ જલ્દી આટોપાય તે માટે.

(ક) જાહેર હિતની બાબતે ગૃહનું ધ્યાન દોરવા.

(ડ) ગૃહના કામકાજનું ભારણ ઘટાડવા.

(647) સભા મોકૂફીના પ્રસ્તાવ માટે ગૃહના ઓછામાં ઓછા કેટલા સભ્યો સંમત હોવા જોઈએ ?

(અ) 40 (બ) 50

(ક) 60 (ડ) 70

(648) જ્યારે કોઈ સભ્ય ગૃહમાં ..........ના વિષયે કોઈ મંત્રીનું ધ્યાન દોરતો પ્રશ્ન કરે તો તેને ધ્યાનાકર્ષક પ્રસ્તાવ કહે છે.

(અ) શાંતિ (બ) સલામતી

(ક) સાર્વજનિક મહત્ત્વ (ડ) નાણાં

(649) ધ્યાનાકર્ષક પ્રસ્તાવ પર સંબંધિત મંત્રી શું કરે છે ?

(અ) ગૃહનું ધ્યાન દોરે છે.

(બ) ગૃહમાંથી વોકઆઉટ કરે છે.

(ક) પ્રશ્નકર્તા સભ્યનો આભાર માને છે.

(ડ) તુરંત ટૂંક વક્તવ્ય રજૂ કરે છે.

(650) ધ્યાનાકર્ષક પ્રસ્તાવનો પ્રારંભ સ્વાતંત્ર્યોત્તર કાળમાં કઈ સાલથી થયો ?

(અ) 1948 (બ) 1950

(ક) 1954 (ડ) 1956



(651) ધ્યાનાકર્ષક પ્રસ્તાવને બીજા શબ્દોમાં .......... પણ કહે છે.

(અ) સભામોકૂફી પ્રસ્તાવ (બ) કામ રોકો પ્રસ્તાવ

(ક) નીતિકાપ પ્રસ્તાવ (ડ) ટોકન કાપ પ્રસ્તાવ

(652) કોઈ મહત્ત્વપૂર્ણ અને સાર્વજનિક વિષય પર વિચાર કરવા માટે સદનની ચાલુ કાર્યવાહીને અટકાવવા કરાયેલ પ્રસ્તાવને શું કહે છે ?

(અ) ધ્યાનાકર્ષક પ્રસ્તાવ (બ) કામ રોકો પ્રસ્તાવ

(ક) અવિશ્વાસ પ્રસ્તાવ (ડ) વિશેષાધિકાર પ્રસ્તાવ

(653) કાપ પ્રસ્તાવ એટલે .......... .

(અ) બજેટની માગણીઓ પર કાપ મૂકવા કરાતો પ્રસ્તાવ.

(બ) સરકારની નીતિ અંગે વિરોધ દર્શાવતાં કરાયેલ પ્રસ્તાવ.

(ક) સરકારની કોઈ ચોક્કસ જવાબદારી તરફ ધ્યાન દોરવા કરાતો પ્રસ્તાવ.

(ડ) સરકારના નાણાકીય ખર્ચમાં વધ–ઘટ કરવા કરાતો પ્રસ્તાવ.

(654) કાપ પ્રસ્તાવ પસાર થતાં તત્કાલીન સરકારે શું કરવું પડે છે ?

(અ) સભાનું કામકાજ અટકાવી દેવું પડે છે.

(બ) રાષ્ટ્રપતિનું ધ્યાન દોરવું પડે છે.

(ક) રાજીનામું ધરી દેવું પડે છે.

(ડ) સભાગૃહ છોડી દેવું પડે છે.

(655) અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થાય તો શું થાય છે ?

(અ) સરકારનો પક્ષ મજબૂત થાય છે

(બ) સરકારનું પતન થાય છે

(ક) સરકાર નિર્બળ થાય છે

(ડ) સરકાર સ્થિર થાય છે

(656) કોઈપણ મંત્રી (પ્રધાને) ગૃહમાં કોઈ હકીકત છુપાવી હોય કે ખોટી રીતે રજૂ કરી હોય તો .......... પ્રસ્તાવ રજૂ કરી શકાય.

(અ) વિશેષાધિકાર (બ) નીતિકાપ

(ક) ટોકન કાપ (ડ) ધ્યાનાકર્ષક

(657) સંસદની કઈ પ્રક્રિયાને 'ગિલોટીન.' કહે છે ?
(અ) અધ્યક્ષ સભામોકૂફી ફરમાવે તેને.
(બ) અધ્યક્ષ કોઈ સભાને સસ્પેન્ડ કરે ત્યારે.
(ક) અધ્યક્ષ કોઈ મુદ્દે સર્વોચ્ચ ન્યાયાધીશની સલાહ માંગે તને.
(ડ) અધ્યક્ષ ખરડા કે પ્રશ્નોનું મતદાન થકી ઝડપી નિકાલ લાવે તેને.

(658) તારાંકિત પ્રશ્નનો ઉત્તર જે તે સભ્યને .......... મળે છે.
(અ) એક દિવસમાં જ (બ) એક કલાકમાં જ
(ક) ગૃહની બહાર (ડ) સદનમાં જ

(659) બીન તારાંકિત પ્રશ્નનો ઉત્તર સભ્યને કયા સ્વરૂપમાં મળે છે ?
(અ) મૌલિક (બ) લેખિત
(ક) જાહેર વિજ્ઞપ્તિથી (ડ) જાહેરનામાથી

(660) અલ્પસૂચના પ્રશ્ન માટે કેટલી સમયાવધિ નક્કી કરાયેલ છે ?
(અ) દસ દિવસથી ઓછી
(બ) બાર દિવસથી ઓછી
(ક) પંદર દિવસથી ઓછી
(ડ) વીસ દિવસથી ઓછી

(661) શૂન્યકાળ એટલે સંસદનો કયો સમયગાળો ?
(અ) પ્રશ્નકાળ પૂર્વેનો
(બ) પ્રશ્નકાળ પછીનો
(ક) પ્રશ્ન પૂછ્યા પછીના દિવસે પ્રારંભનો
(ડ) પ્રશ્ન પૂછાયેલ દિવસનો અંતિમ

(662) અર્ધાકલાકની ચર્ચા માટે સભ્યે ગૃહમાં કઈ પ્રક્રિયા કરવી પડે છે ?
(અ) 30 દિવસ પૂર્વ મૌખિક સૂચના આપવી પડે છે
(બ) 30 દિવસ પૂર્વ લેખિત સૂચના આપવી પડે છે
(ક) 20 દિવસ પછી સત્તાવાર જાહેરનામું આપીને
(ડ) 20 દિવસ પહેલાં ગૃહને સત્તાવાર વિનંતી કરીને



(663) વોટ ઓન એકાઉન્ટનો ઉપયોગ .......... માટે થાય છે.
(અ) સંચિત નિધિમાંથી નાણાં ઉપાડવા
(બ) સંચિત નિધિમાં નાણાં મૂકવા
(ક) રક્ષાખર્ચ સંદર્ભ ભંડોળ ઊભું કરવા
(ડ) કટોકટી કાળમાં રાષ્ટ્રપતિ માટે જરૂરી ખર્ચ કરવા

(664) 'વોટ ફોર ક્રેડિટ' (કલમ 116) એટલે શું ?
(અ) યુદ્ધ–આક્રમણ ટાણે આકસ્મિક ખર્ચ કરવા સંસદને અપાયેલનાણાકીય સત્તા.
(બ) કટોકટી કાળમાં રાષ્ટ્રપતિને ખર્ચની સત્તા.
(ક) વડાપ્રધાન માટે આકસ્મિક ખર્ચની સત્તા.
(ડ) ઉપરોક્ત ત્રણેમાંથી એક પણ નહીં.

(665) 'કોરમ' શબ્દનો અર્થ સંસદના સંદર્ભમાં સમજાવો.
(અ) કોરમ એટલે લોકસભાના કામકાજ માટે કુલમાંથી $\frac{1}{6}$ સભ્યોની લઘુત્તમ હાજરી.
(બ) કોરમ એટલે ગૃહના કામ માટે કુલમાંથી $\frac{1}{2}$ સભ્યોની ફરજિયાત હાજરી.
(ક) કોરમ એટલે રાજસભાના કામ માટે કુલ સભ્યોમાંથી $\frac{1}{4}$ સભ્ય સંખ્યા.
(ડ) કોરમ એટલે સંસદનું કામકાજ ચલાવવા જરૂરી $\frac{1}{10}$ લઘુતમ સભ્ય સંખ્યા.

(666) સેક્રેટરી જનરલ સામાન્યતઃ રાજકારણથી તદ્દન અલિપ્ત હોયછે જેની નિયુક્તિ .......... કરે છે.
(અ) લોકસભાના અધ્યક્ષ
(બ) રાજ્યસભાના અધ્યક્ષ
(ક) રાષ્ટ્રપ્રમુખ
(ડ) વડાપ્રધાન

(667) સેક્રેટરી જનરલની વયમર્યાદા કેટલી મૂકરર કરવામાં આવેલ છે ?
(અ) 58 વર્ષ (બ) 60 વર્ષ
(ક) 62 વર્ષ (ડ) 65 વર્ષ

(668) સેક્રેટરી જનરલ એટલે લોકસભાના .......... .
(અ) હંગામી અધિકારી (બ) નિરંતર અધિકારી
(ક) કાયમી અધિકારી (ડ) સર્વોચ્ચ અધિકારી

(669) લોકસભાના અધ્યક્ષ અને ગૃહના સભ્યોને સાંકળવાનું કામ કોણ કરે છે ?
(અ) વડાપ્રધાન (બ) વિરોધપક્ષના નેતા
(ક) રાષ્ટ્રપ્રમુખ જાતે (ડ) સેક્રેટરી જનરલ

(670) સેક્રેટરી જનરલ .......... પણ રાખતા હોય છે.
(અ) ગૃહમાં જાપ્તો (બ) ગૃહમાં શાંતિ
(ક) કામકાજનો હિસાબ (ડ) બંધારણના પાલનની કાળજી

(671) લોકસભા સમક્ષ રજૂ થયેલા તમામ ખરડાઓને રાષ્ટ્રપ્રમુખ સમક્ષ રજૂ કરવાની જવાબદારી કોને શીરે હોય છે ?
(અ) સેક્રેટરી જનરલ (બ) અધ્યક્ષ
(ક) ઓડિટર જનરલ (ડ) ગૃહના સુરક્ષા અધિકારી

(672) ગૃહ માટે પુસ્તકાલયો અને સંશોધન વિભાગ ચલાવવાનું કામ કોણ કરે છે ?
(અ) એટર્ની જનરલ (બ) સેક્રેટરી જનરલ
(ક) ઓડિટર જનરલ (ડ) આ તમામ

(673) સંસદસભ્યો માટે ઉપયોગી સેમિનારનું આયોજન કોણ કરે છે ?
(અ) સેક્રેટરી જનરલ (બ) વડાપ્રધાન
(ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) વડાપ્રધાન

(674) પોટેમ (અસ્થાયી) અધ્યક્ષ કોને કહેવાય ?
(અ) વરિષ્ઠ છતાં કામચલાઉ નેતા થકી પ્રથમ વખત બોલાવાયેલ લોકસભાના અસ્થાયી અધ્યક્ષને.
(બ) રાજસભાના વરિષ્ઠ સભ્યને.
(ક) લોકસભાના કાયમી અને લોકપ્રિય અધ્યક્ષને.
(ડ) ઉપરોક્તમાંથી કોઈ પણ નહીં.



## પ્રકરણ : 27 ભારતીય બંધારણનાં પરિશિષ્ટો

(675) ભારતીય બંધારણમાં પ્રારંભિક કાળમાં કેટલાં પરિશિષ્ટોની જોગવાઈ છે ?
(અ) છ (બ) આઠ
(ક) દસ (ડ) બાર

(676) વર્તમાન સમયે (ઓગસ્ટ 2011) ભારતીય બંધારણમાં કુલ કેટલાં પરિશિષ્ટો હયાત છે ?
(અ) 10 (બ) 11
(ક) 12 (ડ) 13

(677) ભારતીય બંધારણમાં સુધારા થકી સર્વપ્રથમ .......... પરિશિષ્ટ ઉમેરાય છે.
(અ) નવમું (બ) દસમું
(ક) અગિયારમું (ડ) બારમું

(678) બંધારણના 35મા સુધારા (174) દ્વારા ઉમેરાયેલ કયું એક પરિશિષ્ટ તેના 36 મા સુધારા દ્વારા રદ કરવામાં આવ્યું હતું ?
(અ) આઠમું (બ) નવમું
(ક) દસમું (ડ) અગિયારમું

(679) આગળ જતાં (1985)માં કયા બંધારણીય સુધારા અન્વયે દસમું પરિશિષ્ટ ફરી ઉમેરાયું ?
(અ) 48 (બ) 49
(ક) 50 (ડ) 51

(680) 1992ની સાલમાં થયેલા 73–74મા બંધારણીય સુધારા અન્વયે કયાં કયો (કુલ બે) પરિશિષ્ટો ઉમેરવામાં આવ્યાં ?
(અ) 9–10 (બ) 10–11
(ક) 11–12 (ડ) આમાંથી કોઈ નહીં

(681) અત્રેના વિભાગ I માં ભારતીય બંધારણનાં પરિશિષ્ટ તેમજ કલમોનો, જ્યારે વિભાગ II માં તેને સંબંધિત વિગતોનો ઉલ્લેખ છે, જેને યોગ્ય ક્રમમાં જોડવા પ્રશ્ન નીચે આપેલા વિકલ્પોમાંથી એકમાત્ર સાચા વિકલ્પની મદદ લો.

| વિભાગ I | વિભાગ II |
|---|---|
| (1) પરિશિષ્ટ 1 = કલમ 1 થી 4 | (a) રાજસભાની બેઠકોની ફાળવણી. |
| (2) પરિશિષ્ટ 1 = કલમ 59(3)65 (3)221 વગેરે. | (b) રાષ્ટ્રપતિ વગેરેના શપથના નમૂના. |
| (3) પરિશિષ્ટ 3 = કલમ 75(4)99, 124, | (c) ભારત i.e. India રાજ્યોનો અંક સંઘ. 219 વગેરે |
| (4) પરિશિષ્ટ 4 = કલમ 4(1) અને 80(2) | (d) રાષ્ટ્રપ્રમુખ – CAG ના વેતન–ભથ્થાં અને કાર્યો. |

(અ) 1 = d, 2 = c, 3 = b, 4 = a
(બ) 1 = c, 2 = d, 3 = b, 4 = a
(ક) 1 = a, 2 = b, 3 = c, 4 = d
(ડ) 1 = b, 2 = c, 3 = a, 4 = d

(682) પરિશિષ્ટ પાંચ (કલમ 244–1)માં નીચેનામાંથી કોને લગતી વ્યવસ્થા ગોઠવાઈ છે ?
(અ) અનુસૂચિત વિસ્તારો તથા આદિજાતીઓ
(બ) પછાત અને કચડાયેલ વર્ગો
(ક) સ્ત્રીઓ અને બાળકો
(ડ) વૃદ્ધો અને નિ:સહાય નાગરિકો

(683) પરિશિષ્ટ 8–કલમ 344/1 અને 351માં બંધારણે સ્વીકારેલ કઈ બાબતની વાત છે ?
(અ) નાગરિક સુરક્ષાની
(બ) જાહેર આરોગ્ય અને સુખાકારીની
(ક) દેશની તમામ ભાષાઓની
(ડ) સામાજિક–સાંસ્કૃતિક વારસાની જાળવણીની

(684) આ પ્રશ્નના વિભાગ I માં ભારતીય બંધારણમાં પરિશિષ્ટોમાં સમાવિષ્ટ કેટલાક વિષયો તથા વિભાગ II માં તેને સંબંધિત પરિશિષ્ટ અને તેની કેટલીક કલમોનો ઉલ્લેખ આડોઅવળો કરવામાં આવેલ છે. જેને પ્રશ્ન નીચેના એક સાચા વિકલ્પને આધારે યોગ્ય ક્રમમાં ગોઠવો.

| વિભાગ I | વિભાગ II |
|---|---|
| (1) નગરપાલિકા વગેરેનાં કાર્યો, ચૂંટણી અને આવક અંગે | (a) પરિશિષ્ટ 09 |
| (2) કેટલાક અધિનિયમોની કાર્યદિસરતા અંગે | (b) પરિશિષ્ટ 10 |
| (3) પંચાયતી રાજ્યવ્યવસ્થા અંગે | (c) પરિશિષ્ટ 11 |
| (4) પક્ષાન્તર વિરોધી કાયદાકીય જોગવાઈઓ | (d) પરિશિષ્ટ 12 |

(અ) 1 = b, 2 = c, 3 = d, 4 = a
(બ) 1 = d, 2 = c, 3 = b, 4 = a
(ક) 1 = a, 2 = b, 3 = c, 4 = d
(ડ) 1 = d, 2 = a, 3 = c, 4 = b

(685) પરિશિષ્ટ 11 અન્વયે કરવામાં આવેલી પંચાયતી રાજ્યવ્યવસ્થાને દેશભરમાં સૌ પ્રથમ યોગ્ય પ્રતિસાદ (1956) કયા રાજ્યે આપ્યો હતો ?
(અ) ગુજરાત (બ) રાજસ્થાન
(ક) મહારાષ્ટ્ર (ડ) ઉત્તરપ્રદેશ

(700) મૂળભૂત અધિકારોને બંધારણની કઈ કલમથી મોકૂફ રાખી શકાય ?

(અ) 359 (બ) 360

(ક) 369 (ડ) 370

(701) મૂળભૂત અધિકારોને બંધારણની કઈ કલમથી મોકૂફ રાખી શખાય ?

(અ) 359 (બ) 360

(ક) 369 (ડ) 370

(702) ભારતીય લોકસભાનું અધ્યક્ષ પદ આજપર્યંત (ઓગસ્ટ 2011) કયા અધ્યક્ષે સૌથી લાંબા સમય સુધી સંભાળ્યું છે ?

(અ) નિલમ સંજીવ રેડ્ડી (બં) રવિ રાય

(ક) બલરામ જાખડ (ડ) શિવરાજ પાટીલ

(703) સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકનું વડપણ કોણ કરતું હોય છે ?

(અ) રાજ્યસભાના અધ્યક્ષ

(બ) લોકસભાના અધ્યક્ષ

(ક) રાષ્ટ્રપ્રમુખ જાતે (ડ) વડાપ્રધાન જાતે

(704) રાષ્ટ્રપતિની ખાલી પડેલ જગ્યા કેટલા સમયગાળામાં પૂરવી જ રહી ?

(અ) બે માસ (બ) છ માસ

(ક) નવ માસ (ડ) બાર માસ

(705) સંસદની રાજસભાના અધ્યક્ષ ..........ના સભ્ય હોતા નથી.

(અ) રાજસભાના (બ) લોકસભાના

(ક) પ્રધાનમંડળના (ડ) સંસદના

(706) સામાન્યતઃ કટોકટી કાળમાં લોકસભાની મુદત કેટલી લંબાવી શકાય ?

(અ) એક માસ (બ) બે માસ

(ક) એક વર્ષ (ડ) બે વર્ષ

(707) રાજસભાની બેઠક માટેનું જરૂરી કોરમ કેટલા સભ્યો હોય તો જ બને છે ?

(અ) 15 (બ) 20

(ક) 25 (ડ) 30



(708) ભારતીય બંધારણમાં લોકસભાના ઉપાધ્યક્ષ અંગે શી જોગવાઈ છે ?

(અ) કોઈ જોગવાઈ નથી (બ) ગર્ભિત સૂચન માત્ર છે.

(ક) અછડતો ઉલ્લીત જ છે.

(ડ) વિચારાધીન મુદ્દો છે.

(709) અધ્યાપકોના પગારવધારા માટે નીચેનામાંતી કયું એક પંચ નીમાયું છે ?

(અ) મુદાલીયર પંચ (બ) નાણાવટી પંચ

(ક) રસ્તોગી પંચ (ડ) જસ્ટીસ દિવાનપંચ

(710) કેન્દ્ર સરકારની તમમ આવકો શેમાં જમા થતી હોય છે ?

(અ) સંચિત નિધિમાં (બ) બચત નિધિમાં

(ક) સંકટ નિધિમાં (ડ) સંચય નિધિમાં

(711) રાષ્ટ્રપતિ–વડાપ્રધાન સહિતના તમામ જાહેરહોદ્દાને .......... નિયમ લાગુ પડે છે.

(અ) લોકકલ્યાણ વાદ (બ) પ્રજાસત્તાકવાદ

(ક) જયહિંદ (ડ) આમાંથી એક પણ નહીં

(712) ભારતનો રાષ્ટ્રીય નારો .......... છે.

(અ) જય જવાન (બ) જય કિસાન

(ક) જય હિંદ (ડ) આમાંથી એક પણ નહીં

(713) 'હિંદુ કોડ બીલ' વિરૂદ્ધ સહી કરનાર રાષ્ટ્રપ્રમુખશ્રીનું નામ જણાવો.

(અ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (બ) ડૉ. એસ. રાધાકૃષ્ણન

(ક) વી. વી. ગીરી (ડ) ડૉ. ફખરૂદ્દીન અલી અહેમદ

(714) પંચાયતી રાજ્યની શરૂઆત ગુજરાતમાં કયારથી થવા પામી ?

(અ) 1962 થી (બ) 1963 થી

(ક) 1964 થી (ડ) 1965 થી

(715) ભારતીય બંધારણની કઈ કલમ મુજબ તેના અધિકારીઓને રક્ષણ અપાય છે ?

(અ) 309 (બ) 310

(ક) 311 (ડ.) 312

(716) શાહબાનુ કેસ સંદર્ભે મુસ્લિમ મહિલા ખરડો કયારે રજૂ થયો ?

(અ) 1982 (બ) 1983

(ક) 1984 (ડ) 1986

(717) ભારતના હાઈ કમિશ્નરના હોદ્દા પર રહ્યા પછી રાષ્ટ્રપતિ–ઉપરાષ્ટ્રપતિ બનનાર કોણ કોણ હતા ?
(અ) ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને ડૉ. એસ. રાધાકૃષ્ણન
(બ) ડૉ. ઝાકીર હુસેન અને કે. આર. નારાયણ
(ક) વી. વી. ગીરી અને ઝાકીર હુસેન
(ડ) શ્રી કે. આર. નારાયણી અને આર. વેકંટરામન

(718) પક્ષાંતર વિરોધી ધારો (1979) સૌ પ્રથમ કયા રાજ્યમાં લાગુ કરાવે છે ?
(અ) ઉત્તર પ્રદેશ (બ) ગુજરાત
(ક) રાજસ્થાન (ડ) પશ્ચિમ બંગાળ

(719) હિન્દુલગ્ન ધારા અન્વયે ..........ની દિશામાં 1955માં મહત્ત્વના ધારો ઘડાયો ?
(અ) મહિલા સશક્તિકરણ (બ) બાળલગ્ન
(ક) મહિલા ઉત્કર્ષ (ડ) બાળ ઉત્કર્ષ

(720) કોઠારી સમિતિ, સતિશચંદ્ર સમિતિ વગેરે કઈ સેવા સંદર્ભ સમિતિઓ છે ?
(અ) શિક્ષણ (બ) જાહેર આરોગ્ય
(ક) સનદી સેવા (ડ) લશ્કરી સેવાઓ

(721) વહીવટી સુધારાપંચ (1966)ના અધ્યક્ષ પદે કોની નિયુક્તિ કરાઈ હતી ?
(અ) શ્રીમતી ઇન્દિરા ગાંધી
(બ) મોરારજીભાઈ દેસાઈ
(ક) નરસિંહ રાવ (ડ) ઈન્દરકુમાર ગુજરાલ

(722) દેશની કોઈપણ વિવાદાસ્પદ બાબતે સરકારશ્રી દ્વારા પ્રકાશિત થતા મૂળ સ્વરૂપના પુરાવાઓ ધરાવતી પુસ્તિકા એટલે .......... .
(અ) શ્વેતપત્ર (બ) રેડ કોર્નર નોટિસ
(ક) તુમારશાહીનું ઉમદા પ્રતિક
(ડ) ગિલોટિન

(723) 1962માં નિમાયેલ વહીવટી ભ્રષ્ટાચાર નિવારણ સમિતિના અધ્યક્ષપદે કોણ હતા ?
(અ) અંગત શયનમ આયંગર
(બ) કે. સન્થાનમ
(ક) અણ્ણા હજારે (ડ) જી.એમ.સી. બાલાયોગી



(724) તાજેતરમાં નિમાયેલ (એપ્રિલ–2011) ભ્રષ્ટાચાર નાબૂદી માટેની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં વિવાદાસ્પદ બનેલ પિતા–પુત્ર પૈકી પિતાનું નામ જણાવો.
(અ) અણ્ણા હજારે (બ) શાંતિભૂષણ
(ક) સ્વામી અગ્નિવેશ (ડ) કપિલ સિબ્બલ

(725) સુપ્રિમકોર્ટના વરિષ્ઠ વકિલ અને લો–કમિશનના વાઈસ ચેરમેન હાલમાં (ઓગસ્ટ 2011) કોણ છે ?
(અ) કપિલ સિબ્બલ (બ) જે. એમ. લિંગ્દોહ
(ક) કે.ટી.એસ. તુલસી (ડ) રામ જેઠમલાણી

(726) કર્મચારીઓના વેતનમાં ઘટાડો કરવાની સત્તા ..........ને છે.
(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન
(ક) કેન્દ્રીય નાણામંત્રી (ડ) સુપ્રિમ કોર્ટ

(727) એ.ડી. ગોરાવાલા પંચ (1951) તેમજ વહીવટી સુધારા પંચ (1970) વગેરે પંચોને કોની સાથે સંબંધ છે ?
(અ) સર્વોચ્ચ અદાલત (બ) ભારતીય સંઘ સંસદ
(ક) રાજકીય પક્ષો (ડ) રાજ્યોની વિધાનસભાઓ

(728) ભારતના સર્વપ્રથમ શ્રમમંત્રી કોણ હતા ?
(અ) ચૌધરી ચરણસિંહ (બ) બલરામ જાખડ
(ક) બાબુ જગજીવન રામ (ડ) લાલબહાદુર શાસ્ત્રી

(729) ભારતના પ્રથમ રેલ્વેમંત્રી કોણ હતા ?
(અ) ડૉ.એસ. રાધાકૃષ્ણન (બ) ડૉ. જહોન મથાઈ
(ક) બાબુ જગજીવનરામ (ડ) શ્રી બી. એન. રાવ

(730) કઈ સમિતિની ભલામણો અનુસાર ભારતમાં પંચાતયી રાજ પ્રથા શરૂ થઈ ?
(અ) અશોક મહેતા સમિતિ
(બ) મુદાલિયર સમિતિ
(ક) રસિકભાઈ પરીખ સમિતિ
(ડ) બળવંતરાય મહેતા સમિતિ

(731) 'પાવર ટુ પિપલ' સૂત્રનો ભારતમાં સીધો સંબંધ કોની સાથે છે ?
(અ) પંચાયતી રાજ (બ) લોકપાલ બીલ
(ક) સંસદીય શાસન વ્યવસ્થા
(ડ) ન્યાયતંત્ર

(732) ગુજરાતમાં પંચાયતી ધારાને કઈ સમિતિએ પ્રગતિશીલ બનાવ્યો ?
(અ) બળવંતરાય મહેતા સમિતિ
(બ) અશોક મહેતા સમિતિ
(ક) ઝીણાભાઈ દરજી સમિતિ
(ડ) રસિકભાઈ પરીખ સમિતિ

(733) પંચાયતી રાજ્યનો વિષય ભારતીય બંધારણ મુજબ કઈ યાદીમાં સમાવિષ્ટ છે ?
(અ) સંઘ યાદી (બ) રાજ્ય યાદી
(ક) સંયુક્ત યાદી (ડ) આકસ્મિક યાદી

(734) પંચાયતી રાજ્યનો ઉલ્લેખ ભારતીય બંધારણના કયા અંગમાં કરેલ છે ?
(અ) મૂળભૂત અધિકારો (બ) મૂળભૂત ફરજો
(ક) આમુખ (ડ) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

(735) ગુજરાતમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રપતિશાસન કઈ સાલમાં લદાયું ?
(અ) 1965 (બ) 1968
(ક) 1971 (ડ) 1974

(736) બ્રિટિશ સરકારે (1915)માં ગ્રામપંચાયતનો ઠરાવ કયા કમિશનની ભલામણોને આધારે કર્યો હતો ?
(અ) રોયલ કમિશન (બ) ક્રાઉન કમિશન
(ક) મનરો કમિશન (ડ) સાયમન કમિશન

(737) ભારતના પ્રસિદ્ધ રાષ્ટ્રપતિ ભવનના મુખ્ય સ્થપતિ કોણ હતા ?
(અ) એડવિન બિચર (બ) એડવિન લ્યૂટિન
(ક) લિ. કૂપર (ડ) લિ. કોબ્યુર્સિયર

(738) ભારતના ભવ્ય સંસદભવનના મુખ્ય આર્કિટેક (સ્થપતિ) કોણ હતા ?
(અ) લિ. કૂપર (બ) લિ. કોબ્યુર્સિયર
(ક) એડવિન લ્યૂટિન (ડ) થોમસ એલમ હિન્સ્ટ

(739) શ્રી સુકુમારસેન સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રમુખ .......... હતા.
(અ) ન્યાયાધીશ (બ) પંતપ્રધાન
(ક) ચૂંટણી કમિશ્નર (ડ) લશ્કરી વડા



(740) સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ ચીફ ઑફ એરસ્ટાફ (હવાઈ દળના વડા) કોણ છે ?
(અ) શ્રી સુકુમાર સેન (બ) જન. કે. એમ. કરિઅપ્પા
(ક) જનરલ માણેકશાહ (ડ) થોમસ એલમ હિન્સ્ટ

(741) ભારતની પંચવર્ષીય યોજનાઓને અંતિમ મંજૂરી કોણ આપે છે ?
(અ) રાષ્ટ્રીય પરિષદ (બ) રાષ્ટ્રીય વિકાસ પરિષદ
(ક) રાષ્ટ્રીય આયોજન પંચ
(ડ) રાષ્ટ્રીય વિકાસ પંચ

(742) રાજ્યકક્ષાના કયા પક્ષને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપી શકાય ?
(અ) ઓછામાં ઓછી બે રાજ્યોમાં માન્ય એવા પક્ષને
(બ) ઓછામાં ઓછા ત્રણ રાજ્યોમાં માન્ય એવા પક્ષને
(ક) ઓછામાં ઓછી ચાર રાજ્યોમાં માન્ય એવા પક્ષને
(ડ) ઓછામાં ઓછી પાંચ રાજ્યોમાં માન્ય એવા પક્ષને

(743) અનામતબીલ સંદર્ભે કોઈ પણ રાજ્યના રાજપાલ .......... .
(અ) વટહૂકમ બહાર પાડી શકે છે.
(બ) વટહુકમ બહાર પાડી શકતા નથી.
(ક) સુધારા–વધારા સૂચવી શકે છે.
(ડ) સુધારા–વદારા સૂચવી શકતા નથી.

(744) 'હિંદુ આચાર સંહિતા ખરડા' સંદર્ભે ભારતના સર્વપ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુ અને રાષ્ટ્રપ્રમુખ .......... વચ્ચે વિવાદ સર્જાયો છે.
(અ) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (બ) ડૉ. એસ. રાધાકૃષ્ણન
(ક) ડૉ. ઝાકીર હુસેન (ડ) આમાંથી કોઈ પણ નહીં

(745) ભારતની લોકસભામાં અનુસૂચિત જાતિ માટે કુલ 79 જ્યારે અનુસૂચિત જનજાતિઓ માટે .......... જ્ગ્યાઓ અનામત રખાઈ છે.
(અ) 70 (બ) 66
(ક) 54 (ડ) 41

(746) ભારતીય બંધારણની કલમ 22 મુજબ કોઈ પણ વ્યક્તિની ધરપકડ કર્યા બાદ કેટલા સમયમાં નજીકના ન્યાયાધીશ સમક્ષ અનિવાર્યપણે રજૂ કરાય તે જરૂરી છે ?
(અ) છ કલાકમાં (બ) આઠ કલાકમાં
(ક) બાર કલાકમાં (ડ) ચોવીસ કલાકમાં

(747) નોકરીમાં 7 % અનામતની ભલામણ કરતું બીલ કઈ વિધાનસભામાં પસાર થયું ?

(અ) હિમાચલ પ્રદેશ (બ) ઉત્તર પ્રદેશ
(ક) ઝારખંડ (ડ) રાજસ્થાન

(748) લોકસભાએ દેશભરનાં બિનસરકારી કાર્યો માટે અઠવાડિયાનો કયો એક દિવસ નક્કી કર્યો છે ?

(અ) સોમવાર (બ) મંગળવાર
(ક) બુધવાર (ડ) શુક્રવાર

(749) રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં જે તે રાજ્યનું પ્રતિનિધિત્વ ......... કરતા હોય છે.

(અ) રાજપાલ (બ) મુખ્યમંત્રી
(ક) વડા ન્યાયાધીશ (ડ) ગૃહમંત્રી

(750) બંધારણ મુજબના રાજભાષાપંચ (1955)ના વડા કોણ હતા ?

(અ) વી. જે. ખરે (બ) ડૉ. એસ. રાધાકૃષ્ણન
(ક) ડૉ. ઝાકીર હુસેન (ડ) શ્રી જી. એમ. પાઠક

(751) UPSC જેવું સર્વપ્રથમ ભારતીય લોકસેવા પંચ ક્યારે નિમાયું ?

(અ) 1920 (બ) 1922
(ક) 1924 (ડ) 1926

(752) CAG ના બિલ પર .......... સમિતિ કામ કરે છે.

(અ) લોકલેખા (બ) લોકપાલ
(ક) લોકાયુક્ત (ડ) લોક પ્રતિનિધિ

## પ્રકરણ – 29 : ભારતનાં રાષ્ટ્રીય પ્રતિકો

(753) ભારતનું બંધારણ દ્વારા સ્વીકૃત રાષ્ટ્રીય ચિન્હ .......... છે.

(અ) અશોક સ્તંભ (બ) અશોક સ્તંભ પરની સિંહાકૃતિ
(ક) અશોક ધર્મચક્ર (ડ) સાંચિસ્તૂપ

(754) ભારતનું બંધારણ સ્વીકૃત રાષ્ટ્રીય સૂત્ર કયું છે ?

(અ) સત્યમેવ જયતે (બ) જય હિન્દ
(ક) જય જવાન–જય કિસાન (ડ) સત્યમ્ શિવમ્ સુંદરમ્



(755) ભારતનું બંધારણસ્વીકૃત રાષ્ટ્રીયસૂત્ર કયા ગ્રંથની ભેટ છે ?

(અ) કઠોપનિષદ (બ) મૂંડકોપ્રનિષદ
(ક) ઋગ્વેદ (ડ) સામવેદ

(756) ભારતીય રાષ્ટ્રધ્વજની લંબાઈ–પહોળાઈનો ગુણોત્તર જણાવો.

(અ) 2 : 4 (બ) 3 : 1
(ક) 3 : 2 (ડ) 4 : 2

(757) ભારતના ત્રિરંગા રાષ્ટ્રધ્વજ વચ્ચેના ભૂરા રંગના ચક્રમાં કેટલા આરા છે ?

(અ) 22 (બ) 24
(ક) 26 (ડ) 28

(758) આપણું રાષ્ટ્રગાન કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?

(અ) આનંદમઠ (બ) બિરાજબહુ
(ક) ગીતાંજલી (ડ) ભવાની મંદિર

(759) 'જનગનમન'નું રાષ્ટ્રગીત તરીકે સૌપ્રથમ વખત ગાન ક્યારે કરાયું ?

(અ) કોંગ્રેસ (INC) ના કલકત્તા અધિવેશન (1911) માં
(બ) કોંગ્રેસના મુંબઈ અધિવેશન (1915) માં
(ક) કોંગ્રેસના લખનઉ અધિવેશન (1916) માં
(ડ) કોંગ્રેસના કલકત્તા અધિવેશન (1917) માં

(760) આપણા રાષ્ટ્રગીત 'જનગણમન'નું ગાન કેટલા સમયમાં પૂરૂં થવું અનિવાર્ય છે ?

(અ) 50 સેકન્ડમાં (બ) 52 સેકન્ડમાં
(ક) 56 સેકન્ડમાં (ડ) 58 સેકન્ડમાં

(761) આપણા રાષ્ટ્રગીતમાં કઈ બે નદીઓને દેશની અન્ય નદીઓના પ્રતિનિધિ તરીકે સ્વીકારવામાં આવેલ છે ?

(અ) ગંગા–જમના (બ) બ્રહ્મપુત્રા–કાવેરી
(ક) સરસ્વતી–સાબરમતી (ડ) આમાંથી એક પણ નહીં

(762) આપણા રાષ્ટ્રગીતનાં કુલ પાંચ પદોમાંથી માત્ર કયા પદનો સ્વીકાર રાષ્ટ્રગીત તરીકે કરવાનું બંધારણ સ્વીકારેલ છે ?

(અ) પ્રથમ પદ (બ) બીજું પદ
(ક) ત્રીજું પદ (ડ) પાંચમું પદ

(763) શ્રી રવીન્દ્રનાથ ઠાકૂર રચિત આપણું રાષ્ટ્રગીત કઈ પત્રિકામાં સર્વપ્રથમ વખત છપાઈને પ્રસિદ્ધ થયું હતું ?

(અ) 'અમૃતબાઝાર પત્રિકા' (બ) 'રાજસ્થાન પત્રિકા'

(ક) 'તત્ત્વબોધિની' (ડ) 'કીર્તિ કૌમુદી'

(764) ભારતનું રાષ્ટ્રગીત સર્વપ્રથમ કયા શિર્ષક સાથે પ્રકાશિત થયું હતું ?

(અ) 'ભાગ્યવિધાતા' (બ) 'ભારતવિધાતા'

(ક) 'ભારત ભાગ્યવિધાતા' (ડ) 'વિશ્વવિધાતા'

(765) ભારતીય બંધારણે ગેગ્રેરિયન કેલેન્ડરની સાથે સાથે ભારતીય પરંપરાની કઈ એકમાત્ર સંવતને રાષ્ટ્રીય દરજ્જો આપેલ છે ?

(અ) હીજરી સંવત (બ) વિક્રમ સંવત

(ક) શક સંવત (ડ) ખ્રિસ્તી સંવત

(766) આપણું રાષ્ટ્રીય પ્રાણી .......... છે.

(અ) વાઘ (બ) સિંહ

(ક) હાથી (ડ) ગાય

(767) વિશ્વભરમાં પ્રસિદ્ધ ભારતીય વાઘની જાત કઈ છે ?

(અ) સાસણ ગીરના (બ) રોયલ બેંગોલ ટાયગર

(ક) જીમ–કાર્બેટ અભયારણ્યના

(ડ) અરવલ્લી ગીરી શૃંખલાના

(768) ભારતના રાષ્ટ્રીય પક્ષી તરીકે બંધારણે કોને માન્યતા આપી છે ?

(અ) પોપટ (બ) ગરૂડ

(ક) મોર (ડ) શાહમૃગ

(769) વન્યજીવોના સંરક્ષણ સંદર્ભે કઈ સાલમાં કાનૂની જોગવાઈ થઈ છે ?

(અ) 1970 (બ) 1971

(ક) 1972 (ડ) 1973

(770) બારતના રાષ્ટ્રીય કેલેન્ડરનો સર્વપ્રથમ મહિનો કયો છે ?

(અ) જાન્યુઆરી (બ) એપ્રિલ

(ક) આસો (ડ) ચૈત્ર



## પ્રકરણ - 30 : રાષ્ટ્રધ્વજમાં ફેરફારોની ભલામણ

(771) સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજના રંગ–રૂપ–ડિઝાઈન–કદ વગેરે પર ચર્ચા કરી નિર્ણય લેવા સંદર્ભે .......... કરવામાં આવ્યું ?

(અ) એક તપાસપંચ નિયુક્ત

(બ) વિશેષજ્ઞો દ્વારા સૂચન

(ક) ધ્વજ સમિતિનું ઘડતર (ડ) ધ્વજારોહણનું આયોજન

(772) ભારતના રાષ્ટ્રધ્વજ સંદર્ભે અત્રે એક વિભાગમાં રંગ વગેરે જ્યારે બીજા વિભાગમાં તેને સંબંધિત તાત્પર્ય જણાવેલ છે જેને યોગ્ય ક્રમમાં જોડીને જોડકાં બનાવો.

| વિભાગ I | વિભાગ II |
|---|---|
| (1) કેસરી રંગ | (a) આમ જનતાના અરમાનોનું પ્રતિનિધિત્વ કરે છે |
| (2) સફેદ રંગ | (b) શ્રદ્ધા અને શૌર્યનું પ્રતિનિધિત્વ કરે છે. |
| (3) લીલો રંગ | (c) હિંમત અને બલિદાનનું પ્રતિનિધિત્વ કરે છે. |
| (4) અશોક ચક્ર | (d) શાંતિ અને સત્યનું પ્રતિનિધિત્વ કરે છે. |

(અ) 1 = a, 2 = c, 3 = b, 4 = d

(બ) 1 = d, 2 = b, 3 = c, 4 = a

(ક) 1 = b, 2 = d, 3 = a, 4 = c

(ડ) 1 = c, 2 = d, 3 = b, 4 = a

(773) સ્વતંત્ર ભારતનો ધ્વજ સૂચવવા એક એડહોક સમિતિ ક્યારે બનાવાઈ ?

(અ) 22 મે 1946 (બ) 23 જૂન 1947

(ક) 24 જુલાઈ 1948 (ડ) 25 ઓગસ્ટ 1949

(774) રાષ્ટ્રધ્વજમાં સૌથી ઉપરના ભાગમાં કયા રંગને સ્થાન અપાયું ?

(અ) સફેદ (બ) લીલો

(ક) કેસરી (ડ) અશોક ચક્રના ભૂરા

(775) ભારતના રાષ્ટ્રધ્વજને લગતો ઠરાવ બંધારણ સભા સમક્ષ તા. 2 જુલાઈ 1947ના રોજ કોના દ્વારા રજૂ કરાયો હતો ?

(અ) મહાત્મા ગાંધીજી (બ) પં. જવાહરલાલ નહેરુ

(ક) સરદાર વલ્લભભાઈ પટેલ

(ડ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(776) ભારતનો સર્વપ્રથમ જાહેર ધ્વજવંદન કાર્યક્રમ કયાં અને કયારે થયો ?
(અ) દિલ્હી 15 ઓગસ્ટ - 1947
(બ) મુંબઈ 26 જાન્યુઆરી -1948
(ક) કોલકાતા – 15 ઓગસ્ટ - 1949
(ડ) ચેન્નાઈ 26 જાન્યુઆરી - 1950

(777) ધ્વજવંદનના સર્વપ્રથમ જાહેરકાર્યક્રમમાં બ્રિટિશ તાજના પ્રતિનિધિ તરીકે કોણે હાજરી આપી ?
(અ) વાઈસરોય માઉન્ટ બેટન
(બ) એડવીના (શ્રીમતી) માઉન્ટ બેટન
(ક) સી. રાજગોપાલાચારી
(ડ) મહાત્મા ગાંધીજી

## પ્રકરણ – 31 : રાષ્ટ્રધ્વજનો ઈતિહાસ

(778) રાષ્ટ્રધ્વજની વર્તમાન ડિઝાઈન મૂળભૂત રીતે સર્વ પ્રથમ કોણે તૈયાર કરેલ છે ?
(અ) મેડમ ભીખાઈજી કામા
(બ) મેડમ એની બેસન્ટ
(ક) મેડમ એડવીના માઉન્ટ બેટન
(ડ) સરોજીની નાયડુ

(779) ભારતનું સર્વપ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાએ (1907) રાષ્ટ્રધ્વજ થકી મેડમ કામા દ્વારા કરાયેલ પ્રતિનિધિત્વવાળા સ્થળ અને તેના દેશનો ખ્યાલ આપો.
(અ) સ્ટુટગર્ટ – જર્મની
(બ) બ્રિસ્ટલ – ઈંગ્લેન્ડ
(ક) સાન ફ્રાન્સિસ્કો – અમેરિકા
(ડ) પેરિસ – ફ્રાન્સ

(780) હોમરૂલ (સ્વશાસન)ની ચળવળ ટાણે ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે યુનિયન ઝેક, ચાંદતારા અને તારાઓના પ્રતિકવાળો ધ્વજ લોકમાન્ય તિલક સાથે કઈ ભારત પ્રેમી મહિલાએ ફરકાવ્યો હતો ?
(અ) સરોજીની નાયડુ (બ) મીરા બેન
(ક) ડૉ. એની બેસન્ટ (ડ) મેડમ કામા



(781) 1921માં મહાત્મા ગાંધીજી અને 1931ની હિંદી રાષ્ટ્રીય મહાસભાએ પસંદ કરેલ રાષ્ટ્રધ્વજમાં કયું પ્રતિક હતું ?
(અ) ઉગતા સૂર્યનું (બ) ચાંદ–તારાનું
(ક) રેંટીયાનું (ડ) અશોક ચક્રનું

(782) આઝાદ હિંદ ફોઝ દ્વારા અપનાવાયેલ ધ્વજમાં કોનું પ્રતિક હતું ?
(અ) સિંહ (બ) વાઘ
(ક) બે બળદની જોડી (ડ) ગાય અને વાછરડું

(783) રાષ્ટ્રધ્વજ માટેની ધ્વજ સમિતિના સભ્યોનાં અત્રે જણાવેલ નામોમાંથી કયું એક નામ સાવ જુદું પડે છે ?
(અ) માસ્ટર તારાસિંહ (બ) પટ્ટાભી સિતારામૈયા
(ક) મૌલાના અબુ કલામ આઝાદ
(ડ) ક. મા. મુનશી

(784) ધ્વજ સમિતિની એપ્રિલ 1931માં મળેલ સમિતિનું સ્થળ જણાવો.
(અ) કોલકાતા (બ) રાવલપિંડી
(ક) કરાંચી (ડ) મુંબઈ

(785) વર્તમાન રાષ્ટ્રધ્વજમાં સફેદ રંગના પટ્ટામાં વચ્ચે આવેલ જરૂરી રંગનું ચોવીસ આરાવાળું અશોક ચક્ર બૌદ્ધ ધર્મની માન્યતા અનુસાર કોના પ્રતિક (પ્રતિનિધિત્વ) સમાન છે ?
(અ) ગતિ અને બળ (બ) ધર્મ અને ન્યાય
(ક) પ્રગતિ અને વિકાસ (ડ) બળ, બુદ્ધિ અને ધર્મ

## પ્રકરણ 32 : રાષ્ટ્રધ્વજનું સન્માન અને કાયદાકીય વ્યવસ્થા

(786) રાષ્ટ્રધ્વજ એટલે દરેક કુટુંબ, સમાજ કે દેશનું .......... .
(અ) આત્મબળ (બ) શ્રદ્ધા પ્રતિક
(ક) કેન્દ્રીય બળ (ડ) પ્રેરણાબિંદુ

(787) રાષ્ટ્રધ્વજને ગૌરવપૂર્ણ રીતે, બીજા બધાથી અલગ તરી આવે અને ......... એમ ફરકાવાવો જોઈએ.
(અ) સાફ દેખાય (બ) ઊંચો રહે
(ક) ફરકતો હોય (ડ) સ્થિર રહે

(788) રેલી કે પરેડ વેળાએ રાષ્ટ્રધ્વજ કૂચ કરનારની કઈ બાજુએ રાખવાની પ્રથા સ્વીકારવામાં આવેલ છે ?

(અ) ડાબી (બ) જમણી

(ક) સિધી (ડ) ત્રાંસી

(789) રાષ્ટ્રધ્વજને બીજા કોઈ ધ્વજ સાથે એક જ સ્તંભ (દંડ) પર

(અ) ફરકાવી શકાય (બ) ફરકાવી શકાય જ નહીં

(ક) ફરકાવાયતાં વાંધો નથી (ડ) કોઈ ફરકાવતું નથી

(790) રાષ્ટ્રધ્વજનો ઉપયોગ .......... હેતુથી કરી શકાય નહીં.

(અ) ધંધાદારી (બ) સન્માનના

(ક) દેશદાઝના (ડ) અન્ય ઉદાત્ત

(791) રાષ્ટ્રધ્વજને ઇરાદાપૂર્વક જમીન પર ભોંયતળિયે .......... .

(અ) પડવા દેવાય (બ) પડવા દેવાય નહીં

(ક) મૂકાય (ડ) ફરકાવાય

(792) ધ્વજ હંમેશાં વિધિપૂર્વક, પૂરતી ત્વરાથી છતાં .......... ઉતારવો જોઈએ.

(અ) ઝડપથી (બ) ધીરે ધીરે

(ક) સંયમપૂર્વક (ડ) ફિકર સાથે

(793) રસ્તાની વચ્ચેના ભાગમાં ધ્વજ બતાવવો હોય અને પૂર્વ–પશ્ચિમ દિશા હોય તો ધ્વજમાં રહેલ કેસરી રંગ કઈ દિશા તરફ રાખવો જોઈએ ?

(અ) પૂર્વ (બ) પશ્ચિમ

(ક) ઉત્તર (ડ) દક્ષિણ

(794) કોઈપણ સંજોગોમાં ધ્વજનો ઉપયોગ પ્રતિમા કે સ્મારકના .......... તરીકે થઈ શકે નહીં.

(અ) સુશોભન (બ) અલંકરણ

(ક) પરદા (ડ) આંચલ

(795) મોટરગાડી પર રાષ્ટ્રધ્વજ ફરકાવવો જ હોય તો .......... જ ગોઠવી શકાય.

(અ) મધ્ય ભાગમાં (બ) જમણા ભાગમાં

(ક) ડાબા ભાગમાં (ડ) ઉપરના ભાગમાં



(796) મોટરગાડી પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો અધિકાર અત્રે આપેલા મહાનુભાવોની યાદીમાં જણાવેલ કયા એકને નથી ?

(અ) રાષ્ટ્રપતિ (બ) રાજપાલ

(ક) લોકસભાના સ્પીકર (ડ) મુખ્યમંત્રી

(797) 26મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દીને પરેડ શરૂ થતાં પૂર્વે દિલ્હીમાં રાજપથ ખાતે 21 તોપોની સલામી સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો અધિકાર કોને છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન

(ક) રાજ્યસભાના અધ્યક્ષ (ડ) સર્વોચ્ચ ન્યાયાધીશ

(798) 15મી ઓગસ્ટ દિલ્હીમાં રાષ્ટ્રધ્વજને સલામતી રાખીને ફરકાવવાનો હક્ક કોને ફાળે જાય છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) ઉપરાષ્ટ્રપ્રમુખ

(ક) વડાપ્રધાન (ડ) એટર્ની જનરલ

(799) રાષ્ટ્રધ્વજને આપવામાં આવતી તોપ સલામીમાં થતા ફાયર (ધડાકા) કેટલા સમયના અંતરે કરવામાં આવતા હોય છે ?

(અ) દર બે સેકન્ડે (બ) દર ત્રણ સેકન્ડ

(ક) દર ચાર સેકન્ડ (ડ) દર પાંચ સેકન્ડે

(800) ધ્વજના આરોહણ – અવરોહણ ટાણે ધ્વજપરેડ અથવા સલામી નિરીક્ષણ થતું હોય ત્યારે ઉપસ્થિત સર્વેએ .......... .

(અ) વિશ્રામની મુદ્રા (પગ પહોળા કરી હાથ પાછળ બાંધી) ઊભા રહેવું

(બ) સાવધાનની મુદ્રામાં ઉભા રહેવું જોઈએ

(ક) વિશ્રામની મુદ્રા (પગ પહોળા કરી હાથ પાછળ બાંધી) ઊભા રહેવું

(801) રાજ્યોની વિધાન પરિષદના ચેરમેનની ગાડી પર રાષ્ટ્રધ્વજ .......... .

(અ) ફરકાવી શકાય (બ) ફરકાવી શકાય નહીં

(ક) ઢાંકી શકાય (ડ) મૂકી શકાય

(802) કોઈ વિદેશી મહાનુભવને દેશ તરફથી અપાયેલ ગાડી ઉપર રાષ્ટ્રધ્વજ ..........

(અ) ફરકાવાય નહીં (બ) ફરકાવાય

(ક) તેનો રાષ્ટ્રધ્વજ હોય (ડ) U.M. નો ધ્વજ હોય

## ભારતનું બંધારણ - કસોટીપત્ર – 1

(803) ઈ.સ. 1947ની 20 ફેબ્રુઆરીના રોજ બ્રિટનની પાર્લામેન્ટ સમક્ષ "આજનું અનિશ્ચતતાનું વાતાવરણ... લંબાવી શકાય તેમ નથી. બ્રિટિશ સરકાર એ વસ્તુ સ્પષ્ટ કરવા માગે છે કે તે, મોડામાં મોડું જૂન 1948 સુધી જવાબદાર હિંદીઓના હાથમાં રાજવહીવટ સોંપવાનો ઈરાદો ધરાવે છે." એવું વિધાન કરનાર બ્રિટિશર કોણ હતા ?

(અ) વિન્સન્ટ ચર્ચિલ (બ) મેજર ક્લેમેંટ એટલી

(ક) માઉન્ટ બેટન (ડ) સર સ્ટ્રેફર્ડ ક્રિપ્સ

(804) 1947માં પોતાની યોજનાને બ્રિટિશ તાજ અને સંસદની મંજૂરી મળતાં ......... એ પોતાની અંતિમ યોજના થકી ભારતની સ્વતંત્રતાનું સ્વપ્ન ઘડી કાઢ્યું.

(અ) વાઈસરોય માઉન્ટ બેટન

(બ) સી. રાજગોપાલાચારી

(ક) મહાત્મા ગાંધીજી

(ડ) વાઈસરોય વેવેલ

(805) ભારતના બંધારણ ઘડતરની પ્રક્રિયા પર પ્રકાશ પાથરતું પુસ્તક 'The making of the Indian Constitution' ના કર્તા નીચેનામાંથી કયા એક વિદ્વાન છે ?

(અ) ગુરુમુખ નિહાલસિંહ

(બ) પટ્ટાભી સીતારામૈયા

(ક) અલ્લાદી કૃષ્ણ સ્વામી ઐયર (ડ) એસ. બેનરજી

(806) 'Indias Constitution in the making' પુસ્તકના લેખક કોણ છે ?

(અ) એમ. ફિદાતુલ્લા

(બ) બી. એન. રાવ

(ક) ડૉ. એમ. વી. પાયલી

(ડ) ઓસ્ટિમજી



(807) કઈ યોજના કે પગલાં થકી બ્રિટિશ સરકારે સૌપ્રથમ હિંદનું બંધારણ તેના પ્રતિનિધિઓથી બનેલ બંધારણસભા થકી જ ઘડાય તે સિદ્ધાંતનો અમલ કરવા પ્રયાસ કર્યો ?

(અ) ઓગસ્ટ ઓફર – 1940

(બ) ક્રિપ્સ મિશન – 1942

(ક) વેવેલ યોજના – 1945

(ડ) કેબિનેટ મિશન – 1946

(808) બંધારણ ઘડતર માટે મળેલ પ્રથમ બંધારણ સભા બેઠકનો દિવસ નીચેનામાંથી કયો એક હતો ?

(અ) 09 ડિસેમ્બર, 1945

(બ) 09 ડિસેમ્બર, 1946

(ક) 09 ડિસેમ્બર, 1947

(ડ) 09 ડિસેમ્બર, 1948

(809) બંધારણસભાની પ્રથમ બેઠકમાં કુલ સભ્ય સંખ્યા કેટલી હતી ?

(અ) 296 (બ) 306

(ક) 389 (ડ) 409

(810) 11 ડિસેમ્બર 1946ના રોજ મળેલ બંધારણસભાની બેઠકમાં હંગામી ધોરણે છતાં સર્વાનુમતે અધ્યક્ષપદ કોને આપવામાં આવ્યું હતું ?

(અ) સી. રોજગોપાલાચારી

(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(ક) ડૉ. બી. આર. આંબેડકર

(ડ) ડૉ. એસ. રાધાકૃષ્ણન

(811) 15 ઓગસ્ટ 1947ના રોજ બંધારણ સભાની કઈ બેઠક મળી ?

(અ) બીજી (બ) ત્રીજી

(ક) ચોથી (ડ) પાંચમી

(812) સ્વાધીન ભારતનું બંધારણ ઘડી કાઢવા બનેલ સાત સભ્યોની બંધારણ સમિતિનું સ્થાયી અધ્યક્ષપદ કોને અપાયું ?

(અ) ડૉ. બી. આર. આંબેડકર

(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(ક) ડૉ. ઝાકીર હુસૈન

(ડ) આાંથી એક પણ નહીં

(813) ડૉ. એમ. જયકરના સ્થાને ડૉ. બા.સા.આંબેડકરને બીનહરિફ ચૂંટી કાઢવાની યોજના કયા બે રાજપુરૂષોએ તૈયાર કરી હતી ?

(અ) ટ.ટી. કૃષ્ણામાચારી અને કૃષ્ણાસ્વામી ઐયાર

(બ) ગોપાલ સ્વામી ઐયંગર અને ગુરૂમુખ નિહાલસિંહ

(ક) મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ

(ડ) મહાત્માગાંધીજી અને પં. જવાહરલાલ નહેરુ

(814) ભારતીય બંધારણના ઘડતરને લગતી કેટલીક મહત્ત્વપૂર્ણ ઘટનાઓ વિભાગ I માં જ્યારે તેના માસ–વર્ષ વગેરે વિભાગ II માં અસ્તવ્યસ્ત રીતે આપેલ છે તેને સાચા ક્રમમાં ગોઠવો. (આ માટે તમે પ્રશ્ન નીચે આપેલ એક સાચા વિકલ્પની મદદ લઈ શકો છો.)

| વિભાગ I | | વિભાગ II |
|---|---|---|
| (1) બંધારણ ઘડતરની પ્રથમ બેઠક | (a) | ડિસેમ્બર 1946 |
| (2) હિંદ સ્વાતંત્ર્ય ધારો | (b) | જુલાઈ 1947 |
| (3) બંધારણ સભાની ચોથી બેઠક | (c) | ઓગસ્ટ 1947 |
| (4) બંધારને આખરી ઓપ અપાયો | (d) | નવેમ્બર 1949 |

(અ) 1 = d, 2 = b, 3 = a, 4 = c

(બ) 1 = a, 2 = b, 3 = c, 4 = d

(ક) 1 = c, 2 = d, 3 = b, 4 = a

(ડ) 1 = d, 2 = c, 3 = b, 4 = a

(815) બંધારણ સભાએ ભારતના નૂતન બંધારણના ઘડતરમાં કેટલો સમય લીધો ?

(અ) 2 વર્ષ 11 માસ અને 18 દિવસ

(બ) 3 વર્ષ 11 માસ અને 19 દિવસ

(ક) 4 વર્ષ 12 માસ અને 20 દિવસ

(ડ) 5 વર્ષ 11 માસ અને 21 દિવસ

(816) બંધારણ સભાની સૂચનાનુસાર બંધારણના અમલમાં પુખ્તવય મતાધિકારને ધોરણે ભારતમાં પ્રથમ સામાન્ય (Gen.) ચૂંટણી કઈ સાલમાં યોજાઈ ?

(અ) 1950 (બ) 1951

(ક) 1952 (ડ) 1953



(817) બંધારણના નિષ્ણાતો દ્વારા ભારે જહેમતપૂર્વક તૈયાર કરાયેલ બંધારણનો મુસદ્દો સૌપ્રથમ વખત બંધારણ સભા સમક્ષ ચર્ચા–વિચારણા માટે ક્યારે મૂકાયો ?

(અ) જાન્યુઆરી 1948 (બ) ફેબ્રુઆરી 1948

(ક) માર્ચ 1948 (ડ) એપ્રિલ 1948

(818) 395 કલમો અને 8 પરિશિષ્ટો ધરાવતું બંધારણ નવેમ્બર 1949માં ઘડાઈને તૈયાર થઈ ચૂક્યું હોવા છતાં તેનો અમલ નીચે આપેલમાંથી કયા એક દિવસથી કરવામાં આવ્યો ?

(અ) 26 ડિસેમ્બર 1949

(બ) 26 જાન્યુઆરી 1950

(ક) 26 ફેબ્રુઆરી 1950

(ડ) 26 માર્ચ 1950

(819) અનેક ચર્ચા–વિચારણા તથા વાંધા–વિરોધો હલ કર્યા બાદ નવેમ્બર 1949માં તૈયાર બંધારણને 26 જાન્યુઆરી 1950ના રોજ શા માટે અમલમાં મૂકાયું ?

(અ) 26 જાન્યુઆરી 1950નો દિવસ અત્યંત શુભ હતો

(બ) 26 જાન્યુઆરી 1950ના દિવસે જાહેર રજા હતી

(ક) 26 જાન્યુઆરી 1930ના રોજ સમગ્ર દેશે પૂર્ણ સ્વતંત્રતાના શપથ લીધા હતા તે યાદમાં

(ડ) 26 જાન્યુઆરી 1930ના રોજ માત્ર મહાત્મા ગાંધીજીએ સ્વતંત્રતાના શપથ લીધા હતા માટે

(820) 26 જાન્યુઆરી 1950ના સપરમા દિવસે ભારતના બંધારણને અમલમાં મૂકતાં કયા રાજપુરૂષે કહ્યું હતું કે "આજથી ભારતમાં કોઈ રાજા નથી અને કોઈ પ્રજા નથી ?"

(અ) ડૉ. બાબા સાહેબ આંબેડકર

(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(ક) ડૉ. એસ. રાધાકૃષ્ણન (ડ) ડૉ. એમ. જયકર

(821) સ્વતંત્ર ભારતે ઘડી કાઢેલા બંધારણનું સ્વરૂપ નીચેનામાંથી કયા એક પ્રકારનું છે ?

(અ) પરિવર્તનશીલ (બ) અપરિવર્તનશીલ

(ક) સંજોગોને આધીન (ડ) કયારેય ન બદલાઈ શકે તેવું – જડ

(822) આપણી સંસ્કૃતિના મૂળભૂત આદર્શો અને વૈશ્વિક સ્થિતિનો સુમેળ કરીને આપણું બંધારણ તૈયાર કરાયેલ છે તેના પ્રારંભે મૂકાયેલ .......... તેની વિશિષ્ટતા છે.

(અ) સમજૂતી (બ) આમુખ

(ક) વિવિધ સમીક્ષા (ડ) અન્ય બંધારણનો ટૂંકસાર

(823) અત્રે આપેલ અને ભારતીય બંધારણના આમુખમાં સમાવિષ્ટ સિદ્ધાંતો પૈકીનો કયો એક માત્ર સિદ્ધાંત સાવ અસંગત છે ?

(અ) પ્રજાનું સાર્વભૌમત્વ (બ) લોકશાહી અને પ્રજાસત્તાક રાજ્ય

(ક) વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રીય એકતા

(ડ) શાંતિ અને પ્રગતિ

(824) લોકશાહી કે સમવાયી એવાં વિશ્વનાં તમામ બંધારણોમાં આમુખ હોય, તે જરૂરી નથી છતાં આપણે કયા દેશના બંધારણથી પ્રભાવિત થઈ તેનો સ્વીકાર કરેલ છે ?

(અ) અમેરિકા (બ) ઓસ્ટ્રેલિયા

(ક) આર્યલેન્ડ (ડ) દક્ષિણ આફ્રિકા

(825) ભારતીય બંધારણમાં સમાવિષ્ટ આમુખમાં પણ કયા એક વિશિષ્ટ અંગનો સમાવેશ કરાયો છે ?

(અ) બંધારણના મૂળભૂત સિદ્ધાંતોનો

(બ) નાગરિકના મૂળભૂત અધિકારોનો

(ક) નાગરિકને મૂળભૂત ફરજો

(ડ) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો

(826) ભારતીય બંધારણ વિશ્વનાં તેના જેવાં અન્ય બંધારણોથી .......... છે.

(અ) અત્યંત સરળ (બ) અત્યંત ટૂંકું – સંક્ષિપ્ત

(ક) અત્યંત લાંબુ (ડ) અત્યંત કડક – સખત

(827) ભારતીય બંધારણનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો અત્રે આપેલ છે. જેમાંથી કયું એકમાત્ર લક્ષણ તેનાથી અસંગત ગણાય તેમ છે ?

(અ) એક અને અખંડ ન્યાયતંત્ર

(બ) સુપરિવર્તનશીલતા

(ક) વિશિષ્ટ પ્રકારનું સમવાયી માળખું

(ડ) સામાજિક–સાંસ્કૃતિક મૂલ્યોનું જતન



(828) ભારતીય બંધારણમાં ......... પ્રકારની સંસદીય સરકારની વ્યવસ્થા ગોઠવાઈ છે.

(અ) સંસદીય અને બંધારણીય

(બ) લોકશાહી અને પ્રજાસત્તાક

(ક) પ્રમુખશાહી અને બંધારણીય

(ડ) પ્રમુખશાહી અને પ્રજાસત્તાક

(829) ભારતીય બંધારણે અપનાવેલ રાજનીતિની માર્ગદર્શક સિદ્ધાંતો પર કયા દેશના બંધારણનો પ્રભાવ છે ?

(અ) આર્યલેન્ડ (બ) ઓસ્ટ્રેલિયા

(ક) ઓસ્ટ્રિયા (ડ) અમેરિકા

(830) નાગરિકના મૂળભૂત અધિકારનો ભંગ થતો હોય તો, તે સીધો જ સર્વોચ્ચ અદાલત સમક્ષ પોતાનો કેસ રજૂ કરી, શકે એવી જોગવાઈ ભારતીય બંધારણની કઈ કલમ સૂચવે છે ?

(અ) કલમ 28 (બ) કલમ 29

(ક) કલમ 31 (ડ) કલમ 32

(831) સ્થાનિક સ્વશાસનની ચૂંટણીમાં ઉમેદવારી કરનારની ઉંમર કેટલી હોવી જરૂરી છે ?

(અ) 18 વર્ષ (બ) 21 વર્ષ

(ક) 25 વર્ષ (ડ) 28 વર્ષ

(832) ન્યાયિક પુનરાવલોકનની સત્તા ભારતીય બંધારણે એકમાત્ર ..........ને આપેલ છે.

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન

(ક) સર્વોચ્ચ અદાલત (ડ) C.A.G.

(833) સંસદના એકગૃહ–લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત લાવવા કેટલા મત જોઈએ ?

(અ) 20 (બ) 30

(ક) 40 (ડ) 50

(834) ભારતીય બંધારણે મુદ્રણાલય (પ્રેસ)ની સ્વતંત્રતા કઈ કલમ અંતર્ગત આપેલ છે?
(અ) કલમ 18 (1 – અ)
(બ) કલમ 19 (1 – અ)
(ક) કલમ 20 (1 – બ)
(ડ) કલમ 21 (1 બ)

(835) 'કાયદાની નજરમાં સૌ સરખા' એવું ભારતીય બંધારણની કલમ ..........માં જણાવાયેલ છે.
(અ) કલમ 12 (બ) કલમ 14
(ક) કલમ 16 (ડ) કલમ 18

(836) સત્તાનો અમલ કરનાર પ્રધાનમંડળ સામૂહિક દૃષ્ટિએ કોને જવાબદાર હોય છે?
(અ) લોકસભાને (બ) રાજસભાને
(ક) રાષ્ટ્રપ્રમુખને (ડ) વડાપ્રધાનને

(837) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા અનામતની જોગવાઈ ભારતીય બંધારણમાંના કયા સુધારા અંતર્ગત કરવામાં આવેલ વ્યવસ્થા છે ?
(અ) 1980ના 61મા સુધારા મુજબ
(બ) 1992ના 73મા સુધારા અંતર્ગત
(ક) 2002ના 86મા સુધારા અન્વયે
(ડ) 2003ના 97મા સુધારા અનુસાર

(838) ભારતની રાજસભામાંથી દર બે વર્ષે નિયમિતપણે કેટલા સભ્યો નિવૃત્ત થાય છે ?
(અ) $\frac{1}{2}$ (બ) $\frac{1}{3}$
(ક) $\frac{1}{4}$ (ડ) $\frac{1}{5}$

(839) પ્રવર સમિતિનું ગઠન નીચેનામાંથી કયા એક જૂથમાંથી કરાતું હોય છે?
(અ) રાજસભામાંથી
(બ) લોકસભામાંથી
(ક) સંસદના બંને ગૃહોમાંથી
(ડ) વિધાનસભામાંથી



(840) સાતમા નાણાપંચમાં નિયુક્ત ગુજરાતના અધ્યક્ષ કોણ હતા ?
(અ) ન્યાયમૂર્તિ જે. એમ. શેલત
(બ) ન્યાયમૂર્તિ બી. જે. દિવાન
(ક) ન્યાયમૂર્તિ એ. એમ. અહેમદી
(ડ) ન્યાયમૂર્તિ પી. એન. ભગવતી

